राष्ट्रीय कला केन्द्र

# કોરોના કાળનાં કાવ્યો



શુભ સાહિત્ય


राष्ट्रीय कला केन्द्र
કોરોના કાળનાં કાવ્યો
રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરતને
'હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ' એવોર્ડ
એનાયત કરીને પુસ્તકનું લોકાર્પણ
કરતા સાંસદશ્રી સી. આર. પાટીલ

# HIND
## BOOK OF WORLD RECORDS

www.hindbookofrecords.org
Help Line - 93132 11264

# Certificate

This is to Certify That

## *"Rashtriya Kala Kendra"*
## *(Surat-Gujarat)*

is listed in
**The Hind Book of World Records**
for being the

## *Has collected*
## *644 poetries on "Corona Pandemic"*
## *by Various Poets in different languages from all around the world & published an e- Book*

*This acheivement has been entered into Hind BOOK OF WORLD RECORDS.*

*Certificate Sr. No.GJ/2020/052*

Authorised Sign.
*Hind Book of World Records*

*Certificate Issue Date :*
*25th October, 2020*

*This record is not to be used for any commercial purpose without the approval of Hind Book of World Records.*
*This Certificate must not be reproduced without written permission of Hind Book of World Records*
*And does not necessarily denote an entry into Hind Book of World Records*
*It any dispute shall be heared in Surat court. HBWR team may cancel the certificate prior informing or for any reason.*
*Within a year only one Application shall be accepted for a category. HBWR team decision will be final.*
*This Certificate is awarded to good faith on the basis of information given by the applicant.*
*Terms & Conditions Apply*

**HIND BOOK OF WORLD RECORDS**

राष्ट्रीय कला केन्द्र

વિશ્વના નામી-અનામી કવિઓ દ્વારા
રચાયેલા ૬૦૦ કાવ્યોનું ઈ પુસ્તક નું લોકાર્પણ
"કોરોના કાળના કાવ્ય"

મુખ્ય મહેમાન
શ્રી સી. આર. પાટીલ
સંસદ સભ્યશ્રી, પ્રદેશ પ્રમુખ-ગુજરાત ભાજપ

વેબીનારમાં નીચે મુજબના નામી કવિઓ પોતાની કવિતાઓનું પઠન કરશે.

હર્ષ બ્રહ્મભટ્ટ | ભાગ્યેશ ઝા | રાજેશ વ્યાસ મિસ્કીન | તુષાર શુક્લ | અંકિત ત્રિવેદી
શોભિત દેસાઈ | ખલીલ ધનતેજવી | ઉષા ઉપાધ્યાય | કૃષ્ણ દવે | રવિન્દ્ર પારેખ
મુકેશ જોષી | મુકુલ ચોકસી | રઈશ મણિયાર | કિરણસિંહ ચૌહાણ | મહેશ દાવડકર
ગૌરાંગ ઠાકર | દક્ષેશ ઠાકર | અનિલ ચાવડા | ભાવેશ ભટ્ટ | યોગેશ જોષી
અમૃત વડિયા | બકુલ ટેલર | એશા દાદાવાળા | યામિની વ્યાસ | પૂર્ણિમા ભટ્ટ

આ ઈ પુસ્તકનું લોકાર્પણ ઓનલાઈન કરવામાં આવશે.
સાંજે ૫ કલાક – રવિવાર, ૧૬ ઓગસ્ટ, ૨૦૨૦

નયનાક્ષીબેન વૈદ્ય
પ્રમુખ

રૂપીન પચ્ચીગર
મહામંત્રી

નરેશ કાપડિયા
ઈ પુસ્તકના સંપાદક

યામિની વ્યાસ
કન્વીનર, સાહિત્ય સમિતિ

# સાહિત્ય જગતનો ધ્રુવતારો રાષ્ટ્રીય કલા કેન્દ્ર

રાષ્ટ્રીય કલા કેન્દ્રની સ્થાપના તા. ૧૦.૭.૧૯૫૫ના રોજ થઈ હતી. શ્રી પોપટભાઈ વ્યાસ, શ્રી ચંદ્રકાંતભાઈ પુરોહિત, શ્રી વજુભાઈ ટાંક, શ્રી ગનીભાઈ દહીંવાળા, શ્રીમતી સરોજબેન પાઠક જેવા મહાનુભાવો અમારી સંસ્થાની ઈમારતના પીલર હતા. રાષ્ટ્રીય કલા કેન્દ્ર છેલ્લાં ૬૫ વર્ષથી અવિરત કલાના ક્ષેત્રે અનેરું પ્રદાન કરતી રહી છે. અમો નાટક, સંગીત, સાહિત્ય, ચિત્રકળા, ગરબાના ક્ષેત્રોમાં વર્ષોથી કાર્યરત રહી કલાવારસો સાચવતા આવ્યાં  છીએ.

રાષ્ટ્રીય કલા કેન્દ્રની સાહિત્ય સમિતિનો ઈતિહાસ પણ ભવ્ય અને ભાતીગળ છે. આ સંસ્થાના સ્થાપકોમાં ખ્યાતનામ ગઝલકાર અને ગુજરાતનું ગઝલ બુલબુલ ગનીભાઈ દહીંવાળા હતા. પ્રા. સરોજબેન પાઠક, જ્યંતભાઈ પાઠક જેવા કવિઓએ સાહિત્ય સમિતિને શોભાવી છે. એ સમય હતો જ્યારે સુરત ગઝલકારોની ભૂમિ તરીકે ખ્યાતનામ બન્યુ હતું. તે સમયથી આજ પર્યંત સુધીના નામી કવિઓ સર્વશ્રી મરીઝ, અસિમ રાંદેરી, અમૃત ઘાયલ, ગનીભાઈ દહીંવાળા, ભગવતીકુમાર શર્મા, સરોજ પાઠક, જયંત પાઠક, નટવરલાલ પંડયા 'ઉશનસ', રતિલાલ અનીલ, મનહરભાઈ ચોકસી, અસીમ સુરતી, સી. ડી. વ્યાસ, વજુભાઈ ટાંક, લતીફ સુરતી, ખલીલ ધનતેજવી, વિનોદ જોશી, શૂન્ય પાલનપુરી, અમર પાલનપુરી, હર્ષદ ત્રિવેદી, રાજેશ વ્યાસ 'મિસ્કીન', સંજૂવાળા, હર્ષભાઈ બ્રહ્મભટ્ટ, નયન દેસાઈ, કિશન સોસા, રવીન્દ્ર પારેખ, મુકુલ ચોકસી, રઈશ મણિયાર, દિલીપ મોદી, કિરણસિંહ ચૌહાણ, ગૌરાંગ ઠાકર જેવા અનેક કવિઓએ રાષ્ટ્રીય કલા કેન્દ્ર ની કાવ્ય મહેફીલો જમાવી છે. અનેક મુશાયરા, કવિ સંમેલનો અને કાવ્ય ગોષ્ઠિના એઓ સાક્ષી બન્યા છે. ઋષિતુલ્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના આર્શીવાદ અમારી સાહિત્ય પ્રવૃત્તિને વર્ષો સુધી મળતાં રહ્યાં, એ અમારું સદનસીબ હતું.

ગનીભાઈ દહીંવાળાની જન્મશતાબ્દીના વર્ષમાં સંસ્થાએ પ્રતિમાસ એક કવિ સંમેલન અને સાહિત્યના કાર્યક્રમ કર્યા હતા. એટલું જ નહી ગનીભાઈ દહીંવાળાની તમામ કવિતાઓને એક જ પુસ્તકમાં સંપાદીત કરી, 'હોય ન વ્યક્તિ અને એનું નામ બોલાયા કરે' ના શીર્ષક હેઠળ "ગુજરાત સાહિત્ય અકાદમી" દ્વારા કાવ્ય સંગ્રહ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ પુસ્તકનું સંપાદન શ્રી ભગવતીકુમાર શર્મા અને શ્રી રવીન્દ્રભાઈ પારેખે કર્યું હતુ. વળી "ગુજરાત સાહિત્ય અકાદમી" દ્વારા ગનીભાઈની જન્મશતાબ્દી પ્રસંગે બે

દિવસનો કાર્યક્રમ સુરતમાં યોજ્યો હતો, જેમાં બે કવિ સંમેલનો અને એક સેમિનારનું આયોજન કરી સાહિત્યનો રસથાળ પીરસાયો હતો.

છેલ્લાં કેટલાંયે વર્ષોથી પ્રતિવર્ષ અમે ગનીભાઈ દહીંવાળાના જન્મદિન નિમિત્તે કવિ સંમેલનનું આયોજન કરતાં રહ્યાં છીએ. પ્રતિવર્ષ પ્રા. સરોજ પાઠકની સ્મૃતિમાં સાહિત્યના વિવિધ રંગોને ઉજાગર કરતા કાર્યક્રમો કર્યાં છે. પ્રા. સરોજ પાઠકની કવિતા, વાર્તા, નવલકથા આધારિત પ્રવચનો અને સંગીતના કાર્યક્રમોએ ઘણી લોકચાહના મેળવી હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર એકમાત્ર એવી સંસ્થા છે; જેણે શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રાધ્યાપકોની કાવ્ય લેખન સ્પર્ધાઓનું આયોજન કરી, કાવ્ય લેખનને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો છે. આ કાવ્ય લેખન સ્પર્ધામાં ૪૪૦ જેટલાં કવિઓએ ભાગ લીધો હતો, જેના નિર્ણાયક તરીકે ડૉ. દીલીપ મોદી અને કિરણસિંહ ચૌહાણે સેવા આપી હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્રએ 'ત્રણ પેઢીની કાવ્ય મહેફિલ'નું આયોજન કરી પીઢ, વયસ્ક અને યુવાન કવિઓને એક મંચ પર લાવી કવિ સંમેલન કરી, રાષ્ટ્રીય કલા કેન્દ્રના વજુભાઈ ટાંક હોલને ધબકતો રાખ્યો છે.

સંસ્થા દ્વારા એક જ વિષય આધારિત કવિ સંમેલનો થયાં છે, જેમાં એક જ મંચ પર ૪૦ થી ૫૦ કવિઓએ ભાગ લઈ તેને આલ્હાદક બનાવ્યાં છે. સુરતના કોઈ કવિ એવા નહીં હોય જેમણે રાષ્ટ્રીય કલા કેન્દ્રના મંચને શોભાવ્યો ન હોય.

અમે છંદોનું શિક્ષણ આપવાના હેતુસર 'ગઝલ શિક્ષણ શિબિર'નું આયોજન કર્યું, જેમાં કિરણસિંહ ચૌહાણે સેવા આપી ગઝલકારો તૈયાર કર્યા.

ગુજરાત રાજ્ય સરકારના "વાંચે ગુજરાત" કાર્યક્રમ દરમ્યાન પ્રતિમાસ એક પુસ્તક પરિચયનો કાર્યક્રમ યોજી, લોકોને ગુજરાતી સાહિત્યમાં રસ લેતાં કરવાનો સફળ પ્રયાસ સંસ્થાએ કર્યો હતો.
હમણાં જ, કોરોનાકાળ દરમ્યાન જ, શ્રી ભગવતીકુમાર શર્માની જન્મતિથિ નિમિત્તે અમે ભગવતીકુમારની પાંચ ગઝલોની પંક્તિઓ આધારિત "તરહી વેબ મુશાયરો" કર્યો. એમાં ૧૦૩ કવિઓએ ભગવતીકુમારની પંક્તિઓ ઉપર તરહી ગઝલ લખી અને રાષ્ટ્રીય કલા કેન્દ્રએ ઈ-પુસ્તક દ્વારા એ ૧૦૩ તરહી ગઝલોનું પ્રકાશન કર્યું હતું.

૨૦૨૦નું વર્ષ આખા વિશ્વ માટે કોરોના વર્ષ તરીકે ઓળખાશે. કોરોના શ્રાપ છે કે આર્શીવાદ એ કહેવું ખૂબ વહેલું છે પરંતુ અત્યારે તો આપણને કોરોનાનો કેર વર્તાઈ રહ્યો છે. કહે છે કે ૧૦૦ વર્ષ પહેલા, ૧૯૧૮માં આવો જ કોઈ સ્પેનિશ ફ્લૂ આવ્યો હતો અને તે સમયના લોકોનાં મોઢાં પર માસ્ક પહેરેલા ફોટા આપણને જોવા મળ્યાં છે. તો વિચાર એવો આવે છે કે જો કુદરત ૧૦૦ વર્ષ પછી હવામાન,

આબોહવા, પ્રકૃતિના રક્ષણ માટે દુનિયા થંભાવી દે, તો એ પળને આપણે ઈશ્વરની દેણ ગણી લેવી જોઈએ. અહીં પ્રશ્ન એ છે કે આ ઈશ્વરે એની શક્તિનો પરચો બતાવ્યો છે કે પછી બાયોવેપનથી દુનિયાના અર્થતંત્રને વિખેરવાનો પ્રયત્ન થયો છે? આ એક સંશોધનનો વિષય છે. પરંતુ હાલમાં તો આપણું સામાજિક જીવન અને આર્થિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે.

૨૧મી સદીના બીજા દાયકાની આ અકલ્પનીય ઘટના છે. જેણે માણસને માણસથી દૂર કરી દીધો છે. મોઢા પર માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગ રાખીને સંબંધ રાખવાનો સમય ચાલે છે. આર્થિક પ્રશ્નો અકળાવી નાંખે તેવા છે. વેપાર, ઉદ્યોગ, મેદાન અને થિયેટર બંધ છે. સાંસ્કૃતિક જગત સાથે જોડાયેલા લોકો માટે આજીવિકા અને અસ્તિત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. આ પરિસ્થિતિ વચ્ચે એક સાહિત્ય સર્જકને અને તેમાંય કવિ જીવને તો અનેક સંવેદનશીલ વિષયો મળ્યાં છે. તેઓ માટે પોતાની લાગણી, સંવેદના, ઈચ્છાઓને વાચા આપવાનો આ અવસર છે.

આજે જ્યારે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બંધ છે, થિયેટર કે હોલમાં કાર્યક્રમ શકય નથી ત્યારે પણ સાહિત્યની પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી અમો 'કોરોના કાળના કાવ્યો'નું આ ઈ-પુસ્તક લઈને આવ્યાં છીએ. આ ઈ-પુસ્તકમાં આમંત્રિત કવિઓની રચનાઓ છે, તો સાથે સ્પર્ધામાં ભાગ લેનાર કવિઓની કૃતિઓ પણ છે.

અમારે માટે આનંદ અને ગૌરવની ઘટના એ બની છે કે આ ઈ-પુસ્તકમાં, અમારા આમંત્રણને માન આપીને ગુજરાત, મુંબઈ, દિલ્હી, મેરઠ, ભોપાલ, સિમલા, જગન્નાથપુરી, કલકત્તા, દહેરાદૂન અને અમેરિકામાં વસતા કવિઓની કવિતાઓ અમે મેળવી શક્યા છીએ. એમની કવિતાઓને અમે 'આમંત્રિત કવિઓનો કાવ્ય વિભાગ' બનાવીને આ પુસ્તકમાં પ્રસ્તુત કરી છે. આ બહુભાષી ઈ-પુસ્તકમાં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, બંગાળી, મરાઠી ભાષાઓમાં લખાયેલાં કાવ્યોનો સમાવેશ થયો છે. જરૂરી છે ત્યાં તે કવિતાઓનું ગુજરાતી રૂપાંતર પણ કરવામાં આવ્યું છે. આ પુસ્તક માટે આપણે વિશ્વના નામી કવિઓના કોરોના કાળનાં ૩૪૧ કાવ્યો મેળવી શક્યાં છીએ. એ તમામ મહાનુભાવો, જેમણે અમારુ આમંત્રણ સ્વીકારી પોતાની રચના મોકલી, તેમનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

કોરોનાકાળમાં કવિની સંવેદનશીલતાને ધબકતી રાખવાના હેતુથી અમે 'કોરોના કાળની કાવ્ય સ્પર્ધા'નું આયોજન કર્યું. આ સ્પર્ધા પાછળનો મુખ્ય હેતુ કવિતા, ગઝલ, અછંદાસ, વનલાઈનર ને જીવતી રાખવાનો અને આ કપરા કાળમાં સર્જકોના મનમાં જે ચાલી રહ્યું છે, તેનું દસ્તાવેજીકરણ કરવાનો છે. કવિ તો કોઈપણ વિષયને પોતાના વિચારોમાં કંડારી રજૂ કરે તો તે આલ્હાદક જ બને. અનેક કવિ મિત્રોએ સ્પર્ધાના આહવાનને સ્વીકારી પુષ્કળ રચનાઓ મોકલી છે. ૩૦૩ કવિતાઓનું સ્પર્ધામાં ભાગ લેવું એ પોતે એક વિરલ ઘટના છે. જે કવિઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ આ સ્પર્ધાને જીવંત બનાવી છે, એમનો આભાર માનવા માટે મારી પાસે શબ્દ નથી. આમ આ ઈ-પુસ્તકમાં કુલ ૬૪૪ કવિતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોરાનાકાળમાં આટલી કવિતાઓ લખાય, એ સાહિત્ય જગત માટે મોટા આનંદ અને ગૌરવની ઘટના છે.

મિત્રો, આ પુસ્તકમાં જેમણે જે મોકલ્યું, જે લખ્યું, તેને તેજ રીતે મૂકયું છે. એની ગુણવત્તાની તપાસ કર્યાં વિના. તેમના વિચારોને ઝીલીને તેનું દસ્તાવેજીકરણ કરવાનો આ ઉપક્રમ છે. અમારો મુખ્ય હેતુ સાહિત્યકારો, ગઝલકારો કવિઓને પ્રોત્સાહન આપવાનો છે. એટલે તેમનું લખેલું બધું જ અહીં સમાવી લીધું છે.

આ તબક્કે શાયર જલન માતરીનો શેર યાદ આવે છે:

*ગમે ના હર કૃતિ તો માફ કરજો એક બાબત પર,*

*ખુદા જેવા ખુદાના ક્યાં બધાં સર્જન મજાના છે ?*

મિત્રો, આ તબક્કે આ પુસ્તકના પ્રકાશનમાં તનતોડ મહેનત કરનાર સંપાદક શ્રી નરેશ કાપડીઆનો અત્યંત ઋણી છું. એ ન હોત તો આ ઈ-પુસ્તકો પ્રકાશિત ન થઈ શક્યાં હોત.

કવિઓનો સંપર્ક કરી, એમની કવિતાઓ અહીં ઈ-પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી, તેમાં અમારી સાહિત્ય સમિતિનાં કન્વીનર શ્રીમતી યામિની વ્યાસ અને સભ્ય શ્રીમતી પૂર્ણિમા ભટ્ટનો સિંહફાળો છે. એની હું નોંધ લઉ છું. ઈ પુસ્તકનું કવરપેજ બનાવવા માટે અમારી ચિત્રકળા સમિતિનાં કન્વીનર શ્રી રાજર્ષિ સ્માર્તનો આભારી છું.

આટલી બધી કવિતઓની ચકાસણી કરી ઈનામ જાહેર કરવા, ખૂબ જ કપરુ કાર્ય છે. આ નિર્ણય લેવાની જવાબદારી કવિ મિત્રો શ્રી કિરણસિંહ ચૌહાણ અને શ્રી મહેશ દાવડકરે સ્વીકારી, એટલું જ નહી નિર્ણય કરવાની કસોટીમાંથી નિર્વિવાદ પસાર થયા, તે બદલ એમના અમો ઋણી છીએ.

મિત્રો, આ કાર્ય ઉપાડયું ત્યારે ખબર નહોતી કે આ 'કોરોના કાળનો કાવ્ય સંગ્રહ' નહીં પરંતુ 'કોરોના કાળનો કાવ્ય ગ્રંથ' બની જશે. કોરોના કાળની કુલ ૬૪૪ કવિતાઓને એક પુસ્તક રૂપે પ્રકાશિત કરવુ કપરું હતું એટલે આ કાવ્ય ગ્રંથને બે વિભાગમાં વહેંચ્યો છે: 'આમંત્રિત કવિઓનો કાવ્ય વિભાગ' અને 'સ્પર્ધક કવિઓનો કાવ્ય વિભાગ'. સ્પર્ધક કવિઓનાં કાવ્ય વિભાગની આગળ નિર્ણાયકોનો પ્રતિભાવ અને સ્પર્ધાનું પરિણામ રજૂ કરવામાં આવ્યું છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે નિર્ણાયકોએ નિર્ણય સર્વાનુમતે લીધો છે. જેમને ઈનામ પ્રાપ્ત થયાં છે, તેમને ખૂબ ખૂબ અભિનંદન અને જેમણે સ્પર્ધામાં ભાગ લીધો એ સૌને અભિનંદન સાથે શુભેચ્છાઓ.

મિત્રો, અમારે માટે આનંદ અને ગૌરવની ઘટના એ બની છે કે આ ઐતિહાસીક "કોરોના કાળના કાવ્ય ગ્રંથ" નું વિમોચન વેબીનાર દ્વારા ટેકનોસેવી એવા લોક લાડીલા સાંસદ શ્રી સી. આર. પાટીલના વરદહસ્તે તા. ૧૬.૮.૨૦૨૦ ના રોજ સાંજે ૫ કલાકે થયું છે. રાષ્ટ્રીય કલા કેન્દ્ર નું આમંત્રણ સ્વીકારી ઈ

પુસ્તકનું વિમોચન કરવા બદલ શ્રી સી. આર. પાટીલ પ્રદેશ પ્રમુખ-ગુજરાત ભાજપ નો હ્રદયપૂર્વક આભાર માનું છું.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર એક કલાનું સંગઠન છે. તેમાં નાટય કલાકારો, સાહિત્યકારો, સંગીતકારો અને ચિત્રકારો વર્ષોથી આ સંસ્થાને પોતાની માની અવિરત કાર્ય કરતાં રહ્યાં છે. એ બધાંના નામ લેવા શકય નથી એટલે હુ એ 'Team RKK' નો અત્યંત ઋણી છું. તમે છો તો સંસ્થા છે. તમારા થકી જ RKK ઉજ્જવળ છે અને ઉજ્જવળ રહેશે, એવી અભ્યર્થના સાથે સૌનો આભાર.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના મુગટમાં તા. ૨૫.૧૦.૨૦૨૦ના રોજ એક વધુ પીંછુ ઉમેરાયું, જ્યારે “કોરોના કાળનાં કાવ્યો” ઈ-પુસ્તક ને “હિન્દ બુક ઓફ વર્લ્ડ  રેકોર્ડસ”માં સ્થાન મળ્યું. “કોરોના”ના એક જ વિષય ઉપર ૩૪૧ આમંત્રિત કવિતાઓ અને ૩૦૩ સ્પર્ધક કવિતાઓ મળી કુલ ૬૪૪ કવિતાઓ એકત્રિત કરી, એનું એક ઈ પુસ્તક પ્રકાશિત કરવું એ એક વિશ્વ વિક્રમ બન્યો અને તેથી  “હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ” માં રાષ્ટ્રીય કલા કેન્દ્રને સ્થાન મળ્યું અને સંસ્થાને “હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ એવોર્ડ”થી સન્માનીત કરવામાં આવી. આ એવોર્ડ અર્પણ વિધિ અને પુસ્તકના નવા મુખપુષ્ઠનું વિમોચન ૨૭.૧૦.૨૦૨૦ ના રોજ લોકલાડીલા સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ ના વરદ હસ્તે થયું. શ્રી સી. આર. પાટીલ સાહેબનો ખૂબ ખૂબ આભાર.

સુરત, ૨૭.૧૦.૨૦૨૦

**રૂપીન પચ્ચીગર**

**મહામંત્રી**

# મારી વાત

આ આખો વિચાર જ અનોખો છે. ક્યાંક એવું વાંચ્યું કે વીસમી સદીમાં સોએક વર્ષો પહેલાં કોરોના જેવો વાઇરસ આવ્યો હતો. ત્યારે ઘરમાં લોક-ડાઉન રહેલાં લોકોની ડાયરીઓ પછી પુસ્તક રૂપે પ્રગટ થયેલી અને બેસ્ટ સેલર બની હતી.

રાષ્ટ્રીય કલા કેન્દ્રના મહામંત્રી અને બાળપણનાં દોસ્ત રૂપીન પચ્ચીગરને વાત કરી કે આજની પરિસ્થિતિઓમાં સર્જનશીલ મિત્રો જે વિચારે છે, તેનું દસ્તાવેજીકરણ કરીએ. અમે 'કોરોના કાળની કાવ્ય સ્પર્ધા' ફ્લોટ કરી. વોટ્સએપનાં ગ્રુપ્સને સાબદાં કર્યાં. કવિતાઓનો ધોધ વરસ્યો. જોતજોતામાં તે ૩૦૦નો આંક પાર કરી ગયો. એના એક નિર્ણાયક મિત્ર ડૉ. દિલીપ મોદી કોરોના વોરિયર બન્યા અને કમનસીબે શહીદ પણ થઇ ગયા. એમના 'કોરોના કાળનાં મુક્તકો' યામિનીબેન વ્યાસ સાથે 'ઓન લાઈન' રજુ કર્યાં. વળી બીજો વિચાર આવ્યો કે જેઓ જાણીતા કાવ્ય સર્જકો છે, પીઢ કવિઓ છે, તેમને આમંત્રણ આપીને 'કોરોના કાળનાં કાવ્યો' લખાવીએ. રૂપીનને એ વિચાર પણ ગમ્યો. અમે, ખાસ કરીને યામિનીબેન લાગી પડ્યાં. જેમનો સંપર્ક થયો તે તમામ કવિ મિત્રો પાસે કાવ્યો લખાવ્યાં અને ભેગાં કર્યાં. તેની સંખ્યા પણ ૩૪૧ થઇ  ગઈ! લગભગ સાડી છસો કાવ્યો! પોણા આઠસો પાનાંની મેટર! એનું પુસ્તક સંપાદિત કરવું, પ્રકાશિત કરવું કે વિતરિત કરવું, આ કોરોના કાળમાં કપરું નહીં, નામુમકીન લાગ્યું. એટલે અમે તેનું ઈ-પુસ્તક બનાવી દીધું. શુભ પ્રકાશનનાં અમારા દીપકભાઈ નાયકે પણ હામી ભરી. અને બની ગયો આ સંગ્રહ. અમને ખાતરી છે કે આજે સામાન્ય લાગતી બાબતોના આ કાવ્યો આવતી કાલે હાલની હાલત સમજવાના દસ્તાવેજ બનવાના છે. અમારી કાવ્ય પ્રકાશનની અત્યંત કિફાયતી યોજના માટે સંપર્ક કરો.

આ ઈ-પુસ્તક માનવ મનને સમજવા માંગતા સૌને અર્પણ કરીએ છીએ. રૂપીન ભાઈ, યામિની બેન સાથે અમે કરેલો આ મોટોમસ પ્રોજેક્ટ સૌ સૌના ઘરેથી જ થયો છે. અમે સેંકડો ફોન કોલ્સ કર્યાં છે પણ મળ્યાં નથી. આ પુસ્તક જાતે જ સંપાદિત કરવામાં રાતોની રાતોનાં ઉજાગરા કર્યાં છે પણ તે પ્રકાશિત થાય છે ત્યારે તે મીઠાં લાગે છે.

સૌ કોઈને નક્કી આ કાવ્યોમાં રસ પડશે કારણ કે આ 'આપણી વાતો' છે, જયારે આપણે સૌથી મોટા સંકટમાં છીએ ત્યારે કહેવાયેલી અને ઝીલાયેલી. વર્ચ્યુઅલ જગતમાં આ કાવ્યો હજારો લોકો સુધી પહોંચવાનાં છે, તેની ખાતરી છે. સૌનો આભાર.

**નરેશ કાપડીઆ**

સંપાદક, શુભ સાહિત્ય, ગોપીપુરા, સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦

# નિર્ણાયકનો પ્રતિભાવ

કોરોનાની મહામારી સામે આપણે સૌ ઝઝૂમી રહ્યા છીએ ત્યારે આ મહામારીની સર્જકોના મન પર કેવી અસર થઈ છે એ જાણવા માટે તો એમના કાવ્યોમાંથી જ પસાર થવું પડે. સાંપ્રત સમસ્યા વિશે જ્યારે કોઈ કવિ કાવ્યરચના કરે ત્યારે એ કાવ્યરચનામાં ઝીલાયેલું સંવેદન ચિરંજીવી બની જાય. વર્ષો પછી એ કાવ્યો વાંચનારને પણ હાલની પરિસ્થિતિનો ચિતાર મળી રહે.

સાંપ્રત સમસ્યાઓ પર મોટેભાગના કવિઓ કાવ્યરચના કરે એ માટે 'રાષ્ટ્રીય કલા કેન્દ્ર' દ્વારા કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 303 કૃતિઓ આવી. આટલી બધી કૃતિઓમાંથી પસાર થયા પછી જે બાબતો ધ્યાનમાં આવી એ અહીં વ્યકત કરું છું.

ઘણીખરી કૃતિઓ અછાંદસ સ્વરૂપે લખાઈ છે પણ મોટેભાગની કૃતિઓમાં કાવ્યતત્વનો અભાવ જોવા મળ્યો. સ્થૂળ વર્ણનો અને માહિતી વડે અછાંદસ સિદ્ધ ન જ થાય. એમાં ચમત્કૃતિ અને સંવેદન જરૂરી છે. ગીતો ખૂબ ઓછા લખાયાં પણ ગઝલો ઘણી લખાઈ. ઘણી ગઝલો એવી મળી કે જેમાં પ્રથમ બે શેર સારા હોય પછી ગઝલ નબળી પડી હોય. છંદદોષ ઘણી જગ્યાએ જોવા મળ્યો. તો વળી કેટલીક ગઝલોમાં છંદ પરફેકટ હોય પણ શેરિયતનો અભાવ હોય. આમ છતાં કેટલીક રચનાઓ સંતોષપ્રદ રહી. જેને કારણે અમે વિજેતા નક્કી કરી શક્યા. તમામ સ્પર્ધકો અને વિજેતાઓને અભિનંદન. વિશેષ તો આવી સ્પર્ધાના આયોજન બદલ 'રાષ્ટ્રીય કલા કેન્દ્ર' ને અભિનંદન.

કિરણસિંહ ચૌહાણ

સુરત – ૮૧૪૧૦ 33૩૧૦

# નિર્ણાયકનો પ્રતિભાવ

રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા કોરોના કાળનાં કાવ્યોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં આખા વિશ્વને હચમચાવી નાંખનાર કોરોના મહામારીના વિષય પર કવિઓએ પોતાની સંવેદના કવિતામાં વ્યકત કરવાની હતી.

303 કવિતાઓમાંથી પસાર થતાં હૃદયને સ્પર્શી જાય એવી કવિતા શોધવામાં તકલીફ પડી. કેટલાક કવિઓએ પાંચ-પાંચ રચના મોકલી હતી પણ એ સ્પર્ધા માટે યોગ્ય ન લાગી.

અછાંદસ, ગીતો, ગઝલ સ્વરૂપે કવિતાઓ લખાઈ. જે રચનાઓ સંતોષકારક લાગી એવી રચનાઓને વિજેતા જાહેર કરી છે.

આ સ્પર્ધાનું આયોજન કરવા બદલ રાષ્ટ્રીય કલા કેન્દ્રને અભિનંદન અને સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો તેમજ વિજેતાઓને પણ અભિનંદન.

**મહેશ દાવડકર**

સુરત – ૯૯૯૮૪ ૯૦૧૧૫

राष्ट्रीय कला केन्द्र

# કોરોનાકાળ કાવ્ય સ્પર્ધાનું પરિણામ

## વિજેતા

પ્રથમ વિજેતા : પારુલ બારોટ

દ્વિતીય વિજેતા: હર્ષિદા ત્રિવેદી

તૃતીય વિજેતા : ગણપત પટેલ 'સૌમ્ય'

## પ્રોત્સાહન ઈનામ

ડૉ. મિલિન્દ પારેખ - પ્રભાકર ધોળકિયા

ડૉ. સેજલ દેસાઈ - વંદના બ્રહ્મભટ્ટ 'નેહ'

વિપુલ માંગરોલિયા 'વેદાંત'

## નિર્ણાયકો

કિરણસિંહ ચૌહાણ

મહેશ દાવડકર

# સ્પર્ધાત્મક કાવ્યોનો વિભાગ - અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | અલ્પા દેસાઈ | કોરોના કાળની કથની | ૨૨ |
| ૨. | અલ્પા વસા | હાલ કીધા સાવ તે બેહાલ | ૨૩ |
| ૩. | અમૃત વડિયા | કોરોનાથી નથી ડરવાનો | ૨૪ |
| ૪. | અમૃત વડિયા | કોરોના મારક નીકળ્યો | ૨૫ |
| ૫. | અનિલ ભાવસાર | અછાંદસ કાવ્ય | ૨૬ |
| ૬. | અનિલ ભાવસાર | ક્યાં છે એનો જન્મ? | ૨૮ |
| ૭. | અનિલ ભાવસાર | શ્રાપને આશીર્વાદમાં ફેરવ્યો | ૩૦ |
| ૮. | અનિલ ભાવસાર | દેશ ગયો પરદેશ ગયો | ૩૨ |
| ૯. | અનિલ મકવાણા | કોરોના / ગેય રચના | ૩૪ |
| ૧૦. | અનિલ મકવાણા | અમે ડરાતા નથી કોરોનાથી | ૩૫ |
| ૧૧. | અનિલ મકવાણા | બે મુક્તકો | ૩૬ |
| ૧૨. | અનિસા ડ્રાઈવર | સલામ કોરોના વોરિયર્સને | ૩૭ |
| ૧૩. | અંકિતા ઠાકુર | કોરોનાનું વિસર્જન | ૩૯ |
| ૧૪. | અશોક લાલવાણી | ડરવાનું નહિ | ૪૦ |
| ૧૫. | અવની દવે | હેલ ચઢાવ રે સાહિબા | ૪૧ |
| ૧૬. | અવની દવે | કોરોના વળી જા પાછો | ૪૨ |
| ૧૭. | ડો. અક્ષય પાટીલ | જીવનની કાળજી કરોના | ૪૩ |
| ૧૮. | બાબુલ મણવર | દગાખોર કોરોના | ૪૪ |
| ૧૯. | ભરત ગોસ્વામી | ચહેરો બદલાઈ ગયો છે | ૪૫ |
| ૨૦. | ભરત ગોસ્વામી | થઈ ગયો | ૪૬ |
| ૨૧. | ભરત પરમાર | કેવો લાગ્યો છે બૂચ! | ૪૭ |
| ૨૨. | ભરત પરમાર | કુદરતનો ખેલ | ૪૮ |
| ૨૩. | ભરત પરમાર | કોરોનાની કેવી કળા! | ૪૯ |
| ૨૪. | ભરત પરમાર | પ્રકૃતિનો ખીલ્યો પંથ | ૫૦ |
| ૨૫. | ભરત પરમાર | વગર હથિયારે જુઓ | ૫૧ |
| ૨૬. | ભરત પરમાર | કોરોનાને હરાવી દઈશું | ૫૨ |
| ૨૭. | ભરત ત્રિવેદી | મારી આસ્થાનું શું? | ૫૩ |
| ૨૮. | ભરત ત્રિવેદી | તકલીફો તો રે'વાની | ૫૪ |
| ૨૯. | ભરત ત્રિવેદી | સન્નાટો | ૫૫ |

| | | | |
|---|---|---|---|
| ૩૦. | ભરત ત્રિવેદી | બારીએથી જોયું | ૫૬ |
| ૩૧. | ભરત ત્રિવેદી | કાકો લાગેના | ૫૭ |
| ૩૨. | ભરત ત્રિવેદી | વ્હાલી ચીં...ચીં... | ૫૮ |
| ૩૩. | ભરત વાળા | ખુદનું ઘર | ૫૯ |
| ૩૪. | ભરત વાળા | કોરોના રાખે સૌને ડારામાં | ૬૦ |
| ૩૫. | ભરત વાળા | કોરોના ભાગી જશે | ૬૧ |
| ૩૬. | ભરત વાળા | કોરોના જતો રહે છે | ૬૨ |
| ૩૭. | ભરત વાળા | કોરોનાથી છેટા રેજો | ૬૩ |
| ૩૮. | ભાર્ગવી પંડ્યા | લૉકડાઉન | ૬૪ |
| ૩૯. | ભારતી પટેલ | કોરોના તું મને ડરાવે છે | ૬૫ |
| ૪૦. | ભારતી પટેલ | કોરોના મોદી ગીત | ૬૬ |
| ૪૧. | ભારતી પટેલ | હે ઈશ્વર | ૬૭ |
| ૪૨. | ભારતી પટેલ | કોરોના કોરોના રમતાતા | ૬૮ |
| ૪૩. | ભારતી પટેલ | પડકાર | ૬૯ |
| ૪૪. | ભૂમિ પંડ્યા | માનવી આજે જઈને આભમાં | ૭૦ |
| ૪૫. | ચંદ્રિકા વ્યાસ | કોરોનાનું ગીત | ૭૧ |
| ૪૬. | ચેતના ગણાત્રા | ના દેખાતો તો પણ કેવો | ૭૨ |
| ૪૭. | ચિરાગ પાધ્યા | ભલે આવ્યોને કોરોના | ૭૩ |
| ૪૮. | ચિરાગ પાધ્યા | આ સમય વીતી જશે | ૭૪ |
| ૪૯. | ચિરાગ ત્રિવેદી | હાય હાય કોરોના | ૭૫ |
| ૫૦. | દર્શના શાહ | સમજણ આવી ગઈ | ૭૬ |
| ૫૧. | દેવીબેન વ્યાસ | થાય કોરોના મ્હાત | ૭૭ |
| ૫૨. | દેવીબેન વ્યાસ | છોડ કોરોના હવે કેડો | ૭૮ |
| ૫૩. | દેવીબેન વ્યાસ | હવે તો ભાગ | ૭૯ |
| ૫૪. | ધનેશ્વરી જોશી | ભાઈ | ૮૦ |
| ૫૫. | ધનેશ્વરી જોશી | કામવાળા પર કવિતા | ૮૨ |
| ૫૬. | ધનેશ્વરી જોશી | સંબંધોની શતરંજ | ૮૪ |
| ૫૭. | ધર્મેશ ગજ્જર | ક્યારેય નહિ વિસરાય | ૮૫ |
| ૫૮. | ધાર્મિક પરમાર | કોરોનાનાં રાજમાં | ૮૬ |
| ૫૯. | ધવલ ડાંગર | કોરોનાનો કેડો જોયો | ૮૭ |
| ૬૦. | ધીરેન સુથાર | કોરોના જો ફેલાયો | ૮૮ |

| | | | |
|---|---|---|---|
| ૬૧. | દિલીપ ઘાસવાલા | દુનિયા થઈ ગઈ તબાહ | ૮૯ |
| ૬૨. | દિનેશ દેસાઈ | મોત | ૯૦ |
| ૬૩. | દીપક પુરી | ચાર દિવસનો સિતારો | ૯૧ |
| ૬૪. | દીપક ત્રિવેદી | કોરોનાની પ્રાર્થના | ૯૨ |
| ૬૫. | દીપક ત્રિવેદી | કોરોના ચગાવે નઇ | ૯૪ |
| ૬૬. | એકતા પટેલ | કોરોના એકતાની ગાથા | ૯૫ |
| ૬૭. | એકતા પટેલ | રાહ એટલી જોઉં છું | ૯૬ |
| ૬૮. | ફાલ્ગુની મારફતિયા | ખૂબ જ શરદી.. | ૯૭ |
| ૬૯. | ગણપત પટેલ | ભયભીત થયેલા માનવીને | ૯૮ |
| ૭૦. | ગણપત પટેલ | કોરોના વાઇરસની અસર | ૯૯ |
| ૭૧. | ગુલાબચંદ પટેલ | કોરોના હરખ પદુડો | ૧૦૦ |
| ૭૨. | ગૌરાંગ શુકલ | કોરોનાધ્યાય છેલ્લો | ૧૦૧ |
| ૭૩. | ઘનશ્યામ કચીયા | કોરોના મહામારી | ૧૦૨ |
| ૭૪. | ગિરીશ ચૌહાણ | કોરોના હાઇકુ – હાઈશંકુ | ૧૦૩ |
| ૭૫. | ગિરીશ ચૌહાણ | કોરોના આરતી | ૧૦૬ |
| ૭૬. | ગીતા શુક્લ | તેં તો હવે હદ કરી કોરોના | ૧૦૭ |
| ૭૭. | હંસજ શુકલ | કોરોના મહામારી | ૧૦૮ |
| ૭૮. | હંસજ શુકલ | એ ચાર દિવાલની ક્ષણો | ૧૦૯ |
| ૭૯. | હંસજ શુકલ | સારા વાના થઇ જશે. | ૧૧૦ |
| ૮૦. | હંસજ શુક્લ | કોરોના અને આરકેકે | ૧૧૧ |
| ૮૧. | હાર્દ વસાવડા | લૂલો કોરોના | ૧૧૨ |
| ૮૨. | હર્ષ દરજી | કોરોનાની કાળજી | ૧૧૩ |
| ૮૩. | હર્ષ દરજી | કાળમુખો કોરોના | ૧૧૪ |
| ૮૪. | હર્ષ દરજી | કોરોનાનું ઝેર ચડે | ૧૧૫ |
| ૮૫. | હર્ષ દરજી | લોકડાઉન | ૧૧૬ |
| ૮૬. | હર્ષિદા ત્રિવેદી | કણમાં છે કોરોના | ૧૧૭ |
| ૮૭. | હર્ષિદા ત્રિવેદી | સંબંધોમાં રોત | ૧૧૮ |
| ૮૮. | હસમુખ રામદેપુત્રા | હાઈકુ | ૧૧૯ |
| ૮૯. | હેમા અજમેરા | એ કરોના.. | ૧૨૦ |
| ૯૦. | હેમંત મદ્રાસી | લોકડાઉન | ૧૨૧ |
| ૯૧. | હેમંત પાટીલ | ભાઈ આ છે કોરોના.. | ૧૨૨ |

| | | | |
|---|---|---|---|
| ૯૨. | હેમિન પટેલ | ટાણું આવ્યું | ૧૨૩ |
| ૯૩. | હેમિન પટેલ | કદી ના જંપતું | ૧૨૩ |
| ૯૪. | હેમીશા શાહ | સુમસામ રસ્તો થઇ ગયો | ૧૨૪ |
| ૯૫. | હિમાદ્રી ભટ્ટ | બહાદુરીથી બીડું ઝડપ્યું | ૧૨૫ |
| ૯૬. | હિમાની શાહ | પરમાત્માને પુકાર | ૧૨૬ |
| ૯૭. | હિમાની શાહ | યોદ્ધાને નમન | ૧૨૭ |
| ૯૮. | હિના દવે | હું છું કોરોના | ૧૨૮ |
| ૯૯. | હિતેશ પટેલ | કોરોના જા જા જા | ૧૩૦ |
| ૧૦૦. | હિતેશ પટેલ | તો જ વાત કર | ૧૩૧ |
| ૧૦૧. | હિતેશ પટેલ | શું કરવું અહીં | ૧૩૨ |
| ૧૦૨. | હિતેશ પટેલ | ભૂખે મારતો કોરોના | ૧૩૩ |
| ૧૦૩. | ઈવા પટેલ | કોરોના વાઈરસ | ૧૩૪ |
| ૧૦૪. | જગદીશ ગોર | ટાળો | ૧૩૫ |
| ૧૦૫. | જગદીશ ગોર | કોરોના બસ ભાગે | ૧૩૬ |
| ૧૦૬. | જામિની કોન્ટ્રાકટર | કૉરૉના એક સીખ | ૧૩૭ |
| ૧૦૭. | જતીન ગામીત | કોરોના હું તને શું માનું | ૧૩૮ |
| ૧૦૮. | જય દિક્ષીત | જીવનનો સાચો સંદેશ | ૧૩૯ |
| ૧૦૯. | જયશ્રી દેસાઈ | કોરોના કોરોના | ૧૪૦ |
| ૧૧૦. | જીગીષા દેસાઈ | સંવેદના ભીતરની | ૧૪૧ |
| ૧૧૧. | જીગ્નેશ ક્રિસ્ટી | મહામારી કોરોના | ૧૪૩ |
| ૧૧૨. | જીગ્નેશ ક્રિસ્ટી | કોરોના કાળ ઉપર ગઝલ | ૧૪૪ |
| ૧૧૩. | જીગ્નેશ ક્રિસ્ટી | કોરોનાની વૈશ્વિક સફર | ૧૪૫ |
| ૧૧૪. | જીગ્નેશ ક્રિસ્ટી | ફેલાઈ રહ્યો છે કાળ | ૧૪૬ |
| ૧૧૫. | જીગ્નેશ ત્રિવેદી | જીવન બચે સાવચેતથી | ૧૪૭ |
| ૧૧૬. | જીગ્નેશ ત્રિવેદી | સહદેવ જેવી છે દશા | ૧૪૮ |
| ૧૧૭. | જીગ્નેશ ત્રિવેદી | પોતપોતાના ઘરે | ૧૪૯ |
| ૧૧૮. | કિરણ શાહ | લોક ડાઉન | ૧૫૦ |
| ૧૧૯. | કાજોલ ડેરિયા | શું સાચ્ચે લોકડાઉન છે? | ૧૫૧ |
| ૧૨૦. | કલ્પેશ શાહ | ખોટો દમ મારે છે | ૧૫૨ |
| ૧૨૧. | કલ્પેશ શાહ | બેટો ગુમાવ્યો છે બાપે | ૧૫૩ |
| ૧૨૨. | કલ્પેશ શાહ | મજદૂર | ૧૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૨૩. | કલ્યાણી વ્યાસ | વીતી જશે | ૧૫૫ |
| ૧૨૪. | કમલેશ ભટ્ટી | કોરોનાની કપરી દેન છે | ૧૫૬ |
| ૧૨૫. | કમલેશ નાયક | કોરોનામાં ભણતરની વ્યથા | ૧૫૭ |
| ૧૨૬. | કમલેશ નાયક | વેદના | ૧૫૮ |
| ૧૨૭. | કમલેશ વ્યાસ | વાત એ સાબિત થઈ છે | ૧૫૯ |
| ૧૨૮. | કાનજી ગઢવી | હાહાકાર મચાવે કોરોના | ૧૬૦ |
| ૧૨૯. | કનુજી ઠાકોર | મારી વાત ના ભૂલાય | ૧૬૧ |
| ૧૩૦. | કનુજી ઠાકોર | જોજો મારા ગુજરાતીઓ | ૧૬૨ |
| ૧૩૧. | કનુજી ઠાકોર | કોરોના પર ખિજાયો મચ્છર | ૧૬૩ |
| ૧૩૨. | કનુજી ઠાકોર | વાહ રે વાહ કુદરત | ૧૬૪ |
| ૧૩૩. | કનુજી ઠાકોર | કોરોનાએ વર્તાવ્યો કાળો કેર | ૧૬૫ |
| ૧૩૪. | કનુજી ઠાકોર | પક્ષીઓ પૂછે કોરોના શું છે? | ૧૬૬ |
| ૧૩૫. | કનુજી ઠાકોર | કોરોનાની ચકલીનાં બચ્ચાને | ૧૬૭ |
| ૧૩૬. | કૌશલ સુથાર | કોરોના યોદ્ધાઓને વંદન છે | ૧૬૮ |
| ૧૩૭. | કયાન શાહ | અચાનક છુટ્ટી કેમ પડી ગઈ? | ૧૬૯ |
| ૧૩૮. | ખુશ્બુ ચૌહાણ | વિચાર્યું નહતું આમ થશે | ૧૭૦ |
| ૧૩૯. | કિરણ શાહ | મારું શહેર | ૧૭૧ |
| ૧૪૦. | કિરણ શાહ | નગરમાં હવે ખાસ | ૧૭૩ |
| ૧૪૧. | કિરણ શાહ | લોકડાઉન | ૧૭૪ |
| ૧૪૨. | કિરણ રોશન | … કોરોનાથી | ૧૭૫ |
| ૧૪૩. | કિરણ રોશન | લોકડાઉન | ૧૭૬ |
| ૧૪૪. | કિશન દાવડા | આધુનિક લડવૈયાઓ | ૧૭૭ |
| ૧૪૫. | લીલાબેન પટેલ | કોરોનાના ભરડામાં છે | ૧૭૮ |
| ૧૪૬. | લીલાબેન પટેલ | સોનેટ - મહામારી આવી | ૧૭૯ |
| ૧૪૭. | લીલાબેન પટેલ | અફવાના સૌ દરવાજાને | ૧૮૦ |
| ૧૪૮. | મહેન્દ્ર ખૈરનાર | વંદન કરીએ તેઓને | ૧૮૧ |
| ૧૪૯. | મહેન્દ્ર ખૈરનાર | કોરોનાથી જીતવું તો પડશે | ૧૮૨ |
| ૧૫૦. | મહેશ દેસાઈ | ખરું થઈ ગયું | ૧૮૩ |
| ૧૫૧. | મહેશ દેસાઈ | કોરોના | ૧૮૪ |
| ૧૫૨. | મહેશ ધીમર | કોરોનાનું કવન (અછાંદસ) | ૧૮૫ |
| ૧૫૩. | મહેશ ધીમર | કોરોનાનું કવન (ગીત) | ૧૮૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૫૪. | માહિર રાજ | આ કોરોના વળી શું છે? | ૧૮૮ |
| ૧૫૫. | મમતા ભટ્ટ | કુદરતની માયાજાળ | ૧૮૯ |
| ૧૫૬. | મમતા ભટ્ટ | વિનાશ | ૧૯૦ |
| ૧૫૭. | મન અધ્યારૂ | કોરોના તે શું દેખાડયું? | ૧૯૧ |
| ૧૫૮. | મનોજ પંચાલ | કોરોના વોરિયર્સને સલામ | ૧૯૨ |
| ૧૫૯. | મનોજ પંચાલ | કોરોના યોદ્ધાઓ | ૧૯૩ |
| ૧૬૦. | મનોજ પંચાલ | ભગાડો ભગાડો | ૧૯૪ |
| ૧૬૧. | મનોજ પરમાર | કોરોના આમ નહીં કરવાનું | ૧૯૫ |
| ૧૬૨. | માનસીંગ પારગી | ચેત મિત્તર | ૧૯૬ |
| ૧૬૩. | માનસીંગ પારગી | મિથ્યાભિમાન | ૧૯૭ |
| ૧૬૪. | માનસીંગ પારગી | ખેર નથી! | ૧૯૮ |
| ૧૬૫. | માનસીંગ પારગી | સાવધાન થઈ જાઓ | ૧૯૯ |
| ૧૬૬. | માનસીંગ પારગી | એ ના કરે | ૨૦૦ |
| ૧૬૭. | માનસીંગ પારગી | બસ, સજા છે | ૨૦૧ |
| ૧૬૮. | માનસીંગ પારગી | પ્રભુનો ઉતારો | ૨૦૨ |
| ૧૬૯. | માનસીંગ પારગી | ન્હોતી ખબર | ૨૦૩ |
| ૧૭૦. | માનસીંગ પારગી | જાગો! જાગો!! | ૨૦૪ |
| ૧૭૧. | માનસીંગ પારગી | પરિવર્તન! | ૨૦૬ |
| ૧૭૨. | માનસીંગ પારગી | ધીમે ધીમે! | ૨૦૭ |
| ૧૭૩. | માનસીંગ પારગી | કોરોનાનો કહેર | ૨૦૮ |
| ૧૭૪. | ડૉ. માર્ગી દોશી | ઓહ કોરોના.. | ૨૧૦ |
| ૧૭૫. | ડૉ. માર્ગી દોશી | અભિવ્યક્તિ આભારની | ૨૧૧ |
| ૧૭૬. | ડૉ. માર્ગી દોશી | દશા થઇ છે | ૨૧૩ |
| ૧૭૭. | મયંક ત્રિવેદી | કોરોના આવી ગયો કોરોના? | ૨૧૪ |
| ૧૭૮. | મયૂર કોલડિયા | મુક્તકો | ૨૧૫ |
| ૧૭૯. | મયૂર કોલડિયા | તરહી ગઝલ | ૨૧૬ |
| ૧૮૦. | મેઘા શુક્લ | ડ્રેગન ભરડો | ૨૧૭ |
| ૧૮૧. | મેઘા સોની | માસ્ક | ૨૧૮ |
| ૧૮૨. | મિહિર પટેલ | મારી નજરે સમાધાન | ૨૧૯ |
| ૧૮૩. | મિહિર પટેલ | પુકાર | ૨૨૦ |
| ૧૮૪. | મિલન અંટાળા | જવાબદારી છે આપણી | ૨૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૮૫. | ડો. મિલિન્દ પારેખ | બહાનાં શોધતા'તા | ૨૨૨ |
| ૧૮૬. | ડો. મિલિન્દ પારેખ | અકળાવતું નગર | ૨૨૩ |
| ૧૮૭. | મીના વ્યાસ | કાળો કેર વર્તાવ્યો કોરોના | ૨૨૪ |
| ૧૮૮. | મિતેશ | વાયરસ vs વીર | ૨૨૫ |
| ૧૮૯. | મિતેશ | કુદરત સાથે સ્પર્ધા | ૨૨૬ |
| ૧૯૦. | મિતેશ | હું વાત કરું છું પરદેશથી | ૨૨૭ |
| ૧૯૧. | મિત્ર રાઠોડ | કોરોના અને વગર કોરોનામાં | ૨૨૮ |
| ૧૯૨. | મોહિની રાજપૂત | જીતી જઈશું | ૨૨૯ |
| ૧૯૩. | મુકેશ રાઠોડ | મહામારી | ૨૩૧ |
| ૧૯૪. | મુકેશ રાઠોડ | હાઈકુ | ૨૩૨ |
| ૧૯૫. | મૂળજીભાઈ પરમાર | કોરોના દુર્દૈવ | ૨૩૩ |
| ૧૯૬. | મૂળજીભાઈ પરમાર | કોરોના કેર કરવત | ૨૩૪ |
| ૧૯૭. | નગીનચંદ્ર ડોડિયા | રે કોરોના, જીવનપથનો પ્રશ્ન | ૨૩૬ |
| ૧૯૮. | નમ્રતા જોશી ઓઝા | જે આંગણમાં | ૨૩૭ |
| ૧૯૯. | નરેન્દ્રસિંહ ચુડાસમા | તારી આંખોના ઈશારે | ૨૩૮ |
| ૨૦૦. | નરેન્દ્ર રાઠોડ | એક વૈશ્વિક મહામારી | ૨૩૯ |
| ૨૦૧. | નરેશ જાદવ | કોરોના સામે જીતીશુ જંગ | ૨૪૦ |
| ૨૦૨. | નરેશ જાદવ | ભાગ રે કોરોના ભાગ | ૨૪૧ |
| ૨૦૩. | નટવર ટાંક | પિરામિડ કાવ્ય | ૨૪૨ |
| ૨૦૪. | નીરવ રાજાણી | જીંદગી તો એમની પણ | ૨૪૩ |
| ૨૦૫. | નિશિ સિંહ | જગનો પિતા તું આવો | ૨૪૪ |
| ૨૦૬. | નીતેશ ટાંક | મુખમાં હરિને રાખજો | ૨૪૫ |
| ૨૦૭. | નીતેશ ટાંક | આંખમાં થોડા શમણાં | ૨૪૬ |
| ૨૦૮. | નૂતન કોઠારી | ભાગ કૉરૉના | ૨૪૭ |
| ૨૦૯. | નૂતન કોઠારી | કૉરૉના સાથે જીવતા.. | ૨૪૯ |
| ૨૧૦. | નૂતન કોઠારી | બાળ-ઉલઝન | ૨૫૦ |
| ૨૧૧. | પંકજ પરમાર | કોરોના કાવ્યો સંપુટ | ૨૫૨ |
| ૨૧૨. | પરાગ પંડ્યા | યમ કરે તાંડવ ચોતરફ | ૨૫૪ |
| ૨૧૩. | પારુલ બારોટ | સૉનેટ - કોરોના | ૨૫૫ |
| ૨૧૪. | પારુલ બારોટ | હવે રસ્તો મળે તો ઠીક | ૨૫૬ |
| ૨૧૫. | પીયૂષ ભટ્ટ | ઘર | ૨૫૭ |

| | | | |
|---|---|---|---|
| ૨૧૬. | પીયૂષ ભટ્ટ | કોરોના કાળની ગઝલ | ૨૫૯ |
| ૨૧૭. | પીયૂષ ભટ્ટ | ગઝલ - **Lock Down** | ૨૬૦ |
| ૨૧૮. | પીયૂષ ભટ્ટ | **Ld**ની ફુરસદની ગઝલ | ૨૬૧ |
| ૨૧૯. | પીયૂષ ભટ્ટ | **Ld**માં મળેલી ફુરસદનું ગીત | ૨૬૨ |
| ૨૨૦. | પ્રભાકર ધોળકિયા | કોરોના આપે છે જાસો... | ૨૬૩ |
| ૨૨૧. | પ્રભુદત્ત ભટ્ટ | મોનો ઈમેજ રચનાઓ | ૨૬૪ |
| ૨૨૨. | પ્રભુદત્ત ભટ્ટ | ફર્ક માત્ર તો | ૨૬૬ |
| ૨૨૩. | ડૉ. પ્રફુલ્લ વ્યાસ | યુ એસ ઉવાચ: | ૨૬૭ |
| ૨૨૪. | પ્રજ્ઞાજુ વ્યાસ | ૐ હ્રીં ગચ્છ ગચ્છ સ્વાહા | ૨૬૮ |
| ૨૨૫. | પ્રકાશ તેરેદેસાઈ | મેં ભગાડયો કોરોના ને | ૨૬૯ |
| ૨૨૬. | પ્રશાંત સોમાણી | કોણ કહે છે ખાસ નથી | ૨૭૨ |
| ૨૨૭. | પ્રતિક પટેલ | માસ્કમાંથી શ્વાસ ગળતાં | ૨૭૩ |
| ૨૨૮. | પ્રતીક્ષા પંડ્યા | કાળ કોરોના (તાન્કા) | ૨૭૪ |
| ૨૨૯. | પ્રતીક્ષા પંડ્યા | આવ્યો કોરોના | ૨૭૫ |
| ૨૩૦. | પ્રતીક્ષા પંડ્યા | કોરોના કાઢતા હાંફી ગયાં | ૨૭૬ |
| ૨૩૧. | પ્રતીક્ષા પંડ્યા | હાઈકુ | ૨૭૭ |
| ૨૩૨. | પ્રતીક્ષા પંડ્યા | ભૂંડો કોરોના! હાહાકાર | ૨૭૯ |
| ૨૩૩. | પ્રવીણ સરાધીઆ | કથા કોરોનાની | ૨૮૦ |
| ૨૩૪. | પ્રીતિ ભટ્ટ | ગઝલ - જોખમ છે | ૨૮૧ |
| ૨૩૫. | ડૉ. રાધિકા ટીક્કુ | દૂર દૂર | ૨૮૨ |
| ૨૩૬. | ડૉ. રાધિકા ટીક્કુ | બુકાની | ૨૮૪ |
| ૨૩૭. | રાજેશ હિંગુ | લોક ડાઉન | ૨૮૫ |
| ૨૩૮. | રાજેશ હિંગુ | કોરોના કાળની ઉપલબ્ધિઓ | ૨૮૬ |
| ૨૩૯. | રમણ વાઘેલા | કોરોનાનું કોરોનાને સંબોધન | ૨૮૭ |
| ૨૪૦. | રમેશ પટેલ | હાથ પણ ધોવા પડે | ૨૮૮ |
| ૨૪૧. | રમેશ પટેલ | આતંક છે કોરોનાનો | ૨૮૯ |
| ૨૪૨. | રમેશ પટેલ | કોરોના હાઈકુ | ૨૯૪ |
| ૨૪૩. | રમેશ પટેલ | ડરશો ના, કોરોના | ૨૯૬ |
| ૨૪૪. | રીટા વ્યાસ | આશાબિંદુ | ૨૯૮ |
| ૨૪૫. | રીટા વ્યાસ | કોરોના કાળ દરમિયાન | ૨૯૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૪૬. | રિયાઝ મીર | કોણ જાણે ક્યાંથી આવ્યો | ૩૦૦ |
| ૨૪૭. | રિયાઝ મીર | મને એ જ સમજાતું નથી | ૩૦૧ |
| ૨૪૮. | રોમા જોશી | કેમ ઓછી અસર છે? | ૩૦૨ |
| ૨૪૯. | રૂપલ  સુરતી | કોરોનાની અંતિમ કહાણી | ૩૦૩ |
| ૨૫૦. | રૂપલ સુરતી | હાઇકુ | ૩૦૪ |
| ૨૫૧. | ડો. ઋષિકેશ દવે | આજ કાલ દુનિયા | ૩૦૬ |
| ૨૫૨. | સંદિપ ચવેલીયા | રોગ-કોરોના | ૩૦૭ |
| ૨૫૩. | સંજય બોસમિયા | કોરોના વોરિયર્સ | ૩૦૮ |
| ૨૫૪. | સંજય બોસમિયા | કોરોનામાં શું કરવાનું? | ૩૦૯ |
| ૨૫૫. | સંજય બોસમિયા | કોરોના કો ભગાના હૈ | ૩૧૦ |
| ૨૫૬. | સરલા સુતરિયા | એ રે ચીન... | ૩૧૧ |
| ૨૫૭. | સરોજ રાણા | કોરોના સાર | ૩૧૨ |
| ૨૫૮. | સરોજ રાણા | આ ત્રાસ કોરોના તણો | ૩૧૪ |
| ૨૫૯. | ડૉ. સેજલ દેસાઈ | હા, મારે લડવાનું છે | ૩૧૫ |
| ૨૬૦. | શામજી માલી | કોને આવી ખબર હશે | ૩૧૬ |
| ૨૬૧. | શંકર પટેલ | ઘરે પગ ટકતો નો'તો | ૩૧૭ |
| ૨૬૨. | શંકર પટેલ | ભરોસો | ૩૧૮ |
| ૨૬૩. | શર્મિષ્ઠા કોન્ટ્રક્ટર | અદ્રશ્ય કો' શત્રુ | ૩૧૯ |
| ૨૬૪. | શર્મિષ્ઠા કોન્ટ્રક્ટર | આ બળબળ ઉનાળાના | ૩૨૦ |
| ૨૬૫. | શર્મિષ્ઠા કોન્ટ્રક્ટર | તાકાત ઘણી છે | ૩૨૧ |
| ૨૬૬. | સેફાલી માણીક | કોરોના - કહેર કે મહેર | ૩૨૨ |
| ૨૬૭. | ડો. શિવમ શાહ | કોરોનાની રમત | ૩૨૩ |
| ૨૬૮. | શ્રદ્ધા ભાવસાર | ચાલ, પોઝિટિવ વિચારીએ | ૩૨૪ |
| ૨૬૯. | શ્રદ્ધા શાહ | રોકાયા થનગનતા પગ | ૩૨૬ |
| ૨૭૦. | સિદ્ધ ચારણ | દુહો - સપાખરું | ૩૨૭ |
| ૨૭૧. | સિદ્ધ ચારણ | હરિગીત | ૩૨૮ |
| ૨૭૨. | સીમા પંડ્યા | ટાટેમે વાસ્તવિકતા | ૩૨૯ |
| ૨૭૩. | સોહમ પાલનપુરી | અરે ઓ દ્વારિકાવાળા | ૩૩૦ |
| ૨૭૪. | સોહમ પાલનપુરી | માધવ ક્યાંય નથી | ૩૩૧ |
| ૨૭૫. | સોહમ પાલનપુરી | માણસ મટીને | ૩૩૨ |
| ૨૭૬. | સોહમ પાલનપુરી | સોશિયલ ડિસ્ટનસિંગ | ૩૩૩ |

| | | |
|---|---|---|
| ૨૭૭. સુચિત ચૌહાણ | જોર લગાવીને, જગાવીને | ૩૩૪ |
| ૨૭૮. સુધીર ભાયાણી | **MOBILE IS NOT A TOY** | ૩૩૫ |
| ૨૭૯. સુધીર ભાયાણી | ધીરજ અને આદતની વચ્ચે | ૩૩૭ |
| ૨૮૦. સુધીર ભાયાણી | ખબર જ ન હતી | ૩૩૮ |
| ૨૮૧. સુરેશ ઝવેરી | ચીનની લાગી નજર | ૩૩૯ |
| ૨૮૨. સુરભી ઢેબર | આજે ઘરનાં ખૂણા ખુશ | ૩૪૦ |
| ૨૮૩. તરૂણાબેન ગોહિલ | કોરોનાની કમાલ | ૩૪૧ |
| ૨૮૪. તિઆરા અરુણ | જો ને મમ્મી આ ઢીંગલી | ૩૪૩ |
| ૨૮૫. તુષાર જેઠવા | લોકડાઉન છે | ૩૪૪ |
| ૨૮૬. તુષાર જેઠવા | ચીન છેતરાઈ ગયો | ૩૪૫ |
| ૨૮૭. ઉમેશ તામસે | બેફિકર થઈ ફરે છે કોરોના | ૩૪૬ |
| ૨૮૮. ઉમેશ તામસે | રોજ ઘોંઘાટ કરતું નગર | ૩૪૭ |
| ૨૮૯. ઉમેશ તામસે | આત્મનિર્ભર બનો | ૩૪૮ |
| ૨૯૦. ઉર્જીતા કિનારીવાળા | કોરોનાનાં ભયની ઓથમાં | ૩૪૯ |
| ૨૯૧. ઉર્વી પંચાલ | કોરોનાનાં કામણ | ૩૫૦ |
| ૨૯૨. ઉર્વી પંચાલ | કોરોનાનું કાવ્ય | ૩૫૧ |
| ૨૯૩. વહીદા ડ્રાઈવર | હાઈકુ | ૩૫૨ |
| ૨૯૪. વંદના બ્રહ્મભટ્ટ | કોરોના ઊભો | ૩૫૩ |
| ૨૯૫. વિજય જાદવ | કોરોના કે છે.. | ૩૫૪ |
| ૨૯૬. ડૉ. વિજય સેલારકા | માતેલો સાંઢ કોરોના | ૩૫૫ |
| ૨૯૭. વિજય ત્રિવેદી | ચેતી જાજે મનવા | ૩૫૬ |
| ૨૯૮. વિક્રમ સોલંકી | કોરાનાથી ડરવાનું નઈ | ૩૫૭ |
| ૨૯૯. વિપુલ માંગરોલિયા | લોકડાઉન | ૩૫૮ |
| ૩૦૦. વિશ્વાસ શાહ | મારો એક પરમ મિત્ર | ૩૫૯ |
| ૩૦૧. યોગેશ ટેલર | **lockdown** | ૩૬૦ |
| ૩૦૨. ઝુલેખા સૈયદ | હાઇકુ | ૩૬૧ |
| ૩૦૩. ઝુલેખા સૈયદ | સોનેટ - ક્ષણિક સુખ | ૩૬૨ |

## ૦૦૧. કોરોના કાળની કથની

કોરોનાની ગંભીર વૈશ્વિક મહામારી,
અરે! કોઈને પણ ભેટી પડશે અચાનક,
તો રસ્તે ભટકતો માનવી, કર આગમનની તૈયારી.
ઓથાર હેઠળ જીવવાની રોજીંદી ઘટમાળ,
માસ્ક વિના કોઈની સાથે જો કરી વાતચીત
તો નક્કી સાંભળવી પડશે " ૧૦૮" ની ચીચીયારી
હસ્તધનૂન કહેવાય છે શિષ્ટાચારની શ્રેષ્ઠ રીત,
હવે તો ભૂલથી ય થતો અંશતઃ સ્પર્શ
રચી દે છે કોરોનાની દુઃખદ આપવીતી...
રૂપિયા પાછળ દોડતો કમ ને પૂરાણો માનવી ઘરમાં,
શમણાં પણ આવે હોસ્પીટલની પથારીનાં તો
ઝબકીને જાગે છે વિહ્વળ બની નીંદરમાં...
નિઃસ્વાર્થ આલિંગન થકી હૂંફ ભૂતકાળમાં અનુભવાતી
હવે તો વર્તમાનમાં " stay away " " wear mask "
અને સેનેટાઈઝર બાટલી બતાવી ભાવિની ચિંતા દેખાતી,
માસ્ક, સેનેટાઈઝર, રસી, દવા, ઉકાળા જેવી
અલગ અલગ લોકો દ્વારા અનુસરવા કહેવાતી પથી
" અરે... કોરોના, તારી સાચી ઓળખ કરાવી
સામી છાતીએ આવી તારું મૂલ્ય બતાવવાની
ચેષ્ટા કરીને તારી વિદાયનો સમય અને મૂલ્ય બતાવ".
કારણ.. તમામ વ્યક્તિ સતત ચિંતન અને મંથન કરી
ત્રસ્ત થઈ ઓથાર હેઠળ જીવીને વિચારતી,
કો... કોને ભેટી જશે ?
રો... રોતાં કકળતાં કોને કરશે ?
ના... નાથવાની પથિ કોણ ફંફોળશે ?

**અલ્પા જયેશ દેસાઈ – સુરત – ૯૮૯૮૫ ૭૩૧૯૬**

## ૦૦૨. હાલ કીધા સાવ તે બેહાલ

હાલ કીધા સાવ તે બેહાલ, કોરોના.
જો આ બદલાણી સહુની ચાલ, કોરોના.

કેટલા તેં ઘાવ દીધા છે જગતને જો,
ઊતરડી સહુની તેં ખાલ, કોરોના.

શાંત થઈ  ઊંઘે નગર, ને છે ગલી સૂતી,
રાત 'દિ નો ખોરવાયો તાલ, કોરોના.

ઘા કરે તલવાર ને ભાલા વગર તું તો,
ગોતવી ક્યાંથી અમારે ઢાલ, કોરોના.

હાલતાં ને ચાલતાં વળગે છે સૌને તું,
છે રમત કે તારું વૈષી વ્હાલ, કોરોના?

કાવ્યાલ્પ
અલ્પા વસા, મુંબઈ  - ૯૮૧૯૦ ૧૯૦૫૧

## ૦૦૩. કોરોનાથી નથી ડરવાનો

લોકડાઉન છે તેથી શું થયું?
હું કોરોનાથી નથી ડરવાનો
જોઉં છું કોણ રોકે છે મને
તારા સપનામાં આવવાનો
રસ્તો બહુ દૂર ભલે રહ્યો
હું તો આડેધડ દોડવાનો
વિચારી વિચારીને થાક્યો
હજી કેટલું સુઈ રહેવાનો?
દરવાજો બંધ હશે તેથી શું?
ટકોરા મારી છુપાઈ જવાનો
એ ઝબકીને  જરૂર શોધશે
પણ હું  એનામાં જ હોવાનો
આ સ્વપ્ન નહીં હકીકત છે
ઈશ્વર નિરાકાર જ હોવાનો

**અમૃત વડિયા - સુરત - ૯૮૨૫૮ ૫૯૫૯૧**

## ૦૦૪. કોરોના મારક નીકળ્યો

અરે આ  કોરોના તો કેવો નીકળ્યો
મચ્છર કરતાં ય ભારે  મારક નીકળ્યો

હું હસતો કુદતો ખેલતો હતો; પણ
બધું બંધ; એ એવો ડારક નીકળ્યો

દુનિયા આખી થર થર કાંપી ઊઠી
સ્મશાનઘાટનો ખરો ચાહક નીકળ્યો

ભલભલા રોગો ય એની સામે તુચ્છ
ખરેખર હારાકીરીનો કારક નીકળ્યો

શસ્ત્ર બની ધિક્કારનું ચીનથી વછૂટ્યો
સ્પર્શથી મારતા ઝેરનો ધારક નીકળ્યો

ગળે મળ્યા પ્રેમથી એ સૌ પસ્તાયા
દૂરથી નમસ્કારને લાયક નીકળ્યો

અમૃત વડિયા - સુરત - ૯૮૨૫૮ ૫૯૫૯૧

## ૦૦૫. અછાંદસ કાવ્ય

સતત સિત્તેર વર્ષથી સાંભળતા આવ્યા કે
દેશમાં અવ્યવસ્થા ફેલાવવા માટે
વિદેશી - પાડોશીઓ નો હાથ છે..
હા...કદાચ પહેલી વાર સત્ય લાગ્યું...

આતિથ્ય ભાવનાની સંસ્કૃતિની સમઝ કે...અતિથિ દેવો ભવઃ...ની સમજને
પણ કસોટી એ મૂકી આ...વિદેશી હાથએ...

કોઈ કોઈનું નથી... કોઈ કોઈનું નથી રે...
ની માન્યતા ને એરણે ચઢાવી... ધમણે ધમણે ધુમ્યો શ્વાસ..
આ વિદેશી હાથ એ....

ઘરમાં રહી સૌ કોઈએ...
રાખ્યું સ્વયં શાસિત સાદું સરળ જીવન...
ઘરમાં જ પૂજ્યા રામ ને રમઝાન..
ન કોઈ મંદિર મસ્જિદ..
ન ઝૂમ્યું કોઈ બાગ બગીચે...
ન રમ્યું કોઈ ખેલ મેદાને...

ભૂલી ગયા સૌ...
મોલ ને મોટા માર્કેટ...
ભૂલી ગયા સૌ...
મલ્ટિપ્લેક્સ ને રિસોર્ટ...
ભૂલી ગયા સૌ...
ખરીદી ને કીટી પાર્ટી...
ભૂલી ગયા સૌ...
લગ્નની જાહોજલાલી ને
મૃત્યુ ની શોક સભા...

ભૂલી ગયા સૌ...
ગાડી ને વાડી...

ભૂલી ગયા સૌ...
ખરીદી ને વેચાણ...
ભૂલી ગયા સૌ...
ધાબા હોટેલ ને લારીઓ...
ભૂલી ગયા સૌ ..
મોજશોખનાં કારોબાર...

સુખદ થયા સૌ...
નદી ને નાળા...
સુધરી ગયા સૌ..
વાતાવરણના છાયા...
સમૃદ્ધ થયા..
માં ધરતી ને આકાશ...

ભૂલી ગયા સૌ...
નોકર ને ચાકર...
ભૂલી ગયા સૌ...
સગપણ ને દોસ્તી...

ફકત રહી ગયું..શું...

કેમ કરીને ...
જીવવું સફાઈથી ને સદાઈ થી...
ફકત રહી ગયું...
ઘરના ખોરાક.. ને પાણી...

કામ આવી સૌ...
ભારતીય પરંપરાની..
નમસ્તે ને મુખપત્ર...
ઉકાળેલું પાણી ને..
રસોડામાં રહેલ... દાદીમાનું વૈદું..

ઘરે રહી ને
સ્વસ્થ રહો...
ખોટી
માયા જાળથી
દૂર રહો...

નમન છે...
સરહદ પર વીર જવાનો ને
નમન છે...
તબીબ.. નર્સ... એમ્બ્યુલન્સ વાહન ચાલકો તમને...
નમન છે...
પોલીસ... સફાઈ કામદારો ને...
નમન છે...
સેવાભાવી સંસ્થાઓ તથા એના કાર્યકરોને...

વિદેશથી આવેલા..
આ વિષાણુને..
આપો તિલાંજલી..
રહી સામાજિક અંતર..
રાખો શુદ્ધ હવા ને જળ...

કોરોનાનું કામ કોરોનાને કરવાદો..
અણી ચૂક્યો સો વર્ષ જીવે...
ડરશો નહિ દરવાશી નહિ કોઈ ને
આણશો નહિ ખોટી રીતે જીવનનો અંત...

રાખો કાળજી સૌ પ્રથમ પોતાની..
અને રહો ફકત ઘરમાં જ કુટુંબ સંગ...

**અનિલ ભાવસાર 'યોદ્ધા' – નવસારી – ૯૮૨૫૧ ૧૧૨૯૯**

## ૦૦૬. ક્યાં છે એનો જન્મ?

ક્યાં છે એનો જન્મ? કોણ છે જન્મ દાતા...!
કોને ખબર કોનું છે. આ ફરજંદ કોરોના...?

જે દેશમાં જન્મ લીધો; એ દેશમાં વધુ ના ટક્યો;
ફૂલ્યો ફાલ્યો મિત્રોના દેશમાં...!

નથી છોડતો રાજા રંક ને;
નથી છોડતો તબીબ નર્સને;
નથી છોડ્યા એણે ધુરંધરોને...!

હાલ હવાલ કર્યા છે સર્વજનના;
ભુખા નાગા કર્યા ગરીબોને;
ઘરબાર વગરના કર્યાં કારીગરોને...!

વેપાર રોજગાર બંધ..!
આદાન પ્રદાન બંધ...!
પ્રવાસ પર્યટન બંધ...!
બંધ થયો સારા વિશ્વ નો કારોબાર...?

એક ડર સૂંઘી ગયો સૌને;
ઘર બહાર નીકળ્યો તો ખાઈ જશે તમને;
સુઘડ રહો; સ્વચ્છ રહો

ચોક્કસ અંતર રાખતાં રહો, પૂરો સમય માસ્ક પહેરતા રહો
નિયમિત હાથ ધોતા રહો તો, કોરોના જાશે ભાગી

આવો આપણ લડિયે સૌ સાથે મળીને
અદ્રશ્ય દુશ્મન સાથે અદ્રશ્ય રહીને
કાઢીએ એનું નિકંદન....

અનિલ ભાવસાર, નવસારી – ૯૮૨૫૧ ૧૧૨૯૯

## ૦૦૭. શ્રાપ ને આશીર્વાદમાં ફેરવ્યો

શ્રાપ ને આશીર્વાદમાં ફેરવ્યો
અમો તને કોવિદ જંગ

તેં રખાવ્યા ઘરના દરવાજા બંધ
અમો એ પહેલી વાર સહકુટુંબ સૌ
સાથે જમ્યા
સાથે રમ્યા
સાથે કચરા પોતા કર્યા
સાથે વાસણ અજવાળ્યા
સાથે એકમેક ની સંભાળ રાખી
સાથે સૂતાં
સાથે ઉઠ્યા

પહેલી વાર કુદરત ને માણી
પહેલી વાર પંખી ની જાત જાણી

પહેલી વાર નદી નાળામાં સ્વચ્છ નીર જોયા..
પહેલી વાર રળિયામણા ડુંગર દૂર થી જ જોયા...

સરકારી કર્મચારી
સફાઈ કારીગર
આયા..એમ્બ્યુલન્સ વાહક
તબીબી ને પોલીસો ને
સરહદ પર બારેમાસ સતર્ક રેહતાં
જવાનો ની માફક કોરોના સામે લડતા જોયા...

ઓછી જરૂરયાત
ઓછા ખાધા ખોરાકે
ઓછી આવક માં
પરિસ્થિતિ સાથે મક્કમતાથી રેહતાં જોયા...

ન વાહન કામ આવ્યું
ન વ્યાપાર માં કામ ચાલ્યું
ન ચાલ્યું નોકરી રોજગાર
ન જરૂર પડી નાટક પિક્ચર ની
ન  જરૂર કોઈ હોટલ માહોલ ની
ન ગયું કોઈ પર્યટન વિદેશ
તોયે નથી અટક્યું કોઈ તંત્ર...

ન ટ્રેઈન ચાલી
ન બસ ચાલી
ન ઉડ્યા વિમાન અપાર
ન પડી જરૂરત પેટ્રોલ ડીઝલની
તોયે..
સૌના ઘરનું ગાડું ચાલ્યું..
સૌને મળ્યો એક બીજાનો સાથ...

માસ્ક પહેરીને..
સુયોગ્ય અંતર રાખીને...
જરૂર પૂરતું ઘર બહાર જઈને..
કોવીદ અમો એ પાડ્યો ઝાંખો તારો રંગ...
ચાલો સૌ સાથે મળી લડીએ..
જીતી જઈએ કોરોના સામે જંગ...

અનિલ ભાવસાર 'અજ્ઞાની' - નવસારી - ૯૮૨૫૧ ૧૧૨૯૯

## ૦૦૮. દેશ ગયો, પરદેશ ગયો

દેશ ગયો
પરદેશ ગયો
જ્યાં ગયો ત્યાં
મોતનો પેસારો કરતો ગયો...

કોરોના..કોરોના..
તારે કારણે પ્રાણ જાય...
એવી તારી અવળચંડાઇ ભરી કહાની....!!!

લોકોને... લૉકડાઉન કરી દીધા..
કરી દીધા સૌને તેં નવરા...
કામકાજ કોઈ કંઈ રહ્યું નહિ કરવા
ખાલી કરી દીધી લોકોની કમાણી..

કોરોના...કોરોના...
તારે કારણે પ્રાણ જાય
એવી તારી અવળચંડાઇ ભરી કહાની...!!!

માનવતાનું દિલ મહેકી ઉઠ્યું...
મહેક્યું... તબીબ... સફાઈ કર્મી...
ને પોલીસ... સરકારી કર્મચારીઓની નિગરાની...

કોરોના...કોરોના...
તારે કારણે પ્રાણ જાય
એવી તરી અવળચંડાઇ ભરી કહાની...!!!

ઘરો બંધ... શેરી ખાલીખમ...
ઉજ્જડ ને સૂમસામ...
શહેરોના રસ્તા...

પગપાળા ચાલી નીકળ્યા...
રોજિંદા કારીગરો. દુર્લભ થઈ તેઓની આમદાની...

છતાં અન્ન એ... સામાન્ય જન લૂંટાયો...
ગરીબ પરિવાર ના રસોડે હલ્લાઓ કુસ્તી કરે...
કેટલાય કમનસીબ ને એક ટંક નું ખાવાનું ય નવ જડે...

કોરોના... કોરોના...
તારે કારણે પ્રાણ જાય
એવી તારી અવળચંડાઇ ભરી
કહાની...

સ્વજન સ્વજનથી ડરે, કોઈનું કોઈના ઘરે
આવન જાવન ન રહે કોઈ કોઈના હાથનું પાણી નવ પીએ...

બસ, હાથ ધુએ...
મુખવટો બાંધે...
એક બીજાથી સુરક્ષિત અંતર રાખે...

નથી રાખી તે કોઈપણ દવાની દરકાર...
કે...નથી કોઈ રસી કેરી આશ..

કોરોના...ઓ...કોરોના
તે તો કર્યો...નર્યો વિશ્વ યુદ્ધ કેરો..ત્રાસ...

કોરોના...કોરોના...
તારે કારણે પ્રાણ જાય
એવી તારી અવળચંડાઇ ભરી
કહાની...!!!

અનિલ ભાવસાર - નવસારી - ૯૮૨૫૧ ૧૧૨૯૯

## ૦૦૯. કોરોના / ગેય રચના

(ઢાળ: આટલો સંદેશો મારા ગુરુજીને  કહેજો)

કોરોના (૫) તમે તો કરોના (૨)
સંકટ મોટું છે તોય !
તમે તો ડરો ના !! (૨) કોરોના...

ઘરમાં રહીને સુરક્ષિત રહીએ,
“લોકડાઉન”માં સલામત રહીએ;
વિશ્વાસનો સાથ આપી (૨)
તમે તો ડરો ના !! (૨) કોરોના...

દેશ અને દુનિયામાં કટો કટી ભારે,
તન-મન-ધન તો એરણની ધારે;
ધીરજનો હાથ આપી (૨)
તમે તો ડરો ના !! (૨) કોરોના...

તારા-મારાનો મનવા ભેદ મિટાવો,
અમીર-ગરીબનો ‘એકતા-દીપ’ પ્રગટાવો;
માનવતાને કાજ હવે, (૨)
તમે તો ડરો ના !! (૨) કોરોના...

‘અનિલ’ મહાસંકટમાંથી કોણ ઉગારશે??
ડૉકટર સ્વરૂપે એને ભગવાન ઉગારશે !!
કોરોના વાયરસથી, (૨)
હવે કોઇ પણ ડરો ના !! (૨) કોરોના...


**અનિલકુમાર એલ. મકવાણા**

૫, મૈત્રીનગર સોસાયટી, વાલોડ. જી-તાપી – ૯૪૨૮૧ ૪૪૦૦૪

## ૦૧૦. અમે ડરાતા નથી કોરોનાથી રે / ગેય રચના - બાળગીત

અમે ડરતા નથી કોરોનાથી રે,
અમે કોરોના (૨) બોલતા નથી ! (૨) અમે...

કયાંથી આવ્યો, કેવી રીતે આવ્યો?
એના વિશે કશું અમે જાણતા નથી ! (૨) અમે...

ઘરમાં રહીશું તોજ સુરક્ષિત રહીશું,
કામકાજ વિના અમે ઘર છોડતા નથી! (૨) અમે...

સામાજિક અંતરને જાળવી લઇશું,
"ડેટોલ"થી હાથ ધોવા અમે ભૂલતા નથી! (૨) અમે...

જગમાં આવ્યો જાણે મોટો મહેમાન,
ખોટા મહેમાનમાં અમે માનતા નથી! (૨) અમે...

એકલો માણસ લાગતો બિચારો,
"એકતા"-"સંપ" વિના અમે રહેતા નથી! (૨) અમે...

ઇશ્વર બેઠો સૌને જોનારો
એની કૃપા વિના અમે જીવતા નથી! (૨) અમે...

**અનિલકુમાર એલ. મકવાણા**
૫, મૈત્રીનગર સોસાયટી, વાલોડ. જી-તાપી – ૯૪૨૮૧ ૪૪૦૦૪

## ૦૧૧. બે મુક્તકો

### ઝડપાયા છે !!

કોરોનામાં સપડાયા છે;
નાના-મોટા પકડાયા છે.

મારું-તારું ના ચાલે ભૈ;
સંકટમાં સૌ ઝડપાયા છે!!

### મહારોગ

છે મહા આ રોગ, એને કાઢવો પડશે હવે;
બસ કરો જગ ભોગ, એને કાઢવો પડશે હવે.

માનવી તારી નકામી જીદ પડતી મૂક તું;
કર્મના સંજોગ એને કાઢવો પડશે હવે.


**અનિલકુમાર એલ. મકવાણા**
૫, મૈત્રીનગર સોસાયટી, વાલોડ. જી-તાપી – ૯૪૨૮૧ ૪૪૦૦૪

## ૦૧૨. સલામ કોરોના વોરિયર્સને

હું મહામારી....
છું મહામારી.....
થયો હાહાકાર....
દેશ કોઈ નથી બાકી....
સઁક્રમણ જ છે કાફી.....
કોરોના ના નામમાત્રથી ડરતાં...
યુવા,બાળકો, ઘરડાં....
દહેશતથી ઘરમાં બેસાડી દીધાં
રસ્તા સૂના કરી દીધાં
"પોઝીટીવ"શબ્દ સ્મશાને લઈ ગયો
"માસ્ક"સાથે સૌને બજારે લઈ ગયો
પણ....
રે....
આ ગુજરાતમાં
૪૫માં દિવસે લોકડાઉનમાંયે
રસ્તા સુના જ છે.
ક્યાંક તો નવા કોઈકને ભરખું...!?
પણ આ પોલીસકર્મી....
ત્રણથી વધુ ભેગા થવા દેતા જ નથી ને!
ઊઠબેસ કરાવે છે...
પોલીસસ્ટેશને લઈ પુરે છે...
માસ્ક વગરના ને માસ્ક પહેરાવે છે..
ટાબરિયાં તો દેખાતાં જ નથી
રસ્તાઓમાં થતું સઁક્રમણ શક્ય નથી ને...
હોસ્પિટલમાં ડોકટરો,નર્સ,
સફાઈકર્મીઓ એકદમ ચૂસ્ત-
૨૪ કલાક ખડે પગે સેવા ઇમરજન્સી
પાછળ દોડતાં કર્મચારીઓ....
અહીં તો મારો દમ ઘૂંટાય છે રે..

મંદીર-મસ્જિદો પણ બંધ છે.
દુકાને લોકો કુંડાળામાં ઊભા છે.
ગાડી પર પણ એક જ વ્યક્તિ-
લોકો વારંવાર હાથો ધોયા જ કરે છે.
હું ધોવાતી જાઉં છું.
આ વાતાવરણમાં ખોવાતી જાઉં છું.
આ ગજરાતમાં હું નહિ ટકી શકું..
મારું અસ્તિત્વ અહીં નાબૂદ થઈ જશે.
થોડા સમયમાં વેરવિખેર થઈશ
અહીંના પોલીસકર્મી...
જવાનો...ડોકટરો..નર્સ...
સફાઈકર્મીઓ... લોકો...
મને-
મહામારીને-
જડથી ઉખાડી ફેંકી દેશે...
સલામ કરું છું સૌ કોરોના વોરિયર્સને
જીવન બક્ષો છો સૌ કોરોના પોઝિટિવ ને
વિશ્વ જુએ છે ગુજરાતના આ કર્મીઓને
શત શત વંદન છે.....
આ કોરોના વોરિયર્સ ને....

અનિસા ડ્રાઇવર – સુરત – 97259 91032

## ૦૧૩ કોરોનાનું વિસર્જન, દેશનું નવ-સર્જન!

ના ગભરાવિશું, ના ડરીશું
કોરોના સામે જીતીશું.
ના હાથ - મિલવું, ના ભીડ- ભાડ માં જવું
અંતર રાખીશું તો કોરોના સામે જીતીશું...
સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોઇસુ
ઘર માં રહીશું, સુરક્ષતી રહીશું
ભગવાન એક સંજીવની થી લક્ષ્મણ નો જીવ બચાવ્યો,
આપણે તબીબ, નર્સ, પોલીસ, સહકર્મીઓને
સંજીવની બૂટી રૂપે જોઈ
દેશનું નવસર્જન અને કોરોનાનું વિસર્જન કરીયે
ફરીથી એક ધૂન હશે દેશમાં, ફરી ગુંજશે દેશ!
થશે સુષ્ટિનું સર્જન અને માહા-મારી નું વિસર્જન

અંકિતા ઠાકુર (હિંમતનગર, સાબરકાંઠા) 74330 33652

## ૦૧૪. ગઝલ: ડરવાનું નહિ

લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગાગા.

મળીને સૌએ કોરોનાથી લડવાનું છે ડરવાનું નહિ,
સિતારા છો હૃદયના પણ અકાળે આમ ખરવાનું નહિ.

વિષાણુને પ્રસરવા મોકળું મેદાન ધરવાનું નહિ,
ઘરે બેસી રહેવાનું બધાએ પણ ભટકવાનું નહિ.

પરસ્પર જાળવો અંતર,પહેરો માસ્ક પણ મોઢા પર,
અધર કે આંખને હાથેથી ક્યારેય અડવાનું નહિ.

મળે કોઈક તો એને આવકારો સ્મિત હળવું આપી,
તમે કરજો નમસ્તે પણ ગળે ક્યારેય મળવાનું નહિ.

રમો કેરમ, લુડો, વેપાર, ગંજીપો રહીને ઘરમાં,
કરો મનગમતું, મુઠ્ઠી વાળીને બેસી રહેવાનું નહિ.

કરો પાલન તમે સરકારની સૌ સુચનાનું દોસ્તો,
કરી ખોટા બહાના ઘરથી બા'રે તો નીકળવાનું નહિ.

**'આશુ' અશોક આઈ. લાલવાણી - સુરત. - 81418 49503**

## ૦૧૫. હેલ ચઢાવ રે સાહિબા

### (કોરોના ને કારણે લોકો ગામડે પાછા વળ્યાં ત્યારની એક પત્નીની પતિ સાથે થતી વાતની પ્રતિકૃતિ)

હાલ, ને સાહિબા પકડીયે ગામ ની વાટ,
લાખો લોકો ને ભરખી ગઈ રે આ બિમારી,
નથી ખાવા ને અન્ન નો દાનો,
નથી કોઈ અહી રાખવાં વાળો,
હેલ ચઢાવ રે સાહિબા, દેખાય રે ગામ ની કેડી,
.......હેલ ચઢાવ રે સાહિબા.

નથી અહી કોઈ બોલતું,નથી રે કોઈ વાળુ રે દેતું,
છોકરું તડપે રે ભૂખ થી,
કોઈ પીગળતા નથી રે કોઈ ના દુઃખ થી,
હાલ,રે વ્હાલાં હેલ ચઢાવ રે,
વ્હાલું લાગે રે મારું ગામડું,
...... ઝટ હેલ ચઢાવ રે સાહિબા.

હેલ ચઢાવ રે મારા ભરથાર,
નથી ઝીલાતો હવે ખાલી પેટ નો રે ભાર,
ઝટ કર હેલ ચઢાવ રે ના કર તું તો રે વાર,
ના માનીશ તું તો રે હાર,
જેનું નથી કોઈ તેનો તો છે રે ' તારણહાર '
...... હેલ ચઢાવ રે સાહિબા .

અવની શિવાંગ દવે (શિવેસ્વરી), વડોદરા - ૯૬૦૧૯ ૬૪૧૧૩

## ૧૬. કોરોના વળી જા પાછો તારા જન્મદાતાના ઘરે

તું શું કામ દેશ - વિદેશ માં ભટક્યો?
તારા જન્મદાતા શું કામ તને અવતર્યો ?,

જા, ઝટ વળી જા રે પાછો,
ઓ કોરોના તું આખી દુનિયાને ખટક્યો.

ઝીણી આંખો વાળા એ ઝીણો રે વાયરસ બનાયો,
પાપે તેના , દુનિયા આખી માં મોત નો માતમ છવાયો.

જન્મદાતા તો જીવ ને શિવ ની ભક્તિ કરતાં શીખવાડે,
કોરોના તારો મૂળ તો દુનિયા ને ચોધાર આંસુડે રડાવે.

ભાગ કોરોના ,જા ભાગી જા ઝટ રે તું હવે,
વણમાગ્યા તો  મહેમાન પણ કોઈને ના ગમે.

કોરોના તારો મૂળ જ નાશ પામે,
આખી દુનિયા તને શ્રાપ રે આપે.

કોરોના જા પાછો વળી જા હવે,
તારા જન્મદાતા ને શબક શિખવાડ તું હવે,
જા પાછો વળી જા રે કોરોના........(૨)

અવની શિવાંગ દવે  (શિવે સ્વરી), વડોદરા - ૯૬૦૧૯ ૬૪૧૧૩

## ૦૧૭. જીવનની કાળજી કરોના

કોરોના વિષાણુઓની દહેશત ભારી
સાંભળીને થઈ જનતા બેચારી
તે માટે  જીવન ની કાળજી કરોના
પ્રકૃતી પૂછે અત્યારે કેવુ લાગે છે?
એનું મહત્વ હવે સહૂને સમજાય છે
તે માટે કહું છું જીવન કાળજી કરોના
કોરોનાના લક્ષણો સરદીથી નાક ગળવું
ખાંસી આવવી શ્વસનમા તકલીફ થવી
ખાંસી આવે તો રૂમાલ પકડો
પ્રસાર રોકવાના માધ્યમ નીવડો
તે માટે કહું છું જીવન ની કાળજી કરોના
અવશ્ય હોય તો જ બાહર નીકળવું
ડોક્ટરની સલાહ અવશ્ય લેવી
એક જ ઉપાય સંસર્ગ ટાળો
કાળજી લઈને લગાવો એને ટાળું
તે માટે કહું છું જીવનની કાળજી કરોના!"

ડો. અક્ષય પાટીલ - સુરત - 79903 85268

## ૦૧૮. ગરબો - દગાખોર કોરોના

(રાગ: મા...પાવા તે ગઢથી ઉતર્યા મહાકાળી  રે....)

આ ચાઇનાથી આવ્યો દગાખોર કોરોના ,
એણે વર્તાવ્યો કાળો કેર,દગાખોર કોરોના.

કયાંય ન જતાં, ડરતા સૌ એક-બીજાથી ,
એણે પૂરી દીધા ઘેર ઘેર, દગાખોર કોરોના.

માસ્ક પહેરાવ્યા,નવરાવ્યાં સેનિટાઈઝરથી,
એણે દાબ્યો જગત જમાદાર,દગાખોર કોરોના.

ડોક્ટર ભરખ્યા, પોલીસ ભરખ્યા આ દાનવે,
એણે લાંબી તાણી શમશેર, દગાખોર કોરોના.

વાહન અટકાવ્યાં, લગાવ્યાં તાળા કારખાને,
એણે રસ્તા કર્યા અંધકાર, દગાખોર કોરોના.

માણસ-માણસથી દૂર ભગાડયા ભમરાળે,
એણે હાથ ધોવરાવ્યાં વારંવાર, દગાખોર કોરોના.

નેગેટીવ-પોઝિટિવ ચક્કરમાં ખૂબ પીસાણા.
એણે દેવ દર્શન કર્યા દૂષ્કર, દગાખોર કોરોના.

બાબુલ મણવર - માર્કેટ યાર્ડ પાસે, મુ. બગસરા - ૯૯૭૮૦ ૪૬૨૮૬

## ૦૧૯. ચહેરો બદલાઈ ગયો છે

ચહેરો બદલાઈ ગયો છે ચહેરા માં,
માણસ ભુલાઈ ગયો છે ચહેરા માં,

ગામડું ભેગું થયું છે ફરીથી ગામ માં,
શહેર વિખરાઈ ગયો છે ચહેરા માં,

ગાયબ છે આનંદ,પ્રસંગ ને ઉત્સવો
જીવાણું ગવાઈ ગયો છે ચહેરા માં,

ભુખ તરસ ને પગપાળા પ્રવાસ માં
પરિવાર કરમાઈ ગયો છે ચહેરા માં,

દુનિયા ભયભીત ફરે છે મુખ ઢાંકીને
સગપણ છુપાઈ ગયો છે ચહેરા માં,

**ભરત ગોસ્વામી 'ભાવુક'**

ૐ, પ્લોટ 4, મહાલક્ષ્મી સોસાયટી, નયા અંજાર (કચ્છ)

99259 76986

## ૦૨૦. થઈ ગયો

કદમો ને થોડો આરામ થઈ ગયો.
રસ્તો  થોડો  સુમસામ થઈ ગયો.

ઈચ્છા, આવેગો ને કાબુમાં રાખી
શરીર ને થોડો  વિરામ થઈ ગયો.

સંકેલી નાખો સઘળાં સમારોહને
સન્નાટો  થોડો  તમામ  થઈ ગયો.

લાવશે  ઘરેલું કામો માં ગરમાવો
માહોલ  થોડો લગામ  થઈ ગયો.

એકાંતમાં ઉગશે રોજ નવું કંઈક
વિચારને થોડો પ્રણામ થઈ ગયો,

**ભરત ગોસ્વામી 'ભાવુક' - નયા અંજાર કચ્છ - 8200586902**

## ૦૨૧. કેવો લાગ્યો છે બૂચ !

પેન્ટ શર્ટ ટાઈ બૂટ, નથી પહેરવાની છૂટ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

ભાઈ બોલું ના કુછ, હાલ રહું છું હું ચૂપ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

કહે રહો તમે ચૂપ, ભલે લાગે તમને ભૂખ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

કહે કરો છો ભૂલ, પાણી પીવો ના કુલ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

કહે વાત કરો કબૂલ, તમે રહો છો ગુમ
જુઓ ઘરમાં ને ઘરમાં , કેવો લાગ્યો છે બૂચ !

રહું સાવ છૂન મૂન, હું મોબાઈલમાં ડૂબ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

સૌથી રહેવાનું દૂર, બહાર ફરવાનું ગૂમ
જુઓ ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !

ઓફિસે પડતું મને દુઃખ, તોયે લાગતું એ સુખ
'વાલમ' ઘરમાં ને ઘરમાં, કેવો લાગ્યો છે બૂચ !


ભરતકુમાર વી. પરમાર 'વાલમ'
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

## ૦૨૨. કુદરતનો ખેલ !

લાગે છે કુદરત, લાંબી રજા પર ઘેર છે !
કોરોનાના નામે, એણે જ કરેલો ખેલ છે.

એ જાણે છે કોરોનાથી, કોને પડવાનો ફેર છે !
ગરીબ અને અમીરીનો, એને તો ક્યાં ભેદ છે.

જીવનના આ જંગી મેદાને, શસ્ત્ર વગરનો ખેલ છે !
વ્યસનીઓને વખા પડાવવા, સજામાં કર્યા કેદ છે.

જીવસૃષ્ટિને ન્યાય આપવા, એણે કરેલો ખેલ છે !
સૃષ્ટિને સંતુલિત કરવા, કોરોના એપિસોડ છે.

લાંચ રૂશ્વત જરા ન ચાલે, કુદરતને ક્યાં વેર છે !
માનવ જેટલું મને લાગે છે, બીજામાં ક્યાં ઝેર છે.

માનવીને માનવ બનાવવા, કોરોના નામે કેર છે !
શું લાગે છે તમને 'વાલમ', કુદરતનો આ ખેલ છે.

ભરતકુમાર વી. પરમાર 'વાલમ'
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

## ૦૨૩. કોરોનાની કેવી કળા !

કોરોનાએ કરી જગમાં કળા
દુનિયા ડરાવી પળમાં જરા !

ડરતો ના માનવી કોઈથી જરા
આજે ડરી ગયા કોરોથી બધા !

સગો નથી એ કોઈનો જરા
પળમાં લાગે એ જાણજો જરા !

નથી કળાતો એ દુશ્મન જરા
બાહુબલી પણ છુપાઈ ગયા !

પશુ - પક્ષી સૌ આઝાદ થયા
રોડ - રસ્તા સૌ સૂમસામ થયા !

વિશ્વ યુદ્ધમાં સૌ ખેલતા થયા
જીવલેણ જંગમાં સૌ રમતા થયા !

અમીર ગરીબ સૌ સમાન થયા
ડોકટર પોલીસ સૌ ભગવાન થયા !

કોરોનાએ કરી જગમાં કળા
દુનિયા ડરાવી પળમાં જરા !

ભરતકુમાર વી. પરમાર 'વાલમ'
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

# ૦૨૪. પ્રકૃતિનો ખીલ્યો પંથ

ચકલી આંગણે દોડતી આવી, કાબર હસે છે મંદ મંદ
મારા ગામના પાદરે હવે, ટ્રાફીક થયો છે સાવ બંધ.

પોપટ, કોયલ, કબૂતરનો, શોર હતો સાવ મંદ મંદ
ગામડું જાણે હસતું થયું ને, ખગનો ખુલી ગયો મંચ.

તરુંને વન દુ:ખી હતા, હસતા તા સાવ મંદ મંદ
વાયુને નીર નિર્મળ થયા, ઉપવનની આવે છે સુગંધ.

જીવ-જંતુ લોકડાઉનમાં હતા, રડતા ક્યારેક મંદ મંદ
વિહરી રહ્યા છે આજ જાણે, મળ્યો અનેરો ઉમંગ.

રૂડા-રૂપાળા ગામના હવે, મૂલ્ય અંકાય છે મંદ મંદ
દુનિયાનો છેડો ગામડે મળે, જ્યાં સાચો મળે આનંદ.

પ્રદૂષણના પ્રકોપથી જાણે, સર્જન હતુ મંદ મંદ
કોરોનાના કહેરથી 'વાલમ' પ્રકૃતિનો ખીલ્યો છે પંથ.


ભરતકુમાર વી. પરમાર 'વાલમ'
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

## ૦૨૫. વગર હથિયારે જુઓ

વગર હથિયારે જુઓ, જામ્યો જંગ દુશ્મનનો
દુનિયા આખીમાં જાણે, પ્રકોપ થયો કુદરતનો

કોરોનાના કહેરમાં ચાલે, ખોટી પણ અફવાઓ
સજાગ બની ઘરમાં રહીને, પછી ના ગભરાશો

યોગ કરજો નિરોગી રહેજો, કાયાને સાચવજો
માસ્ક બાંધજો હાથ ધોજો, અંતરને જાળવજો

વ્યસન અને દુર્ગુણોની, આદતો બદલાવજો
સમય મળ્યો છે અનેરો, સૌને એ સમજાવજો

સરકારની સલાહ મળે તે, કદીયે ન ટાળજો
ડોકટર પોલીસ સફાઈકર્મીને, સાથ પૂરો આપજો

હરતાં ફરતાં ખરીદી કરતાં, સ્વયંને સાચવજો
સાવચેત રહીને 'વાલમ', રાક્ષસને ભગાડજો.

**ભરતકુમાર વી. પરમાર 'વાલમ'**
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

## ૦૨૬. કોરોનાને હરાવી દઈશું

રોજ ભેળા રમતા મિત્રો , હાલમાં એકલા રમશું
કોરોનાને દૂર ભગાડવા , મોદી સાહેબનું માનશું.

કોરોનાને સમજી લઈને , ઘરની બહાર નહિ ફરશું
વારે વારે હાથ ધોઈને , સેનીટાઈજર રોજ કરશું.

એકબીજાથી અંતર રાખીને, માસ્ક પહેરી લઈશું
જીવલેણ જંગ લડી લઈને , સ્વયં શિસ્ત રાખીશું.

આપત્તિમાં સાથ આપીને , વાયરસથી દૂર રહીશું
નાના મોટા સૌ સમજીને , સાચા નાગરિક બનશું.

ડોકટર, પોલીસ, સૈનિકોને , સલામ હંમેશા ભરશું
તેમનું કહ્યું માની લઈને , સૌ સહયોગી બનશું.

ઘરમાંબેસી ટીવી જોઈને,ઓનલાઇન હવે ભણશું
અવનવું લખી વાંચીને , સ્વયં શિક્ષક બનશું.

ઘરનાંબારણાં બંધકરીને,અનોખો ઇતિહાસ રચશું
વિશ્વ લેવલે નામ કરીને, કોરોને હરાવી દઈશું.

**ભરતકુમાર વી. પરમાર 'વાલમ'**
પ્રા.શિ: પાંથાવાડા પે કેન્દ્ર શાળા
તા: દાંતીવાડા, જિ: બનાસકાંઠા.
૯૯૭૯૪ ૧૩૭૩૫ - bv13735@gmail.com

## ૦૨૭. મારી આસ્થાનું શું?

કપરા કાળે આવે ના,તો મારી આસ્થાનું શું,
દૂતોને દોડાવે ના,તો મારી આસ્થાનું શું.

હાથ જરી ટૂંકા છે મારા,ચલ મેં માની લીધું,
ઊંચેથી સરકાવે ના,તો મારી આસ્થાનું શું.

સાવ લુખ્ખા કાઢી નાખ્યા કૈં શ્રાવણ તારા નામે,
દીવે  તેલ પુરાવે ના,તો મારી આસ્થાનું શું.

ને ભોળા, કોરોના બોરોના જેવું શું છે હેં ?,
ભેદ ભરમ સમજાવે ના,તો મારી આસ્થાનું શું.

મોઢાં બંધાવી, ચૂપ કરી દીધા તેં તો સહુને,
સન્નાટો તું ભગાવે ના,તો મારી આસ્થાનું શું.

નવરા ધૂપ કરી દીધા,હાથે પકડાવી માળા,
તું ખેતર ખેડાવે ના,તો મારી આસ્થાનું શું.

બસ,બહુ થ્યું વ્હાલા,ઊભોથા ઊંચા હેમાળેથી,
જંતુ જીણાં દફનાવે ના,તો મારી આસ્થાનું શું.

**ભરત ત્રિવેદી "હેમાળો" - 8320933425**

## ૦૨૮. તકલીફો તો રે'વાની

ખાલી થોડાક દિ', ઘરમાં રે'વાનું પાકું,
છોને  રાડો પાડે ભૈ, ફળિયાનું નાકું.

ડાકુ બુકાની બાંધે, એમ હવે ફરવાનું,
રઘવાટે ગુટકા કાજે, ના થાવુ લડાકુ.

એકાદો આંટો, મારી આવું ભાગોળે,
મનમાં એવું પણ થાય, ભત્રીજાને કાકુ.

સઘળી ઈચ્છાને, મારી દેજો ભૈ તાળુ,
અણિયાળી ટાંક લઈ, આ તથ્યોને હું ટાંકું.

સેલાઈ મારી ડંફાસો, ભૂલી જાજો,
એ ખાખી વરદી, અંગ કરી દેશે વાંકું.

રેશમિયા ગાલીચે પણ, ભોંકાશે દંડા,
કે'તા ના, આબરુ ભૂંડી કેમ કરી ઢાંકું.

તકલીફો તો રે'વાની, મનખાને કાયમ,
એમાં શું કામ નકામી રાડોને પોકુ.

ભરત ત્રિવેદી" હેમાળો" - 8320933425

## ૦૨૯. સન્નાટો

બસ, બારીએથી જોયા કરૂં,
કૈં કેટલાય દિ'થી
દોડ્યા કરતો,
નેશનલ પરમિટ વિનાનો,
માતેલા 'સન્નાટા'નો કાફલો,
સતત અણધાર્યો.
કાળ મીંઢ ઘોંઘાટ ઘેલા ધોરી માર્ગે
સુમસામ બેફામ એકધારો,
પ્રદુષિત ભેદી ભય ઓકતો.
બસ, બારીએથી જોયા કરૂં.
ત્યાં જ સહસા, ચોંક્ના ચૌરાહેથી
જાગ્યા કરતી રાત'દિ ગતિ નાથતી
ખાખી  લાલ 'સાયરન'
એંસી એંસી તેજ ગતિએ
સન્ન કરતી સાંસરવી,
ઘરની બારીએથી ધૂસી જૈ,
ક્ષણિક, ધબકારો,
લૉક ડાઉન કરી ગઈ.
સ્વસ્થ થૈ પુનઃ
બસ, બારીએથી જોયા કરૂં.

**ભરત ત્રિવેદી " હેમાળો" - 8320933425**

## ૦૩૦. બારીએથી જોયું..

ખાંસીનો ખૂંખારો આવે તો પણ ડર લાગે છે,
જાણે માયાને ભીંસી લેતો અજગર લાગે છે.

હાક..કરીને એકાદી છીંક જરા જો દસ્તક દે,
ઘરમાં જીવાણુંઓનું ઝુંડ દિવસ ભર લાગે છે.

દુનિયા  ખૂંદીને આવો તોયે સુખનો છેડો ઘર,
પણ મૂંઝાયેલો જીવ ઉચાટે અધ્ધર લાગે છે.

હે,કુદરત તારો કોપ હવે કાતિલ કરવત ભાસે,
ઈરાદો તારો એવો જાણે નક્કર લાગે છે.

બારીએથી જોયું ઘરબંદીના ઘેરામાંથી,
સૂનાં સુનકાર હવે આ ધરતી અંબર લાગે છે.

કરતા'તા મનમાની મોટાભા થૈ એ દુનિયાના,
શેખી પણ તેઓની કયાં આજ અમર લાગે છે.

આજ વચન પાળી બેઠા છીએ મોદી વાણીનું,
"કોરોના છૂ થાશે" તેની સ્હેજ અસર લાગે છે.

**ભરત ત્રિવેદી "હેમાળો" - 8320933425**

## ૦૩૧. કાકો લાગેના

ટોળાં ભાળીને ભૈ છેટા રે'જો,
સાવ દિમાગેથી ના ઘેટા રે'જો.

કાકો લાગે ના ભૈ આ કોરોના,
ડાહીમાના  ડાહ્યા બેટા રે'જો.

ચટકા ભૂલી જાજો જિહ્વાના,
હુરટી લાલાઓને કેટા રે'જો.

થોડામાંથી થોડું થોડું દેજો,
પણ કદિયે ના એક્લપેટા રે'જો.

ચૂરણ ફાકી લેજો ભૈ  ચાહતનું,
નફરત કેરા ના ઉમળેટા રે'જો.

છાંયો ભાળીને કાશ છત્તર માંગે,
વડલા સંગે મીઠા  ટેટા રે'જો.

હે પ્રભુ, કપરા કાળે સહુના હૈયે,
લાખેણી હિંમતનો ડેટા રે'જો.

ભરત ત્રિવેદી "હેમાળો" - 83209 33425

## ૦૩૨. વ્હાલી ચીં...ચીં...

તડીપાર થયેલી,
ચકલી સહસા,
બારીમાં ડોકિયું કરીને બોલી,
તું શોધ્યા કરતો'તો ને.
લે હું પાછી આવી,
કેમ મજા આવે છે ને ઘરબંદીમાં,
યાદ તો આવતી હતી મને તારી,
પણ શું કરૂં ?
ધુમાડાના ગોટેગોટામાં હું ગોટે ચઢી.
તારી બાલ્કનીય નોતી દેખાણી.
ભાગી ગઈ વગડે..પણ ત્યાં મજા હાં,
કેટલા ચોખ્ખા શ્વાસ લેતીતી,
પણ આજે આ આભલુ ચોખ્ખું થયુ ને
એટલે તારી ખબર લેવા આવી,
લે તારે આ ઘરબંદીમાં તનેય ખુશ કરૂં
તો સાંભળ તારી વ્હાલી ચીં..ચીં..
ને લે આ ચોખાનો દાણો અને મગનો દાણો,
ખાઈ લે..પણ ભીડમાં જતો ના
ઘરમાં જ રે જે..એકવીસ દિવસ
મોદીજીનું ભાષણ તો હું પણ
તારા ટીવી પરથી લીમડાની ડાળીએ
બેસીને સાંભળતી'તી..
લે ત્યારે જાઉં...Take care
ચકારાણા રાહ જોતા હશે..

ભરત ત્રિવેદી "હેમાળો" – 83209 33425

## ૩૩. ખુદનું ઘર

ખુદનું ઘર તમે બસ છોડશો નહીં,
મોંઘું છે જીવનને રોળશો નહીં.

છે જો જિંદગી તો છે મજાઓ,
આ સંયમ નિયમને તોડશો નહીં.

રહી ઘરની દીવાલો આપ જીવો,
ડર ભય હ્દયમાં ખુદ ખોડશો નહીં.

સ્વચ્છ આજ રાખો આંગણા ને,
જ્યાં ત્યાં એઠવાળો ઢોળશો નહી.

હું "ભરત"હાથ જોડી વિનવું છું
ખોટું આજ દિલથી બોલશો નહી.

ભરત વાળા - ૯૩૨૭૧ ૦૪૮૯૧

## ૩૪. કોરોના રાખે સૌને ડારામાં

એવો ડર ભય શું છે કે મારામાં,
કોરોના રાખે સૌને ડારામાં.

દરિયે માજા મૂક્યા છે  શું  કરું હું,
નાવ  પહોંચે  કેમ કિનારે આરામાં.

હા  સૌ શ્રધ્ધા  લઈ બેઠા માળામાં,
એવું  તે  કઈ   દે શું ? છે  તારામાં.

સંતોની વાણી સાચી જ પડી છે,
આવ  કહીદે તું જગ સારામાં.

વિશ્વાસ હટે નઈ જટ સંભાળીલે,
પાપ હટાવી દે ગંગા ધારામાં.

આજ "ભરત" કરજોડી વિનવે સાંભળ !
ઉધ્ધાર કર બસ કોરોના બારામાં.

ભરત વાળા - ભાવનગર - ૯૩૨૭૧ ૦૪૮૯૧

## ૩૫. કોરોના ભાગી જાશે

આજે આળસ છોડો કોરોના ભાગી જાશે,
મનથી થોડા જાગો કોરોના ભાગી જાશે.

આત્મનિર્ભર થાઓજીવો સૌને જીવાડો,
સ્વદેશી અપનાવો કોરોના ભાગી જાશે.

સૌ પોતાનાછે પોતાના જ બનાવી રાખો,
ઉપયોગી પણ થાવો કોરોના ભાગી જાશે.

ભારતવાસીદિલથીસૌ પ્રેમઅમૃતજળપાવો,
માણસ માણસ ભાવો કોરોના ભાગી જાશે.

સંસ્કૃતિને જાણો માણો ભીતર જઈને પણ,
દોસ્તો માફક  ચાહો કોરોના ભાગી જાશે.

પ્રકૃતિ સ્વરૂપી ઈશ્વર સાક્ષાત તમે ભાળો,
સત મારગ પર જાઓ કોરોના ભાગી જાશે.

દુઃખોના સાથીદારો થઈને સંગે ચાલો,
સાથે જીવન ગાળો કોરોના ભાગી જાશે.

ધરનુંધર સ્વર્ગ છે હેત ભરી પળ શણગારો,
સંયમ શાંતિ સ્થાપો કોરોના ભાગી જાશે.

ભાવ પદારથ સૌ ગમતો પીને પાવોજ "ભરત"
નેક રાહ પર ચાલો કોરોના ભાગી જાશે.

ભરત વાળા - ભાવનગર - ૯૩૨૭૧ ૦૪૮૯૧

## ૩૬. કોરોના જતો રહે છે !

આપ યોગ કરો કોરોના જતો રહે છે,
ખાસ ધ્યાન ધરો કોરોના જતો રહે છે.

ખેદ ભેદ સદા ભૂલો જિંદગી મળી તો,
પ્રેમ ભાવ રહો કોરોના જતો રહે છે.

એક નેક બનો સ્વચ્છતા જ જાળવો સૌ,
રામ નામ ભજો કોરોના જતો રહે છે.

આજકાલ નથી માણસ એટલે કહું છું,
માનવંતા ભળો કોરોના જતો રહે છે.

આવ જાવ રહી ઈશ્વરની "ભરત" અલૌકિક,
આજ પાપ તજો કોરોના જતો રહે છે.

ભરત વાળા - ભાવનગર - ૯૩૨૭૧ ૦૪૮૯૧

## ૩૭. કોરોનાથી છેટા રેજો

કોરોનાથી છેટા રેજો,
સંયમ નિયમ જાણી લેજો.
કોરોનાથી છેટા રેજો,...

છોડો મળવાનું સૌ ને ભઈ,
છેટેથી  સીતારામ કહેજો.
કોરોનાથી છેટા રેજો...

ખોટું ખાવું  ખોટું પીવું,
જીવણ દિલથી  છોડી  દેજો.
કોરોનાથી છેટા રેજો.....

કર્મ કરીએ ભોગવવું પડે,
માણસ થઈને સાચું કેજો.
કોરોનાથી છેટા રેજો....

ધર્મ થકી  સૌ સંતો  તર્યા,
જગમાં ફરકે ધર્મનો નેજો.
કોરોનાથી છેટા રેજો....

દિલ દરિયાથી નિંદા છોડી,
ભાવ પદારથ  પીને  રેજો.
કોરોનાથી છેટા રેજો.....

ઇર્ષાઓને  ત્યાગી ભીતર,
સૂન શિખર નિજ સ્મરણ ભેજો.
કોરોનાથી છેટા રેજો.....

પ્રેમ ઝરૂખે  જ્યોત "ભરત" છે,
ઝળહળમાં આપ ભળી  રેજો.
કોરોનાથી છેટા રેજો....

ભરત વાળા - ભાવનગર - ૯૩૨૭૧ ૦૪૮૯૧

## ૩૮. લૉકડાઉન - ગઝલ

થઈ શુષ્ક પીળું, ખરેલું નગર છે,
નરી શૂન્યતામાં સરેલું નગર છે.

સૂના સ્તબ્ધ રસ્તાની ફરતે નદીમાં,
હલેસું બનીને ફરેલું નગર છે.

દિવાલોની વચ્ચે કઠિન જીવવાનું,
હવે પિંજરે વિફરેલું નગર છે.

સડક હાંફતી ,ભીડ ભરચક હું દોરું,
મને ગમતુ આ ચીતરેલું નગર છે.

છે અસ્પૃશ્ય સ્પર્શો ,ઉડે ભય હવામાં,
કયા યુગમાં અવતરેલું નગર છે?

**ભાર્ગવી પંડ્યા - 83479 32900**

## ૩૯. કોરોના તું મને ડરાવે છે

કોરોના તું મને ડરાવે છે.
અમે તો તારા થી ડરતા નથી.
અમે તો તમારા ઘરમાં બેઠા છે,
તું તો બહાર ફરે છે.
બહારથી હું અંદર આવી ન આવી શકે.
અંદરથી નામે બહાર ન આવી શકી.
તું અંહીથી ભાગી જા તારા ચીનમાં (૨)
કોરોના તું...

અમે ભારતીય તારાથી કામ રાતા નથી.
અમે તને ભગાવીને જ રહીશું.
તું અહીંથી ભાગીજા તારા ચીનમાં (૨)

હું અહીં કેમ મહેમાન બનીને આવ્યો?
તમારું સ્વાગત અમે ભારતીય નહી કરીશું
તું અહીંથી ભાગીજા તારા ચીનમાં (૨)

અને યોગ-સાધના કરીશું ઉકાળા પીવું.
ઘરમાં રહીને હાથે બનાવેલું ભોજન કરીશું.
તું અહીંથી ભાગી જા તારા ચીનમાં (૨)
કોરોના તું....?

ભારતીબેન ચંદુભાઈ પટેલ - **83274 88186**

## ૪૦. કોરોના મોદી ગીત

મોદી તો નાજ હિંદની ને કી શાન બની ગયો,
સૌ દેશવાસીઓનો નું અભિમાન બની ગયો.
કોરોના બિમારીમાં જનતા ફસાઈ ગઈ.
ત્યારે તમે જ દેશને એક સાચી દિશા બતાવી.
સહુ ને એક દિવસના જનતા કરફ્યુથી સચેત કર્યા
મોદી તું.... ના

એક દિવસથી જયારે જનતા સમજી નહીં,તો જનતાને માટે,
એકવીસ દિવસ નું લોકડાઉન તમારે કરવું પડ્યું,
જનતાની ભલાઈ માટે એક સારો વિચાર બતાવ્યો.
લોકડાઉનથી જનતાને ઘરમાં જ સુરક્ષિત રહેવાનું સમજાવ્યું.
અને જનતાને તમે વીર નેતાનું પરાક્રમ બતાવી દીધુ.
ત્યારે જનતાને લોકડાઉનથી બિમારીની ગંભીરતા સમજાઈ.
મોદી તું.....

વિદેશથી રખાયેલા લોકોની જાણકારી મેળવી કોરોનટાઈન કયા ,
બિમારી ને નિયંત્રિત કરે સૌનો ગભરાટ દૂર ક્યાં,
અને નવી જિંદગી ઉત્સાહથી જીવતા શીખવી દીધું.
મોદી તું...

જ્યારે પાંચ એપ્રિલે રાત્રે નવ કલાક,નવ મિનિટ દીપ પ્રગટાવવા કહ્યું,
ત્યારે સૌ દેશવાસીઓ એક દીપ પ્રગટાવી, દેશ ને જગમગાવ્યો,
ખરેખર,આખા દેશમાં દિવાળી નો માહોલ બની ગયો.
મોદી તું..."

ભારતીબેન ચંદુભાઈ પટેલ ૮૩૨૭૪ ૮૮૧૮૬

## ૪૧. હે ઈશ્વર

“હે ઈશ્વર, તું આટલો બધો ક્રૂર કેમ બન્યો ?
હરતાં ફરતાં માનવને ઘરમાં શીદ કેદ કર્યો ?
રાહ સુમસામ બન્યા આ માનવ મહેરામણ વિના
શેરી ગલીઓ સૂમસામ બન્યું ચૈત્રી નવરાત્રીમાં
શા માટે કાળો કેર વર્તાયો આ સમગ્ર વિશ્વમાં

હે ઈશ્વર,રોજી-રોટી અને માનવ મહેરામણ ભૂખે મરે
એક તું જ છે સર્વ શક્તિમાન, તું સૌને ઉજાળ.
મારી કાકલૂદી ભરી પ્રાર્થના, તું કેમ સ્વીકારતો નથી?

તું આટલો નિર્દય બનશે, એ તો કલ્પના પણ નહોતી?
શા માટે કાળો કેર વર્તાયો, આ સમગ્ર વિશ્વમાં
હે ઈશ્વર, તું તો ધારે તે કરવા સમર્થ છે.
પછી શાને નિર્દય બનીને મને સતાવે છે?

અમે માનવ જગત હવે થાકી ગયા ઘરમાં બેસીને,
અને તારા મંદિરો સુના થયા આ માનવ વિના,
શા માટે કાળો કેર વર્તાયો આ સમગ્ર વિશ્વમાં?

ભારતીબેન ચંદુભાઈ પટેલ - ૮૩૨૭૪ ૮૮૧૮૬

## ૪૨. કોરોના કોરોના રમતાતા (બાળગીત)

કોરોના કોરોના રમતાતા
ડરી ડરીને ફરતાતા,
બીતા બીતા જીવતા
ઘરમાં ઘરમાં રેતા તા.
જે મળે તે ખાતા,
દૂધ ને શાક જ લેતા.
પોલીસ જોઈ ભાગતા,
માસ્ક પહેરી ફરતા તા,
સામાજિક અંતર રાખતા,
રોજ રામાયણ જોતા તા
ટી.વી. મોબાઈલ જોતા તા,
પર નેટ વાપરતા
વજન ખૂબ વધારાના
રોજ ઉકાળા પીતા'તા
ચીનને ગાળો દેતાતા.
આમ દા'ડા કાઢતા
આને લોકડાઉન કહેતાતા

ભારતીબેન ચંદુભાઈ પટેલ – ૮૩૨૭૪ ૮૮૧૮૬

## ૪૩. પડકાર

કોરોના તું મારી ચાલે બહાર સફર કર,
અમે અમારા ઘરમાં મારી ચાલે સફર કરીશું.
તું અદ્રશ્ય શત્રુ બનીને આવ્યો ? ભારતમાં
પણ,અમે ભારતીય દ્રશ્ય બનીને તને જોઈશું.
મારાથી અમે સૌ માનવ જગત કરીશું નહીં,
પણ અમે ઘરમાં સ્વહસ્તે બનેલા ભોજન લઈશું.
પૈસા પાછળ પડનારા અમે સૌ ભારતીય નથી,
ઘરગથ્થુ ઉપચાર થી નિરોગી રહે તને ભગાવિશું
ખેડૂત બની, મહેનત કરી માં ભોમની રક્ષા કરીશું,
સૂર્યશકિતથી બળ પ્રાપ્ત કરી યોગસાધના કરીશું.
મારે શું તાકાત છે? અમારા આત્મામાં પ્રવેશવાની,
અમે ભારતીય અમારી તાકાતથી તને ભગાવીશું.
તું મને માનવજગતને ભણવા આવ્યો ભારતમાં?
તારા પોતાના જ રામ રમી જશે આ ભારતમાં,
એક વખત તો ભુલથી ભારતમાં પ્રવેશી ગયો,
બીજી વખત તું ભારતમાં પ્રવેશવાનું નામ ન લેતો.
ભાગ કોરોના ભાગ, ભાગ કોરોના ભાગ.... (૩)

ભારતીબેન ચંદુભાઈ પટેલ - ૮૩૨૭૪ ૮૮૧૮૬

## ૪૪. માનવી આજે જઈને આભમાં

માનવી આજે જઈને આભમાં વ્યાપી ગયા,
ચર્ચને મંદિર બધે તાળા તરત લાગી ગયા.

એક કટકો ફળ મુકીને ખાય છે બીજું બધું,
નિતનવા વ્યંજન સહિત ઔષધ હવે ચાખી ગયા.

સૂર્ય ચાંદાને બનાવી ઢાંકતો અજવાસને,
એ બનાવટથી કદી ક્યાં રોગ છે ભાગી ગયા.

જો મળે માણસ હું એને ખાઉં આવું જે કહે,
આજ સો મૂંગા પશુને એજ છે ત્યાગી ગયા.

જે રિવાજો શ્રેષ્ઠ છે એને અમે અપનાવતા,
જોઇ અમને આજ એ પણ હાથને જોડી ગયા.

ભૂમિ પંડ્યા ‘શ્રી’ - રાજુલા (અમરેલી) **88497 27499**

## ૪૫. કોરોનાનું ગીત

રાગ : તું કાલી ને કલ્યાણી રે મા....

### દુહો

એ ટૂંકું ટચૂકડું નામ તારું કોરોના,
કંસ બની ભલે કવરાવે.... જીરે (૨)
પણ મોહન થઈને મોદી તારો
કાળ બનીને કવરાવશે...... જોને..(૨)

### ગીત

કોઈએ જાણ્યું નહોતું તારું નામ કોરોના
આજ સઘળે ચર્ચાય તારું નામ કોરોના
રોવડાવે તું કેમ માનવ જાત કોરોના
આખી અવની પર ઢાળી તેં રાત કોરોના (૨)
ના કહું છું તું રોક તારો કહેર કોરોના
હવે સાંભળ તારી નથી ખેર કોરોના
કોઈએ જાણ્યું નહોતું તારું નામ કોરોના
આજ સઘળે ચર્ચાય તારું નામ કોરોના
તારા એવા તે કેવા છે કામ કોરોના
ચોરે ને ચૌટે તારું નામ કોરોના
આજ સઘળે ચર્ચાય તારું નામ કોરોના
તું વિશ્વ આખાને ધ્રુજાવે કોરોના
દેશો દેશમાં તારો કાળો કેર કોરોના
તારા હૃદયમાં રાખ રામ નામ કોરોના
આજ સઘળે ચર્ચાય તારું નામ કોરોના
જ્યાં જ્યાં સાંભળું ત્યાં તારું નામ કોરોના.

**ચંદ્રિકાબેન વ્યાસ - B-3 સજની રો હાઉસ, સુરત - 79841 40765**

## ૪૬. ના દેખાતો તો પણ કેવો

ના દેખાતો તો પણ કેવો ધમકાવે કોરોના,
પાખંડી દાનવ વૃત્તિને શરમાવે કોરોના.

થર થર કાંપે છે લોકો, ના કોઈ મળતો  મારગ,
પોતાના ડરથી સૌને જો ગભરાવે કોરોના.

શાળાઓ, શેરીઓમાં વ્યાપ્યો છે સુનકાર હવે,
ખીલેલાં મનને ચિંતાથી કરમાવે કોરોના.

ખૂટી હિંમત, હાલક ડોલક થાતી જીવન નૈયા,
મજબૂરીમાં સૌની મતિને ભરમાવે કોરોના.

ના સમજાતું, એવી શી ભુલ થઇ આખી દુનિયાથી?
દંડ કરી, જાણે કોઈ કર ઉઘરાવે કોરોના.

ચેતના ગણાત્રા "ચેતુ" – મુંબઈ – ૯૧૬૭૨ ૬૧૩૬૧

## ૪૭. ભલે આવ્યોને  કોરોના

ભલે આવ્યોને  કોરોના  તમે એનાથી ના ડરશો,
તકેદારી  ને  હિંમતથી  બની યોદ્ધા તમે  લડશો.

અડકવાથી થયો  ફેલાવ  આખા વિશ્વમાં આજે,
વગર કારણ તમે ક્યાંયે હવે સમજીને ના અડશો.

દુરી રાખી નમસ્તેથી  કરોને  આપ  અભિવાદન,
મિલાવી  હાથ થોડા દિ' તમે કોઈને ના મળશો.

થઈ શરદી કે ખાંસી, નાક જો નીતરે અવિરત તો,
દવાખાને બતાવો  તુર્ત  ખુદને  આપ  ના છળશો.

કરો ટોળા ના ક્યાંયે પણ, ના ફેલાવો તમે અફવા,
અકારણ બા'ર ના જાઓ, તકેદારી તમે ધરશો.

દિવસમાં હાથ  વારંવાર  ધોતા  દૂર એ જાશે,
અને ખાવામાં પણ ઠંડુ કે વાસી કાંઈ ના જમશો.

બનીને એક લડશું  વાયરસથી તો  બચી જાશું,
સમર્થન આપશો સૌ રાજકારણ ક્યાંય ના રમશો.

મહામારી આ દુનિયાની  મળીને   સામનો કરશું,
કરોને પ્રાર્થના દિલથી  પ્રભુનું નામ  સૌ જપશો.

મુસીબત આ વહી જાશે, છે સંકટ તો ટળી જાશે,
હવે ગભરાઈ સંકટથી ને જીંદા લાશ  ના બનશો.

ચિરાગ પાધ્યા - ભદ્રા, સિદ્ધપુર - 9825036972

## ૪૮. આ સમય વીતી જશે...

રાખ ધીરજ, ના ફિકર કર, આ સમય વીતી જશે.
છે સમસ્યા પણ તું ના ડર, આ સમય વીતી જશે.

કહેર કુદરતનો છવાયો આજ સૌ લાચાર છે,
કર ભરોસો તું પ્રભુ પર, આ સમય વીતી જશે.

ક્યાં ફસાઈ નાવડી, તુફાન વગર મઝધારમાં,
હોંસલો તું રાખ ભીતર, આ સમય વીતી જશે.

ના ભરો કમજોર પગલાં, કર મનોબળ શ્રેષ્ઠ તું,
બસ ભરોસા શ્વાસમાં ભર, આ સમય વીતી જશે.

મન ભરી જીવો તમે, છે જ્યાં સુધી આ જિંદગી,
મોત પહેલા ના કદી મર, આ સમય વીતી જશે.

ચિરાગ પાધ્યા - ભદ્રા - સિદ્ધપુર - **98250 36972**

## ૪૯. હાય હાય કોરોના

હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
બાથ ભીડી છે સૌએ આજ ડરો ના
પૂરબ પશ્ચિમ દક્ષિણ ને ઉત્તરા..
સૌ લઈશું એક જ પ્રણ ડરો ના..
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
બધા નિયમ પાડીશું ચલો ના...
સામાજિક અંતર ને સેનેટાઈઝર,
માસ્ક, ગલોવ્ઝ, પહેરીશું ચલો ના..
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
ઘરે જ રહીને કામ કરીશું...
સૌની તાણ દૂર...કરો ના, કરો ના..
રોજગારની તક ઊભી કરીશું..
લોકલ બિઝનેસને અપ કરોના..
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
ભારતના વ્યાપાર ને વાચા આપી...
તિરંગાને દુનિયામાં  ફરકાઓના...
આર્યુવેદ છે શ્રેષ્ઠ ડરો ના....
ધીરજ કેરા બીજ  રોપો ના..
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના
ફળફળાદી ને શાકભાજીમાં...
દવા કેમિકલ ને વાપરો ના,
શુદ્ધ શાકાહારી ખાઓ ના..
હાય હાય કોરોના, હાય કરો..ના
હાય હાય કોરોના, હાય કરો..ના

ચિરાગ હેમાંગ ત્રિવેદી - સુરત - 9879915228

## ૫૦. સમજણ આવી ગઈ

છેલ્લા સાડાત્રણ મહિનાથી
રોજ સવાર પડે અને ચાલુ થાય
કચરા-પોતા, ઝાપટ ઝૂ પ ટ
કપડાં, વાસણ, પાણી ભરો,
પેટ ભરવા રસોઈ બનાવો...
બચ્ચાઓ પર ધ્યાન રાખો,
એક જ રૂટિનમાં કામ કરો
અવતાર જે સ્ત્રીનો મળ્યો
જવાબદારી થી ભરપૂર એવો
વર્ક ફ્રોમ હોમ પતિદેવનું
ફાયદો કરાવી ગયું ઘણું બધું,
જવાબદારી વહેંચાઈ ગઈ,
ક્વોલિટી ટાઇમ વધી ગયો,
ફોન, પેટ્રોલનો ખર્ચો ઘટી ગયો,
કાળજી એકબીજાની વધી ગઈ,
કોરોનાથી સમજણ આવી ગઈ,
મુસીબતમાં જીવવાનું શીખી ગઇ,

દર્શના શાહ - પુના - ૮૭૯૩૧ ૧૫૫૭૭

## ૫૧. થાય કોરોના મ્હાત

થાય કોરોના મ્હાત ઘરમાં રહો તો
હો સલામત તવ જાત ઘરમાં રહો તો

રક્ષવાં ધારો ઘર તણાં સભ્ય સૌને
હો સફળ ગમતી ખાંત ઘરમાં રહો તો

નીકળો ના કયાંય કામ વિણ વ્યર્થ જાણી
તો સલામત છે નાત ઘરમાં રહો તો

હાથ ધૂઓ વારંવાર જઇ સાબુ લઇને
આવશે ના એ ઘાત, ઘરમાં રહો તો

સાવચેતી છે શ્રેષ્ઠ, માનવ બચાવો
જો દયા કરશે તાત, ઘરમાં રહો તો

શ્વાસ લેતાં તકલીફ લાગે જરીયે
તો સમજજે ઉત્પાત,ઘરમાં રહો તો

તો તરત એનો કર ઉપાયો ડર્યા વિણ
જાણ જીવનની ભાત, ઘરમાં રહો તો

**દેવીબેન વ્યાસ 'વસુધા' - સુરેન્દ્રનગર - 99794 75137**

## ૫૨. છોડ કોરોના હવે કેડો

છોડ કોરોના હવે કેડો
મોડ કોરોના હવે કેડો

મોત સામે ખૂબ ખેલાયું
તોડ કોરોના હવે કેડો

શ્વાસ લૂંટી શું ફરે આજે
ફોડ કોરોના હવે કેડો

દીપ બૂઝે થાય અંધારું
ઓડ કોરોના હવે કેડો

સ્થાન મૂકી ભાગ તું રાહે
દોડ કોરોના હવે કેડો

**દેવીબેન વ્યાસ 'વસુધા' - સુરેન્દ્રનગર - 99794 75137**

## ૫૩. હવે તો ભાગ

હવે તો ભાગ ઓ નાદાન કોરોના
કરી લીધું હવે તો ઉપધાન કોરોના

પરેશાની ઘણી દીધી છે લોકોનો
સમયને આપ કંઇ પહેચાન કોરોના

વિષાણું ઓળખાતો કોઇથી ના કેમ?
લઈ પળવારમાં તું જાન કોરોના

નકામા નીવડે છે હર ઉપાયો પણ
તું આવ્યો છે જો સીનાતાન કોરોના

ફફડતાં લોક સૌ કોઈ હવે ભયથી
ડરીને છોડતાં ના સ્થાન કોરોના

હવે ઈશ્વર બચાવે રૂપ ધારી કો'
છે પ્રાર્થના કે મળે સોપાન કોરોના

થયાં ધંધા હવે ચોપટ કરે તો શું?
કરે છે કાં હવે હેરાન કોરોના?

દેવીબેન વ્યાસ ‘વસુધા’ - સુરેન્દ્રનગર - 99794 75137

એક બહેનનું ભાઇ માટે લખેલ ગીત કે કોરોના વાઇરસના લીધે ભાઇ બહેન એકબીજાના ઘરે વેકેશન હોવા છતાં ભત્રીજા અને ભાણેજ એક બીજા ને મળવા પણ નથી જઈ શકતા માટે બેને એની મુંઝવણને ગીતમાં લખી છે.

## ૫૪. ભાઈ

કોરોનામાં એવા ફસાયા ભાઈ,
ઘરે તારા કેવી રીતે આવું મારા વીર...
બેનડી તારી મુંઝાઈ..!

તારી રે બેનડી રાહ જુવે છે,
ક્યારે જશે કોરોના ભાઇ...
ઘરમાં ભાણેજ મુંઝાયા...!

ભાભી રે તારી રાહ જુવે છે,
રાહ જુવે માંડી જાયો વીર...
બેનડી ક્યારે આવશે...?

વેકેશન આવ્યું એવું મજાનું,
કેમ કરી આવું મારા ભાઈ...
બેનડી લોકડાઉનમાં ફસાઈ...!

ભાણેજ કહે મારે મામાના ઘરે જાવું,
કેમ સમજાવું મારા ભાઇ...
બેનડી તારી મુંઝાઈ..!

કોરોનામાં એવા ફસાયા ભાઈ,
ઘરે તારા કેવી રીતે આવું....
બેનડી તારી મુંઝાઈ..!

પિયરમાં જાવું મારે સાસરીમાં જાવું,
કેવી રીતે આવું મારા ભાઇ..
બેનડી કોરોનામાં ફસાઈ.. !

અમદાવાદ ભાઇ છે ને નડિયાદ ભાઇ છે,
લીમડી વઢવાણ નાનેરા ભાઇ..
ભત્રીજા રાહ જુવે છે.

ચોકલેટ લાવશે ને રમકડાં લાવશે,
ક્યારે આવશે મારા ફઈબા...
ભત્રીજાઓ વાટ રે જુવે છે.. !

કોરોનામાં એવા ફસાયા ભાઈ,
ઘરે તારા કેવી રીતે આવું....
બેનડી તારી મુંઝાઈ.. !

ધનેશ્વરી કિરણકુમાર જોશી - વાસણા, અમદાવાદ - 97450 21402

કોરોનાનાં કારણે વર્ષોથી ઘરે કામ કરવા માટે આવતા કામવાળા બંધ થઈ ગયા છે, ત્યારે આ સંજોગમાં ઘરની મહિલાઓની બુરી હાલત થઈ છે! સવારથી સાંજ સુધી એનું કામ નથી ખૂટતું અને ગરીબ કામવાળાની રોજીરોટી બંધ થઈ ગઈ છે. હવે આ કોરોના ક્યારે જાશે અને ફરી કામવાળા કામ કરવા ક્યારે હવે પાછા આવતા થાશે, હે ભગવાન...!

## ૫૫. કામવાળા પર કવિતા

હરિ તુ ક્યારે આવશે ભાઈ.. (1)
સવારે ઉઠી કચરો વાળુ
તોય મારૂં કામ ના ખૂટતું ભાઇ.....(2)
હરિ તુ ક્યારે આવશે ભાઈ

કોરાના નો કાળ જ આવીયો
મેડમો ની તો હાલત બગાડી ભાઇ..(2)
રોજ રોજ આ કચરો વાળી
કેડો મારી વાંકી વળી ભાઇ....(2)
હવે હરિ ભાઈ ક્યારે આવશેં ભાઈ

સાફ રે કરું પોતા કરું
માથું મારૂં ત્યારે જ દુઃખતું ... (2)
કામ ના ખૂટતું હરિ ભાઇ
હરિ તુ ક્યારે આવશે ભાઈ

વાસણ નો જો ઢગલો થાતો.. (2)
સવાર,બપોર ને સાંજે થાતો..(2)
તારા ભાઇ જ્યારે ચા રે માંગે
જમવા ના ટાઈમે ચા રે માંગે..(1)
હરિ ભાઇ ક્યારે આવશો ભાઈ

ટેબલ ઉપર શોપીસ ઉપર
કેવી આતો રજકણો બાજી
દિવાલ ઉપર મારા ભાઇ... (1)
હરિ ભાઇ ક્યારે આવશો ભાઈ

કામવાળા નું આ દર્દ છે મોટુ
કામ ના થાય એ કઈ ન મારું
હરિતુ ક્યારે આવશે ભાઇ.. (1)

છોકરા જયારે નાસ્તો માંગે
નવરી પડવાનો વારો ના આવે.. (2)
કામ ના ખૂટે મારું ભાઇ
હરિ તુ ક્યારે આવશે ભાઇ.. (1)

ઈસ્ત્રી નો જયારે ઢગલો થાતો
કેડો મારી તૂટી જાતી... (2)
કામ નું આ દર્દ છે એવુ ભાઇ
હરિ તુ ક્યારે આવશે ભાઇ.. (2)

ફળીયુ વાળું જયારે હું તો
ગાડી ધોવાનો વારો ના આવે.. (2)
યાદ આવે હરિ ભાઇ
હરિ તુ ક્યારે આવશે ભાઇ.. (1)

કોરાના ને હાય રે લાગે
લોકો ની હાય જો લાગશે.. (2)
ગરીબનું આ દર્દ છે મોટુ રે
હરિ તુ ક્યારે આવશે ભાઇ.. (1)

ધનેશ્વરી કિરણ કુમાર જોશી (ધારા) - 74502 14402

## ૫૬. સંબંધોની શતરંજ

સંબંધો કેરી શતરંજ માં માનવ ઘણો પીસાય
રોજ રોજની માથાકૂટમાં સમય તેનો ચાલ્યો જાય.

સંબંધો કેરી શતરંજમાં ઔરત ઘણી પીસાતી જાય,
દાસી બનીને ઘરે રહેતી સમયનો ઘા ખાતી જાય.

સંબંધો કેરી શતરંજમાં કોણ જાણે ક્યારેય પીસાતું એ કોઈ ને ન સમજાય,
સમયની આ માયાનો રંગ કદી ના દેખાય.

સંબંધો કેરી શતરંજમાં જિંદગી થી ન હારી જવાય,
કર્મ માં લખીયું હોય તે કદી ના મિથ્યા થાય ભલે તે નેતા હોય કે ગરીબ.

ચાઈના કેરી શતરંજમાં માનવ ઘણો મુંઝાય,
કોરોનાનો કેર એવો પકડ્યો ના પકડાય માનવ કેરી જિંદગી નાં જીવ ચાલ્યા જાય.

સંબંધો કેરી શતરંજમાં માનવ ઘણો પીસાય
રોજ રોજની માથાકૂટમાં સમય તેનો ચાલ્યો જાય.

ધનેશ્વરી કિરણકુમાર જોશી - વાસણા, અમદાવાદ - 74502 14402

## ૫૭. ક્યારેય નહિ વિસરાય

ક્યારેય નહિ વિસરાય લડવૈયા,
ક્યારેય નહિ વિસરાય...

કોરોનાની મહામારીમા જનતાને ઉગારનાર,
પ્રભુ કેરા આ ગુર્જર લડવૈયા,
ક્યારેય નહિ વિસરાય...

પોતાના પરિવારથી દૂર દર્દીને ઉગારનાર,
કોરોના નાથનાર ગુર્જર લડવૈયા,
ક્યારેય નહિ વિસરાય...

ધોળી,વાદળી,ખાખી રંગોમાં જંગે ચડનાર,
ખડેપગે રહેનાર ગુર્જર લડવૈયા,
ક્યારેય નહિ વિસરાય...

રાત-દિન ના જોયા રાષ્ટ્ર કાજે લડવૈયા,
દર્દી હોય કે રાહી,ધીરુ સમજાવે લડવૈયા,
ક્યારેય નહી વિસરાય....

દાક્તર,નર્ષ,સિપાઈ,સફાઈદાર કેરા,
કોરોના નાથશે ગુર્જર લડવૈયા,
ક્યારેય નહિ વિસરાય....

**- ધર્મેશ ગજ્જર, દહેગામ (ગાંધીનગર) - 94280 28093**

## ૫૮. કોરોનાનાં રાજમાં!

માણસ બિચારા મર્યાં, કોરોનાનાં રાજમાં !
એકે'ક શ્વાસો રડ્યાં, કોરોનાનાં રાજમાં !

રડતાં હતાં આંગણાં, એ આજ મલક્યા ફરી.
જો, પ્રાણ ઘરને મળ્યાં, કોરોનાનાં રાજમાં !

આશા લઈ કેટલી આવ્યા હતાં શ્હેરમાં !
પાછાં વતનમાં ફર્યાં, કોરોનાનાં રાજમાં !

જેનાં ભરોસે સદા, સૌ જીવતા તો હતાં.
ઈશ્વર બધાં શું ડર્યાં , કોરોનાનાં રાજમાં ?

બટકું મળે તો'ય જે અંતર મને ખુશ હતાં,
લ્યો ! આજ ધરણાં કર્યાં, કોરોનાનાં રાજમાં !

જીવાડશું કેમ ? ને કઇ રીતથી જીવશું ?
ચિંતામાં જો સૌ સર્યાં, કોરોનાનાં રાજમાં !

**ધાર્મિક પરમાર 'ધર્મદ' - 98921 89826**

-dharmikparmar600@gmail.com

## ૫૯. કોરોનાનો કેડો જોયો

કોરોનાનો કેડો જોયો, ચીનનો એ માલ છે
એણે તો કરી આખા, વિશ્વમાં બબાલ છે

કોરોના તો આવ્યો, આ કાળ નું જ રૂપ છે
ડોક્ટર, આર્મી, સફાઈકર્મી દેવનુ સ્વરૂપ છે

જેને જીવ વ્હાલો એ, ઘરમાં જ કેદ છે
સમજાય એને વંદન, આજ નર્સ બની વેદ છે

બંધ છે પ્રદુષણ, આ કોરોના જ ઝેર છે
બધે લાગ્યા તાળા, ખુલી મેડિકલ ચોમેર છે

અન્ન આપે જળ આપે, દાતાઓ અનેક છે
જીવ ને જોખમ સારવાર આપે, દાક્તર કેવા નેક છે

પોલીસ જોઈ લાગે, જાણે અંજની નો સુત છે
ડોક્ટર અને સફાઈકર્મી, દેવ ના જ દુત છે

નાત જાત જોતો નથી, વળગે એવુ ભુત છે
જલ્દી કાઢો પાછો, આ તો ચીન નો કપુત છે

સુરક્ષિત છો ઘર માં,ઘર ગોવર્ધન પર્વત છે
કાપવો હોય કોરોના તો, સેનિટાઈઝર કરવત છે

પાન માવા બિડી દારૂ ને, કોરોના નો સંગ છે
એના જ કારણ આજ, લોકડાઉન ભંગ છે

લોકડાઉન માં બહાર નીકળે, એવા હજારો ચોર છે
એટલે જ તો પોલીસકર્મી, બોલાવે આજ મોર છે

કોરોના વરસાવે , કાળો જોને કેર છે
ભારત દેશ માથે, હજી મોદીજી ની મેર છે..

ડોકટર આર્મી પોલીસે, લીધી એક ટેક છે
કોરોના ઝટ ભારત મુકે, લક્ષ્ય અમારુ એક છે

શબ્દથી સમજાવે 'ડાંગર' સમજી જાવ તો ઠીક છે
બાકી ભાવ નહીં પુછે કોઇ મોતની સૌને બીક છે

ધવલ ડાંગર પ્રાંસલી તા. કેશોદ જી. જુનાગઢ 87803 30354

***

## ૬૦. કોરોના જો ફેલાયો...

હાલ તો ચોફેર લોકડાઉનની ખબર છે,
છતાંય સહુના ઘરમાં પ્રભુની મહેર છે.

જુવો કેસનો આંકળો વધતો જણાય,
જોઈ દહેશતમાં કાંપી ઊઠ્યા શહેર છે.

ઉધળો લીધો છે, કોરોનાએ દેશભરમાં,
સહુ ઉપર વરસી બેઠો કાળો કહેર છે.

નથી મળતી રાહત, વધે છે મુશ્કેલીઓ,
જાણે કે જીવવાનું, લાગે ધીમું ઝહેર છે.

જો રહ્યા સાવચેત એ છે સાચું વિધાન,
પાળીશું નિયમ તો બધું લીલા લહેર છે.

ધિરેનકુમાર કે. સુથાર 'ધીર' - D.K.
વડોદરા - dhiren92006@gmail.com - 87580 92919

## ૬૧. દુનિયા આખી થઈ ગઈ

દુનિયા આખી થઈ ગઈ તબાહ, ભય મચાવે કોરોના..
ચીનથી સંક્રમિત છે આ અસુરી કોરોના..

મોદીજીના  સપ્તપદીના થઈ ગયા અમે દીવાના..
ચોક્કસ અમે હરાવવાના આ કોરોના..

કર્યા કમાડ અમે બંધ, અતિથિ નથી કો આવવાના..
લોક ડાઉન ના દિવસો અમે નથી ગણવાના..

જાત સાથે સંબંધ હવે બાંધવાના...
યોગ પ્રાણાયામ કરી અંતરથી જાગવાના..

વર્ષો પછી આખા પરિવારને
ચોવીસ કલાક મળવાના,
સુખ દુઃખની વાતોના મેળા હવે માણવાના..

તન મન ધન થી દેશની સેવા હવે કરવાના..
કોઈ ભુખો ના સૂએ એ પણ અમે જોવાના..

મંદિર મસ્જિદ ચર્ચ હો ભલે બંધ..
ઘરના મનમંદિર માં સજદા પૂજા કરવાના..

દેવ ફોટા કાચને ભલેને ના સાફ થાય,
વડીલોના ચશ્મા ના કાચને જરૂર અમે લૂછવાં ના..

કોરોના ના આ અસુર ને હણી ને અમે રહેવાના...
મોદીજીના ભારતને બસ અમે તો જીતાડવા ના...

દિલીપ વી ઘાસવાલા - સુરત - ૯૮૨૫૯ ૧૭૮૮૫

## ૬૨. મોત

મોત,
મિલ્ક પાઉચ અને અખબાર બનીને
આવી શકે છે.

મોત,
શાકભાજીની લારી બનીને
આવી શકે છે.

મોત,
દવા, કરિયાણાની દુકાન બનીને
આવી શકે છે.

મોત,
સામાજિક અંતરનો અભાવ બનીને
આવી શકે છે.

મોત,
ભીડનો ભાગ બનીને
આવી શકે છે.

મોત,
પ્રિય વ્યક્તિનો સ્પર્શ બનીને પણ
આવી શકે છે.

મોત,
ઘરની લક્ષ્મણરેખાને પાર
આવી શકે છે.

મોત,
ડૉક્ટર વૉરિયર, નર્સ વૉરિયર,
વૉર્ડ બૉય વૉરિયર, પોલીસ વૉરિયર
કે સફાઈ કામદાર વૉરિયરનો ભેદભાવ રાખતું નથી.

મોત એ મોત છે,
મોતની કોઈ દવા નથી.


## દિનેશ દેસાઈ

૩૧, મનીપુર ગ્રીન બંગલોઝ, પો. ગરોડિયા, બોપલ-ઘુમા રોડ,
અમદાવાદ ૩૮૨૧૧૫ - મો. ૮૩૨૦૪ ૧૯૦૭૭


***

## ૬૩. ચાર દિવસનો સિતારો કોરોના

બસ, ચાર દિવસનો સિતારો છે કોરોના,
સમય ક્યાં એકધારો છે કોરોના.
સમજી વિચારીને ચાલીએ આપણે
તો ઉભી પુંછડીએ ભાગનારો છે
કોરોના.
સંયમ અને શિસ્તથી જો આપણે વર્તીએ,
ખુદ દોડી-હાફી જનારો છે કોરોના.
વખત જતાં નરમ પડશે,
ધીરે ધીરે ઉતરતો પારો છે કોરોના.
સાવધાની એ સલામતી આપણી "દર્દે દિલ"
રહો ઘરમાં સમયનો  ઈશારો છે કોરોના.


## દીપક પુરી 'દર્દે દિલ'

ડી.150 શક્તિ નગર, ગાંધીધામ કચ્છ મો.9537016198

## ૬૪. કોરોનાની પ્રાર્થના (આરતી)

જા  જા કોરોના  જા...
(વાલા) જા જા કોરોના...જા

વુહાન શહેરથી ગાજે ,લઈને નવલા રૂપ
સત સત ખંડ બિરાજે(૨), મૃત્યુ નામ સ્વરૂપ
જા  જા કોરોના  જા...
સ્ત્રીને ન જાણું, પુરુષ ન જાણું ,જાણું માનવ દેહ
સુક્ષ્મ સ્વરૂપે પધારું(૨), નથી શરમ કે શેહ
જા  જા કોરોના  જા...
પવન પથારી પર શૈયા છે, શ્વાસો કરવા બંધ
કણ - કણમાં વિખરાયે(૨) , કરતા મૃત્યુ - પ્રબંધ
જા  જા કોરોના  જા...
અડવામાં ઉતાવળ કરશે, કરવો છે ત્યાં કોપ
હાથ ધુએ જે કટકે કટકે(૨) ,ત્યાંથી થાઉં અલોપ
જા  જા કોરોના  જા...

અજરઅમર મેં દેહ ધર્યો છે, શસ્ત્રો સૌ નિષ્ફળ;
'દો ગજ દુરી' એક જ (૨), મંત્ર સફળ હર પળ
જા  જા કોરોના  જા...

રોગ પ્રતિકારક  શક્તિ વધારો, અને રહો સૌ   સ્વસ્થ
એક જ રસ્તો બચવાનો ભૈ(૨),એક જ રહ્યો છે ફક્ત
જા  જા કોરોના  જા...

**દીપક ત્રિવેદી - રાજકોટ - 97277 74742**
**1 નંદનવન પાર્ક, 9 સદગુરુ બંગલો, સાધુ વાસવાણી રોડ, રાજકોટ**

## ૬૫. કોરોના ચગાવે નઇ

કોઈ કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

ડાબી બાજુ જોઉં તો કોરોના કોરોના
જમણી બાજુ વાત આમ ડહોળો ના ડહોળો ના

બધા આવે છે માસ્ક ધોળા લઈ લઈ લઈ
કેજો જોશીડા ને જઈ...

પેલી બાજુ જોઉં તો શેરીએ સન્નાટો
આ બાજુ ઘરમાં સૌ પાડે છે ઘાંટો

બધી ડેલીએ કોરોના કરે સઈ સઈ સઈ
કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

ગંભીર આ રોગ એનો બહુ ગંભીર ચેપ
ઝપટ માં આવ્યા તો બહુ લાંબી ખેપ

બધે  ફેલાતો રોગ કરે કંઈ કંઈ કંઈ
કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

ઘરમાં જ રહેવાનું ઘરમાં જ ફરવાનું
ભૂલમાં ન ઘરમાંથી બા 'રે  જાવાનું

બહાર જાશો તો ગોબાજાળી થઈ થઈ થઈ
કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

થોડી થોડી વારે બધા હાથ ધોઈ નાખો
ઘરમાં પણ અલગતા ને દૂરતા જ રાખો

પછી કહેતા નહીં જોવાજેવી થઈ થઈ થઈ
કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

લોકટોળાં કે ભીડભાડમાં જાશો ના કોઈ
પછી વાયરસ જો ચોંટે તો થઈ જશે ઓઈ

કરો આટલું, તો ઘોડા જેવા છૈ છૈ છૈ
કેજો જોશીડા જઈ
કે કોરોના ચગાવે નઇ

દીપક ત્રિવેદી - રાજકોટ - 97277 74742
1 નંદનવન પાર્ક, 9 સદગુરુ બંગલો, સાધુ વાસવાણી રોડ, રાજકોટ

## ૬૬. કોરોના એકતાની ગાથા..!!

અંધકાર..,
દીપ જ્યોત...,
રોશની આગમન...,
શંખનાદ ચારેકોર...!
પ્રાર્થના, દુઆ, શ્રદ્ધા, વિશ્વાસ.,પ્રેમ, કરુણા, સમર્પણ,
મનની પરિભાષાની અભિવ્યક્તિ નિરાલી.... !
મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરુદ્વારા એકબાજુ..,
રોશનીના એક કિરણની શરૂઆત
"ઘર આંગણથી "..!
ઇતિહાસના પન્ના ઉથલાવો:,
કવિઓની કલમ ટપકતી..
'ધરતી નો છેડો ઘર'
'ને 'ઘર એ સ્વર્ગ '..!
કેમ ના બને આ ઇતિહાસ?
આ આખર પ્રાર્થનાની ખરી  યથાર્થતા ઘર આંગણથી...
ભારતની એકતાની ગાથાની ઝાંખીની ખરી પહેલ ઘર...ઘર
'ઘર આંગણથી'.....!!!

એકતા પટેલ - 9586292531
જીતપુર, તા.. બાયડ, જી - અરવલ્લી

## ૬૭. રાહ એટલી જોઉં છું

કોણે વિચાર્યું હતું કે કોરોના આવશે ??
આવી ગયો, ચઢી ગયો, એક દિવસ અચાનક કોરોના પગપેસારો કરી ગયો..
વિશ્વ પર એનો તાંડવ છવાઈ ગયો..
માણસને પરોવી માણસાઈ ભરખી ગયો,
લાગણીઓને કર્ફ્યુ લગાવી, સબંધો ની ખોખલાશ છતી કરી ગયો..
મુંજવણ, અટકળ આપી આપણે નિયમોમાં કેદ કરી ગયો...
કામ અર્થે ફંફોસાતો ને તોય જીરવી જાણતો માનવી,
આજે લાચાર બની કોરોનાની જાળમાં પટકાઈ ગયો
રોજિંદા જીવનમાં બ્રેક લગાવી,
ચારેકોર સાવ સૂમસામ છન્નાટો છવાઈ ગયો
કુદરતની કારીગરી થી ધમધમે સૃષ્ટિ...,
આપણી છેડછાડની પરાકાષ્ટાએ
કુદરત વીફરે તો આપણી શી વિશાત ??
એનો એક અણસાર *કોરોના* *રૂપે* દેખાડી ગયો..
બસ હવે, રાહ એટલી જોવું છું...,
હૈયું બોલી ઉઠે.... !!!
કોરોના ચાલી ગયો
ને માણસને માણસાઈ સાથે મિલાપ કરાવતો ગયો..
બસ..., કોરોના ચાલી ગયો
ને જીવનને એક સબક શીખવી ફરી જિંદાદિલી આપી ગયો...!!


એકતા પટેલ – 9586292531
જીતપુર, તા. બાયડ, જી. અરવલ્લી

## ૬૮. ખૂબ જ શરદી

ખૂબ જ શરદી, ખૂબ જ શ્વાસ ચડે
પણ હું તો જિદ્દી, દવા નહીં લઉ,
આમ પણ પહેલેથી ખૂબ જ ક્કી,
કોઈનું પણ માનવું જ નહીં...
તાવ ચડ્યો, એ પણ મગજ પર!
આખરે નાછૂટકે ગઈ હોસ્પિટલ
જાતજાતના ટેસ્ટ કરાવ્યા,
ન્યુમોનિયા અને કોરોના,
આઠ દિવસનો ચાલ્યો જંગ,
ઓક્સિજન, ડુટી માં ઇન્જેક્શન,
સ્વજનોથી તદ્દન દુર એકલા
અણધારેલો લાખોનો ખર્ચો,
મોતને નજીકથી જોયું નફામાં
કાન પકડ્યા, બધી જીદ છોડી ને
ભગવાને આપેલી અણમોલ જિંદગી
ભગવાને જ બચાવી પાઠ ભણાવી

ફાલ્ગુની મારફતિયા - સુરત - 99091 11220

## ૬૯. ભયભીત થયેલા માનવીને..

માણસ લાગે ક્યાંક, કશે ખોવાયેલો,
આખેઆખો મૂળમાં થી જ કપાયેલો.

આજ લગી એ હતો ઘણોયે જામેલો,
હમણાંથી લાગે છે ખૂબ ઘવાયેલો.

ખુદ્દારી, ખુમારીથી ભરપૂર હતો
કઈ મજબૂરીથી આજે ગભરાયેલો?

થાકી, હારી નીકળી ગ્યો છે રણ છોડી
લાગે જાણે કોઈ યોદ્ધો ભાગેલો.

કદમ કદમ પર ગંભીર થઇને ચાલે છે
કાળચક્રએ ખૂબજ છે હંફાવેલો.

પણ, માણસ હે ! કેમ નિસાસા નાંખે છે ?
ને લાગે છે કેમ પરાજય પામેલો ?

પુષ્કળ છે તાકાત, ગજબની શ્રદ્ધા છે
દાવ હવે ખેલી લે મનમાં ધારેલો .

ખૂલી જાશે લાત લગાવીને તો જો
દરવાજો તો એમ જ છે અટકાવેલો .

ડગ માંડી જો બહાદૂર થઇ એ રસ્તા પર
વર્ષોથી જે જીત કાજે કંડારેલો .

"સૌમ્ય" ફરીથી જંગ જીતવા ઊભો થા
તું ક્યાં નબળો છે યા હિંમત હારેલો ?"

ગણપત પટેલ 'સૌમ્ય' - થલતેજ , અમદાવાદ. - **98252 04137**

## ૭૦. કોરોના વાઇરસની અસર
## (તૃતીય ક્રમે વિજેતા કાવ્ય)

ખામોશી લઇ આવી મોસમ,
શાંત પડી ગ્યાં સઘળાં પડઘમ.

કૈંક ભળ્યું છે ચારે બાજુ
વાયુ પણ લાગે ભારેખમ.

વાગ્યા કરતી રાત- દિવસ જે
ક્યાં ગઇ જીવતરની એ સરગમ ?

પરવશ છે, ચિંતિત છે માણસ
દિલ રડતું ને આંખો છે નમ.

સમજણ વાળા સમજી ગ્યા છે
કુદરતના સંકેતો મોઘમ.

જીવનમાં સંદેશ મળ્યો છે -
સુખ કે દુઃખ ના ટકતાં હરદમ.

આ વાદળ પણ દૂર થશે ને
દૂર થશે સૌ મુઝવણ ને ગમ.

"સૌમ્ય" કસોટી પાર કરીને
માણસ તો રહેવાનો અણનમ.

ગણપત પટેલ "સૌમ્ય" - થલતેજ, અમદાવાદ - 98252 04137

## ૭૧. કોરોના હરખ પદૂડો

કોરોના હરખ પદૂડો ના થાય રે,
નહીં રહેવાય તારાથી આ દેશમાં રે,

તું હરખી ને જા તારા દેશમાં રે,
અહીં સૈનિક ફરે છે છુપા વેશ માં રે

ક્લોરોક્વિન મળશે તને ભેટ માં રે,
નહીં તો મુક્કો મારીશ તને પેટમાં રે

વિશ્વ ભર માં તારી વ્યથા ચાલે રે,
સાંભળ તું મહા ભારત ની કથા રે

દુર્દશા સૌની વિશ્વ મા જાણી રે
નહીં નમે તને આ વિશ્વની રાણી રે

દિપ જ્યોતિ થી ભારત જગ મગે રે
આગ લાગી છે તારી રગે  રગ માં રે

કાશી નાથ પંડિત ની ભવિષ્યવાણી રે
અમે નરેન્દ્ર મોદી  ની  સૂચના પાળી રે

થઈ જશે તારી અહીં ધૂળ ધાણી રે
નહીં રહે વિશ્વ માં તું પીવા પાણી રે

હજુ જગદંબા એ વાત નથી જાણી રે
નહીંતર થસે તારી  આંખ બે કાણી રે

કવિ ગુલાબ ની છે આ વાણી રે
નહીં રહે તું પીવા અહીં પાણી રે

ડૉ. ગુલાબચંદ પટેલ - અમદાવાદ - 88497 94377

## ૭૨. કોરોનાધ્યાય છેલ્લો

કોરોના ની હોય જીદ તો
જીદ થી જંગ જીતશું
રોવા થી કાંઇ નવ થવાનુ
ધૈર્ય ધીરજ બાંધશું
ના રહેશો એમ હારી
હાથ પર મુકીને હાથ.. કોરોના!
કોક કહેશે કે સમય આ
કેવો કપરો આવીયો
રોમે રોમ સળગી ઉઠે પણ
કોરોના ને ફાવીયો
ના થશું નિરાશાવાદી
આશાવાદ જનમાવશું.. કોરોના!
કોરોના નાસી જશે ને
વેદના ભાગી જશે
રોશ દિલ માં દર્દ નો
એહસાશ મુકીને જશે
નાસમજ કોરોના વિષ ને
પાછું દર માં સમાવશું.. કોરોના!

કોરી પાટી હોય ત્યારે
પરથમાક્ષર શોભી રહે
રોગ મુક્ત નિસર્ગ હોય તો
નવજીવન ઝીલી રહે
ના અશુદ્ધિ ચોતરફ
પરયાવરણ શોભાવશું.. કોરોના!

ગૌરાંગ શુકલ - શિકાગો, અમેરિકા - +1 224 509 0243 -
purnigaurang@gmail.com

## ૭૩. કોરોના મહામારી

કોરોનાનાં કકળાટમાં સાવચેતી રાખજો,
છે આમંત્રણ યમને, જીંદગી બચાવજો.

પોલીસ,ડોક્ટર,સફાઈ કામદારનાં ઉપકારને વધાવજો,
જાળવી સ્વયં સાવચેતી ઉપકારને ઉપકારથી નિભાવજો.

કામ વિના બહાર નહી માસ્કને મોં પર સજાવજો,
દો ગજની દુરીનો ખ્યાલ હમેશાં મનમાં રાખજો.

ઇમ્યુનીટી મજબુત કરી પાણી પહેલાં પાળ બાંધજો,
સ્વયં જાળવી સાવચેતી જાગ્યા ત્યારથી સવાર માનજો.

વૃધ્ધ, બાળકો અને સગર્ભા સંભાળજો,
કોરોના ચેપથી પહેલાં જાતને બચાવજો.

વડાપ્રધાનનો બોધ શિરોમાન્ય રાખજો,
તાવ, શરદી, ઉધરસમાં રીપોર્ટ કરાવજો.

મહામારીનો સમય છે મદદની ગંગા વહાવજો,
વિના સહકાર નહી ઉધ્ધાર વાત મનમાં રાખજો.

રસી નથી શોધાઈ હજી સ્વયં સંભાળજો,
સાથ, સહકાર અને સહાયના દીપ પ્રગટાવજો.

ઘનશ્યામ એલ. કચીયા - તા.જી. અમરેલી - ૯૬૬૨૧ ૨૧૪૭૪

# ૭૪. કોરોના હાઇકુ

(૧ )

નિ:સ્તબ્ધ રસ્તો

આખું નગર જાણે

જેલ સમાન

(૨)

આવો સન્નાટો

મારા નગરને શું

નજર લાગી ?

(૩)

લોકડાઉન

સમગ્ર નગર જો

શિર્ષાસન માં

(૪)

જનજીવન

અસ્ત વ્યસ્ત થયું જો

કોરોના કાજે

(૫)

આવા દિવસ

પણ વીતી જશે ને

ચક્ર ચાલતું

(૬)

પાટાની વચ્ચે

સુતું જીવન ભૂખ્યું

પાટે મોત જો

(૭)

ગૌરવભેર

જીવતો શ્રમિક જો

યાચક બન્યો

(૮)
ત્રાહિમામ સૌ
પ્રભુ મંદિરે તાળાં
ખંભાતી લાગ્યા
(૯)
પરિવારને
જોઈ લાચાર એ મા
ભૂખે કણસે
(૧૦)
ભીતર જાગે
પ્રભુ ,જઠરાગ્નિને
ઠારે રંકની
(૧૧)
દયાહિન કે
દયાવાન નૃપ જો
નયને અશ્રુ

∆ કોરોના  હાઇશંકુ ∆
એ
નામ
કોરોના,
ને પલાળી
ગયો જગમાં
હજારો આંખોને
આજીવન સૂકાય
ના એવા અશ્રુની ધાર
સાથે સ્વજનને સ્પર્શયા
વિના,"અલવિદા આપ્તજન"

આ

ગોળ

કુંડાળે

ઉભો ભૂખ્યો

બાપ પોતાના

બાળકોની ભૂખ

ભાંગવા શરમને

નેવે મૂકી માંગણની

જેમહાથમાં ખાલીથાળી

લઈને લાચારી ને ઉંચકી

**ગિરીશ ચૌહાણ - સુરત - 6355 364 888**

## ૭૫. કોરોના આરતી (ઢાળ: જય જગદીશ હરે)

ક્ષય કોરોના નો થજો પ્રભુ ક્ષય કોરોના નો થજો (૨)
માનવથી માનવને દૂર કર્યા જેણે, ચીનથી પ્રસરી આખી દુનિયા માં હાહાકાર મચાવ્યો (૨)
સુક્ષ્મ એ વાઇરસે લાખો માનવોનુ ભક્ષણ કર્યું...ક્ષય....
સત્તા મહાસત્તાઓના મદને એણે ભૂ પીવડાવી દીધું
ખંડ પ્રખંડ ચોખંડે એણે વ્યાપ વધારી દીધો ...ક્ષય
લાખો જીવોનું ભક્ષણ કરનારી એ પ્રજાએ જૈવ વિશ્વયુદ્ધનુ રણશિંગું ફુંકી દીધું...ક્ષય
ઘર ગલી ગામ નગરમાં તાળાબંધી થઈ ગઈ
હર ચહેરે મ્હોરે એણે માસ્ક ચડાવી દીધા..ક્ષય.....
હળવું ભળવું  મળવું બાધિત થઈ ગયું (૨)
પ્રાણરક્ષક રસાયણોથી સઘળે સફાઈ કરવી
હાથ મોઢે ના અડવા, વારેવારે હાથ ધોવા પ્રભુ ક્ષય.....
દીન સ્વમાની ભૂખ્યા જીવોનું સ્વમાન લજવી દીધું...ક્ષય.....
શ્રમ કરનારા શ્રમિકો નાં રોજગાર છીનવી લીધા
ચહલપહલથી ભર્યા શહેરોને એણે સૂનકાર બનાવી દીધા... પ્રભુ...
બાગ બગીચા ને પોળોમાં સંનાટો છવાઇ ગયો
સરકારી દવાખાનાઓમાં સંક્રમિત દર્દી ઓનો ભરાવો ભરપુર થઈ ગયો... પ્રભુ...
ડૉકટરો,નર્સૅ, વૉર્ડબૉય, સફાઇ કામદારો ને બધા સરકારી મહેકમ ને ધંધે લગાડી ગયો....ક્ષય.....
રાત દિવસ દર્દી ની સેવા કરનારાઓની ચિંતા  વધારી ગયો.
કોરોના તારાં પાપે, ચીન તારાં પાપે  કેટલાયે મા બાપ છીનવી ગયો..ક્ષય......
ચોર પગલે પગપેસારો કરનારી ઓ! મહામારી તુ જયાં થી આવી ત્યાં પાછી વળજો
પ્રભુ ક્ષય કોરોનાનો થજો.....

**ગિરીશ ચૌહાણ - સુરત - 6355 364 888**

## ૭૬. તેં તો હવે હદ કરી કોરોના

કોરોના કોરોના તેં તો હવે હદ કરી કોરોના,
તેંતો હવે હદ કરી કોરોના
બંધ થઇ ગઇ મિત્રો સાથેની મહેફીલ
શું આટલું થવાનું કાતીલ?
જરા તો રહેમ કર આ બેજાન મરીઝ પર
તેં તો હવે હદ કરી કરોના
તેં તો હવે હદ કરી તરીકેના
બુકાની પહેરીને ફરીએ છીએ બધા, જાણે લાગીએ છીએ બહારવટિયા,
ઝીંદગી રૂંધાય છે હવે તો આ બુકાનીમાં,
તેં તો હવે હદ કરી કોરોના
તેં તો હવે હદ કરી કોરોના
જા હવે બહુ થયુ, જા હવે બહુ થયું
અમારે ઘણા પ્રશ્નો છે ઝીંદગી માં
આ પૃથ્વી પુકારે છે ત્રાહિમામ ત્રાહિમામ
તેંતો હવે હદ કરી કોરોના
તેંતો હવે હદ કરી કોરોના

ગીતા શુક્લ - દેલાવારે, અમેરિકા - 551-556-6681

## ૭૭. કોરોના મહામારી

દુર કરી જાણે કોઈની અસ્મિતા જેણે
નામ આપાયુ કોરોના મહામારી એને

શબ્દ નાનોસમો બની ને કાળ ફેલાતો એ
લાગણી કોઈની ભરખી રહયો હતો એ

અંતરો 1 :
હો.....બે ગજની દુરીને કાયમી કરી
વ્યસ્ત જીવન લોકોનું સગા સાથે કરી
ઝગમગતો શગનો ઉજાસ સહુએ કરી
ઉજાગર કરી ભારતની યોદ્ધા શક્તિ
ભારત રહીને કોરોનાની સાથે
હરાવશે એને અને જીતશે પોતે
ભારત રહીને સાવચેત હવે
હરાવશે એને અને જીતશે પોતે...( 2 વાર )

અંતરો 2 :
હો... કામ વિના બહાર જવાનું ટાળી
વારંવાર પોતાના હાથ સેનીટાઈઝ કરી
વૃદ્ધો વયસ્કોનું ખાસ ધ્યાન રાખી
સન્માનપાત્ર છે ડોકટર્સ અને પોલીસકર્મી
ભારત રહીને કોરોનાની સાથે
હરાવશે એને અને જીતશે પોતે
ભારત રહીને સાવચેત હવે
હરાવશે એને અને જીતશે પોતે... ( 2 વાર )

**હંસજ શુકલ 'હંસતારો' - સુરત - 98255 05591**

## ૭૮. તે ચાર દિવાલની ગોઝારી ક્ષણો

એ પણ કેવી હતી ભારતની પળો
કોકને આંખ બંધ થવાનો ડર હતો
તબીબ એ બંધ થતા રોકતો હતો
મોઢે બાંધીને રક્ષિકાવસ્ત્ર દેશાખો
એ ગંભીરતાની સામે અડગ હતો

પોલીસકર્મીને ના કોઈ સ્વાર્થ હતો
રે...હતા દુખતા એમના પણ પગો
સહીને આંખો દિ' તાપ અને તડકો
ઊભા હતા એ કોરોના વોરિયર્સો
થાળી વાટકાની ગુંજો અને શગો
કહે હંસતારો ફેલાવી એકતાનારો

**હંસજ શુકલ 'હંસતારો' - સિટીલાઈટ, સુરત - 98255 05591**

## ૭૯. સારા વાના થઈ જશે

ઝાલીને ગંભીરતા થોડી હળવાશ મળી છે
જનતાએ ફરી કેડીઓને ગુંજતી કરી છે

મુખે ઓઢી રક્ષણવસ્ત્ર જનતાએ અટકેલા
એવા અર્થતંત્રની ફરી શરુઆત કરી છે

છોડીને ડર સલામતી ધ્યાનમાં રાખી છે
ભારતની જનતા કયાં કદી ઊણી ઉતરી છે

સમય ખરાબ હશે તો એ પણ વીતી જશે
કહે હંસતારો સહુ સારા વાના થઈ જશે

હંસજ શુકલ 'હંસતારો' - સિટીલાઈટ, સુરત - 98255 05591

## ૮૦. કોરોના કાળ અને રાષ્ટ્રીય કળા કેન્દ્ર

આપી આકાર એક અલગ સોપાનને
નિખરયું છે RKK કવિગણને સાથ આપીને
એક વૈશ્વિક કોરોના કાળને અનુલક્ષીને
સર્જયો છે એક મહાકાવ્યસંગ્રહને
સહું કવિઓએ થઈને એક , રચના રચીને
આપી શીખ જીવો સહું સાવચેત રહીને
આભારી હશે દેશાખો એતો સત્ય જ છે
યાદગાર બનાવશે RKK કોરોના કાળને

હંસજ શુકલ 'હંસતારો' - સુરત - 98255 05591

## ૮૧. લૂલો કોરોના

લોક-ડાઉનમાં ઘરની બહાર પગ મુકતા જ, મારું શરીર ધ્રુજે છે.
આ લુલા કોરોના વિષે ગુજરાત ગૌરવદિને કાવ્ય લખતા,
મારા હાથ થર-થર ધ્રુજે છે.

ખબર નથી કે હવે મારી શાળામાં રિશેષનો ડંકો કોણ વગાડતું હશે !
આ ઓન લાઈન શિક્ષણ મેળવવામાં મારો અભ્યાસનો ક્રમ પણ ધ્રુજે છે.

પેલા રણબંકા યોદ્ધા ડોક્ટર અને નર્સને પાણી કોણ પાતું હશે!
ઘર બહાર ઉભેલા પોલીસ કાકાને જોઇને હૈયું મારું ધ્રુજે છે.

ચહેરાને માસ્કથી ઢાંકી, એક મીટરનું અંતર રાખી ઇનડોર રમત રમું છું,
મારી આઉટ ડોર રમતોનું મેદાન જોઈ મારા મિત્રોથી પણ ધ્રુજું છું.

થાળી વગાડી, દીવા પ્રગટાવી કોરોનાને મેં પણ ધ્રુજાવી દીધો છે,
ટી.વી. પર આ ઘર વિહોણાને ઘરે જતા જોઈ મારી આંખો પણ ધ્રુજે છે.

આ સંકટ ફેલાવતો કાળવતરા કોવિડને તો ગુજરાત જીતી જ લેશે,
પણ આ જીત અપાવનાર રણબંકા યોદ્ધાઓને નમન કરતા મારું મન ધ્રુજે છે.

ચાલો યોદ્ધાઓ સાથે મળી કોરોનાની આફતને ફેરવીએ અવસરમાં
આ લુલા કોરોના વિષે ગુજરાત ગૌરવદિને કાવ્ય લખતા, મારા હાથ થર-થર ધ્રુજે છે.

કોરોનાની આ જંગ લડનાર રણબંકા યોદ્ધા
પોલીસ, ડોક્ટર, સફાઈ કર્મીને મારી પ્યારભરી સલામ

**હાર્દ મોહનીશભાઈ વસાવડા - 94262 71767**

## ૮૨. કોરોનાની કાળજી

કોરોનાથી ડરો ના,
બસ જ્યાં ત્યાં ભીડમાં ફરોના.

અફવા ના લેશો નજરોમાં,
બેસી રહો ઓફિસ અને ઘરોમાં.

ગંભીરતાની રાખો ગરિમા,
રાખો કાળજી, નિષ્કાળજી સહેજે કરશોના.

હાથ હવે મિલાવો ના,
નમસ્તે કરવામાં, શરમ જ રાય રાખો ના.

હાથ ધોવાનું ક્યારેય ટાળો ના,
વાત છે નાની પણ, સામાન્ય અને માનો ના .

વાસી ખોરાક કદીયે ખાશોના,
ઠંડું પાણી અને ઠંડા પીણા ને ક્યારેય પીશોના.

જોરથી જાહેરમાં તમે છીંકોના,
રૂમાલ રાખવાની ટેવ, કાયમી તમે ભૂલોના.

માસ્કને મોઢેથી ખોલો ના,
શરદી ઉધરસ તાવ ને તમે, હળવાશથી કોઈ લેશો ના.

તુલસી આદુ અને ફુદીના,
ઉકાળો પીશો તેનો, વાયરસ ક્યાં રહેશે ના.

સરકારી આદેશો અને સૂચના,
હર્ષથી પાળશો સહુ, આળસ એમાં કોઈ કરશો ના.

કોરોના થી ડરો ના,
બસ જ્યાં ભીડમાં ફરો ના....

**હર્ષ દરજી - તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા - 94268 98966**

hareshdarji205@gmail.com

## ૮૩. કાળ મુખો કોરોના

કોરોના તું કાળમુખો  અને સાચે જ છે ગોઝારો,
વસતિ ને તે વખો કર્યો, ક્યાંથી તુ આવ્યો અણધાર્યો.

ઘણું થયું ઘેર જા ભાઈ, અમને લેવા દે હાશકારો,
મોઢું બાંધ્યું, બાંધી કમાઈ, ઝીલ્યા ખૂબ પડકારો.

શ્રમિકોની હાય તે લીધી, ઘરે પહોંચવાના પોકારો.
વાહન નથી તો પગદંડી કીધી, વતનની વાટ  ઝાલનારો.

પગના તળિયા ને બાળી, હૃદયના ભાગેય દાઝનારો,
કેડ માં છોરું તાણી-બાંધી,હિંમત ના હારનારો.

ભૂખ્યું પેટ, ખિસ્સુ ખાલી, રહ્યા નહીં કોઈ આધારો,
જીવનું જોખમ જાતે ખેડી, જીવ બચાવવા હાલનારો.

સૂકો રોટલો, સાથે પાણી, જે મળે તે ચલાવનારો,
કુટુંબનો મોભી લાચાર બની, પુરા પ્રેમથી પાલનારો.

કોરોના થી એ ખૂબ લડી, પળ- પળ દેશે જાકારો,
પરિવારને સુરક્ષિત રાખી, કોરોના ને કળ થી  કાઢનારો.

કોરોના તું કાળ મુખો  અને સાચે જ છે ગોઝારો,
વસતિ ને તે વખો કર્યો, ક્યાંથી તુ આવ્યો અણધાર્યો.

હર્ષ દરજી - તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા - 94268 98966

**Email** - hareshdarji205@gmail.com

## ૮૪. કોરોનાનું ઝેર ચડે...

માણસ માણસ નેય અડકતાં, જુઓ ને ઝેર ચડે,
કપરો કાળ કળિયુગમાં, દેખીતો ફેર પડે

એકબીજા ઘેર ડરીને જાતાં, કેવા તો વેર પડે,
સમય જરાય નહીં સમજાતો, ના સમજા તો માર પડે.

દવાખાના દર્દીથી ઊભરાતાં, ડોક્ટરોય ઓછા પડે,
સહેજમાં, જો સેમ્પલ લેવાતાં, કોરોનાનો વહેમ પડે.

મીટીંગો ડિસ્ટન્સથી ભરતાં, તંત્રમાં ન રજા પડે,
ગામોનાં ગામ સીલ કરાતાં, જો પોઝીટીવ કેસ જડે

કુંડળી આખી દર્દીની કાઢતાં, જ્યાં જ્યાં તેના પગ પડે,
પરિવારને તો પહેલા પૂછતાં, પાડોશીનોય ખેલ પડે.

વિશ્વનૈયા ડગમગ ડોલતા, **WHO** ખૂબ રડે,
કોરોનાનું આક્રમણ જોતાં, હૈયે મોટી ફાળ પડે.

સાવચેતી રાખી જે ઘરમાં રહેતાં, કોરોના કદીયે ના નડે,
રાષ્ટ્રહિતમાં સંયમથી વર્તતાં, જીંદગીમાં જાણે હર્ષ ચડે.

માણસ માણસ નેય અડકતાં, જુઓ ને ઝેર ચડે,
કપરો કાળ કળિયુગમાં, દેખીતો ફેર પડે

**હર્ષ દરજી - તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા - 94268 98966**

# ૮૫. લોકડાઉન

બંધ બારણે બેસી રહેવું, આજે બુદ્ધિનું છે કામ
વગર કારણે મારી લટાર, નોંધે મુર્ખામીમાં નામ.

લોકડાઉન લાંબુ લાગતું, પ્રથમ એકવીસ દિવસનું માપ,
ખરુ કાઉન્ટ કોઈ ના જાણતું, પ્રાર્થીએ કે ન થાય અમાપ.

સંક્રમણથી સૌ કોઈ બચતું, નજદીકીથી થશે ગેરલાભ,
પોલીસના ડંડાથી સૌ ડરતું, તો ય ઘણા ના માને આજ.

ડોક્ટરોને સૌ કોઈ ભજતું, બચાવવા વ્હાલી જાન,
માયા-મૂડીને કોઈ ના ગણતું, જાન હશે તો રહેશે જહાન.

ગરીબનું પેટ ભૂખે મરતું, ભોજન ટાણે જોવાતી રાહ,
ઉદાર હાથે દાન મળતું, અન્નદાન થાતું સવાર-સાંજ

હોમ કોરોન્ટાઈનથી સૌ બચતું, ના મળે સંગત કે સાથ,
ચૌદ દિવસ કાળજીથી વર્તતુ, એને મળે જીવન બિન્દાસ

શરદી, ખાંસીને શ્વાસનું, ભળતી નિશાની તાવ,
મેડીકલ સલાહને માનવું, હર્ષથી ભાળવી કાલ

બંધ બારણે બેસી રહેવું, આજે બુદ્ધિનું છે કામ,
વગર કારણે મારી લટાર, નોંધે મૂર્ખામીમાં નામ.

હર્ષ દરજી - તા. દાંતીવાડા, જી. બનાસકાંઠા - 94268 98966

## ૮૬. કણમાં છે કોરોના... (દ્વિતીય ક્રમનું વિજેતા કાવ્ય)

કણ કણમાં  એ દોડી  આવ્યો જાણે મોટો ભૂપ....
દૂર રહી પણ ના વરતાયો એવું લીધું રૂપ

વુહાન ગામથી ગાડું ભરીને આવ્યો રૂપ સજાવી,
સાતે દશમાં એ ફેલાયો હા..હા..કાર મચાવી,
છુપી ચાદરમાં સંતાયો મૃત્યુ કેરો કૂપ.....
નાના કણમાં દોડી આવ્યો જાણે મોટો ભૂપ....

જાત પાતની શરમ ન રાખે દેખે માનવ દેહ,
સુક્ષ્મ સ્વરૂપે આવી અડતો એવો ધરતો વેહ,
સરસર કરતો શ્વાસે ફરતો આવ્યો છુપાછુપ .....
નાના કણમાં દોડી  આવ્યો જાણે મોટો ભૂપ....

હાથને અડતા એવો ચોંટે લાગે વીછી વેરી,
થોડું અંતર રાખી ચાલો એનો તાલ છે ઝેરી,
સમય સાચવી ચાલો નહિતર ગાજે રહીને ચૂપ .....
નાના કણમાં દોડી  આવ્યો જાણે મોટો ભૂપ....

હર્ષિદા દીપક ત્રિવેદી - રાજકોટ - 97277 74743
1 નંદનવન પાર્ક, 9 સદગુરુ બંગલો, સાધુ વાસવાણી રોડ, રાજકોટ

## ૮૭. સંબંધોમાં રોત

ક્યાંથી આવ્યું કેવું આવ્યું કોરોનાથી મોત ?. ..
ભાઈ હો કે બહેન સઘળા સંબંધોમાં રોત...

બીક લાગતી બાહર જાતા છાંટા ઉડશે તો ?
હાથ મિલાવી કોઈ કહેશે હાય .. હેલ્લો.. જો !
આંખોથી આંસુડાં વહેતા એને સઘળા જોત.....

પુલિસ , ડોકટર  લોકો માટે સેવા કરતાં કાયમ ,
જ્યાં ત્યાં ફરતાં સૌને કહેતા આરોગ્યના નિયમ  ,
હાય હાય ના ઉદગારે ઘર ડૂસકે ચડ્યા હોત...

કોરોના પકડે છે સૌને છુટ્ટે કેવળ એઓ ,
રૂબરૂ માં મળવાનું ટાળી દૂર રહે છે જેઓ,
આકાશે જઈ ઉડશે જીવડાં જાણે કોઈ કપોત.....

**હર્ષિદા દીપક ત્રિવેદી રાજકોટ - 97277 74743**
**1 નંદનવન પાર્ક, 9 સદગુરુ બંગલો, સાધુ વાસવાણી રોડ, રાજકોટ**

## ૮૮. હાઈકુ

સ્વચ્છ આકાશ,
આ પંખી ચોતરફ ;
કિલ્લોલ મસ્તી !

સરિતા કેરાં,
નીર વહેતાં શાંત !
ધરા મહેંકે !

**હસમુખ રામદેપુત્રા - રાજકોટ**

# ૮૯. એ કોરોના - (અછાંદસ કૃતિ)

એ...... કરોના.....
તારી વર્લ્ડ ટુર પૂરી થઈ હોય તો,
હવે તારા ઘર ભેગો થા.
અમને લોકડાઉનમાં પૂરીને,
તું આમ દેશ વિદેશ ફર્યા કરે એ તો કેમ ચાલે ?
તે કરી અમીરો સાથે પ્લેનની મુસાફરી,
ને શ્રમિકોને કરાવી સેંકડો કિલોમીટર ની પગપાળા મુસાફરી. તેં છિનવ્યું બાળકોનું બાળપણ,
ને શ્રમિકોની રોજગારી.
નોકરી-ધંધા કરાવ્યા બંધ,
ને અર્થવ્યવસ્થાને આપી બીમારી.
તે તારા વિકરાળ પંજામાં લાખો ને મસળી નાખ્યા,
ને લાખો હજુ તારા કહેરમાં કણસે છે.
તું નરી આંખે દેખાતો હોત ને?
તો... તો ....તારો ક્યારનોય ખાત્મો બોલાવી દીધો હોત,હવે સાંભળી લે.....
આમ છુપાઈને વાર કરતાં શરમ નથી આવતી ?
આમ જુઓ તો.... તો..... શરમ તો માનવજાત ને ય ક્યાં આવી છે ?
એને માની લીધું કે, આ પૃથ્વી પર માત્રને માત્ર એનો જ અધિકાર,
પશુ પંખીઓને પિંજરે પૂર્યા ને નદી સરોવરો કર્યા દુષિત,
ખુલ્લી હવામાં શ્વાસ લેવું થયું મુશ્કેલ, ને પર્યાવરણનો કીધો સફાયો,
તારા આવવાથી હવે સેંકડો કિલોમીટર દૂરના પર્વતો દેખાતા થયા સ્પષ્ટ.
પ્રદૂષણ ઓછું થયું કે પછી ઓછી થઈ અમારી આંખોની ધૂંધળાશ?
નદીઓના જળ થયા શુદ્ધ,
પણ એમાં મારુ ચોખ્ખું થયેલ પ્રતિબિંબ જોવા જવાનું નસીબમાં ક્યાંથી?
"માનવ પશુ પંખી ની સાથે જીવજંતુ પણ સમાન દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ..."
શાળામાં ગાયેલી આ પ્રાર્થના, મોટા થઈ ભૂલ્યા અમલ કરવાનું,
ને સમસ્ત માનવજાતને મળી ભૂલની સજા.
તારા ગયા પછી માનવ માંથી કંઈક શીખે,
ને ભૂલ સુધારે તો, એનો ફેરો સફળ થયો જાણજે, ને તારો પણ.

**હેમા અજમેરા - 9825803670**

## ૯૦. લોકડાઉન

જાણે કે જીવનનો સૌ આધાર છે લૉકડાઉન!
બસ, ચાર દિવાલોમાં, સંસાર છે લૉકડાઉન!

કલબલતું હતું જીવન ને દોડતું ચારેકોર!
આ કોની નજર લાગી? સૌ દ્વાર છે લૉકડાઉન!

છે કેદ ફકત માનવ, આ ધરતી ઉપર આજે!
આકાશે જો, પંખીની ક્યાં હાર છે લૉકડાઉન?

જે રોજ કમાઈને ઘર માંડ ચલાવે, એ
ભૂખ્યા છે મજુર સઘળા, ઓજાર છે લૉકડાઉન!

સારું છે મળી ફુરસદ, રહેવાની સતત સાથે!
છલકે છે એ આંખોમાં, ક્યાં પ્યાર છે લૉકડાઉન?

સારી રીતે જીવાશે, બસ, દૂર રહી સૌથી!
સંજીવની જેવો આ ઉપચાર છે લૉકડાઉન!

**હેમંત મદ્રાસી - સુરત - 93273 80670**

## ૯૧. ભાઈ આ છે કોરોના

કોરોનાની છે આવી સ્થિતિ
ભયથી લોકો ભાન ભૂલી ગયા
તબાહી મચી આ સૃષ્ટિમાં
સૌને હચમચાવી નાખ્યા આ વેશમાં
ભાઈ આ છે કોરોના..

અદ્રશ્યતામાં જોખમ જોતરાવે
છતાં ગભરાયા વગર આપને સૌ ભગાવીશું
જે સેવા કરી રહ્યા છે જાન ની ચિંતા કર્યા વગર
આવા ડોક્ટર, નર્સ ,પોલીસ, શિક્ષકો,
ભગવાન રૂપ બની ગયા એવાને દિલથી નમન
ભાઈ આ છે કોરોના..

કોરોનાથી જરા પણ ના ગભરાઈશું
બહાર જતા માસ્ક પહેરીશુ.
વારંવાર હાથ ધોઈ બે મીટર અંતર રાખીશું
સેનેટાઈઝરનો ઉપયોગ કરી
કોરોનાને જડમૂળથી ઉખાડીશુ
ભાઈ આ છે કોરોના..

સવારે વહેલા ઉઠી યોગ કરીશું
કાઢો, ચ્યવનપ્રાસ, દૂધ હળદનું સેવન કરીશું,
બધા હેસિયત ભૂલી અમીર-ગરીબ થયા એક સમાન
વિશ્વમાંથી ખતમ કરીશુ આ વાયરસનો ધમાન
ભાઈ આ છે કોરોના..

**- હેમંત એ પાટીલ - 96625 16379**
**ન. પ્રા. શિ. સમિતિ શા. નં. 237, નવાનગર, ઉધનાયાર્ડ, સુરત**

## ૯૨. ટાણું આવ્યું

ટાણું આવ્યું, ખબરદાર થઈ સાચવી લેજો વા'લા,
ઘરે બેસી વગર ખુવારી, યુદ્ધ લડવાનો સમય આવ્યો છે.
લાગ્યો છે વાયરસ માનવ સિસ્ટમમાં,
લાગે હવે ઘરમૂળથી રીસ્ટાર્ટ કરવાનો વખત આવ્યો છે.

**હેમિન પટેલ 'શબ્દારવ' - ગોધરા - 8140377439**

***

## ૯૩. કદી ના જંપતું

કદી ના જંપતું આ જનજીવન ખોરવાયું,
રે આ કોરોનાએ તો કર્યું શહેર રઘવાયું !

શાળા કોલેજ, ગલી મહોલ્લા સુના ભાસે, ને
ઓનલાઇન શિક્ષણમાં બાળપણ અટવાયું !

અમીરોને તો મળ્યું જાણે મોટું વેકેશન,
પણ દાડિયું રળતા માથે આભ ખડકાયું !

મંદિર, મસ્જીદ, મૃત્યુ, મેળાવડા બંધ સઘળું,
કૃષ્ણ કહે અલા રાધે, આ તો મારૂં ય ગૂંચવાયું !

કદી ના દેખાતી ગાડીઓ ય ગામડે વળી,
રે અહી જો હેમ તારું ગામ કેવું મલકાયું.

**હેમિન પટેલ 'શબ્દારવ' - ગોધરા - 8140377439**

## ૯૪. સૂમસામ રસ્તો થઇ ગયો

આજે સુમસામ કેવો રસ્તો થઇ ગયો
માણસ ઘરમાં વસતો થઇ ગયો.
થયો શંકાશ્પદ પણ કોરોનટિન
દેશ કેવો લોકડાઉન થઇ ગયો...

દરેક વ્યક્તિ નવી પ્રવૃતિ
કરતો થઇ  ગયો..
દેશ ની પરિસ્થિતિ વિષે
વિચારતો થઇ ગયો
દેશ કેવો લોકડાઉન થઇ ગયો

તાળી પાડવી..દિવા કરવા..
કામ કરતા લોકો ને દેશ
બિરદાવતો થઇ ગયો.
દેશ કેવો લોકડાઉન થઇ ગયો..

ના કોઈ ચાલક રસ્તા પર
ના કોઈ વાહન રસ્તા પર
રસ્તા ને પૂરો તડકો મળતો થઇ ગયો..
માણસ મહામારી સામે લડતો થઇ ગયો..
દેશ કેવો લોકડાઉન થઇ ગયો..

**હેમીશા શાહ - અમદાવાદ - 99255 18231**

**Email..** hemishashah14@gmail.com

## ૯૫. બહાદુરીથી બીડું ઝડપ્યું

જીવ બચાવવા જોખમ ખેડયું,
દેશને જ્યારે જબરું સંકટ પડ્યું,
બહાદુરીથી બીડું ઝડપ્યું.

ના કરી પરવા કદી પોતાની,
હૃદયપૂર્વક કરી સેવા બધાની,
લૂછયા આંસુ જે કોઈ રડયું.
બહાદુરીથી બીડું ઝડપ્યું.

પોલીસ કર્મી, ડોક્ટર, નર્સ,
એણે અદા કરી નિષ્ઠાથી ફરજ,
સહુને ઉગારવાનું જુજુન ચડ્યું.
બહાદુરીથી બીડું ઝડપ્યું.

ન સ્વાર્થ ન પરિવાર દેખાય,
રહે એકલા દૂર બેસી ખાય,
આ ત્યાગ, બલિદાન આદર્યું.
બહાદુરીથી બીડું ઝડપ્યું.

કોરોના વોરિયર્સને દિલથી સલામ,
અડગ રહી લોકોનું કરે કામ,
જાલી લીધા સહુને જે કોઈ દડયું.
બહાદુરીથી બીડું ઝડપ્યું.

સ્વચ્છ રાખે શહેર સફાઈકામદાર,
સ્વસ્થ રહે સઘળી છે બજાર,
તંદુરસ્ત જીવન સહુને સાંપડ્યું.
બહાદુરીથી બીડું ઝડપ્યું.

હિમાદ્રી ભટ્ટ - 8758513598 - himabhatt8055@gmail.com

## ૯૬. પરમાત્માને પુકાર

જ્ઞાનોદયના ચિત્ત ઉપર તું એવો પ્રકાશ પાડ,
વિનવું તને હરિવર! કોઈ સંજીવની પહોંચાડ.

લાચારીને માત આપી હું ઝાલું તારો હાથ,
મહામારીને પાર પાડું જો હોય તારો સંગાથ.

છત્રછાયામાં તારી છીએ સુરક્ષા પૂરી પાડ,
અસાધ્ય બીમારીનો અકસીર ઇલાજ તું  પહોંચાડ.

આત્મશક્તિ તો આપી માનવ ચેતન હવે જગાડ,
નજરે પડે એ રીતે તારી મદદ હવે પહોંચાડ.

જીવાત્માઓ કેવા કરગરે, યાચના તું સ્વીકાર,
મહામારી સામે વિજયનો શંખનાદ  પુકાર.

હિમાની કિરણભાઈ શાહ - વ્યારા - ૯૧૭૩૭ ૭૯૫૧૦

## ૯૭. યોદ્ધાને નમન (કૉરોના કાળ સમયે )

લીલી એવી પાનખર ટાણે આંધી ક્યાંકથી આવી,
ખોવાયેલી માનવજાતને ભીતરથી ઠપકાવી.

ભેદી એવા શત્રુના જો પડઘમ છે રેલાયા,
અવની પર દેખાયા આજે મૃત્યુના પડછાયા.

મહામારીના દૈત્યએ આખી પૃથ્વીને  ધ્રુજાવી,
નિ:સહાય માનવીએ અશ્રુધારા ફક્ત રેલાવી.

યોદ્ધા છે બળવાન કે જેણે માનવજાત બચાવી,
કાળમુખી થઇ રાત છતાંયે ફરજ એણે બજાવી.

નતમસ્તક એ યોદ્ધાને, પૃથ્વીને જેણે બચાવી,
વંદન કરે  છે એને તો દેવો પણ શીશ નમાવી.

હિમાની કિરણભાઈ શાહ – વ્યારા - ૯૧૭૩૭ ૭૯૫૧૦

## ૯૮. હું છું કોરોના

હાહાહા, હું છું કોરોના,
રહેશે હવે તારા હાલ, સારા ના,
હાહાહા, હું છું કોરોના,

ઓ ભાઈ કોરોના, તું આવ્યો શા માટે,
તારું શું બગાડ્યું, કે તું પડ્યો મારે માથે,
ઓ ભાઈ કોરોના, તું આવ્યો શા માટે,

હે માનવ, તે અભિમાન આણ્યું,
તારા સામે સૌના જીવનને, ક્ષુલ્લક જાણ્યું,
એટલે જ તો હું, આવ્યો છું અહીંયા,
હાહાહા, હું છું કોરોના,

અચ્છા એમ, તું મારું અભિમાન લલકારીશ,
આવડો નાનો તું, મારું જીવન રગદોળીશ,
તને તો વૈજ્ઞાનિક, હમણાં કચડશે ચપટીમાં,
ભલે રહ્યો તું, કેવોય જબરો કોરોના,

મારી શક્તિને તે ના હજી પહેચાણી,
તને તો હું હવે તારા ઘરે જ બેસાડીશ,
બહાર તો નીકળ, જો તને ઉપર મોકલું ના,
હાહાહા, હું છું કોરોના,

સાચી વાત છે તારી, તારી તાકાત છે ભારી,
ત્રણ મહિના થી મારી ગાડી, રસ્તે ચડી ના,
નોકરી મારી ગઈને, ગયા સ્વજનો પણ કંઈ,
સાચે તું નીકળ્યો માથા ભારે કોરોના,

જોઈને મારી શક્તિ, મને નાનો સમજ ના,
દેખાઈશ પણ નહિ, પણ તારા ઘરે આવીશ હા,
કરતો નહિ તું હોશિયારી, જરાય ના,
હાહાહા, હું છું કોરોના,

તને તો હવે અમે મળી ભગાડશું,
સેનીટાઈઝર વાપરશું, વારે વારે હાથ ધોશું,
સ્વજનોને પણ ખાલી નમસ્કાર કરશું,
પણ તને ના આવવા દેશું અમે ઘરમાં,

અરે ઓ માનવ, તું હજી સુધર્યો ના,
મારી શક્તિને તે હજી જાણી ના,
ઊભો રે, મારા સાથીઓ ને બોલાવું હા,
હાહાહા, હું છું કોરોના,

અરે આ શું, આ તો ધરતી કંપ આવ્યો,
વીજના કડાકે, પાછો વરસાદ પણ આવ્યો,
બચાવો હરિ, ને ઝટ ધરતીને ઉગારો,
આ દુષ્ટ કોરોના ને હવે અહીંથી ભગાડો,

સુધરી તો જા, માનવ, સુધરી તો જા,
ધરતીને તું હવે પ્રદૂષિત કરીશ ના,
જીવન તારું બસ તો જ બચશે હા,
હાહાહા, હું છું કોરોના,

તારી વાત સાચી, મે અભિમાન આણ્યું,
ધરતી માતાનું મે રક્ષણ કર્યું ના,
ભૂલ તો મારી હું સમજ્યો છું હવે હા,
જા જા જા, હવે જા તું કોરોના,
જા ભાઈ જા, હવે જા તું કોરોના.

હિના દવે "હરિ દિવાની", અમદાવાદ - 8849796922

## ૯૯. કોરોના જા જા જા - ગઝલ

બહું હરી લીધાં પ્રાણ  કોરોના  જા જા જા
મજાલ કયાં તારી હાલ કોરોના જા જા જા
બનાવટી લીલા જોઈ તારી  એ ચાલે ના
પર્યોય શું? માનું ખ્યાલ, કોરોના જા જા જા
સટાસટી બોલાવી ઉડાવી દેશું જોજે
સજાગ થા ઓચે ચાલ કોરોના જા જા જા
ઘમંડ છે  તારામાં ઉતારી દઇશું  સાચે
લડાઈ કરવી શું? જાણ કોરોના જા જા જા
રહે નહીં જીવનમાં અમારું એ ઘરમાં પણ
ખરાખરી જંગે આજ, કોરોના જા જા જા
ઉતાર ના મોતે  દોડધામો શું  તું દોડે
બહું જ આવ્યો બેકાર, કોરોના જા જા જા

હિતેશ આર. પટેલ (સાવન) - બારડોલી - ૯૪૦૮૭૪૯૭૭૫

## ૧૦૦. તો જ  વાત કર - ગઝલ

કોરોના વગરની વાત કરવું તો જ વાત કર
ડરવું  ના કદાપી છેક હટવુ તો જ વાત કર
જનતાને ખરેખર તો ધુમાવે જાન જોખમે
સામે છે હકીકત જોઈલે તું તો જ વાત કર
પાત્રો તો હજીયે અવનવાં ભજવે હસી હસી
આખો પણ કહે છે ખાસ ખસવુ તો જ વાત કર
નાં  ઉતરે તને ભેજેય લાગ્યું લેણ દેણ છે
મનમાં શું ભરે તું હોય બીજું તો જ વાત કર
ભૂખ્યો શું થયો છે એજ કોરોના મથાવશે
વારંવાર તોયે દૂર થાવું  તો જ વાત કર
આવે ના ઘડીભર ફેરબદલી કયાંય ઝૂમતો,
કોરોના વગરની હોય થોભુ તો જ વાત કર

હિતેશ આર. પટેલ (સાવન) - બારડોલી - ૯૪૦૮૭૪૯૭૭૫

## ૧૦૧. શું  કરવું અહીં - ગઝલ

જિંદગીનો સાથ શું કરવું અહીં
આમ પણ પાસે નહીં ટકવું અહીં

ના ઈમાને પણ તમાશા આગની
હોશિયારી ખાસ તો મરવું અહીં

વાક કોરોના સજોડે એમનો
સામ સામે જોઈલો વસવું અહીં

હૈસિયત શું લાજ શરમે ગઈ હતી
યાદ શાની પ્રેમથી ખરવું અહીં

એટલી છે ઘર ધમાલો એમની
કમનસીબી જાણતાં પડવું અહીં

લોકડાઉનથી ઉપરમાં ઓળખો
છેદ લાગ્યો લાગણી ખોવુ અહીં

હિતેશ આર. પટેલ 'સાવન' - બારડોલી - ૯૪૦૮૭૪૯૭૭૫

## ૧૦૨. ભૂખે મારતો કોરોના - ગઝલ

ભૂખમરો લાવીને ભૂખે મારતો કોરોના
વાસી થઈ વાયામાતો રાખતો કોરોના

પબ્લિકોમાં શું જોવાતું ભૂખ્યા જનો રોવે છે
વાત કરો કોની મોદી તો વાતનો કોરોના

યાદ કરો કોખો ઉજળી ગઈ છે હજી દાસ્તાનો
ખુલ્લી રાખી છે દેખાતી આઘાતતો કોરોના

ધાડ જ શું મારી છૂટો આપી ગરીબોનું શું
રાહત પેકેજો દઈને તો ચૂભતો કોરોના

બાજી એવી રમવી જનતા તરફ મીઠાશે
ખેલ કરી છૂટો માં શું છે ધારતો કોરોના

વરણાગી ભારોભારે ઓછી થશે સામેથી
ચૂંસી લેશે ખુન પણ જે એમાં ચૂંસતો કોરોના

બદલાતાં સંબંધોમાં સાચાં અર્થમાં હેરાની
જીવનભર આજે તો ઊંધો વાળતો કોરોના.

હિતેશ આર. પટેલ 'સાવન' - બારડોલી - ૯૪૦૮૭૪૯૭૭૫

## ૧૦૩. કોરોના વાઈરસ

હવામાં ઉંચે ઉડતો નીચે છેક પટકાયો છે,
ઈશ્વરે માણસ ને હું સત્તાધીશ એ સમજાવ્યો છે.

સુક્ષ્મ કોરોના વાઈરસ ઝપાટાથી જીવન માં પેઠો,
બહુ બડાશ મારતો માણસ ઉંઘતો ઝડપાયો છે.

કોઈ યાન લઈ ચાંદ પર ગયું તો કોઈ મંગળ પર,
બુધ્ધિશાળી માણસ લોકડાઉન માં ફસાયો છે.

ભારત ચાઈના ઈરાન ઈરાક અમેરિકા બધી જ,
મહાસત્તા નો માણસ  રસી બનાવવા રઘવાયો છે.

હિન્દુ મુસ્લિમ શીખ ઈસાઈ ના ભાગલા પાડતો,
માણસ સર્વ ધર્મ પ્રાથના કરવા પ્રેરાયો છે.

ઈવા પટેલ - અમદાવાદ - 98799 19091

## ૧૦૪. ટાળો

હળવાનું ટાળો મળવાનું ટાળો,
અફવાઓથી  ડરવાનું ટાળો !

કોરોનાએ દોટ મૂકી છે સૃષ્ટિમાં,
ભીડ - ભાડમા ભળવાનું ટાળો !

મુદ્રા 'નમસ્તે' યાદ આવે છે હવે,
હસ્ત ધૂનન  કરવાનું ટાળો !

અતિ જરૂરી જણાય નહીં ,
તો રૂબરૂમાં મળવાનું ટાળો !

લડવું હોય તો કોરોનાથી લડો,
સગા - સ્નેહીથી લડવાનું ટાળો !

સાવચેતીના લઇ ને પગલા,
'શરમાળ' વિવાદે પડવાનું ટાળો !

જગદીશ ગોર 'શરમાળ' - ગાંધીનગર - **94272 08616**

## ૧૦૫. કોરોના બસ ભાગે

દિવસ છોને વરસ જેવડું લાગે,
એમ કરતાં કોરોના બસ ભાગે !

પ્રજાહિત મા નિર્ણય લીધો સાચો;
દીર્ઘ દ્રષ્ટિએ  નથી એ કાંઈ કાચો,
સમય આવ્યો પ્રજા દેશની જાગે ,,,
દિવસ છોને વરસ જેવડું  લાગે !

નાબૂદ થાયે રોગ ચેપી કોરોના;
જાગૃત રહીને તમે જરાય ડરોના,
મન મંદિરે'" હાશ "  ની ઝાલર વાગે,,
દિવસ છોને વરસ જેવડું. લાગે !

પરિવાર ને સમય પ્રેમથી આપો;
દિનચર્યા ને થોડી બદલી નાખો,
વિકટ સ્થિતિ મા રાષ્ટ્ર એટલું માગે
દિવસ છો ને વરસ જેવડું લાગે !

ચેપી રોગ છે સાવધાની તો રાખો:
એકબીજામાં સોશ્યલ ડિસ્ટન્સ રાખો,
લોકબંધી પાર કરીશું મોદીજીના રાગે...
દિવસ છો ને વરસ જેવડું લાગે !

જગદીશ ગોર 'શરમાળ' - ગાંધીનગર - **94272 08616**

## ૧૦૬. કોરોના એક સીખ

"કોરોના" એક સીખ બની,
વસી ગઈ મારી યાદોમાં.

કોરોના શું આવ્યો?
સમયની કિંમત સમજતા શીખ્યા.

અરસ-પરસ થોડું એકબીજાને સહન કરતાં શીખ્યા
ચિંતાનો ટોપલો બાજુ મુકીને,
જીવનના હરેક પળને જીવતા શીખ્યા.

તમે ફીકર ના કરો,અમે છીએ,
એમ આશ્વાસન આપતા શીખ્યા.

એકબીજાની અદેખાઈ વિસરીને,
એક બીજાના પૂરક બનતાં શીખ્યા.

આ ચાર મહિના ઘરે રહીને,
માણસ-માણસ રમતા શીખ્યા.

**જામિની કોન્ટ્રાકટર - 98253 94755**

## ૧૦૭. કોરોના હું તને શું માનું?

દુઃખથી પીડાતા માનવીઓના આસુઓને જાણું ;
કે' આ નવા હસ્તા પર્યાવરણની સ્મિતને માણું !

માનવતામાં ભળેલ આ રાક્ષસીપણાંને તાણું ;
કે' ડૉકટરમાં મળેલ ઇશ્વરદર્શન ભાણું !

પરિવારથી ગયેલા દૂર સભ્યનો ભાર માનું ;
કે' વસ્તા એક પરિવારને જોઇ આભાર માનું !

કર્મ જ ધર્મ છે એવા આ ગીતાના મર્મને માણું ;
એ' ધર્મ માની જીવતા કર્મચારીને સંત જાણું !

સુખકારી કે દુઃખદાયી આ પરિસ્થિતીને માનું ;
થાક્યો હવે, તું જ કહે કોરોના હું તને શું માનું !

ગામીત જતીનકુમાર દિનેશભાઈ - ઈસરોલી - ૯૪૦૯૩ ૦૪૦૦૪
૮૫, સાંઇ સ્મૃતિ રેસીડેન્સી, બસ સ્ટોપની સામે, ઈસરોલી. તા. બારડોલી, જી. સુરત. ૩૯૪૬૨૦.
Jatingamitt@gmail.com

## ૧૦૮. જીવનનો સાચો સંદેશ

અટકી ગયા રસ્તા 'ને કેદ થયો દેશ,
કેમ થયું આવું! લો વિચાર કરું છું પેશ.

ઈશ્વરને થયું ઘણો સમય થયો,
પરિવાર ભેગા થયાનો યુગ ગયો,
નોટો 'ને સિક્કામાં અટવાયા સહુ,
ચાલ, એમના બદલું મન મહીં વેશ.

ભમ્યા જગત સઘળું હરકોઈ,
દોડે પ્રભાતથી નિશા રોઈ રોઈ,
ભોમિયા થઈને વસુધા જોઈ,
હવે શોધ ઘરનો ગમતીલો પ્રદેશ.

કમાયો ઘણું 'ને ગુમાવ્યું ઘણુંઘણું,
ઠોન્સી ઠોન્સીને ભર્યું મારા પણું,
અપેક્ષાઓથી હૈયું કર્યું તે બમણું,
કલ્પ, જીવ જીવનનો સાચો સંદેશ.

કલ્પ...

જય દિવ્યાંગ દીક્ષિત – સુરત - 99091 09750

## ૧૦૯. કોરોના કોરોના

કોરોના કોરોના
ના ના ના
બહાર ના જાઓ,    અહીં ના અડો
હાથ ધૂઓ, માસ્ક પ્હેરો
આ બધું તો સાચું
પણ ........

મારી નાની અદિતીને
અંતરમા, રાખીને અંતર
વ્હાલે ભેટી ચૂમી
એ તો ના સહેવાતું
વડીલપણાનું વજન આ !

કોરોના કોરોના
ના ના ના
તું જા જા જા

**જયશ્રી હે. દેસાઈ - અમદાવાદ - ઉંમરઃ 75- ૯૪૦૮૭૧૩૨૮૨**

## ૧૧૦. સંવેદના ભીતરની

અવની ઝૂરે છે...
માનવ રખડે છે...
પુર,પ્રદુષણ,વાવાઝોડું...
અમાનુષી કૃત્યો....
કંઈ કેટલુંય ભીતરે
ગુંગળાય છે...
કહેર બનીને આવેલા
કોરોનાએ માનવગણને
લજવ્યો છે....
છેલબટાઉ સમય
લોકડાઉન બનીને
ધરાને ઉજાળે છે...
કુદરતની વ્હારે આવે છે...
ધરતી હરખાય છે...
પવન મસ્ત બની
લહેરાય છે....
પશુ-પક્ષીઓનો
કલબલાટ સંભળાય છે....
ને માનવ મહેરામણ
ઘરની ચાર દિવાલોમાં
જકડાય છે...
ભૌતિક સુખ સગવડમાં
રચ્યો પચ્યો રહેતો
એકલતાથી પીડાતો માનવ
ઘરે પાછો વળે છે....
પરિવારમાં પકવાનો
બને છે...

વિખેરાયેલા કેટલા
માળાઓ લાગણી ને
હૂંફની છત્રછાયામાં
એક થાય છે...
કોરોના વાયરસ આવ્યો ને
લોકડાઉન લાવ્યો...
સાથે આવ્યા...
પંખીઓના કલરવ..
કુદરતનો રાજીપો ને
મૃત્યુના અખાડે બાથ
ભીડતો...તડપતો માનવ...
કોરી ખાતી સંવેદના
ભીતરે સારુ કે ખરાબ?
સમજવું શું???

જીગીષા દેસાઈ – સુરત - ૯૯૨૫૫૫૫૨૦૫

## ૧૧૧. મહામારી કોરોના

કોણ જાણે કેવી આ મહામારીના દિવસ છે.
એક એક દિવસ જાણે એક એક વરસ છે.

હવે લોકો હાય હેલો કેમ છો નથી પૂછતા કોઈને
મળે ત્યારે પૂછે છે શરદી કે ઉધરસ છે?

મિત્રો ગમે તે રીતે કાઢી લો લોકડાઉન અને અનલોક ને
પછી તો સામે તમારું આખુંયે જીવન સરસ છે

અત્યારે ના મળી શકીએ એનો અફસોસ ના કરો
તમે સલામત રહો એ જ મારે માટે બસ છે

હવે તો દોસ્તો સંભાળીને રાખજો પોતાની જાતને
કેમ કે મારો દરેકે દરેક દોસ્ત એક પારસ છે.

આખી દુનિયાને જેણે ઊથલ પાથલ કરી નાખી "સંગત"
તે વૈશ્વિક મહામારી નું નામ કોરોના વાયરસ છે

જીગ્નેશ ક્રિસ્ટી 'સંગત'- પેટલાદ - **99049 44359**
**B/14** આશાપુરી રેસીડેન્સી,
ઈસરામા રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦

## ૧૧૨. કોરોના કાળ ઉપર ગઝલ કરી નાખી

કોરોના એ  તો જગમાં  ભારે હલચલ કરી નાખી,
આખી દુનીયા ને એણે ઊથલ પાથલ કરી નાખી.

જેઓ માનતા હતા કે લાંબુ આયુષ્ય ભોગવીશું અમે,
તેમની જિંદગી પણ કોરોના એ પલ પલ કરી નાખી.

ઘણાયે સમજુ ને અભિમાન હતું કે અમે છીએ તો બધું છે,
પણ કોરોના એ તો  તેવા સમજુઓની જાત પાગલ કરી નાખી.

ચીનનું ઘણું યે નકલી ફરતું હતું આ જગત મહીં,
એ બધું પાછું મોકલી ને દુનિયા આખી અસલ કરી નાખી.

કોરોના તને અભિશાપ કહું કે વરદાન કહું સમજાવ,
ગરીબોની જન્મ અને મરણની સમસ્યાઓ હલ કરી નાખી.

કોરોના કાળ ઉપર કાવ્યો લખવાની હોડ જામી હતી 'સંગત',
એમાં મેં પણ કોરોના કાળ ઉપર ગઝલ કરી નાખી...

**જીગ્નેશ ક્રિસ્ટી 'સંગત'- પેટલાદ - 99049 44359**
B/14 આશાપુરી રેસીડેન્સી,
ઈસરામા રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦

## ૧૧૩. કોરોનાની વૈશ્વિક સફર

કોરોના તું તો ચીનથી નીકળીને વૈશ્વિક સફર કરી આવ્યો મફતમાં,
અને તારી સાથે કંઈ કેટલીયે બીમારી અને મુશ્કેલી લાવ્યો મફતમાં.

તને કાબુમાં કરવા પહેલાથી જ સખત લોકડાઉન ની જરૂર હતી,
પણ એવું ન થયું એના પરિણામે તું વધારે ફાવ્યો મફતમાં.

જેને તું થયો છે એ બધાને તે હેરાન પરેશાન જ કર્યા છે,
એટલે એમ કહી શકાય કે કોઈને ય તું ન ભાવ્યો મફતમાં.

સમયસર તું અટકી ગયો હોત તો આ દુનિયાને વધુ નુકસાન ન થાત,
પણ સાચું કહું તો તને કોઈએ પણ ન અટકાવ્યો મફતમાં.

કોરોના તને ભવિષ્યમાં યાદ કરવા વિશેષ મહેનતની જરૂર નથી 'સંગત',
કેમકે એના માટે તો કોરોના કાળમાં લખાય છે મહાકાવ્યો મફતમાં..

**જીગ્નેશ ક્રિસ્ટી 'સંગત'- પેટલાદ - 99049 44359**
**B/14 આશાપુરી રેસીડેન્સી,**
ઈસરામા રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦

## ૧૧૪. ફેલાઈ રહ્યો છે કાળ

સમગ્ર વિશ્વમાં ફેલાઈ ગયો છે કોરોના કાળ બનીને,
તમે જ્યાં પણ  જાઓ એ મોજુદ જ છે જાળ બનીને.

ભેગા થવું પ્રસંગો ઉજવવા  એ બધું ભૂલી જાવ,
એ બધીય વાતો હવે રહી ગઈ ભૂતકાળ બની ને.

સબંધો ગમે તેવા હોય એ હવે તુટવા માંડ્યા છે મિત્રો,
જેમ પાણી ગરમ થાય અને ઉડી જાય છે વરાળ બનીને.

બંધ તૂટે અને પાણી વહે એમ ઝડપથી ફેલાઈ રહ્યો છે કોરોના,
હવે તારો જ સહારો છે ભગવાન તુજ બચાવ પાળ બનીને.

જેમ જેમ સમય વધે છે તેમ એ પણ વધતો જ જાય છે 'સંગત',
હવે દિવસે ને દિવસે સામે આવી રહ્યો છે કોરોના વિકરાળ બની ને...

જીગ્નેશ ક્રિસ્ટી 'સંગત'- પેટલાદ - **99049 44359**
B/14 આશાપુરી રેસીડેન્સી,
ઈસરામા રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦

# ૧૧૫. જીવન બચે સાવચેતથી

જખ્મોથી જગ તકલીફ આજે તો વધી ગઈ છે,
સાચું બોલું તો જિંદગી થોડી ડરી ગઈ છે.

જીવન બચે છે સાવચેતીથી જગતમાં આજ,
ના ધ્યાન રાખ્યું તો સફર એની સમી ગઈ છે.

આદેશ ઉલંઘન બધાને ભારે પડશે ભાઈ !
જગથી ઘણીયે જિંદગી પાછી વળી ગઈ છે.

આજે ફરજ જે જે નિભાવે જંગથી કમ ક્યાં?
જાણ્યું છે એક જોડી ફરજ કરતાં મરી ગઈ છે.

ક્યાં કોણ લઈને બેઠું આજે રોગ સમજણ ના,
તુજ અણસમજની દોડ તો ભારે નડી ગઈ છે .

હા! શંકા પણ ના રાખ સેવાકર્મી પર આજે,
એ છે તો આજે કેટલી જાનો બચી ગઈ છે.

ભેંકાર છે શેરી અને આજે ગલીઓ પણ,
આ રીતે વર્ત્યા ના તેની કબરો બની ગઈ છે.

આ ડર વધારે તો રિબાવાની દશાનો છે,
સમજો ઘણાને હાથથી બાજી સરી ગઈ છે.

જીગ્નેશ ક્રિસ્ટી 'સંગત'- પેટલાદ - 99049 44359
B/14 આશાપુરી રેસીડેન્સી,
ઈસરામા રોડ, પેટલાદ - ૩૮૮૪૫૦

## ૧૧૬. સહદેવ જેવી છે દશા

સહદેવ જેવી છે દશા જ્ઞાની વધું પીડાય છે,
ને મોત અજ્ઞાની લાવે ને આગે ઘી હોમાય છે.

જો કાલ જોવી હોય તો આજે છોડી દો ઊંઘને,
બાકી તમારી ગફલતે જીવન મરણ થઈ જાય છે.

જીવન તમારું ને બીજાનું છે તમારા હાથમાં,
ઘરમાં રહો તો ઠીક ,બાકી મોત પગરણ થાય છે.

ઈલાજ જેનો ના મળે ત્યાં સાવચેતી જિંદગી,
બાકી નાસમજીમાં જીવન ખુદ પગ તળે કચડાય છે.

રાહત હવે થોડા અલગ થાવાથી મળશે જગમાં આજ,
આજે બધે જીવન અલગ થાવામાં તો દેખાય છે.

**જિજ્ઞેશકુમાર ડી. ત્રિવેદી 'પ્રકાશ' - જિ. અમદાવાદ**
**96627 49582**

## ૧૧૭. પોતપોતાના ઘરે

પોતપોતાના ઘરે  આજે બધા **set,**
ગાલગાગા ગાલગાગા ગાલગાગા
જગને તો ભારે પડ્યા આજે નાના **bat.**

કાયા છે મૂડી હવે તું સાચવી રાખ,
લૉકડાઉનમાં થયો તું **thin**થી **fat.**

કાચા ઘર તૂટી ગયા વંટોળે જ્યાં આજ,
ને  ઘણા સંબંધો ભાગ્યા **this**થી **that.**

છાનોમાનો કર હવે ઘરમાં રહી યાદ,
કોઈને માફક હવે આવે ના આ **date.**

ચાંદ ના જોયો  ના જોયો ઢળતો તે સૂર્ય
આ સમયમાં સારો લાગે ચાંદ' **sunset.**

ઘરમાં ચાલે  પકડાપકડી તો કેવી  આજ!
જેમ દોડે **rat**ની પાછળ પાછળ **cat.**

દૂરતા પ્રિયજનથી ને ત્યાં એક આધાર,
શ્વાસ જેવો આશરો લાગે આજે **net.**

જિજ્ઞેશકુમાર દેવેન્દ્રકુમાર ત્રિવેદી 'પ્રકાશ' - જિ. અમદાવાદ
**96627 49582**

## ૧૧૮. લોક ડાઉન

ભારી ભરખમ શબ્દો સાથે આવ્યું  જૂઓ આ લોક ડાઉન,
સાથે સન્નાટો ફેલાવી પાળ્યું જુઓ આ લોક ડાઉન.

અજવાળાની આશામાં, ડર, ચિંતા, અંધારે જીવી,
બસ ડેપો, ટ્રેનો બંધ કરી, ચાલ્યું જુઓ આ લોક ડાઉન.

શ્વાસો રૂંધી પૂરી દુનિયામાં ય મચાવ્યો હાહાકાર ને,
જનતાને  કરફ્યુથી ઘરમાં લાવ્યું જુઓ આ લોક ડાઉન.

સૂની સડકો, ભરચક ઘર ત્યાં ઓળખ સાચી થાતી આજે,
નજર કેદ થઈ સૌ એ આજે  ટાળ્યું  જુઓ આ લોક ડાઉન.

થોડા દિ'ની વાત છે  કવોરોન્ટા ઈન કરી દો આજે સૌ,
સ્વસ્થ નિરોગી સૌને જોને ફાવ્યું  જુઓ આ લોક ડાઉન.

**"કાજલ" કિરણ પિયુષ શાહ - અમદાવાદ - 90163 18619**

## ૧૧૯. શું સાચ્ચે લોકડાઉન છે?

આ બધા કહે છે કે લોકડાઉન છે,
પણ ઘરમાં બેઠા બેઠા અંતર ને પૂછો,
શું સાચ્ચે લોકડાઉન છે ??????
વહેલી સવારે ઉઠીને જુઓ,
સૂરજ ને ક્યાં કોઈ લોકડાઉન છે.
વર્ષ માં એક વાર વપરાતી અગાસી ઉપર
એક આંટો તો મારો ચાંદા-સૂરજ ને
ક્યાં કોઈ લોકડાઉન છે.
વાહનો ના ઘોઘાટ માં ખોવાઈ જતા કલરવ
ને માણો, પક્ષીઓ ને ક્યાં કોઈ લોકડાઉન છે.
આ હવા એટલી ચોખ્ખી કે મેઘરાજા
વગર સીઝને ફરવા નીકળ્યા હતા તો
પછી આ વાદળો ને ક્યાં કોઈ લોકડાઉન છે.
વ્યસ્તતા ના બોજ હેઠળ દબાયેલા સંબંધો
જાણે મુક્ત થયા છે,આ લાગણીઓ ને
ક્યાં કોઈ લોકડાઉન છે.
ચારે તરફ ચકચાર અને ભય ભલે ને હોય,
ઉમ્મીદ ને ક્યાં કોઈ લોકડાઉન છે,
ઉમ્મીદ ને ક્યાં કોઈ લોકડાઉન.

ડેરિયા કાજોલ રમેશભાઈ – સુરત - **94997 88525**

## ૧૨૦. ખોટો દમ મારે છે

કોઈને તો ખોટો દમ મારે છે,
ક્યારે ખૂશી ક્યારે ગમ મારે છે,

કર્મોની ગતિ ન્યારી છે જીવનમાં,
કોઈને ના કોઈ જમ મારે છે,

એ રોજે આવીને ચાલી જાયે,
યાદો શુ એની પણ કમ મારે છે,

આવે જો મૃત્યુ તો હમણાં આવે,
મૃત્યુથી વધુ એના સમ મારે છે,

આ કોરોના શું મારી શકવાનો,
પ્હેલુ ઊઠાવેલ કદમ મારે છે...

**કલ્પેશ શાહ 'કલ્પા' - અમદાવાદ - 95749 90787**

## ૧૨૧. બેટો ગુમાવ્યો છે બાપે

બેટો ગુમાવ્યો છે બાપે,
ઓ ! કોરોના તારા પાપે,

ચાલી માણસ રસ્તો કાપે,
ઓ ! કોરોના તારા પાપે,

વૈજ્ઞાનિકો મંત્રો જાપે,
ઓ ! કોરોના તારા પાપે,

ઉંદર માર્યો ઝેરી સાપે,
ઓ ! કોરોના તારા પાપે,

તારા વાવડ છાપે છાપે,
ઓ ! કોરોના તારા પાપે,

માણસ માણસ અંતર માપે,
ઓ ! કોરોના તારા પાપે...

કલ્પેશ શાહ 'કલ્પા' - અમદાવાદ - 95749 90787

કોરોના મહામારીને કારણે દેશભરમાં થયેલા લોકડાઉનના કારણે પોતાના વતનમાં જવા નીકળેલા મજદૂરોની વ્યથા રજુ કરતી ગઝલ..

## ૧૨૨. ચાલવા એ મજબૂર છે

ઘેરથી એ જેટલા પણ દૂર છે,
ચાલવા એ એટલા મજબૂર છે,

છેવટે કઈ પણ મળ્યું ના તેમને,
આ મહેનત તો કરી ભરપૂર છે,

રાહ જુએ છે વતનમાં એમની,
જેમની આંખોનું એ તો નૂર છે,

આ શહેરોની છે માયા આંધળી,
નીકળી ખાટી અહીં અંગૂર છે,

આવશે પાછા એ કયારે નહિ ફરી,
આજ ચાલી નીકળ્યા મજદૂર છે.

કલ્પેશ શાહ 'કલ્પા' - અમદાવાદ - 95749 90787

## ૧૨૩. વીતી જશે

વીતી જશે, વીતી જશે.
મુશ્કેલી બહુ છે પરંતુ સમય પણ તો છે.
જીવતાં રહેવાનું નક્કી તો છે ! પાછું ઊભરી અવાશે.
વીતી જશે, વીતી જશે....
માન્યું કે મોત ચહેરો બદલી રહી છે,
માન્યું કે રાત ખાલી છે, ગહરાઈ છે, ભયાનક છે.

લોકો દરવાજા પર, રસ્તા પર રોકાઈને બેઠાં છે
કોઈ ગભરાયેલા, અકળાયેલા, છુપાઈને બેઠાં છે,
પરંતુ વિશ્વાસ રાખો કે આ બસ સમય છે,
બે પળમાં વિખેરાઈ જશે
જીવવા માટે જે જસ્બા છે, તે પાછો અસર લાવશે
મુશ્કેલી બહુ છે પણ સમયનું તો નક્કી જ  છે !
વીતી જશે, વીતી જશે....

બજાર ખાલી, સડકો ખાલી, મહોલ્લા સૂના વિરાન છે,
બધી તરફ લોકો પરેશાન છે
આ જે કોરોના દુનિયાને હરાવવા આવ્યો છે એ નાસમજ છે,
માણસને હરાવવું અસંભવ છે.
ઇતિહાસ સાક્ષી છે, આ મામલો ય સુધરી જશે.
વીતી જશે, વીતી જશે.
મુશ્કેલી બહુ છે પરંતુ સમય પણ તો છે.
વીતી જશે, વીતી જશે...

- કલ્યાણી વ્યાસ - અમદાવાદ - ૮૧૬૦૯ ૯૦૬૮૬

## ૧૨૪. કોરોનાની કપરી દેન છે

થયું છે બધું જ ખુલ્લું ને જીવન બંધ છે,
કોને કહેવું આતો કોરનાની કપરી દેન છે.
ચારેકોર હાહાકાર છે અને મો બંધ છે,
હાથ ફેલાવવા છે પરંતુ મુઠ્ઠી બંધ છે.
તમામ ધર્મસ્થાનો ભલેને હજુય બંધ છે,
પરંતુ ઇશ્વર પરની શ્રદ્ધા તો અકબંધ છે.
સેવાના નેજાનો  રંગ હંમેશા ધર્મથી પર છે,
આ સેવકોને તો  વંદન ને સો-સો સલામ છે.
વધ્યા છે માનવીઓ વચ્ચેના અંતર ભલેને ,
પણ માનવીઓ વચ્ચેની લાગણી  નિરંતર છે.
જે  જાળવે છે બે ગજ અંતર ને માસ્ક પહેરે છે,
બસ હવે  એજ સર્વથા સ્વસ્થ અને હેમખેમ છે.

કમલેશકુમાર કે. ભટ્ટી "ચલાલિયન"
ચલાલા, જિ. અમરેલી - મો.9328073643

## ૧૨૫. કોરોનામાં ભણતરની વ્યથા

પપ્પા મારે સ્માર્ટ ફોન જોઈએ, કહેતી એ દિકરી નાની,
અંતરિયાળ ગામની, એ તો ઘરે દીવાના અજવાળે વાંચતી..

બેટા તને ફોન તો હું લાવી દવ, પણ કરીશું ક્યાં એ ચાર્જ,
આપણાં ગામમાં ન દીઠે ક્યાંય વીજળી કે નથી નેટ આજ..

મૂંઝાયો બાપ આજે શું કરૂ હું મારી આ દિકરી કાજ,
ભણતર બગાડું કે લઉં ડીજીટલ ઇન્ડિયા કેરૂં નાઝ..

અટકાવું  ભણતર તો બનું ગુનેગાર હું સમાજનો,
અને લાવું મોબાઈલ તો રહી જાય એતો માત્ર શોનો..

છાત્રાલય-સ્કૂલો બંધ થયા અને થયું ઓનલાઈન ભણતર,
કોરોના કેરા રાજમાં, લાચાર બન્યા આજ માવતર..

નિત્ય વહ્યા કરે એ વિવશ આંખોમાંથી અશ્રુની ધાર,
નથી રહ્યું કામ હવે, અને ખૂટ્યા ધાન્યનાં પણ ભંડાર..

કોઈ તો રસ્તો દેખાડો આ દરેક વાલીની વ્યથાનો,
નહીં તો નક્કી રૂંધાઈ જશે અભ્યાસ આવી દિકરીઓનો..

રૂંધાઇ જશે અભ્યાસ આવી દિકરીઓનો..
રૂંધાઇ જશે અભ્યાસ આવી દિકરીઓનો..

**કમલેશ નાયક (કમલ) - નવસારી - ૯૮૭૯૬૭૪૯૨૨**

# ૧૨૬. વેદના

શ્રમિકોની વેદનાને જોઈ નજીકથી,
દૂર હતા જયારે તેઓ વતનથી....

ચાલ્યા કોઈ પગપાળા હજારો માઈલો,
તો કોઈએ સહારો લીધો સાઇકલનો...

ટ્રાન્સપોર્ટ સુવિધા કામ ન આવી કોઈ,
સૌનું હ્રદય દ્રવ્યું દ્રશ્ય આ કરુણ જોઈ...

એક પદયાત્રા હતી આઝાદી સમયની,
આ બની ગઈ કોરોના સમયની....

સમજાયું નહીં કેમ વિષાણું આટલો હાવી થયો?
ચંદ્ર-મંગળની વાતો કરનાર માનવી પણ હારી ગયો...

કેડે છોકરું ને માથા પર સામાન, હતો આકરો સૂર્યનો તાપ,
નારી તું  તો છે જ મહાન, ન છોડ્યું ચાલવાનું તોય આવ્યું બાળ નવજાત...

માનવી-માનવીની નજીક આવતા લાગ્યો હતો હવે ડરવા,
જાત સિવાય હવે કોઈ કોઈની નથી કરતું હવે પરવા....

ભૂખ-લાચારી-વિવશતા-બાળકોનું રુદન હતું બધું મજબૂરીથી,
જયારે શ્રમિકોને રસ્તે ચાલતા જતા જોયા મે "નજીકથી"

હે માનવ તું ડરીશ નહીં, કે ન હારીશ હિંમત છે મને તુજ પર વિશ્વાસ,
પગ કપાયા પછી પણ એવરેસ્ટ સર કરનારને મે નજીકથી જોયા છે....

કમલેશ નાયક "કમલ" નવસારી - 98796 74922

## ૧૨૭. વાત એ સાબિત થઈ છે

વાત એ સાબિત થઈ છે આ બીમારીમાં હવે
સ્વાસ્થ ને પરિવાર છે સાચી કમાણીમાં હવે
જે પ્રજા સામે જગત અહોભાવથી જોતું હતું,
એ પ્રજાની આજ ગણના છે બિચારીમાં હવે.
જીતવા આં જંગ થોડી સાવધાની રાખજો,
સ્હેજ પણ ના રહેવું ખોટી હોશિયારી માં હવે.
હાથ જોડો, હાથ ધોવો ટેવ એવી પાડજો,
સ્વચ્છતાની ટેવને ગણજો ખુમારીમાં હવે.
કોણ છે સાચા હિરો, એ વાત સમજાઈ ગઈ,
આવશે સાચા હિરો ભાવિ કહાનીમાં હવે.
બસ હવે પાછા વળો, કુદરતની સામે ના લડો,
આ ધરાને સાચવો, સમજી વહાલી માં હવે.

કમલેશ વ્યાસ - વડોદરા - 99989 77077

# ૧૨૮. હાહાકાર મચાવે કોરોના

હાહાકાર મચાવે કોરોના,
સૌને રોજ ડરાવે કોરોના..

માસ્ક બાંધે છે મોંઢે સૌ,
નાચ કેવા નચાવે કોરોના.

માણસ ડરે છે માણસથી,
આતંક કેવો ફેલાવે કોરોના.

ઘરમાં પુરાયા છે સૌ કોઈ,
ને દુનિયા બંધ કરાવે કોરોના.

સવાલ સૌ પુછે છે એક જ,
હવે શાને તું રડાવે કોરોના?.

કાનજી ગઢવી..
મુન્દ્રા- કચ્છ - -૮૩૨૦૨૫૨૬૨૭

# ૧૨૯. મારી વાત ના ભૂલાય

હવે આ કોરોનાનો કહેર ના સહેવાય મારા ભાઈ
આ કોરોનાને હવે મજાકમાં ના લેવાય મારા ભાઈ

ઘરની બહાર નીકળો કે જાવો તમે ભલે બજારમાં
માસ્ક વિના કોઈ જગ્યાએ ના ફરાય મારા ભાઈ

ગમે ત્યાં જાવો તો લોકોથી રાખજો જરૂરી અંતર
સોશ્યલ ડિસ્ટન્સનો નિયમ ના ભુલાય મારા ભાઈ

સર્દી,ઉધરસ,ખાંસી આવે તો નાકે રૂમાલ રાખવો
મસાલા ખાઈને જયાં ત્યાં ના થુંકાય મારા ભાઈ

સગા,સબંધીઓ કે હોય મિત્રો તો કરવા વંદન
સામે મળે એને હાથ ના મિલાવાય મારા ભાઈ

હાથ ધોવા સાબુને સેનેટાઈઝરનો કરો ઉપયોગ
બહાર જાવ તો જયાં ત્યાં ના અડાય મારા ભાઈ

ગરમ પાણી પીવો,લીંબુ શરબત પીવાનુ ના ભૂલો
ફ્રીઝનું ઠંડુ પાણી ને પીણા ના પીવાય મારા ભાઈ

ઘરનું જ ખાવાની ટેવ પાડો ને ઠંડુ ખાવાનું ટાળો
બહારનું હોટલનું ફાસ્ટફૂડ ના ખવાય મારા ભાઈ

ઘરમાં પરિવાર સાથે કરો મોજમસ્તીને ઉજાણી
મેળા,પિકનિક,પ્રવાસમાં ના જવાય મારા ભાઈ

આજે કોરોનાનાં સંકટ સામે રાખજો સાવચેતી
કનકની આ વાત જોજો ના વિસરાય મારા ભાઈ

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**
**હાસ્ય કલાકાર/બાળકવિ 9737573683 / 9825456085**

## ૧૩૦. જોજો મારા ગુજરાતીઓ

(ઢાળ-લગ્ન ગીત)-એક વાગ્યો બે વાગ્યા વાગ્યા સાડા તૈણ

ચીન આયુ, ઈટલી આયુ, ભારતમાં આયુ ભઈ
આ કોરોનાથી ચેતજો નહીં તો પ્રાણ જશે લઈ

દિલ્હી આયુ પંજાબ આયુ ગુજરાતમાં આયુ ભઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

ઘરમાં રેજો..ટી.વી જોજો બહાર નીકળતાં નઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

હાથ ધોજો... સ્નાન કરજો જયાં ત્યાં અડતાં નઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

ઘરમાં બેસો, રમત રમજો, ખોટા આંટા મારતા નઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

ચા પીજો,કૉફી પીજો,બહાર ચેપ લેવા જતાં નઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

કેરમ રમજો,કૂકે રમજો, ક્રિકેટ રમવા જતાં નઈ
જોજો મારા ગુજરાતીઓ મારી વાત ભૂલતા નઈ

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**

હાસ્ય કલાકાર/બાળકવિ **9737573683 / 9825456085**

## ૧૩૧. કોરોના પર ખિજાયો મચ્છર - (બાળગીત)

મચ્છરભાઈ તો કોરોના પર બહુ ખિજાયા
આખા જગતનાં લોકોને તે બહુ બિવડાયા

અમે તો ડંખ મારીને કરીએ છીએ મલેરિયા
તું તો ડંખ માર્યા વિના માનવોને બહુ મારિયા

કોરોના તે તો જગતમાં મચાવ્યો કાળો કેર
માનવો સાથે તારે કયાં ભવનું લેવાનુ છે વેર?

સ્વચ્છતા ના રાખે તેને બિમાર કરીએ ભાઈ
અમે મલેરિયા મટી જઈએ કલોરોફીલ ખાઈ

તારી તો દવા નથી શોધાઈ તુ કેવો બેરહેમ?
આજ તુ માનવો ને ઘરમાં રમાડી રહ્યો ગેમ

મારૂ કહેવુ માન તું માનવજાત પર કર દયા
તારા કહેરથી કેટલાય યમલોક પહોંચી ગયા

બાળકો ને વૃધ્ધોનો વિચાર કરી વળ પાછો
મારા ભઇ કોરોના જગને ના બનાવીશ લાશો

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**
હાસ્ય કલાકાર/બાળકવિ 9737573683 / 9825456085

# ૧૩૨. વાહ રે વાહ કુદરત

વાહ રે વાહ કુદરત તારી લીલા
21 મી સદીનાં માનવીનાં મોઢા કરી દીધા વીલા
વાહ રે વાહ કુદરત તારી લીલા

મંદિર,મસ્જિદ,ચર્ચ બંધ થયાને માનવ થયા એક
કોરોનાનાં કહેરે માનવતાની જગમાં ફેલાવી મહેક
કુદરતની સામે મંગળ ઉપર મૂકેલ પગ થયા ઢીલા
વાહ રે વાહ કુદરત તારી લીલા

શોધને ટેકનોલોજી કોરોના સામે ના આવી કામ
કુદરત સામે ખોખલા પડ્યા માનવીનાં હાડચામ
માનવીની બુદ્ધિને ઘમંડનાં કુદરતે કર્યા લીરેલીરા
વાહ રે વાહકુદરત તારી લીલા

કયારેક બહાર તો કયારેક ઘરમાં ખેલાવ્યાં ખેલ
વર્ષો પહેલાં શાસ્ત્રોએ આવનારી ઘટના ભાખેલ
કનક કહે હજુય સમજી જાજો કુદરતની લીલા
વાહ રે વાહ કુદરત તારી લીલા

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**
હાસ્ય કલાકાર/બાળકવિ 9737573683 / 9825456085

## ૧૩૩. કોરોનાએ વર્તાવ્યો કાળો કેર

કોરોનાએ જગત પર આજે વર્તાવ્યો કોળો કેર
કોરોનાએ આજે લોકોનું જીવતર કરી નાખ્યું ઝેર

માણસ આજે કોરોના વાયરસ સામે થયો લાચાર
ફેશન,વ્યશનને દેખાદેખીથી પોતાના પર કર્યો વાર
આ ચેપી વાઈરસથી માણસો મરી રહ્યા છે ઠેરઠેર
કોરોનાએ જગત પર આજે વર્તાવ્યો છે કાળો કેર

નવી શોધો ને ઈચ્છાની ભૂખે માણસ ભૂલ્યો ભાન
નિર્દોષ પશુ પંખીઓનાં સ્વાદ માટે લઈ લીધા પ્રાણ
કુદરતે આપ્યા એંધાણ પણ મનુષ્યમાં ના પડ્યો ફેર
કોરોનાએ જગત પર આજે વર્તાવ્યો છે કાળો કેર

આજ હજારો લોકોને ભરખી ગઈ આ મહામારી
કોરોનાની દવા શોધવા 21મી સદીની દુનિયા હારી
મહાસત્તા વાળા પણ આ રોગથી થઈ ગયા છે ઢેર
કોરોનાએ જગત પર આજે વર્તાવ્યો છે કાળો કેર

વૈજ્ઞાનિકોને પણ નથી મળતો આજ રોગનો તોડ
આ યુગમાં ચિંતા ને દહેશતનો કેવો આવ્યો મોડ?
પ્રભુને એટલી પ્રાર્થના કે હવે અમારા પર કર મહેર
કોરોનાએ જગત પર આજે વર્તાવ્યો છે કાળો કેર

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**

**હાસ્ય કલાકાર/બાળકવિ 9737573683 / 9825456085**

## ૧૩૪. પક્ષીઓ પૂછે કોરોના શું છે? (બાળગીત)

ચકલી પૂછે કાબરને આ
કોરોના શું છે મારા ભાઈ?
આ માનવ જાત આજ
આટલી બધી કેમ ગભરાઈ?
કલકલિયો પૂછે તેતરને
મોઢે બાંધ્યા છે કેમ રૂમાલ?
આ લોકોનાં ચહેરાનાં
આજ કેમ થયા આવા હાલ?
પોપટ કહે મોરલાને
મનુષ્યમાં ચિંતા કેમ ફેલાઈ?
આ માનવ જાત આજે
આટલી બધી કેમ ગભરાઈ?

હોલો પૂછે દરજીડાને
હાથ ધોવે છે કેમ વારંવાર?
કબૂતર કહે બૂલબૂલને
ટેકનોલોજીની થઈ છે હાર
ચીબરી કહે ઘૂવડને
શાળા,મૉલ કેમ બંધ કરાઈ?
આ માનવ જાત આજે
આટલી બધી કેમ ગભરાઈ?

સમડી પૂછે સુગરીને
માનવ મરે છે કેમ ટપટપ?
કોયલ કહે ગીધરાજને
ખોટી મૂક કાચબાની લપલપ
ચતુર કાગડો ત્યાંતો બોલ્યો
જગમાં આની દવા ના શોધાઈ
આ માનવ જાત આજે
આટલી બધી કેમ ગભરાઈ?

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**

## ૧૩૫. કોરોનાની ચકલીનાં બચ્ચાને સલાહ (બાળગીત)

મમ્મી કહેતી ચકલી બેટા
કોરોનાથી સાવચેત રહેવાય
આ વાયરસ છે ભયંકર
થોડી સાવધાની બેટા રખાય

તાવ આવે ગળામાં ખારાશ
માથુ દુખાયને સર્દી થાય
તરત જ હાથી ડોકટરની
સલાહને દવા લેવા જવાય

સર્દી થાય ને આવે છીંક તો
રૂમાલનો ઉપયોગ કરાય
હાથ રાખજે સ્વચ્છને ચોખ્ખા
સાબુથી વારંવાર ધોવાય

ઘરનું બનાવેલુ બેટા ખાવુ
બહારનું ખાવાનું ટળાય
મારુ કહેવુ તો માનજે બેટા
કોરોનાથી આ રીતે બચાય

ચકલીનું બચ્ચુ બોલ્યુ મમ્મી
તારી વાત કદી ના ભૂલાય
આપણે નથી મનુષ્યની જાત
કે વારંવાર સમજાવાય

**કનુજી કેશાજી ઠાકોર (કનકસિંહ)**
હાસ્ય કલાકાર/બાળકવિ **9737573683 / 9825456085**

## ૧૩૬. કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર...

કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર
કોરોનાના કહેર સામે કર્યો છે પ્રહાર
કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર

ડૉક્ટર,નર્સ,પોલીસ અને સફાઇકામદાર,
વાજબી ભાવના દુકાનદાર ને કર્મચારી મહાન.
ખડેપગે દેશસેવા કરે,થાકે ના લગાર
કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર

કોરોના યોદ્ધાઓ પર ઉગામીએ ના હથિયાર,
ભેદભાવ વિના સેવા કરતા આપીએ એમને સહકાર.
'ઘરમાં રહેજો, સુરક્ષિત રહેજો' અપનાવીએ વિચાર
કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર

જીવના જોખમે લડ્યા કરતા જુવે દિવસ કે ના રાત,
સહકાર આપીશું ને સાંભળીશું સૌ આપણે એમની વાત.
કોરોનાનો એક દિવસ તેઓ જરૂર કરશે સંહાર
કોરોના યોદ્ધાઓને વંદન છે હજાર

**કૌશલ સુથાર - મુ.પો. મુદરડા,**
**તા.જોટાણા, જિ.મહેસાણા ૯૭૨૪૨ ૦૨૨૨૯**

## ૧૩૭. અચાનક છુટ્ટી કેમ પડી ગઈ?

આ અચાનક છુટ્ટી કેમ પડી ગઈ?
કોરોના આવ્યો છે, ભાઈ
પપ્પા કેમ ઓફિસ નથી જતા?
કોરોના આવ્યો છે, ભાઈ
બધા ઘરમાં કેમ પુરાઈ રહેવાનું?
કોરોના આવ્યો છે, ભાઈ
મો પર આ પટ્ટી કેમ બાંધવાની?
કોરોના આવ્યો છે, ભાઈ
વારે ઘડીએ હાથ કેમ ધોવાના?
કોરોના આવ્યો છે, ભાઈ
રોજ રોજ ઉકાળા કેમ પીવાના?
કોરોના આવ્યો છે, ભાઈ
કોરોના ને કહી દે, ચાલ્યો જા,
બાળકોને આમ ગભરાવી નહીં દે
આ જેલમાંથી અમને છોડાવી દે
કોરોના તું ચાલ્યો જા, ભાઈ

કયાન શાહ - સુરત - ૮૭૯૩૧ ૧૫૫૭૭

## ૧૩૮. વિચાર્યું નહતું આમ થશે !

ઓ કોરોના ! આ તો તારી કેવી માયાજાળ
કે, વિચાર્યું નહતું કે આવા પણ દિવસો આવશે

હાય, હેલો ના જમાનામાં નમસ્તે કરતો થયો,
પિઝા બર્ગર ખાતો માણસ સાદું ભોજન ખાતો થયો

રજા ઓ તો ઘણી હતી પણ માણી નહી શકયો,
આઈસ્ક્રીમ  ગોલા ની સીઝન હતી પણ ખાઈ નહી શક્યો

પૈસા પાછળ ભાગતો માણસ જિંદગી બચાવવા ભાગ્યો,
પરિવાર માટે સમય ન આપતો માણસ સમય કાઢતો થયો

રસ્તા ઓ ખુલ્લા હતા પણ કશે જઈ નહીં શક્યો,
રોજ વાહનોનો અવાજ સાંભળતો, ત્યાં પક્ષીઓનો કલરવ સાંભળી શક્યો

કઈ તારીખ છે, કયો છે વાર તે ભૂલી ગયા નો અણસાર,
કેલેન્ડર બન્યા લાચાર આમ જ દિવસ થતા પસાર

જે  દૂર છે તેને ભૂલી નહી શક્યા અને
જે નજીક છે તેને હાથ નહીં મેળવી શક્યા

સાફ થઈ ગઈ હવા પણ શાંતિ થી શ્વાસ લઇ નહી શક્યા,
કોઈ હસી નઈ દેખાઈ કારણ ચહેરા માસ્ક થી ઢાંકેલા રહ્યા.

ખુશ્બુ એસ ચૌહાણ - સુરત - 73597 23811

## ૧૩૯. મારું શહેર

જયારે સસલું કુતરા સામે થયું
એ જોઈ બાદશાહે આ નગર વસાવ્યું...
હા!
અમદાવાદ મારું અમદાવાદ
ડરને માસ્ક પાછળ છુપાવી..
દિવસોના ઘરવાસમાંથી
બહાર પગ મૂક્યો
દ્વાર ખોલી...
ધૂળ ઝાપટી
વાહન કાઠયું...
એક કીક સાથે સવાર
કામ ..
હા! કામ તો કરવું જ પડશે..
ઘરનાની ફિંકર
ને
ઘર બનાવી રાખવા
ભાગવું - દોડવું પડશે
ડરને મુઠ્ઠીમાં બંધ કર્યો
ને ખરેખરનો યોદ્ધા
માસ્ક, મોજાં...
સેનેટાઈઝર ને સામાજીક અંતર...
ગોખતો..
ડર...?
હા ડરવું જરૂરી છે...
સાથે જીવવું પણ
તો
સાત પાતાળ નીચે ભંડાર્યો
શહેર પાછું પુર્વવત..

શ્વાસ લેવા માટે
બંધનોનું વેન્ટિલેટર હટાવ્યું...
સાવચેતીના પગલાં સાથે
પંખીઓના કલશોરને છાતીમાં ભરી
સૂરજની રોશની આંખે આંજી
હા! સંગ્રામ લડવા
યોદ્ધા બની...
નિકળી પડયો
અમદાવાદી...
હા! અમે અમદાવાદી....
અમદાવાદને ફરી ધબકતું કરીશું...
સાથ આપશો?

ચાલો ...એક નવી લડત
નવો રસ્તો
સંગાથે પગલાં ભરીએ...

"કાજલ" કિરણ પિયુષ શાહ - અમદાવાદ
૯૦૧૬૩૧૭૬૧૯

## ૧૪૦. નગરમાં હવે ખાસ

નગરમાં હવે ખાસ મળતું નથી કંઇ,
ગલીઓ થઈ શાંત જડતું નથી કંઇ.

પરંતુ કહીંને જ અટકી જવાનું,
ભરેલો હતો થાળ અડતું નથી કંઇ.

હતું પેટ ખાલી ઠરી જાય ચૂલ્હો
બળે જાત આખી ઠરતું નથી કંઇ.

ફરિયાદ કોને કરૂં બોલ ઈશ્વર?
અહીં વાત સારીય ધરતું નથી કંઇ.

ભલાનો જમાનો નથી એ ખબર છે,
ન બદલાય સ્વભાવ ડરતું નથી કંઇ.

"કાજલ" કિરણ પિયુષ શાહ - અમદાવાદ
9016317619

## ૧૪૧. લોક ડાઉન

ભારી ભરખમ શબ્દો સાથે આવ્યું  જૂઓ આ લોક ડાઉન,
સાથે સન્નાટો ફેલાવી પાળ્યું જુઓ આ લોક ડાઉન.

અજવાળાની આશામાં, ડર, ચિંતા, અંધારે જીવી,
બસ ડેપો, ટ્રેનો બંધ કરી, ચાલ્યું જુઓ આ લોક ડાઉન.

શ્વાસો રુંધી પૂરી દુનિયામાં ય મચાવ્યો હાહાકાર ને,
જનતાને  કરફ્યુથી ઘરમાં લાવ્યું જુઓ આ લોક ડાઉન.

સૂની સડકો, ભરચક ઘર ત્યાં ઓળખ સાચી થાતી આજે,
નજર કેદ થઈ સૌ એ આજે  ટાળ્યું  જુઓ આ લોક ડાઉન.

થોડા દિ'ની વાત છે  કવોરોન્ટા ઈન કરી દો આજે સૌ,
સ્વસ્થ નિરોગી સૌને જોને ફાવ્યું  જુઓ આ લોક ડાઉન.

"કાજલ" કિરણ પિયુષ શાહ - અમદાવાદ
9016318619

## ૧૪૨. ... કોરોનાથી

કાંપે છે સૌ થરથર કોરોનાથી
માણસ હાર્યો આખર કોરોનાથી

સુખની શોધે બ્હાર ભટકતો'તો જે
એને રક્ષે છે ઘર કોરોનાથી

પાઠ સફાઈના સૌ શીખ્યાં પળમાં
જ્યાં વાગી એક ઠોકર કોરોનાથી

ધરતીએ દીધેલું માંગ્યું પાછું
ખાતાં થ્યા સરભર કોરોનાથી

હું માણસ મારી મરજીનો માલિક
તૂટ્યો એ આડંબર કોરોનાથી

હિંમત કામ નહી લાગે, કહેવું માન!
જો બચવું હોય તો ડર કોરોનાથી

હોય ગરીબ કે શ્રીમંત ભલે હો
હરકોઈ થયા પામર કોરોનાથી

**કિરણ 'રોશન' - ભરુચ - 9687639092**

## ૧૪૩. ગઝલ - લોકડાઉન

છે માણસ કેદ ને બાહર ફરે આઝાદ લોકડાઉન
સૂના આ શહેરની સાથે કરે સંવાદ લોકડાઉન

નથી કંઈ શોર ચારેકોર પંખીઓ કરે કલરવ
દઈને કાન સાંભળજો મીઠો છે સાદ લોકડાઉન

ભૂલી જઈ જાતને ભટક્યા કરે છે ભીડમાં માણસ
ઘણા વખતે મળી છે એજ ખુદની યાદ લોકડાઉન

નથી જેને કશી ચિંતા પરાયા જીવની દિલમાં
બને એવું કે લાગે એમને જલ્લાદ લોકડાઉન

વગર જોતું વિંખાયેલું જીવન સંકેલવા માટે
જરૂરી છે કદી લેવું ભીતર એકાદ લોકડાઉન

**કિરણ 'રોશન' - ભરુચ - 9687639092**

## ૧૪૪. આધુનિક લડવૈયાઓ

ભારતની રક્ષા કાજે આપી રહ્યા છે જે બલિદાન,
આ અમારી ભારત ભૂમિના છે પોતીકા સંતાન,
વસ્ત્રો અલગ છે, શસ્ત્રો અલગ છે, અલગ છે જેઓની પહેચાન,
આધુનિક આ લડવૈયાઓ હવે મારવાના મેદાન.

હિંદની સેવાર્થે આપી પોતાની જોખમમાં જાન,
ડોકટર, પોલીસ, સરકારી સૌ કર્મચારીઓ છે મહાન,
જંગ અનોખી આધુનિક આ લડવૈયાઓને સોંપી કમાન,
આધુનિક આ લડવૈયાઓ હવે મારવાના મેદાન.

લોકડાઉનમાં આંટા મારી ફરવાથી જે સમજે શાન,
પોલીસ નામી લડવૈયાઓ પકડાવે એને ઊંધા કાન,
કોરોના દર્દીની સેવાર્થે તબીબ બન્યાં છે ભગવાન,
આધુનિક આ લડવૈયાઓ હવે મારવાના મેદાન.

ઈન્ટરનેટ પર સર્વ શિક્ષકો આપી રહ્યા ભણતર જ્ઞાન,
સામાજિક અંતર રાખીને રાખે છે એ સૌનું ધ્યાન,
કોરોનાની મહામારીએ કર્યા છે સૌને પરેશાન,
આધુનિક આ લડવૈયાઓ હવે મારવાના મેદાન.

**કિશન દાવડા 'અવકાશ' - પોરબંદર - 81285 10517**

## ૧૪૫. કોરોનાના ભરડામાં છે

રાગ-જળકમળ છાંડી જા ને બાળા...

કોરોનાના ભરડામાં છે વિશ્વ આખું પાંગળું,
રોગ સામે થઈ ગયું જગ હાંફળુ ને ફાંફળું.(1)

ફેલાવાની રીત અલગ છે ને અલગ આ રોગ છે,
જોઈ માનવ  રાખો અંતર એવા આ સંજોગ છે.(2)

એવો ચેપી રોગ છે કે દુનિયા આખી દંગ છે,
મહામારી જાહેર કરીને  જીતવો એમાં જંગ છે.(3)

ચીન ઈટલી  અમેરિકા ને સ્પેન કોરિયા બાનમાં,
કરી તબાહી આવ્યો ભારત પણ એતો   છે ભાનમાં. (4)

ખાંસી શરદી છીંકમાં આડો એક રૂમાલ રાખજો,
માસ્ક પ્હેરી બીજાઓને રક્ષણ સાચું,આપજો.(5)

વારેઘડીએ હાથ ધુઓ ના મિલાવો  હાથને,
દૂરથી નમસ્તે કરીને જાળવી  લો સંબંધને (6)

લૉકડાઉનમાં બેઠાં બેઠાં  માનવી મૂંઝાય છે,
શાંત ચિત્તે વિચારો તો ઉપાય ક્યાં દેખાય છે.(7)

હાથ જોડી વીનવે એ સરકારનું સૌ માનજો,
ઘરમાં બેસી એને થોડો સહકાર સૌ આપજો.(8)

રાત દિવસ  રસ્તે ઊભા પોલીસ કર્મીઓ બધા,
ને ખડે પગે સેવા કરતા ડૉક્ટર નર્સ છે સાબદાં. (9)

ઘરમાં બેસી એ સહુના આરોગ્ય માટે પ્રાર્થજો,
આપે એમને  તંદુરસ્તી ઈશ્વર પાસે માગજો. (10)

મંડી પડ્યા છે શોધવાને પણ રસી મળતી નથી,
દાવો કરતા  જે બનાવે એ રોગને ફળતી  નથી.(11)

હામ સાથે રાખો હિંમત  ને ધીરજ સંકોરજો,
ઘરમાં બેસી કુટુંબ સાથે  પ્રેમથી કલશોરજો. (12)

**લીલાબેન પટેલ 'ઝલક' – નવસારી – 9428882566**

**

## ૧૪૬. સોનેટ-શિખરીણી છંદ

મહામારી આવી જગતભરમાં રોગ લઈને,
કહે  કોરોનાનું  અવતરણ  છે  ચીન થઈને.
મળો રોગીને જો અરસ પરસે સંક્રમણમાં,
મળે એવી રીતે સતત ફરતો એ ભ્રમણામાં.

નથી એની કોઈ જડીબુટ્ટી મળી વિશ્વ ભરમાં,
ડરીને  બેઠાં  છે  નગર નગરે  લોક  ઘરમાં,
બનાવ્યા છે  દેશે નિયમ અઘરા બ્હાર ફરવા,
કરી ચિંતા સૌની સમજણ ધરી હાથ ધરતા.

થયા ધંધાઓ ને હુનર  પણ છે બંધ સઘળા,
મજૂરોનાં  કેવાં જીવતર  થયાં ખાસ અઘરાં,
બધા પોલીસો તો વિભુવર થયા દાક્તર સૌ,
કરે  સેવા  એવી  દિવસભર ને રાતભર સૌ,

બનાવી છે બંદી  સકળ ધરતી વાયરસ તેં,
દુઆ  માંગુ  છું  હું પ્રભુ પરમથી દૂર કરજે.

**લીલાબેન પટેલ 'ઝલક' – નવસારી - 9428882566**

## ૧૪૭. અફવાના સૌ  દરવાજાને

અફવાના સૌ  દરવાજાને બંધ કરીને બેસો,
ઈશ્વરનું મનમાં ને મનમાં નામ સ્મરીને બેસો.

'કોરોના'ખતરો છે મોટો  માનવના જીવન પર,
તું  તું   મેં  મેં  છોડી  હૈયે ભાવ ભરીને બેસો.

યોગ કલા કસરત વાચન પરિવારે ભેળાં થઇને,
લેવા મનગમતાં  કામોનો લ્હાવ ઠરીને બેસો.

અણધારી આફત આવી છે એવી જાશે નક્કી,
થાળી  ઠોકીને  ધરતી  પર  વિસ્તરીને બેસો.

જીવન  કેડી  કંડારીને  થઈ  જાઓ અંગારો,
દઈ  જાકારો  'કોરોના' નિર્મૂળ કરીને બેસો.

લીલાબેન પટેલ 'ઝલક' - નવસારી - **94288 82566**

## ૧૪૮. વંદન કરીએ તેઓને

**(કોરોના યોદ્ધાઓને સમર્પિત)**

વંદન કરીએ તેઓને, વંદન કરીએ તેઓને...

ભુખ, તરસની પીડા સહીને
રાતે અને દિવસ ઉભા રહીને
કરી રહયા રક્ષા સૌની;
નમન કરીએ તેઓના ચરણોને
વંદન કરીએ તેઓને...

તો પણ લોકો મારે તેઓને
સેવા ચાલુ નિ:સ્વાર્થ ભાવને
ભુખ્યાને ભોજન અને તરસ્યાને પાણી
આપીએ ભાઈ- બહેન સમજીને
વંદન કરીએ તેઓને...

પરિવારનું સુખ ત્યાગ કરીને
ભારત માતાનું હિત જોઈને
સેવાયજ્ઞ ચાલુ છે હસીને
એક વાર તો કરો નમન તેઓને
વંદન કરીએ તેઓને...

શેરી,નગર, શહેરોની સફાઈ કરીને
કોરોનાની ભયંકર આફતથી ન ડરીને
કર્તવ્ય અને નિષ્ઠાથી કામ કરીને
નતમસ્તક તો હોવો આ યોદ્ધાઓને
વંદન કરીએ તેઓને...

**મહેન્દ્ર પી. ખૈરનાર(શિક્ષક) - 9898580124**
શ્રી સાવિત્રીબાઈ ફૂલે ન.પ્રા.કન્યા શાળા નં-47 નવાગામ લિંબાયત ,સુરત.

## ૧૪૯. કોરોનાથી જીતવું તો પડશે...

ચીનથી આવ્યું હર્ષે-હર્ષએ
ભારતને આ ચિંતા ન ગમશે
કોરોનાથી જીતવું તો પડશે...

લોકડાઉન દેશમાં વધશે
કોરોનાનું જહર સૌને મારશે
કોરોનાથી જીતવું તો પડશે...

ડૉક્ટર,નર્સ,પોલીસ ઈશ્વર દેખાશે
સેવા કાર્ય માટે સૌ તેઓને નમન કરશે
કોરોનાથી જીતવું તો પડશે...

ભુખ,તરસ,ઘરવાપસી વધશે
પગપાળાથી લોકો રસ્તા પર ચાલશે
કોરોનાથી જીતવું તો પડશે...

ઘણી આફતો આપણે દેખાશે
હિંમતથી લડવું સૌને ગમશે
કોરોનાથી જીતવું તો પડશે...

ધીમે-ધીમે તો "કોરોના મુક્ત ભારત"જન્મશે
પૃથ્વી પર વિશ્વવિજેતા ભારત બનશે
કોરોનાથી જીતવું તો પડશે...

**મહેન્દ્ર પી. ખૈરનાર (શિક્ષક) - 9898580124**
સાવિત્રીબાઈ ફુલે કન્યા શાળા નં-47, નવાગામ, સુરત.

## ૧૫૦. ખરું થઈ ગયું ! (ગઝલ)

જોતજોતામાં ખરું થઈ ગયું,
શહેર આખામાં કર્ફ્યુ થઈ ગયું !

રોજ અણગમતું છતુ રહે બધું-
મન હવે બેબાકરું થઈ ગયું.

બંધ ઘરમાં સૌ રહ્યા ઉદાસ થઈ,
એમ જાણે જેલ જેવું થઈ ગયું !

હાથ ધયા એટલા ઘસી ઘસી -
નષ્ટ હસ્તરેખાનું થઈ ગયું .

મુખ ને ઢાંકી રાખ કેટલો વખત?
માસ્ક મોં પર હાફતું થઈ ગયું !

લોકડાઉન આખરે થયું સફળ -
લોક તાળી પાડતું થઈ ગયું !

**મહેશ દેસાઈ - 8238574450**
બી/૧૫, રાજુ ફ્લેટ, વિશ્વકર્મા મંદિર પાછળ,
મજુરા ગેટ પાસે, સુરત

## ૧૫૧. કોરોના

કદી ન ધારેલ
ન જોયેલ નજાણેલ
એવા કાળમુખા કોરોનાના
સકંજામાં સપડાયેલ શહેરમાં
અમલી બનેલ કફ્યુમા
બધુ  એકદમ બંધ
જેમનું તેમ અકબંધ
સૂનકારમાં ઓછાયામાં સૂમસામ! શહેરની બળબળતા બપોરની
એકધારી  શૂન્યતા!
કોરોનાના ઉદાસ વાતાવરણમાં
પ્રસન્નતાની ક્ષણોના પેલા આકાશ - માં સપાટ સાંજના વિસ્તરતા રંગો_
ઝરણાનું ખળખળ વહેવું
સાગરનો ઘૂઘવાટ
નવા ફૂલોનું ખીલવું
પતંગિયાનું ઊડવું
ભમરાનો ગુંજારવ
એકસાથ પંખીનું ઊડવું-
દૂરથી આવતો કોયલનો મધૂર ટહૂકો.....
આવી વિસ્મયકારક
પ્રકૃતિ નયનરમ્યતા
હવે ક્યારે જોવા સાંભળવા
મળશે?
હવે શહેરમાં
નવો સૂર્યોદય  ક્યારે ઊગશે?!

**મહેશ દેસાઈ - 82385 74450**
બી/૧૫, રાજુ ફ્લેટ, વિશ્વકર્મા મંદિર પાછળ,
મજુરા ગેટ પાસે, સુરત

## ૧૫૨. કોરોનાનું કવન (અછાંદસ)

આમ પણ આખું વિશ્વ રઘવાયાની જેમ દોડતું-ભાગતું હતું.
સૌને ન જાણે ક્યાં પહોંચવું'તું?
પ્રગતિ-અધોગતિની હોડ માંડી હતી.
પણ કોરોનાનો કહેર આવ્યો ને અમે ઘાંઘાં બની ગયાં.
ક્રૂર કોરોના બહાર ભમનારને ભરખી જતો'તો.
આપણને ખબર પડી કે એ અંદર ઘુસીને મારતો નથી- પેલા સજ્જનની જેમ.
એટલે જ તો ઘરમાં આવી ભરાણાં;
બહાર સુખ શોધનારને લાગે અહીં આવીને સપડાણાં.
પણ લોકડાઉનના લોકઅપમાં ઘણાં ઘણાં મકાન ઘર બનવાં લાગ્યાં.
હેન્ડવોશ ને સેનિટાઇઝ કરવા કરવામાં મનના મેલ પણ સાફ થયાં.
સામાજિક દૂરી સમજતાં સમજતાં નિકટના નજીક આવ્યાં.
બાળપણાની રમતો, દાદા-દાદીની વાર્તાઓ, ઘર-ઘરની ગમ્મતો ફરી મંડાણી.
ફાસફુસ ફાસ્ટફૂડમાં ફસાયેલાઓએ માતા શા હાથની મીઠાશ માણી.
"અર્થ" પાછળની હડિયાપાટીને જીવનનો અર્થ લાધી ગયો;
પ્રેમ વિના સઘળું વ્યર્થ સત્ય બોધપાઠ સાધી ગયો.
ધન ભંડાર ખુલ્લા મૂકાયાં ઇશ્વરના દરબારના;
ભૂખ્યાંને ભોજન વહેંચાયાં ઉદારના ઘરબારમાં.
એકતાના ખુદાના બંદાએ નનામીને ખભો દીધો;
કોરોનાને માત કરનારે રક્તદાનનો લ્હાવો લીધો.
ઘરમાં જ રહો; સલામત રહો, સતત સલાહ આપતાં રહ્યાં;
ઘરે જવા મથતાં મજબૂરને શા માટે રોકતાં રહ્યાં?
કોરોના લૈ વિમાન આવે, મજદૂરો પગપાળાં જાયે.
પેટાળપેટાં પેટ પોષનારને પેટ પૂરતુંય ના આપે?
લાંબી મજલે નીકળેલી જિંદગીઓ ટૂંકાઇ ગઈ;
શ્રમિક શોષકની ભેદરેખા ફરી એકવાર દોરાઈ ગઈ.

પેલા ગીધડાંઓએ તો  કરી રાજકારણી  ઉજાણી;
કરી આકરી ટિપ્પણી  જેની  સહુએ  સેવા  વખાણી.
એક તરફ કોરોના વોરિયર્સને  ફૂલડે તાળીએ વધાવ્યાં;
બીજી તરફ થૂંક્યાં ફટકાર્યાં પથ્થર માર્યાં.
એક તરફ  બહાર હવામાં ઝેરી વેરી  કોરોના;
બીજી તરફ  પ્રદૂષણમુક્ત  શુદ્ધવિશુદ્ધ થઈ  હવા.
કાળખાનાનું   કાળપ   હટાવ્યું  ઓઝોનનું  ગાબડું પૂરાયું;
શુભ્ર સ્વચ્છ  સમદર નદીયું ,હર હર ગંગે  સ્તોત્ર  ગવાયું.
લોકડાઉનમાં બાલુડાં  ટેન્શન ફ્રી થઈ હરખાયાં;
ઓનલાઇન ઓનલાઈનની જાળમાં પંખીડાં ફરી ફસાયાં.
કોરોનાના કહેરથી બચવા  મોં પર  માસ્ક બાંધ્યું  છે.
માસ્કની ભીંસમાં શ્વાસ લેવામાં ગૂંગળામણ થાય છે.
પણ માસ્ક ન બાંધું  તો જીવ ગૂંગળાઈ  જાય એવું  છે.
એકલો એકલો ક્યારેક માસ્ક ઊતારી ખુલ્લી હવામાં
ઊંડા ઊંડા શ્વાસ ભરી લઉં  છું.
ને આ કોરોના થકી ઠપ પડેલાં કાળખાનાઓ કાયમી બંધ પડી જાય એવું શાપ્યા કરું છું.
વાહ કોરોના! —કેમ ભાસે  તું  કરુણાસાગર!
જો તારા  કાળમાં
માનવ્ય ખીલે તો તું નક્કી વિષાણુના રૂપે વિષ્ણુ છે વિષ્ણુ!

**મહેશ ધીમર—જ્યોત્  - મહુવા (સુરત) - 76003 73588**

## ૧૫૩. કોરોનાનું કવન - ગીત

(પ્રચલિત લગ્નગીતનો ઢાળ)

આવ્યો રે આવ્યો કપરો કોરોના વિકરાળ જો
જંગે ચડ્યું માનવ્ય હવે નિશ્ચે કોરોનાનો કાળ જો- (ધ્રુવ પંક્તિ)

છેડતી પ્રકૃતિની કરી તેથી નીપજ્યો વિકૃતિ અવતાર જો
ગોવિંદને ભૂલ્યાં તેથી કોવિડ રૂપે પ્રગટ્યો કાળ હો.. જંગે ચડ્યું..

ભોગ ભોગની હોડ લગાવતો ભૂત ભમતો ઘણો બ્હાર જો
હવે ડાહ્યો ડમરો થૈને ભરાયો ઘરની માં'ય જો
ભીતર રમતાં ઘરનું સુખબળ બહું પામ્યો હો.. જંગે ચડ્યું..

ઠપ થયાં કાળખાનાં ને ખીલ્યો પર્યાવરણ બાગ હો
પૂરાયું ઓઝોન ગાબડું નદીયુંનાં નીર થયાં શુદ્ધ હો
હડિયાદોટને વાયરો ગૂંગળાવે ઝેરીલો ઓ.. જંગે ચડ્યું.......
કોરોના કળજુગમાં ગીધડાં બગલાનો પ્રચાર હો
મજદૂરોની મજબૂર રઝળે વણઝાર હો
મોત મંઝિલે દીઠું વતનનું વ્હાલ જો.. જંગે ચડ્યું.......
ધરતીનો ધણી ધાનની લાઇનમાં ઊભો હો
પેટીયું રળનાર જીવનાં જોખમે ગયાં બ્હાર હો
ભંડારામાં દાતાર ઊભા ધરી હાથ જો.. જંગે ચડ્યું.......
કોરોના વોરિયર્સ! કહેવું પડે વાહ વાહ જો
ખુદાનો બંદો નનામીને દે કંધો જો
પીપીઇના વસ્તર પ્હેરી પ્રભુ પધાર્યા જો.
જંગે ચડ્યું માનવ્ય હવે નિશ્ચે કોરોનાનો કાળ જો...

મહેશ ધીમર "જ્યોત્" મહુવા(સુરત) મો.7600373588.

## ૧૫૪. આ કોરોના વળી શું છે?

એ તો ભયંકર વાયરસ
અરે! બાપ રે! હું તો ડ ર્યો,
જાને વળી, એમાં શું ડરવાનું?
કેવી મજા પડી ભૂલી ગયો?
સ્કૂલમાં છુટ્ટી, ટ્યુશનમાં છુટ્ટી,
વહેલા ઊઠવામાં છુટ્ટી,
મમ્મીની કટકટમાંથી છુટ્ટી,
લાંબુ લાંબુ લાંબુ વેકેશન,
ખાઈ-પીને જલસા જ જલ્સા,
ના,ના, હવે એવું થોડું છે?
ટીવી પર ટીચર ભણાવે
મોબાઈલ પર ટીચર ભણાવે
વર્કશીટ ટાઈમ પર પુરી કરાવે
ને પછી હવે તો એક્ઝામ પણ,
અરે! બાપ રે! હું તો ડર્યો,
પાછું એનું એ જ જુદી રીતે,
હે ભગવાન! તું કોરાના લઈ લે,
અમારી સ્કૂલ ચાલુ કરી દે...
અમને તો ત્યાં વધારે ગમે છે....

માહિર રાજ - ૭ વર્ષ - ૯૯૭૯૨ ૯૨૭૭૧

## ૧૫૫. કુદરતની માયાજાળ

કુદરતની માયાજાળ નથી સમજાતી..
કોરોના નામની મહામારી થી
પળમાં  જોઈ સ્થિતિ બદલાતી..
અમીર ગરીબ નો ભેદ ભુસાયો..
માણસને ઔકાત દેખાડી..
માણસ થી જ માણસ ને  ખતરો .
આતે કેવી બિમારી..?
ધન દોલત નો ગર્વ તોડી .
મૃત્યુ ની મહતા સમજાવી...
એકલા આવ્યા નેએકલા જવાના
એકજ વાત સમજાવી..
જો ને આ તે કેવી બિમારી..?
કુદરત સાથે ચેડાં કરતા
માનવને ..
ભુલ કેવી સમજાવી...?
પશુ પક્ષી ને પાંજરે પુરી હરખાતો
આજ પાજરે પુરાયો..
કોરોના ના કાળે સૌને ઘરમાં બેસાડી..
કુટુંબ પ્રથા સમજાવી.
જો ને આ તે કેવી બિમારી....


**મમતા ભટ્ટ (મૌસમ) - 92285 21761- સુરત**

mamtabhatt829@gmail.com

## ૧૫૬. વિનાશ

આ તો પ્રભુ !
કેવો વિનાશ!
માનવ જ માનવ નો  વિનાશ
કરવા તુલ્યા છે.
ના કોઈ ને સમજ છે !
બધી વાત માં રાજકારણ
રમે છે!
વિચારોનો છે દુષ્કાળ,
માનવ બન્યો છે દાનવ!
"ઓ પ્રભુ!"
હળાહળ કળિયુગમાં શું
થશે આ દુનિયા નું?
નાત જાત ના ભેદભાવ થી
વિનાશ થશે આ દુનિયા નો!
જો ને પ્રભુ !
આ તે કેવો વિનાશ છે..

**મમતા ભટ્ટ (મૌસમ) - 92285 21761- સુરત**

mamtabhatt829@gmail.com

## ૧૫૭. કોરોના તે શુ દેખાડયું?

માણસને માણસથી દૂર કરાવ્યો
કોરોના તે શુ દેખાડયું.
મારાં પ્રભુના દ્વાર પણ બંધ કરવયા
કોરોના તે શુ દેખાડયું.
સીધા માણસો  પણ જેલને હવાલે થયા
કોરોના તે શુ દેખાડયું
વિદ્યાર્થી હતી આશા એક્ષામની તે તો એ પણ બંધ કરાવી
કોરોના તે શુ દેખાડયું.
દુનિયા ચાલતી સાથે તેને એ પણ દૂર કરી દીધા.
કોરોના તે શુ દેખાડયું.
બસ ચાલતી હતી ગામો ગામ પણ તેતો એ પણ બંધ કરવી દીધી .
કોરોના તે શુ દેખાડયું.
માણસ હાલતા હતા આવક ઉપર
તેતો એ પણ બંધ કરાવી દીધી.
કોરોના તે શુ દેખાડયું.
માણસો મળતા હાથ મિલાવીને તેતો અને પણ  હાથ જોડતા કરી દીધા
કોરોના તે શુ દેખાડયું.
જે માણસ કદી ના રહેતા ઘરમાં  તેને પણ  રાખ્યા તે ઘર માં
કોરોના તે શુ દેખાડયું.
જે માણસ રહેતું સદા કામ તને પણ તે નવરા કરી દીધા
કોરોના તે શુ દેખાડયું.
આગળ જતી પ્રગતિ તે પાછળ ઢાંકી દીધું
કોરોના તે શુ દેખાડયું.

**- અધ્યારૂ મન - 7016099476**

## ૧૫૮. કોરોના વોરિયર્સને સલામ

આપણી (૩) એમને સલામ છે,
પોલીસ ડોક્ટરોને આપણી સલામ છે
આ સમયે સફાઈ કરતાં સફાઇદાર ને
આપણા બધાની (૨) આપણાં સૌની સલામ છે.

દરેક જિલ્લે નાકાબંધી પોલીસ કરતી
ને ડોક્ટરો દવાખાને તૈયાર છે (૨)
એ કોરોના વોરિયર્સ ભાઈ આપણાં
આપણાં બધાની (૨) આપણાં સૌની સલામ છે.

એ વાઇરસ વોરિયર્સથી ભાગે,
એ માસ્ક સેનીટાઈઝરથી ભાગે,
તે આપણી દવાઓથી ભાગે ,
આપણાં ભાઈઓ ને બહેનો ,આપણાં ,
આપણાં બધાની (૨) આપણાં સૌની સલામ છે.

ગલીએ ગલીએ સફાઈદાર આપણા,
સફાઈ કરે એ વાઈરસની,
એ શેરી,ગામ ને નગરનાં
એ કોરોના વોરિયર્સ આપણાં(૨).
આપણાં બધાની(૨) આપણાં સૌની સલામ છે.

કોરોનાને હરાવશે કોણ ?(૨)
કોરોનાને ભગાડશે કોણ ?(૨)

હરાવવાનું ભગાડવાનું
એ પણ કરશે વોરિયર્સ ...કોરોના વોરિયર્સ
આપણાં બધાની (૨) આપણાં સૌની સલામ છે

રાગ : 'મૂળજીભાઈ ભકતના આ અમારો દેશ છે'- એ કાવ્ય પરથી
આપણું (૩) આ ગુજરાત છે.

મનોજકુમાર પંચાલ 'મન'
પાલનપુર – ૯૭૩૭૧૦૦૬૮૦

**

## ૧૫૯. કોરોના યોદ્ધાઓ - ગીત

માસ્ક પહેરી સેનેટાઈઝ લગાવી નીકળે દેવદૂત,
રાખી હાથમાં લાકડી ને ઊભા રસ્તા પર દેવદૂત.

પોલીસ કહેતી ઘરમા રહી કરો સઘળાં કામ પૂરા,
થશે જુના શોખ તાજાં ને જિંદગીનાં     સપના પૂરાં.

મહામારી વ્યાપી દુનિયાના દરેક દેશમાં અપંરપાર,
તારી સાથે ઉભા છે ડોક્ટર ,પોલીસને સફાઈદાર.

તાવ આવે, ખસી આવે ને શ્વાસમાં હોય તકલીફ
આઈસોલેટ ને કોરોનટાઈલ રહવા કહેતી સરકાર સાફ.

અફવાઓથી દુર રહી ને લડો ખૂબ તમે  કોરોનાથી,
સ્વસ્થ રહેવા કરો યોગ-પ્રાણાયમ ને ઉકાળો પીવાથી.

વાઇરસનો કરશે સર્વનાશ ડોક્ટર પોલીસ યોદ્ધાઓ,
ગુજરાતમાં ખૂબ દીપી ઉઠશે આ કોરોના યોદ્ધાઓ.

મનોજકુમાર પંચાલ 'મન'
પાલનપુર – ૯૭૩૭૧૦૦૬૮૦

## ૧૬૦. ભગાડો ભગાડો

ભગાડો ભગાડો મહામારી ને કોઈ તો ભગાડો,
માસ્ક વગર ફરતી ભીડને હવે કોઈ તો ભગાડો.

હાથ મિલાવીને પાન-મસાલા ખાઈ ખાઈને થૂંકતા,
ડૉક્ટર તપાસે કોરોનાનાં દર્દીને હવે લોકોને તો જગાડો.

લટાર મારતાં નીકળે રોફથી ને કરે ખરીદી બજારમાં,
બજારમાં ફરે વગર સેનીટાઈઝરે પોલીસ લાકડી તો લગાડો.

ન ઘરમાં રહેતાં કે ના રહેતાં આઈસોલેટમાં લોકો,
ને પછી વેન્ટિલેટર પર જતાં જલ્દી એમને દીવાલે તો ટંગાડો.

મહામારી પારસમણી બની હણી રહી માનવજાતને,
ખુદને દેવદૂતો સમજીને કહેતાં દુનિયાને આમ તો ન બગાડો.

મનોજકુમાર પંચાલ - 'મન' - પાલનપુર - ૯૭૩૭૧૦૦૬૮૦

## ૧૬૧. કોરોના આમ નહીં કરવાનું

જો કોરોના આમ નહીં કરવાનું,
માણસને મોત વગર પણ મરવાનું?

હાથ હવે ધોયા કરવાના મારે?
તારે હેવાન બનીને ફરવાનું?

તું જ્યાંથી આવે છે ત્યાં ચાલ્યો જા,
જે ખાડો ખોદે એને પડવાનું.

સાવ અહિંસક છું, શાંતિ મને ફાવે,
રળવું કે તારી સાથે લડવાનું?

આવકનું સ્તોત્ર કર્યું તે બંધ બધે,
નવરા બેઠા લાઇટ બિલ ભરવાનું?

જોજે કોરોના વેક્સિન મળવા દે,
છે તારે પણ ભૂંડીપટ મરવાનું.

પરમાર મનોજકુમાર - દામનગર, અમરેલી – 8347219295

## ૧૬૨. ચેત મિત્તર! (કોરોના જાગૃતિ ગીત)

ના કોઈ જંતર ના કોઈ મંતર,ચેત મિત્તર!
બે જણ વચ્ચે રાખો અંતર, ચેત મિત્તર!

ના કોઈ અસ્તર ના કોઈ શાસ્તર,
આપ્યે બચવા એકલ અંતર,ચેત મિત્તર!

ના કોઈ સજીવ ના કોઈ નિર્જીવ,
મૃત્યુલોકથી લાવ્યો પત્તર, ચેત મિત્તર!

ના કોઈ દેશ ના કોઈ વેશ,ચેત મિત્તર!
કાળ કોળિયો મનુષ્ય માત્તર, ચેત મિત્તર!

ના કોઈ તીર તલવાર કે હથિયાર,
પળમાં લેતો પ્રાણ અધ્ધર, ચેત મિત્તર!

સૂના ગામો-ગલી સૂના શહેરને બજાર,
ટોળે મળતાં રગડે પત્તર, ચેત મિત્તર!

બહાર જાતાં ભોગ લેતો,ચેત મિત્તર!
સુખો સઘળાં ઘરનાં અંદર,ચેત મિત્તર!

ભુંડબિલ્લી સસ્સાકુત્તા સાપ અને સુવર,
બદલો લેવા આવ્યાં પિત્તર, ચેત મિત્તર!

માનસીંગ પારગી "માન"

સલરા

## ૧૬૩. મિથ્યાભિમાન

છે "બ્રહ્માંડે સો પિંડે" નો હક્કદાર માનવી!
એથી જ આજે વિશ્વમાં વગદાર માનવી!

કુદરતનાં પુત્રોમાં અન્ય જીવો પણ છે,
આ જીવવાનાં સરખાં સૌ હક્કદાર માનવી!

વૃક્ષ વનસ્પતિ પશુપક્ષી પતંગિયા પણ,
છે તારાં જ કુટુંબ ને પરિવાર માનવી!

ભલે  માનવ જ્યમ ના બોલ્યેથી શું?
તું એમનાંયે  મૂલ્યને સ્વીકાર માનવી!

રંગ રંગી પાંખોથી અપ્સરા શાં રૂપ માટે!
આ પક્ષીને પણ પીંછા નો શૃંગાર માનવી!

સાપસુવર સસલાંનો કરીને શિકાર,
ના હવે આ શાકમાં સમાર માનવી!

આ સૌ કુદરતનાં પુત્રોનાં ભૂલી ઉપકાર,
કર્યાં તેં ભૌતિક સગવડ નાં અંબાર માનવી!

સંસારનો સર્વશ્રેષ્ઠ બુધ્ધિશાળી માનવી!
બન્યો સૂક્ષ્મ વાઈરસથી લાચાર માનવી!

ગર્વ મિથ્યા સાબિત કરે છે આ "માન",
કુદરતનો આ સૌ પરિવાર માનવી!

માનસીંગ પારગી "માન" દાહોદ
**78746 44083 - manpargi24@gmail.com**

## ૧૬૪. ખેર નથી!

મજૂરોને મદદ આપણે કરી ના શક્યા,
વર્ષોના એ પંથથી આપણે ફરી ના શક્યા!

વિકાસને ખાતર બરબાદ આપણે કર્યાં,
પણ સંકટમાં સાથે આપણે રહી ના શક્યા!

તન મનથી ઘવાયેલાં રસ્તાઓ પર ચાલ્યાં,
એનાં ઘા પર મલમ આપણે કરી ના શક્યા!

પરાઈ પીડથી પીડાયેલું જીવન જીવી રહ્યાં,
તેમનાં આ દર્દને ઓછું આપણે કરી ના શક્યા!

આ આંખ આડા કાન કર્યા તો હવે ખેર નથી!
જો કુદરતનાં કહેરમાંયે આપણે સુધરી ના શક્યા!

માનસીંગ પારગી "માન" દાહોદ

**787464 4083** manpargi24@gmail.com

## ૧૬૫. સાવધાન થઈ જાઓ!

(કોરોના જાગૃતિ ગીત - તાલ: કહરવા, વાદ્ય: ઢફલી)

સાવધાન થઈ જાઓ વાયરસ આવ્યો છે!
સાવધાન થઈ જાઓ વાયરસ આવ્યો છે!

દુનિયામાં સૌને ભારે પડી રહ્યો છે!
ચોતરફ બસ મહામારી કરી રહ્યો છે!
ભગાડવા સૌ બંધ ઘરોમાં રહો રે,
સામાજિક અંતર બજારોમાં રાખો રે.
સૌને સુરક્ષિત કરવા લોકડાઉન લાવ્યો છે.. સાવધાન થઈ જાઓ!0

આયુષ મંત્રાલયનું આપણે કહેવું માનીશું,
આ જડીબુટ્ટીઓનું રોજ સેવન કરીશું.
રોગપ્રતિકારક શક્તિ વધારતાં રહો રે,
જરૂરતમંદોને પણ સહાય કરતા રહો રે.
જાણે કેટલાં કુકર્મોનો રોગ લાવ્યો છે... સાવધાન થઈ જાઓ!0

શેરી મહોલ્લાને સાફસુથરા રાખીશું,
કોરોનાથી અમે સૌ હવે ના ડરીશું.
રોજ સવાર સાંજે તમે ન્હાતાં રહો રે,
ધ્યાન પ્રાણાયામ સવારે કરતાં રહો રે.
યોગક્ષેમવહામ્યમ નો મંત્ર લાવ્યો છે.... સાવધાન થઈ જાઓ!0

વિશ્વબંધુત્વનો ભાવ સૌમાં જગાડવાનો છે,
વિવિધતામાં પણ એકતા જગમાં બતાડવી છે!
મહામારીથી બચવાની હૈયે હામ રાખો રે,
સૌનાં ઉજ્જવળ ભવિષ્યનો ભાવ રાખો રે,
ભારતનું માન વધારવા સરતાજ લાવ્યો છે... સાવધાન થઈ જાઓ!0

માનસીંગ પારગી "માન" દાહોદ
7874644083 - manpargi24@gmail.com

## ૧૬૬. એ ના કરે!

ચીનાઓને કહો જીવોને રાંધવાનું એ ના કરે,
નાહકનાં આ દુનિયા ને મારવાનું એ ના કરે.

આ પાળેલી કૂતરી પીંડીએ જ ચોંટી છે,
હવે,રાંડ્યા પછીનું ડહાપણ એ ના કરે.

આ વિવિધતામાંયે એકતા રહેશે અહિં,
ઈ ગદ્દારોને કહો હિંદુ મુસ્લિમ એ ના કરે.

જઈ નાપાકમાં આ વાત કોઈ કહો:
ચણાના ઝાડ પર ચઢવાનું એ ના કરે.

ખુદ પરમેશ્વર પણ પ્રાર્થના કરે છે હવે!
માણસને કહો કુદરતને નડવાનું એ ના કરે!


માનસીંગ પારગી "માન" દાહોદ

**7874644083 - manpargi24@gmail.com**

## ૧૬૭. બસ, સજા છે!

ના રોડ પર મજા છે ના બજાર જવામાં!
બસ સજા ને સજા છે આ બહાર જવામાં!

વિદેશી આવ્યાં હોય આપણાં હોય ભલે,
લોક શંકા કરે છે તેમને પણ મળવામાં!

સરકાર કહે છે આ કોરોનાને રોકોને!
બસ એકજ ઉપાય છે આ ઘરમાં રહેવામાં!

ગુટખાઓ ખાઈને આ જ્યાં ત્યાં થૂંકે છે,
ખુદ તો મરીને આ અન્યોને મારવાના!

આ લોકડાઉનમાં ખૂબ થાકી ગયો છું "માન",
પણ આપણે રહ્યાં ક્યાં આપણા કહેવામાં?

માનસીંગ પારગી "માન" દાહોદ
**7874644083 - manpargi24@gmail.com**

## ૧૬૮. પ્રભુનો ઉતારો!

લોકડાઉનમાં દાહોદ શહેરની ઉડતી તસ્વીરના આધારે વર્ણન!

બાગ જેવી આ બજારો લાગે છે!
ટહૂકતી હવે આ સવારો લાગે છે!

મહેંકતી હવે આ હવાઓ લાગે છે!
ખીલતાં સૌ આ પરિવારો લાગે છે!

સુખશાંતિમાં  આ વધારો લાગે છે!
દધિચીનો આ પથારો લાગે છે!

વિવેકાનંદ આ હજારો જાગે છે!
જરૂરતમંદોને આ સહારો લાગે છે!

બાદશાહી આ નજારો લાગે છે!
દો-હદવાળો આ અમારો લાગે છે!

માણસમાં આજે આ સુધારો લાગે છે!
પૃથ્વીમાં પ્રભુનો આ ઉતારો લાગે છે!

**માનસીંગ પારગી "માન" દાહોદ**

**7874644083 -** manpargi24@gmail.com

## ૧૬૯. ન્હોતી ખબર !!

આ પોતાનો જ કમાયેલો મારશે ન્હોતી ખબર !
આ વિષાણુ બૉમ્બ બનીને ફાટશે ન્હોતી ખબર !

શેકી બાફી વઘારી રાંધીને જીવોને ખૂબ ખાધાં,
આ મરેલાં પણ જીવતાંને મારશે ન્હોતી ખબર !

આઇસોલેસન કવૉરંટાઈન લોકડાઉનમાં રાખ્યાં,
કોરોના બધ્ધે ફરીફરીને મારશે ન્હોતી ખબર !

મોટ્ટાં મોટ્ટાં પહાડોને પણ પાડશે ન્હોતી ખબર !
અમેરિકા ઈટલીને પણ મારશે ન્હોતી ખબર !

આ પોતે તો ડૂબીને અન્યોને જરૂર ડૂબાડશે,
પણ હિંદને મારીને પણ તારશે ન્હોતી ખબર !


માનસીંગ પારગી "માન" દાહોદ

7874644083 - manpargi24@gmail.com

## ૧૭૦. જાગો! જાગો!

જાગો!જાગો!! ભારતીયો સૌ જાગો!!
કોરોના વાયરસ આ દેશમાં આવી ગયો!...
જાગો!જાગો!!0

જાણો!જાણો!!તમે આ રોગનાં લક્ષણ જાણો!!
પહેલાં કોરી ખાંસી આવેને પછી,
આ ગળામાં સખત દુ:ખે છે!...
જાગો!જાગો!!0

બીજે સખત તાવ આવીને પછી,
માથામાં સખત દુ:ખાવો વધે છે!
વળી શ્વાસ લેવામાં તકલીફ પડે...
જાગો!જાગો!!0

જાણો! જાણો!!તમે રોગ કેવી રીતે ફેલાય છે?
પહેલાં સ્ટેજથી લઈને છેલ્લા સ્ટેજ સુધી,
કોરોના વાયરસ કેવી રીતે ફેલાય છે?...
જાગો!જાગો!!0

પહેલાં આ સ્ટેજમાં વિદેશથી સંક્રમણ થાય છે!
જેમાં વિદેશની યાત્રા કરી હોય તેવા,
લોકો જ પ્રભાવિત હોય છે!...
જાગો!જાગો!!0

બીજા આ સ્ટેજમાં સ્થાનિક લોકોમાં જાય છે!
જે વિદેશીઓના સંપર્કમાં આવ્યા હોય છે.
એવાં અહિંના લોકો પ્રભાવિત થાય છે!...
જાગો!જાગો!!0

ત્રીજા આ સ્ટેજમાં ખતરનાક સ્થિતિ હોય છે!
ભારતની અંદર જ્યારે એકબીજાં થી,
એક મોટાં સમૂહમાં ફેલાય છે!...
**જાગો!જાગો!!0**

છેલ્લા આ સ્ટેજમાં ભયંકર સ્થિતિ હોય છે!
બીમારી મહામારીનું રૂપ લેતી હોય છે!
જ્યાં તેનું કોઈ મૂળ માલૂમ ના હોય છે!...
**જાગો!જાગો!!0**

માનસીંગ પારગી "માન" દાહોદ

**7874644083 -** manpargi24@gmail.com

## ૧૭૧. પરિવર્તન!

ચૌદ રત્ન કાઢવાને ફરીથી સમુદ્ર મંથન કરે છે મહાકાળ!
પ્રાચીન કાળની આ કથાનું પુનરાવર્તન કરે છે મહાકાળ!!

વિલાસિતાના આકર્ષણમાં સ્વાર્થને પાપ વધી ગયાં!
જગત આખાને બચાવવા પરિવર્તન કરે છે મહાકાળ!!

અશ્લિલતાની આંધળી દોટમાં કરતાં કૃત્યો બેશરમ!
કામકૌતુકની સમાપ્તિ હેતુ પરિવર્તન કરે છે મહાકાળ!!

આજે  આકાશને આ ધરતી પણ પ્રાર્થના કરે છે!
મસ્તકના મહાબિંદુમાં પરિવર્તન કરે છે મહાકાળ!!

વીરભદ્ર ભૈરવને નાંદીનુ તાંડવ નૃત્ય થઈ રહ્યું છે!
અસુરના નિવારણ હેતુ પરિવર્તન કરે છે મહાકાળ!!

મહાકાળનાં જાગૃત આત્માઓનું ત્રીજું નેત્ર ખૂલી રહ્યું છે!
વૈશ્વિક સમસ્યાના સમાધાન માટે પરિવર્તન કરે છે મહાકાળ!!

મનુષ્યમાં દેવત્વને ધરા પર સ્વર્ગનું અવતરણ થઈ રહ્યું છે!
વ્યાસવસિષ્ઠને વિશ્વામિત્ર જગાડી પરિવર્તન કરે છે મહાકાળ!!

આજે વિચાર ક્રાંતિથી યુગનિર્માણ થઈ રહ્યું છે!
વિશ્વ ધર્મનાં રક્ષણ કાજે પરિવર્તન કરે છે મહાકાળ!!

આ વિષાક્ત વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે!
પ્રકૃતિને સંસ્કૃતિનાં સંવર્ધન હેતુ પરિવર્તન કરે છે મહાકાળ!!

માનસીંગ પારગી "માન"દાહોદ

7874644083 - manpargi24@gmail.com

## ૧૭૨. ધીમે ધીમે!!

વીતી જાશે આ કહેર પણ ધીમેધીમે!
ખૂલી જાશે લોકડાઉ પણ ધીમેધીમે!!

આ નર્સને ના સતાવો ના ડૉક્ટરોને મારો,
હટાવો કોરોનાનો કહેર પણ ધીમેધીમે!!

આ પોઝીટીવ પણ પડકાર છે લડવાનો,
શકિત વધારો રોગપ્રતિકારક પણ ધીમેધીમે!!

આ વધુ જીવવાની હૈયામાં હોંશ જરા રાખો,
પીઓ ખુદ વિષાદનો પ્યાલો પણ ધીમેધીમે!!

જે દર્દીઓએ કર્યો છે તબિયતમાં સુધારો,
કાલે આપણેય કરીશું પણ ધીમેધીમે!!

માનસીંગ પારગી "માન" દાહોદ

**7874644083 - manpargi24@gmail.com**

## ૧૭૩. કોરોનાનો કહેર!

ચીન દેશથી આવિયો કોરોનાનો કહેર!
મહામારી લાવિયોને સૌને કરતો જેર!

કોરોના વાયરસને શું આ માનવ સાથે વેર?
કોઈ દુ:ખથી મરે તો કોઈ ભૂખથી ઘેર ઘેર!

સૂક્ષ્મ છે વાયરસ તોયે ખૂબજ છે એક્ટિવ,
માણસ માણસને અડે તો કરતો પોઝીટીવ!

કોઈને દુ:ખે માથું તો કોઈને આવે ખાંસી,
દસમાં દિવસે તો આ અર્થી ઉઠે ખાસ્સી!

શત્રુ આ અદૃશ્ય તોયે મારે એકજ ઝટકે,
કોઈ પોઝિટિવ થાય તો સ્મશાને જઈ પટકે!

આ અમેરિકા ઈટલી અને ફ્રાંસ પણ હેરાન,
સમગ્ર માનવજાતનો આ બન્યો છે હેવાન!

ડૉક્ટર પણ ગભરાય છે આ રોગથીયે ખૂબ,
પીપીઈ કીટ પહેરીને જાણે લાગે કેવાં ભૂત!

108 દોડ્યા કરે આખ્ખો દિનને રાત,
ઘરેથી દર્દી લઈને વળતી લાવે લાશ!

રોજન રોજના ટેસ્ટથી વૈજ્ઞાનિકો પણ થાક્યા,
વર્ષોનાં અભ્યાસ પછીયે દવા ન શોધી શક્યા!

નિરાશ મજૂર પાછાં ફરે એ વતનની પગવાટ,
ભૂખ્યાં તરસ્યાં ચાલ્યાં સૌ દિનને આખ્ખી રાત!

પૈસો એક્કે ના મળે ને બસ નાઠાં એમજ ઠાલાં,
ચંપલ વિના ચાલીને પગે ખૂબ પડ્યાં છે છાલાં!

માથે ઉંચકી પોટલું અને કાખમાં રાખી છોરું,
મદદનો અણસાર મનમાં કોઈતો આવે ઓરું!

લોકડાઉનનો ભંગ કરીને જે રખડે જાણે ઢોર!
પોલીસ પકડે થાણે લઈને ડંડા મારે  જોર!

પ્રવાસ પર્યટન અને જાતરાઓ પર પ્રતિબંધ,
લગ્ન પ્રસંગો પણ આજે થતાં બારણે બંધ!

રોગ ગયો ફેલાઈ અને ફફડે માનવ જાત!
તોપણ હિંમત રાખીને બચાવી રાખો જાત!

માનસીંગ પારગી 'માન'

દાહોદ - 78746 44083

## ૧૭૪. ઓહ કોરોના - અછાંદસ

*કયા સામૂહિક દુષ્કર્મનો લેવાય છે આ હિસાબ?*
*કુદરતની કારમી ક્રૂરતાનો ક્યાં મળે કોઈ જવાબ!*

*નામ "કોરોના"થી જ છૂટે કમકમાટી જણ જણને,*
*સૂક્ષ્મ છે વાયરસ પણ કહેર કાળમુખો,બેહિસાબ!*

*વ્યાપી છે ખૂબ ભીતિ ચોગમ વાતાવરણમાં અહીં,*
*ચર્ચાય હર જબાને કોરોનાની જ કાતિલ કિતાબ!*

*ધમધમતું જીવન આજ બન્યું સૂમસામ ભેંકાર,*
*સ્થગિત થયો સમય,જાણે ખોઈ બેઠો શબાબ!*

*હવાતિયાં મારે શ્વાસો પણ આ ભયાનકતા સામે,*
*વિશ્વભરમાં થઈ રહી છે પરિસ્થિતિ ખૂબ ખરાબ!*

*ક્યાં હતી ખબર,જગત આખુંયે થશે બેહાલ,*
*ઉતરી ગયાં છે અહીં ભલભલાનાં ઠાઠ,રૂઆબ!*

*અણસાર છે હળાહળ કળિયુગની કરૂણતાનાં,*
*ભાખી ગયાં ભગવાન,એ જ દેખાતાં સૈલાબ!*

*નિયંતા આગળ સદૈવ પાંગળો રહ્યો છે માનવ,*
*બંદગી ઈશ્વરને એટલી,ઉતરે સત્વરે ચહેરાનાં નકાબ!(માસ્ક)*

*ખોફ નહીં પણ રાખીએ બસ સતર્કતા સવિશેષ,*
*કોરોના સામે જાનલેવા જંગમાં થવું છે કામયાબ!*

ડૉ. માર્ગી ધવલ દોશી - અમદાવાદ - ૯૯૧૩૧૪૬૬૮૫

## ૧૭૫. અભિવ્યક્તિ આભારની..

### કોરોના વૉરિયર્સ માટે

કેમ કરું જૂજ શબ્દોથી જ માત્ર
આભારની હું અભિવ્યક્તિ?
પાંગળા થાય સાબિત શબ્દ પણ
જ્યાં વિષયમાં અલગારા વ્યક્તિ!

ઈશ્વરની સાક્ષાત પ્રતિકૃતિ કહું કે
પ્રત્યક્ષ દેવદૂત દર્દીઓનાં?
વહોરી જોખમ જીવનાં તબીબ નર્સ
આપે માનવતાની મૂક સાબિતી!

કેમ અદા થાય ઋણ,સૂમસામ સડકને જ
આશ્રય બનાવતાં નિષ્ઠાવાન ખાખીધારીનું!
સહી આકરાં તાપ-તરસ,આપે
આરામ ને પરિવારની જનતા ખાતર આહુતિ!

અભણ છતાંય સ્વચ્છ રાષ્ટ્ર અભિયાનને
રહ્યાં વફાદાર સફાઈ કામદારો પણ,
હર સરકારી અધિકારી જાણે
નખશિખ કરુણાની અજાયબ આકૃતિ!

વ્યક્ત કરું ભારોભાર કૃતજ્ઞતા
સંસ્થાઓની નિ:સ્વાર્થ સેવાભાવના પ્રતિ,
બેલી બની નિરાધારનાં કપરાં ટાણે,
આદરી સ્નેહભીની સહાનુભૂતિ!

આપી અડીખમ આત્મીય મિશાલ,
ખુદની ક્ષમતા ને કાબેલિયતની હર મહિલાએ,
અનન્ય પરવા કરી પરિવારની પ્રતિ પળ,

ઉજાગર કરી ભીતરની સ્ત્રીશક્તિ!

ધન્યવાદ હર કાબિલેદાદ માધ્યમનો,
પીરસે ક્ષણક્ષણનાં સમાચાર લગીર,
ને આભાર સહૃદયી સરકારનો,
અપનાવી આફતમાં* *લાગણીસભર રાજનીતિ!

ડૉ. માર્ગી દોશી - અમદાવાદ - ૯૯૧૩૧૪૬૬૮૫

## ૧૭૬. દશા થઇ છે

છંદ : હજઝ - બંધારણ: લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

પ્રભુ, તારી રચેલી સૃષ્ટિની કેવી દશા થઇ છે !
વધે છે કહેર કોરોનાનો, શ્રાપિત આ ધરા થઇ છે!

ક્ષણેક્ષણ ભય અહીં આતંક સાથે વાયરસનો પણ,
અચાનક કુદરતી આફતની પણ સાથે જફા થઇ છે!

ખબર ન્હોતી,સમય આવોય ક્યારે આવશે કપરો,
અહીં હર કુંડળી ને હર ગ્રહોની અવદશા થઇ છે!

લલાટે જે લખ્યું ભૂંસાય ના કોઈ જ સંજોગે,
હવે શુભ લાભ ચોઘડિયાની પણ જો દુર્દશા થઇ છે!

ભરોસો રાખતાં તારી ઉપર સૌ રંક ને રાજા,
જરા જો,કેટલીયે પ્રાર્થનાઓ ત્યાં જમા થઇ છે!

દશા આવી સહેવાતી નથી આખાય જગની આ,
સદા આક્રોશ બસ દેખાડવાની આ પ્રથા થઇ છે?

હશે વાકેફ તું પૃથ્વીની આ બદતર દશાથી તો,
કહે મંદિરમાં પણ જાહેર શાને આ રજા થઇ છે!

અરે પણ ક્યાં સુધી વરસાવશે તું રોષ એ તો કહે,
ના કોઈ પણ દુઆ,ના કારગત જ્યાં દવા થઇ છે!

પડી લાગે અછત તારે ત્યાં પણ ઈન્સાનની ભારે,
ઇજન દઇ મોતનું,શું ત્યાં મહેફિલની મજા થઇ છે?
જરા તું અવતરી તો જો ધરા પર તો જણાશે ને!
ખમી જો બોજ ક્ષણભર,તુંય કહેશે કે સજા થઇ છે!

ડૉ. માર્ગી દોશી - અમદાવાદ ૯૯૧૩૧ ૪૬૬૮૫

## ૧૭૭. કોરોના આવી ગયો કોરોના?

કોરોના આવી ગયો કોરોના? દરવાજા ખુલ્લા જ રાખ્યા છે અમે તો,
અમે તો સુરતીલાલા મોજીલા મસ્તાના,
અમે તો પડકારોને હસતા રમતા ઝીલનારા,
તને પડકારવા અમે ઉકાળો- કાઢો પીનારા,
સાથે સાથે લોચો-ખમણ પણ ઝાપટનારા,
માસ્ક-સેનિટાઇઝર પણ સાથે રાખનારા,
સમયોચિત સલામત અંતર રાખનારા,
આખી દુનિયામાં ભલે તું છવાયો ને મરણોત્સવ મનાવ્યો,
પણ અમ સુરતીઓનો તું ના કરી શકે સફાયો,
અમે તો હસતાં- રમતાં ફરી પાછા ઘટમાળમાં રમનારા, કોરોના તને છે અમારો ખુલ્લો પડકાર,
આવી જા,આવી જા,અમે તો સામી છાતીએ લડનારા...
અમે તાપી પુત્રો
કોરોના તને કોરો ના છોડનારા
જોઈ લેજે...

મયંક ત્રિવેદી - સુરત – ૯૯૭૯૮ ૬૫૭૩૯

## ૧૭૮. મુક્તકો

(૧)

આખી દુનિયા લોકડાઉન થાય છે,
જિંદગીથી ક્યાં ઘડી થોભાય છે.
ઘરની બ્હારે એક વ્યક્તિ જાય છે,
પણ એ સાથે આખું ઘર લઇ જાય છે.
-મયૂર કોલડિયા **(9904461376)**

(૨)

જો લેવા ન જાઓ તો આવે ન દ્વારે,
કરોના સ્વભાવે સ્વમાની છે ભારે.
જો દરિયામાં ડૂબે તો આવું વહારે,
તું તારામાં ડૂબ્યો, તને કોણ તારે?
-મયૂર કોલડિયા **(9904461376)**

(૩)

દિવસ એક પાછો રજાનો હશે,
હશે, મિત્રરૂપી ખજાનો હશે.
બધી એની વાતો અજાનો હશે.
એ તહેવાર પાછો મજાનો હશે.

**- મયૂર કોલડિયા - 9904461376**

## ૧૭૯. તરહી ગઝલ

આ ઘરના ચાર ખૂણાઓ ચાર ધામ લાગે,
શેરી, મહોલ્લો, ઓફીસ -સઘળું હરામ લાગે.

પ્રત્યેક આવનારાં શબરીને રામ લાગે,
કોરોનાગ્રસ્ત અમને એમ જ તમામ લાગે.

હર એક કણ નિહાળું તારું જ ધામ લાગે,**
મારુ જે માનતો'તો, તારું તમામ લાગે.

એ પણ ખરું કે જ્યારે ના સામ-દામ લાગે,
તો દંડ-ભેદ કેવળ, આખરમાં કામ લાગે.

કેવો આ કહેર જેમાં સૌને વિરામ લાગે?
આ શહેરમાં તો આઘેથી રામરામ લાગે.

ખુદને આ રીતે પહેલા નહોતો મળ્યો કદાપિ,
ખુદથી મિલન આ મારું, તારું જ કામ લાગે.

એક ગામ છોડી બીજા ગામે ગયો તો સમજ્યો,
હાલત અમારા જેવી તો ગામેગામ લાગે.

**- મયૂર કોલડિયા - 9904461376**

# ૧૮૦.ડ્રેગન ભરડો

ધમધમતા શહેર પર અચાનક ફરી વળ્યો
એક ડ્રેગન ભરડો!
હતું, જે અલમસ્ત, મસ્ત મસ્ત, એ થયું, તહસ નહસ !!
Quarantine, sanitizer, virus,- જેવા ભયાનક  શબ્દોથી થયા પરિચિત
અબૂધ  ભૂલકા !
કેવી ભયંકરતા, કેવી વિહવળતા!
Social  distancing ના નામે
દૂર થઈ ગઈ,સંબંધો ની નિકટતા!!
"કિલકારી" થઈ ગઈ   ચિચિયારી"
"વિસામો" બન્યો  "પલંગ પથારી"!!
કંઇ કેટલીય થઇ સુની માંની ગોદ,
ને કેટલીય ખોવાઈ બાળની ગોદ!
હતું સપનું દીકરા ખાંધે જવાનું;
પૂરૂ  ન થયું, બની ગયો ખુદ ખાંધ!!
ડરતા ડરતા જીવી રહ્યા સૌ,
મરતા મરતા જીવી રહ્યાં સૌ!!
ખોટા પડ્યા સરવાળા, થઇ ગઈ બધી બાદબાકી!
કહેવાતા " શ્રીમંતો" ને " મોભી" ઓ ને પાડી પાછળ,
ટોચ પર રહ્યો  સફાઈ કર્મી,
સલામ, નમસ્તે, હેટ્સ ઓફ, એ કામદાર વર્ગને
જે જીવને જોખમે રહ્યા રોજ unlock!
દિલથી માફી મારી,
એમની, જો ઓછી કિંમત આંકી!!

મેધા (માયા) વિપુલ શુક્લ - 7046333213.

## ૧૮૧. માસ્ક

શ્વસે સૌ માસ્ક પ્હેરીને ;
જીવે સૌ માસ્ક પ્હેરીને .

પડેલો ગાલ પર લાફો ;
ખમે સૌ માસ્ક પ્હેરીને .

મુખોટા પર મુખોટું છે :
કહે સૌ માસ્ક પ્હેરીને !

તમે બસ ચાલો ચેતીને ;
ફરે સૌ માસ્ક પ્હેરીને .

નથી મૂકતા સ્વયંને પણ ;
છળે સૌ માસ્ક પ્હેરીને .

ટપોટપ પર્ણની માફક -
ખરે સૌ માસ્ક પ્હેરીને .

નહીં તાગી શકો 'સ્નેહી';
હશે સૌ માસ્ક પ્હેરીને .

મેધા સોની 'સ્નેહી' - રાજકોટ - 9099022502

## ૧૮૨. મારી નજરે સમાધાન...

મારી નજરે સમાધાન...
મને મળેલું સમાધાન...

જીવનથી કેમ ઉદાસ થવું.
શ્વાસના છંદોમાં પ્રાસ થવું.

ગમતાને ભેટવું વ્હાલથી,
ન ગમે તેના માટે ખાસ થવું.

દંભ,કપટને સ્વાર્થના રણમાં,
સંતોષનું જલપાન કરી હાસ થવું.

કોયડાઓ ભલેને બનતાં જટીલ,
આપણે કાઢે ના એવો ક્યાસ થવું.

સ્નેહને બરાબર વહેંવો ચોતરફ,
આ વહેંચણી વેળાએ તાસ થવું.

મિહિર પટેલ ‘શબ્દશૃંગાર’ - વડોદરા - ૯૮૭૯૫ ૪૦૮૬૭

## ૧૮૩. પુકાર

એક આફત કેટલું બધું સમજાવી જાય છે.
શ્વાસને નિરાધાર કરી બંદી બનાવી જાય છે.

જન્મ પહેલાં કરાવ્યો અગ્નિ સ્પર્શ સ્વાદ માટે,
આ જ સ્વાર્થ આખા વિશ્વને લૂંટી જાય છે.

જીવને મારી માનવે કરી આ શરૂઆત ,હવે
કુદરત જ ન્યુટનનો નિયમ ભણાવી જાય છે.

મહામારીના ઉછળતા મોજા વચ્ચે હૈયાને
કરો તોરલ અને ભીતરથી ઉચારો સ્વયંના પાપ,

કારણકે ઔષધ સારવારમાં વિલંબ કરે ત્યારે,
ગુન્હાની કબુલાત પણ સંજીવની બની જાય છે

મિહિર પટેલ ‘શબ્દશૃંગાર’ - વડોદરા - ૯૮૭૯૫ ૪૦૮૬૭

## ૧૮૪. જવાબદારી છે આપણી

ખુદના જીવનનું જોખમ છે દેશની સરહદે લડતા સૈનિકોને,
પણ અંદર નાગરિકોના રક્ષણની જવાબદારી છે આપણી,

આપે વિગતવાર માહિતી દરેક ન્યૂઝ ચેનલ દેશવાસીઓને,
પણ ખોટી અફવાઓ રોકવાની જવાબદારી છે આપણી,

નથી હાથ કે નથી પગ આ નવા જન્મેલા વાયરસ કોરોનાને,
ઘરે બેસી વધતું સંક્રમણ રોકવાની જવાબદારી છે આપણી,

કોરોનાથી બચવાના નિયમો નથી અનુકૂળ જીવનશૈલીને,
છતાં ચુસ્ત પણે પાલન કરવાની જવાબદારી છે આપણી,

બંધ થયા ધંધાઓ તો નાણાકિય તકલીફ છે નાના કુટુંબને,
તો શક્ય એટલું મદદરૂપ થવાની જવાબદારી છે આપણી,

વિદેશી વસ્તુઓ ખરીદીને ખૂબ કમાણી કરાવી છે વિદેશોને,
સ્વદેશી અપનાવી દેશ બચાવવાની જવાબદારી છે આપણી,

વચન આપીએ, નહીં તૂટવા કે નહીં ઝૂકવા દઈશું આ દેશને,
તન મન ધનથી સહકાર આપવાની જવાબદારી છે આપણી,

આ મહામારી તો એવી કે જેનો તોળ નથી મળતો ડૉક્ટરોને,
તો કપરા સમયમાં સતર્ક રહેવાની જવાબદારી છે આપણી,

ઉનાળાનો તાપમાં ને આખી રાત જે બજાવતા રહ્યાં ફરજને,
દરેકનું હ્રદય પૂર્વક સન્માન કરવાની જવાબદારી છે આપણી,

કરું છું સમર્પિત આ લખાણ મારાં વહાલા ભાઈ-બહેનોને,
આપણી જવાબદારી નિભાવવાની જવાબદારી છે આપણી,

મિલન અંટાળા - સુરત - 9429568461 - antalamilan3@gmail.com

## ૧૮૫. બહાનાં શોધતા'તા
## (પ્રોત્સાહન ઇનામ વિજેતા કાવ્ય)

ના નજરમાં આવતા એ જીવથી સૌ ભાગતા'તા,
આજ રીતે તો ખુદાની બંદગીમાં આવતા'તા.

લાગણી કારણ બને છે દૂર ભાગીને જવાનું,
લાગણી એ સ્વાર્થની છે વાઇરસ સમજાવતા'તા.

કેટલા પાપો છતાંયે રોફથી ફરતા હતા જે,
એક નાના જીવ સામે મોઢું એ સંતાડતા'તા.

ક્યાં વગોવો છો તમે આ વાઇરસના નામને ભૈ,
દૂર ભાગીને જવાના સૌ બહાનાં શોધતા'તા.

હું પ્રભુ ભ્રમમાં હતો કે ના ડરું તુજ નામથી તો,
શું તમે આ વાઇરસના નામ થી ગભરાવતા'તા?

ડો. મિલિન્દ પારેખ – બારડોલી - **9979049222**

## ૧૮૬. અકળાવતું નગર

વેરાન વસ્તી થઇ અને સ્મશાન સુ આખું નગર,
સઘળાં પશુ મુંઝાય છે શું પીંજરું આખું નગર!?

સંબંધ પાસે છે બધા, તો પણ આ મન વ્યાકુળ છે,
છે શાંત તો પણ શાંત થઈ અકળાવતું આખું નગર.

ખાલી બધા રસ્તા છતાં ખાલી નથી ભૂરું ગગન
ઊડતાં ફરે પક્ષી અહીં, કલરવ સમુ આખું નગર.

માનવ હતો એ મેદમાં કે હું જ શક્તિવાન છું,
એ મેદનો ભુક્કો કરી તડપાવતું આખું નગર.

ફરતા પશુ, ઊડતાં વિહગ, સરતી સરિતાને હવા,
છે માનવી પાપી જ એને ગોંધતું આખું નગર.

તે ફેફસાં સમ ખેતરો ને જંગલો કાપ્યા બધા,
તો શ્વાસ લેવા પણ હવે ગભરાવતું આખું નગર.

માનવ નથી તે તો કરી પરવા કદી આ શ્હેરની,
પણ તું હશે વ્હાલો તને સંતાડતું આખું નગર.

ડો. મિલિન્દ પારેખ - બારડોલી - 9979049222

## ૧૮૭. કાળો કેર વર્તાવ્યો કોરોના તે તો

કોરોના ગીત (રાગ: કાનુડે કવરાવ્યા ગોકુળિયા માં)

કાળો કેર વર્તાવ્યો કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો.....

હા... ચીનમાંથી પગ પેસારો કર્યો,
જોતરેજોતામાં તું જગે વિસ્તર્યો,
ખરો મિજાજ પરખાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો..... કાળો......

ધ્રુજાવે શહેરો, ધ્રુજાવે દેશો,
રોજેરોજ વધે છે તારા અવશેષો,
છુપાઈને ભરમાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો....... કાળો......

નાના મોટા સૌ આવ્યા ઝપેટમાં,
કોઈ બચે ના એવાં લીધાં લપેટમાં,
ભરડે લઈ કણસાવ્યોં, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો..... કાળો.....

ફફડે લોકો ભયના ઓથારે,
મૃત્યુની ઘાતથી રડે ચોધારે,
પળમાં એમ ફફડાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો ....... કાળો....

ખાલીખમ દિશે કોલેજ ને શાળા,
સાચવી બેઠાં પોતાના માળા,
શાનમાં તે સમજાવ્યો, કોરોના તે તો,
કાળો કેર વર્તાવ્યો..,... કાળો.........

મીના વ્યાસ - વડોદરા - 9998005041

## ૧૮૮. વાયરસ vs વીર

જિંદગી હજી ક્યાં પુરી થઇ ગઈ છે દોસ્ત
હજી એની સાચી મજા લેવાની તો બાકી છે

મેદાન માં તો હવે ઉતરીશ હું પાછો
હજી તો મારો દાવ લેવાનો બાકી છે

થોડો ઘબરાઇ ગયો હતો જરૂર તારી તાકાત જોઈને
પણ બાપુ તારી જોડે બે બે હાથ લડવાના હજી બાકી છે

નવરાત્રી ને દિવાળી તો હવે ભેગા થઇ ને જ ઉજવસુ
આતો બસ હજી લલકાર જ છે તને નસતે નાબુદ કરવાનો બાકી છે

**મિતેશ +919099048696 - new jearsy (USA )**

## ૧૮૯. કુદરત સાથે  સ્પર્ધા

મેં કીધું હું માનવ બધું સર્જી શકું છુ પોતાની માટે
શાને કરે અહંકાર સૃષ્ટિ ની રચના જ કરી છે મેં તારી માટે

મેં કીધું જો મેં કોન્ક્રીટ ના સુંદર જંગલ બનાવ્યા મારી માટે .
હવે હવા ખાવા ના સ્થળ કોણ બનાવશે તારી માટે.

મેં કીધું જો મેં પાણી ને રોકી ડેમ બનાવ્યા મારી માટે,
હવે મેં પણ નવી નદી બનાવવાનું બંધ કરી દીધું તારી માટે.......

મેં કીધું જો મેં ઠંડા થવાના સાધનો બનાવ્યા મારી માટે .
હવે તું થોડો વરસાદ પણ બનાવી લે તારી માટે .....

મેં કીધું જો હું  આ  સ્પર્ધા  માં  મોત ને  પણ  માત આપીશ  એક  દિવસ ,
વિનાશ  થાય  છે  પ્રજાતિ નો  તારી  એકાદ  રસી પણ  શોધી  લે  તું તારી માટે .

મિતેશ  - +919099048696 - New jerasy (USA)

## ૧૯૦. હું વાત કરું છું પરદેશથી

કોરોના ને સમજવો હોય તો સમજો આ ઉપદેશ થી
સાપેક્ષવાદ નો સિદ્ધાંત સમજીલો હું વાત કરું છું પરદેશ થી

શિસ્ત એક માત્ર ઉપાય છે આ કાળ માં જીવવાનો,
પાડોશી એ તો સાધી લીધું હું શું માનીશ ફક્ત અનુભવ થી.

અલ્પવિરામ ઘણો ઓછો લીધો છે સરકાર ની સૂઝ થી ,
લાભ લઇ લો , બાકી નુકશાન એનું મોટું છે વિલંબથી .

કુદરતી હોનારત નથી કે શ્રદ્ધા થી સમેટાય જશે
મોઢા પર માસ્ક જરૂરી છે કશું નહીં થાય એક લોટા દૂધથી .

પાશ્ચતત્ય સંસ્કૃતિનું અનુકરણ કરવાનું કેમ ભૂલી ગયા,
'જીન્સ' તો પહેરી લીધું પણ માસ્ક કેમ ચુકી જવાય છે આળસથી?

તક મળી છે ઉત્તમ ભૂરા માથા ના માણસ ને કહેવાની,
કાળા માથા નો આ ભારતીય હાર નહિ માને આસાનીથી.

મિતેશ - ન્યુ જર્સી (યુ.એસ.) - +91 90990 48696

## ૧૯૧. કોરોના અને વગર કોરોનામાં

કોરોના અને વગર કોરોનામાં
લૉકડાઉનના વિવિધ પ્રકાર

વાયરસ નામે પ્રલયમાં લૉક ડાઉન,
કે પછી તારા પ્રણયમાં લૉક ડાઉન.

નિર્ભયા પર જેણે બળજબરી કરી'તી,
થઈ ગયા સૂરજ ઉદયમાં લૉક ડાઉન.

એક ગરદન નીચી થાશે એક ઊંચી,
હારમાં, કોઈ વિજયમાં લૉક ડાઉન.

રાતના પણ ઊંઘ ના આવે તને તો,
કો'ક છે તારા હૃદયમાં લૉક ડાઉન

સાલ એંસીની ગરીબી જોઈ છે મેં,
સૌ ફરીથી એ સમયમાં લૉક ડાઉન.

**- મિત્ર રાઠોડ - સુરત - 9664837783**

## ૧૯૨. જીતી જઈશું

એમ તો હું કંઇ ખાસ નથી લખતી,
પણ આજે મનના વિચારો રોકી નથી શકતી.

આજે વિશ્વમાં ચારે બાજુ કોરોના વાયરસ ફેલાયો છે,
આપણી જીંદગીઓમાં ખરાબ પરિસ્થિતિઓ લાવ્યો છે.

કોરોના યોદ્ધાઓએ છેડી છે એક જંગ,
કેમ કે શત્રુ છે અદૃશ્ય, નથી થઇ રહ્યો મંદ.

લાગી પડ્યા છો નિરંતર, ગુર્જરધરાની સેવામાં થઈને ચૂર,
હે! કોરોના યોદ્ધાઓ, તમારી મંઝિલ નથી હવે દૂર.

કેટલાક લોકો પૂછે છે કે, આ કોરોના યોદ્ધા છે કોણ?
શું તમે એ પણ નથી જાણતા, આટલા છો અજાણ?

અરે! એ જેણે દિવસોથી જોયું નથી પોતાનું ઘર,
અને એ જે દિવસોથી ઘરથી આવ્યો નથી બહાર.

એ મજૂર,એ કામદાર જેઓ છે લાચાર,
પણ બે ટંકના રોટલાનો માને છે આભાર.

એ તબીબો જે માનવી રુપે જન્મેલા છે રામ,
રામ ની જેમ લડતા શત્રુથી અને કરે છે રક્ષણનું કામ.

એ પ્રશાસક જેમની સામે પડકારો છે નવા,
લાગી પડ્યા છે એ પણ ઉકેલ શોધવામાં નવા.

જે પૂછતા હતા કોણ છે કોરોના યોદ્ધા,
તેમને મેં કહી નાખ્યું,
"પોત- પોતાના સ્તર પર લડતા અમે બધા જ છીએ યોદ્ધા,
પરિસ્થિતિ અમારી એક જેવી નહિ,પરંતુ અમે બધા છીએ યોદ્ધા."

અંતે એટલું જ કહીશ
"જીતી જઈશું કોરોનાનો જંગ,
જો કામ કરીશું મળીને સંગ."

**મોહિની રાજપૂત - સુરત - 96623 57616**

## ૧૯૩. મહામારી

આતે કેવી મહામારી,?
ના પૈસા ના પૂરતું પાણી,
ખાલી થઈ ગઈ બધી કમાણી,
આતે કેવી મહામારી.?

ભૂખ્યા બાળ ભોજન ને તરસે,
આંખોમાં જો શ્રાવણ વરશે,
જિંદગી તારી કેવી કહાણી,
આતે કેવી મહામારી.?

ન જાણે કેટલા લોગ મરશે,
દેશ જો આ વિકાસ ને તરસે,
હપ્તા વારા કરે ઉઘરાણી,
આતે કેવી મહામારી?.

ખેડું સૌ આત્મહત્યા કરશે,
એનું દેવું હવે કેમ ભરશે,
ખેડું ની આખી જાત ઘસાણી,
આતે કેવી મહામારી?.

**મુકેશ રાઠોડ - રાજકોટ - 9737343001**

## ૧૯૪. હાઈકુ

કોરોના, કાળ.
જીવલેણ જીવાણુ.
રહો ચેતી ને.

મહામારી છે.
. વિશ્વ ફલક પર.
બચ્યું ના કોઈ.

**- મુકેશ રાઠોડ - રાજકોટ 9737343001**

## ૧૯૫. કોરોના દુર્દૈવ (ભુજંગી છંદ)

ભલેને "પ્રભામંડળ"નામ એવું ,
ભલે હોય રૂડા જ "ક્રાઉન" જેવું.
નથી ગુણ એકે "શિરતાજ" જેવો,
કઠ્યો આજ કોરોના દુર્દૈવ એવો!

દિસે છે કરોના તણું નામ રૂડું ,
ખરેખર એથી નથી કોઈ ભૂંડું!
મચાવી તબાહી; બન્યો કાળ એવો,
દિસે આ કરોના યમરાજ જેવો !

તબાહી જન્મસ્થાન ચીને મચાવી,
લગાવ્યો અડિંગો,ઈટાલી જ આવી.
ન છોડ્યો વિશ્વમાં કહીં દેશ એવો,
દિસે ના તબાહી વિના હોય તેવો!

સૂનાં મંદિરો ને મસ્જિદો, ગિરીજા,
દિસે હાટ સૂના,રસ્તા ને બગીચા.
ઘરે પૂરવા "લૉકબંધી" જ લાવ્યો,
મચાવી તબાહી, ત્સુનામી થૈ આવ્યો !

કહો કોવિદ કે કરોના જ બોલો,
રહો "લૉકબંધે", કમાડો ન ખોલો.
રહો ખુશ સૌ, "લૉકબંધી" જ પાળી,
કરોના ભગાડો, "દધિ" ભીડ ટાળી!

મૂળજીભાઈ પરમાર "દધિ"
૫૫૩/૧,સે.૭/બી,ગાંધીનગર, **98242 36893**

## ૧૯૬. કોરોના કેર કરવત

કોરોના વાયરસે દેશવિદેશે મચાવ્યો બહુ હાહાકાર !
સૌથી મોટો એ છે ખતરો, જનતા રહે હોશિયાર.

શરદી, ખાંસી, નાકનું ગળવું, શ્વાસ લેવામાં હોય પરેશાન;
આ છે તેના મુખ્ય લક્ષણો,
ડરો નહીં, રહો સાવધાન.
સાવધાની એ સર્વેની રક્ષા, જનતા વર્તે બની સાવધાન.

ચીન દેશથી બધે પ્રસર્યો એ,
છે કોરોના તેનું નામ.
ઠેરઠેર છે ચર્ચા તેની,
વૈજ્ઞાનિકો પણ થયા હેરાન!

નથી અમેરિકા ઇમર્જન્સીમાં,
દુનિયાથી અલગ હિન્દુસ્તાન!
ઇટાલીમાં હાહાકાર મચાવી, પગરણમાંડયાપ્રતિહિન્દુસ્તાન.
સાવધાની એ સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન!

દુનિયામાં હાહાકાર મચ્યો છે,
કોઈ દેશને બાકી ના મૂક્યો;
આતંકવાદથી પણ ભયંકર, કોરોના મહામારી બની ચૂક્યો!

ચીન દેશમાં પ્રસરી ચૂક્યો, તેનો ઈલાજ નહિયે લગાર.
કાળો કેર વર્તાવ્યો જગે, માણસ માણસમાં પાડી દરાર!
સાવધાની એ જ છે ઉત્તમ,
રહે જનતા હરવાર સાવધાન!

ઈંડા,માંસ,મચ્છી,મીઠાઈ છોડો,કરો નહીં ઠંડુ જલપાન,
બાળકોને પણ ના પીવડાવો;
ખાણી-પીણીમાં રાખો ધ્યાન!

ડરો નહિ, પરેશાન ન થાશો; કરો સૌ ઘરમાં આરામ.
જમા થશેજો ભીડ માનવોની, લેશે નહિ કોરોનાઅટકવાનું નામ!
સાવધાની એ સર્વની રક્ષા, જનતા વર્તે બની સાવધાન!

સમયાંતરે સાબુ વડે જ હાથ ધુઓ ને પોતે જ પોતાના ડોક્ટર થાવ.
વાસી-ઠંડુ સર્વે ત્યાગીને, રસોઈ પણ ગરમાગરમ જ ખાવ.

જ્યારે થાય મસ્તકે પીડા,
ભારે ખાંસી-શરદી કે બુખાર,
સ્વાસ્થ્ય કેન્દ્રપર ચેકઅપ  કરાવો,ફરજ માની આપો સહકાર.
સાવધાની એ જ છે ઉત્તમ;
જનતા રહે હરવાર સાવધાન!

અફવાઓ આવે  ત્યારે, બનો સૌ બહેરા કે બનો અંધ;
જાગૃત રહે દેશની જનતા,
હિંમતે પાળે સૌ ઘરમાં બંધ.

સાવધાની એજ છે સૌની રક્ષા, ડરો નહીં સૌ ઇન્સાન,
હિંમતથી કરવો છે મુકાબલો, જનતા રહે બની સાવધાન.

બંધ પાળવામાં નથી "દધિ" ડહોળવાનો,કે નથી લાંઘવાનો પર્વત;
જો અળગા રહી નહીંપાળીએ શકે  બંધ તો; ગરદનને ફરશે કોરોના કરવત!

- મૂળજી પરમાર 'દધિ' (લીંચ), ગાંધીનગર - 9824236893

## ૧૯૭. રે કોરોના

રે કોરોના, જીવનપથનો પ્રશ્ન સંકીર્ણ કીધો,
ગોઝારા તેં જગસકલને છેહ કેવો છ દીધો,
આવું તો ના કદીપણ બન્યું વિશ્વના યુદ્ધમાં યે,
વૈજ્ઞાનિકો મૂંઝવણમહી ઝૂઝતા છે સદાયે.

છે ચાઈના,ઈટલી,અમરિકા જુઓ પૂર્ણ ત્રસ્ત,
સર્વે સ્થિત સ્વગૃહનગરે અદ્યપિ અસ્તવ્યસ્ત,
આ કોરોના સ્થલજલ વિશે દ્રશ્ય ના,તોય વ્યાપ્ત,
ને પૃથ્વીના સકલજનને માત્ર પીડા જ પ્રાપ્ત.

કોઈ બેસી નિજઘરમહી દૈવને દોષ દેતું,
શું સત્તાનો કસૂર પણ હોઈ શકે કોઈ કહેતું,
આ તે કેવી વિકટ ઘડી કે વ્યગ્ર વ્યાકુળ વિશ્વ,
ના કોઈનો અમલ જરીયે,દીર્ઘ કે હોય હ્રસ્વ.

ભીતિ લૈને લયપ્રલયની સંભ્રમે સૃષ્ટિ સ્તબ્ધ,
અંતે ઉર્વી પ્રકૃતિ પરિતોષે પરિપુષ્ટિ લબ્ધ.

નગીનચંદ્ર ડોડિયા - પાટણ - ૭૯૮૪૪ ૭૪૩૭૨

## ૧૯૮. જે આંગણમાં

જે આંગણમાં ચોતરફ ચહલ પહલ હતી,
તે ઘરમાં સુનકાર અને મુખ પર ચિંતા છવાઈ

કોઈ સંકટ દેશ પર છવાયું,
દરેક વ્યક્તિ આજ છે ગભરાયું

ગામ અને સીમ સુની ભાસે,
સૌના મન મહીં કોઈ આશ પ્રકાશે

ચોતરફ ભયનું સામ્રાજ્ય છવાયું ,
અમુક અફવાઓમાં મન ભટકાયુ

કોરોના નામે તોફાન આવ્યું,
સર્વ જનને વિવશ બનાવ્યું

જેણે પોતાના સ્વજન ખોયા,
તેને દુઃખ અપાર જોયા

છતાં ઘર શું છે તે ખરો અર્થ સમજાયો,
જ્યારે પૂરો સમય ઘરમાં વિતાવ્યો

પરિવારનો સ્નેહ અને સાથની સમજાઈ મહત્તા,
સહકારથી કાર્ય કરવાની સમજાઈ ક્ષમતા

ધૈર્ય અને હિંમતથી સઘળું પાર પડશે,
સંઘર્ષો ભલે હશે દુષ્કર આખરે સફળતા મળશે .

નમ્રતા જોશી ઓઝા - 'સુરભિ' – અમદાવાદ - 91066 39623

## ૧૯૯. તારી આંખોના ઈશારે

તારી આંખોના ઈશારે નાચ્યો છું, હું સદા,
પલક ઉઠી તો હા ને, ઝૂકી તો મના થઈ ગયો.

જેવી પણ હતી, મને કબૂલ હતી મારી વાસ્તવિકતા,
તારી દંભી દુનિયામાં આવીને, કલ્પના થઈ ગયો.

હતો સઘળો વિરોધ મારો ફક્ત તારા વિરોધ સુધી,
જેવા તે બે હાથ જોડ્યા, પ્રાર્થના થઈ ગયો,

રહે છે એમને પ્રસંગો બધા ક્રમબધ્ધ રીતે જ યાદ,
સ્મરણમાં તો એમના રહું, માટે ઘટના થઈ ગયો

દુઃખમાં પણ ફરું છું, મુખ પર સ્વાભિમાન લઈને,
કહે છે તેથી જગત, 'નરેન' હવે જહાંપના થઈ ગયો.

**- નરેન્દ્રસિંહ ચુડાસમા - 98798 58138**

## ૨૦૦. એક વૈશ્વિક મહામારી

ધ્રુજી ઉઠી છે માનવજાત ને હજારોનાં લીધા ભોગ
નથી ખબર હજુ શું શું દેખાડશે આ કોરોના રોગ

લાવી આફત ચીને તો જગત આખું હચમચી ગયું
શક્તિશાળી હોવા છતાં અમેરિકા-ઈટલી હતાશી થયું
સંખ્યાની અગ્રટોચે ન પહોંચે ભારત જોગાનુજોગ
નથી ખબર હજુ શું શું દેખાડશે આ કોરોના રોગ

લક્ષણો દેખાય સામાન્ય પણ પરિણામ આવે ગંભીર
રૌદ્ર સ્વરૂપ જોઈ મહામારી નું સૌની આંખોમાં છે નીર
ક્યારે બનશે વેક્સિન અને ક્યારે આવશે સુખદ યોગ
નથી ખબર હજુ શું શું દેખાડશે આ કોરોના રોગ

માસ્ક લગાવવું મોઢે ને હાથ સાબણથી ધોવું છે જરૂરી
સેનેટાઈઝર થી વારેઘડી બધા કાળજી લેશો પૂરેપૂરી
સ્વચ્છતા-સાવચેતી રાખવાનો છે આ સમય-સંજોગ
નથી ખબર હજુ શું શું દેખાડશે આ કોરોના રોગ

ડોકટર,પોલીસ,નર્સ,સફાઈ કામગાર બન્યા દેવદૂત જેવા
સ્વ ની ચિંતા છોડી કરી રહયા છે લોકોની અવિરત સેવા
સામાજિક સંસ્થાઓ નો પણ વહ્યો સતત મદદ નો ધોધ
છેલ્લે માનવતાનો ધર્મ જગાડી રહ્યો છે કોરોના રોગ

હે પ્રભુ જલ્દી બને વેક્સિન ને આવે ચમત્કારિક સંયોગ
સ્થિતિ થાય પૂર્વવત અને મટી જાય વહેલાં કોરોના રોગ

**નરેન્દ્ર બંસીલાલ રાઠોડ**

**આચાર્યશ્રી, સંત તુકડોજી મહારાજ શાળા નં.૮૨, લિંબાયત, સુરત 394210 - 9974017063**

## ૨૦૧. કોરોના સામે

કોરોના સામે જીતીશુ આપણે જંગ
સહુના દિલમાં થાશે જરૂર ઉમંગ

ગાઇડ લાઇનથી ચાલીશું આપણે જો
કોરોનાને નાથી શકીશું તુરંત

ને રાખીશું સાવચેતી ખુદની જો
કોરોનાના નહી મચાવી શકે દબંગ

ઘરની બહાર ન નીકળીએ આપણે
તો કોરોના ફેલાવતો કરીશુ બંધ

શરદી, ખાંસી, ઉધરશથી રહીએ દૂર
તો જ કોરોનાના સામે જીતીશું જંગ

**જાદવ નરેશકુમાર મોતીલાલ**
મુ.પો. મલેકપુર વડ તા.વડનગર જી.મહેસાણા – **91062 88089**

## ૨૦૨. ભાગ રે કોરોના ભાગ

(રાગ) જાગ રે માલણ જાગ પરથી

ભાગ રે કોરોના ભાગ
જટ અહીથી  ભાગ
ભાગ રે કોરોના..
તારા લીધે માનવીયું ભૂખ્યા રે મરે
કોરોના અહીથી ભાગ નિત પ્રાર્થના રે કરે
ભાગ રે કોરોના....
કેમ રે આવ્યો કાળમુખો થઇ માનવીયુંને ભરખે
તારા લીધે આજ માનવીયું ભૂખે રે ટળવળે
ભાગ રે કોરોના...
કામ ધંધા રોજગાર તેં બંધ રે ક્યાં
લખો માનવીયું રોજગારી વિના રે ટળવળ્યા
ભાગ રે કોરોના....
શાંતગુજરાત, શાંતભારતનો તું શત્રૂ કેમ રે બન્યો
અમ ગરીબ મજદુરનો તેં રોટલો કેમ રે છીનવ્યો
ભાગ રે કોરોના....

જાદવ નરેશકુમાર મોતીલાલ
મું.પો. મલેકપુર વડ તા.વડનગર  જી.મહેસાણા – 91062 88089

## ૨૦૩. પિરામિડ કાવ્ય - કોરોના

આ
રોગ
કોરોના
જીવલેણ
ભારત માટે?
ખોટું આ પાડવા
લડો સૌ જો લડત
ઉઠાવી આ પડકાર
જીવાણુને અટકાવવાં
સંપર્ક ટાળો એકમેકના
સૌ પોતપોતાનાં ઘરમાં રહો
નાદ નરેન્દ્ર મોદીનો વધાવવાં
આપો આમ સાથ દેશને બચાવવાં

નટવર ટાંક – રાજકોટ – ૯૬૬૨૪ ૨૮૧૬૦

## ૨૦૪ જીંદગી તો એમની પણ

કોરોના યોદ્ધાઓને સમર્પિત ગઝલ
છંદ:-રમલ - છંદવિધાન :- ગાલગાગા*૩+ગાલગા

જીંદગી તો એમની પણ રોજ ઠોકર ખાય છે,
મોતને એ તો ગળે રોજે લગા'વા જાય છે.

ઋણ કઈ રીતે અદા કરશે બધા આ જંગમાં ,
પ્રાણ પોતાના ત્યજીને એ બચા'વા જાય છે .

જે કરી સેવા અમારી લોક તો એ ના કરે,
દેશના સર્વે જવાનો આજ ગીતો ગાય છે .

શોધતા ઈશ્વર મળી આવ્યા તમારા વેશમાં,
એમના દર્શન અમોને આપનામા થાય છે

"શાદ" ભારત એમનું ઋણી સદાયે છે જ ને
વાત મારી છે સરળ ક્યાં કોઈને સમજાય છે?

નિરવ રાજાણી ‘નીર’ ‘શાદ’ - વડોદરા - **94095 14259**

## ૨૦૫. જગનો પિતા તું આવો

જગનો પિતા તું આવો ગોઝાર થયો શાને ?
તારો બનાવ્યો માનવ લાચાર થયો શાને ?

ફેલાવી સકળ વિશ્વે, કોરોના મહામારી,
આપીને જનમ આખર વેપાર થયો શાને ?

ના અંગતોને ચૂમી, ના કાંધ શક્યો આપી
દૂરેથી સ્વજન દીઠાં અક્રૂર થયો શાને ?

અજવાસ સલામત, છે અંધાર તથાગત, હા
સઘળું ય યથાવત તો દેમાર થયો શાને ?

લોકો ઘરોમાં ખુદના છે કેદ મહિનાઓથી,
ના બાથ શક્યો ભીડી અખબાર થયો શાને ?

બ્રહ્માંડ તને તારું, ઈશ્વર પડયું રે નાનું ?
પાલક હતો ને તું તો, સંહાર થયો શાને ?

પૃથ્વી તું સમયનાં ફેરવ આમ ફટાફટ ના,
જે પોષતું એ મારે, હથિયાર થયો શાને ?

**નિશિ સિંહ – 99986 61267**

## ૨૦૬. ગઝલ: મુખમાં હરિને રાખજો

ધૈર્ય  જીવનમાં ધરીને રાખજો,
હામ  ભીતરમાં ભરીને રાખજો.

આવશે દિવસો ફરી પાછા બધા,
નોંધ એની પણ કરીને રાખજો.

છે સમય કપરો જરા તો કાપવા,
તેજ એવી કો' છરીને રાખજો.

રાત દિવસ હોયછે જંજાળ પણ,
ઊંઘમાં સપને પરીને રાખજો.

છે સહાયે 'નિત' સહારો આપશે,
બસ ભલા મુખમાં હરિને રાખજો.

નીતેશ ટાંક 'નિત'- સુરત - 99795 84130

## ૨૦૭. આંખમાં થોડા શમણાં

ગઝલ :- રમલ છંદમાં

આંખમાં થોડા તો શમણાં રાખજો,
પણ વિચારોમાં એ નમણાં રાખજો.

ક્યાંક કોરોના ન ભરખી જાય બસ,
એટલે દૂરી આ હમણાં રાખજો.

છે મહામારી ખરી જગમાં હવે,
એક એની ખાસ ભ્રમણા રાખજો.

માણસાઈ ના મરે માટે કહું,
લાગણીનાં થોર બમણાં રાખજો.

દર્દ ભીતરમાં ઘણાં હોઈ ભલા,
નિત'ચમકતાં તેજ લમણાં રાખજો.

**નીતેશ ટાંક 'નિત'- સુરત - 9979584130**

## ૨૦૮. ભાગ કૉરોંના

ફરી રહ્યો છે એ મદમસ્ત ખુલ્લેઆમ બહાર કૉરોંના,
ફરે છે માનવી પણ બહાર ભૂલીને ખૂંખાર કૉરોના.

વુહાનથી વહીને વિશ્વભરમાં વંઠેલ થઈ વહ્યો,
વિના ભેદભાવે સુપરપાવરનોય કરે સંહાર કૉરોંના!

ભટકતો ભટકતો ભૂખ્યો ડાંસ ભારત ભમવા આવ્યો,
ભગવા ભારતમા ભૂલો પડ્યો ભયંકર કૉરોંના!

મહાનાયક મોદીજીએ મહાયજ્ઞ માંડ્યો ,
વગાડી તાળી, થાળી ને દીપ પેટાવી,
કંપ્યો થરથર કૉરોંના.

મતિમૃત માનવની જમાત ન માને મૂઢ થઈને ફરે,
ફેરવે પાણી પ્રયાસો પર, હસતો ખડખડ  કૉરોંના!

કમર કસી કરતાં સેવા, સેવાકર્મીઓને નમન,
ફૂલ ને પથ્થર ઝીલતાં, હવે ન હંફાવ, કૉરોંના.

બિનવારસી લાશોને જે અવ્વલ મંઝિલ પહોંચાડતા,
એ કરૂણાનિધાનોને ક્રોધથી ના તું ધૂર, કૉરોંના!

કેવી કમાલ કરી! કુટુંબભાવની કૂંપળ ફરીથી ફૂટી,
માનવતાની મહેક પ્રસરી માનું તારો પાડ, કૉરોંના!

કામકાજમાં, શિક્ષણ મહીં, જીવનની શૈલીમાં,
આદતો ને પોશાકમાં લાવ્યો નૂતન ફરક  કૉરોંના.

ભાતભાતના પકવાનથી ઉજવે સૌ માનીને  અવસર
ધર્યો તનેય છપ્પનભોગ હવે  લે તું વિદાય, કોરોના.

યોગ, વ્યાયામ, ઉકાળા, પૌષ્ટિક આહાર ને ૐકાર,
કર્યો શુદ્ધ ઑક્સિજન, કરી કેવી તેં કમાલ કોરોના!

વિના મૂલ્યે કરી ગંગાને શુદ્ધ લઈ આહુતિ માનવ તણી!
નવપલ્લવિત પર્યાવરણ થ્યું, અકલ્પ્ય  કર્યું કાર્ય, કોરોના!

સૂની ડગર, સૂની પટરી, સૂનો આકાશનો શુદ્ધ પટ,
કરે કુદરત કલશોર ને ઝરણાં વહે ખળખળ, કોરોના!

'અતિથિ દેવો ભવ' જાણીને આવ્યો તું અહીં શાને?
મોદીગર્જના કાફી  છે, શત્રુને કરવા માત,કોરોના!

મેલીને મુખવટા પર માસ્ક મેલા રાજનેતાઓ,
પકાવે ખીચડી ખુદની, તું અહીંથી ભાગ, કોરોના.

નૂતન તુષાર કોઠારી 'નીલ' - વાપી - 74055 95517

## ૨૦૯. કોરોના સાથે જીવતા શીખી લો

કોરોનાને સ્વીકારી લો હવે એ સાથ ભલે રહેતો,
જશે એ બીજા રોગની જેમ જો માર્ગ મળશે તો.

થોડી સાવચેતી રાખીને, જીવન શૈલી બદલીને,
કરો સૌ કામ રોજિંદા, જીવન પાટે ચડશે તો.

નથી અઘરું પહેરવો માસ્ક કે દૂરી જાળવવી,
બચી જશે જો પુરાણી સંસ્કૃતિ અનુસરશે તો.

ઉકાળીને પીવું પાણી કે પીવા ઉકાળા દિવસમાં,
નહીં પડશે તકલીફ,રોજ પ્રાણાયામ કરશે તો.

સફાઈ ને સ્વચ્છતા હો જ્યાં ત્યાં વસશે પ્રભુતા,
નહીં આવે વાંધો જો વારંવાર હાથ ધોશે તો.

પ્રસંગોને પતાવો સાદગીથી ઓછી હાજરીમાં,
નહીં મોકો મળે ચોંટવાનો, કોરોના હારી જશે તો.

મિટાવી ભેદ સૌ નિભાવતા માનવધર્મને,
ચડશે હોંશ સેવાકર્મીને વધુ, જો કદર કરશે તો.

નહીં આવી શકે તું 'કોરોના' હવે ચેતી ગયાં અમે,
નહીં ખૂલશે કો' 'નૂતન' દ્વાર જો તું દ્વાર ઠોકશે તો.

નૂતન તુષાર કોઠારી 'નીલ' - વાપી - 74055 95517

## ૨૧૦. બાળ-ઉલઝન - બાળ કાવ્ય

"મોમ, આ કોલોના છું છે? કે'ને.
ચાલને, આપણે 'કોલોના' 'કોલોના' લમીએ?"

"ના, મારાં વ્હાલુડાં! નથી રમવું 'કોરોના' 'કોરોના',
આપણે એનાથી દૂર રહીએ."

"મા, પાપાને તો 'કલીના' બૌ ગમે તો એની બેન કેમ નઈ?
ચું ચે 'કોલોના'? ને કેમ એનાથી દૂલ લહીએ?"

"બિટ્ટુ, 'કોરોના' તો છે એક બાઉ,
એ મા-પાપાથી દૂર કરી દે, તો એનાથી દૂર રહીએ.

વારંવાર સાબુથી હાથ ધોઈએ અને
હાથથી મોં ને આંખને એમ જ ના અડીએ.

ઘરની બહાર ફરવા જઈએ નહીં અને
પિત્ઝા-બર્ગર - બહારનું ન ખાઈએ."

"એં... એં... એં... મમ્મા! એને
કાઢી મૂક ને,
માલે બા'લ લમ્મા જવું ચે, એને ભાગી જવા કઈએ?"

"હા, બચ્ચા! બધાં ઘરમાં જ રહે
ને કહ્યું માને તો જરૂર એને ભગાવીએ.

આવ, તારા મીઠ્ઠા અવાજમાં એક વીડિયો બનાવીએ
ને એને વાઈરલ કરીને સૌને સમજાવીએ."

" બધાં ઘલમાં લેજો ને લુમાલ વાપલજો.
કોઈ બા'લ નઈ જતાં ને ગલમ પાની પીજો.

જલદી 'કોલોના' ને માલી દઈએ તો
પેલ્લાંની જેમ ધમાલ- મત્તી કલીએ.

ભાગ 'કોલોના' ભાગ, ભાગ 'કોલોના' ભાગ.
નમછ્તે કઈએ ને બીજાથી દૂલ ઊભા લહિએ."

"બસ, હવે તારી આ વાત મીડિયા પર મૂકીએ
ને બેટા, સૌ સમજે એવી પ્રાર્થના કરીએ."

એકતા બતાવી સરકારી સૂચનોને અનુસરીએ,
તો બાળ-ગોપાળ સંગ 'નૂતન' જીવન પામીએ.

નૂતન તુષાર કોઠારી 'નીલ' - વાપી - 74055 95517

## ૨૧૧. કોરોના કાવ્યો

### કાવ્ય 1

કિલ્લોલ સમષ્ટિની
ચોકટ પર
ચોર પગલે
કોઈ ઝેરનો કટોરો મૂકી ગયું
માણસ - માણસની સંધાતી
બે દ્રષ્ટિ વચ્ચે
શૂન્યતાનો ઝુવાળ ઘૂઘવાયો
નિશ્વાસ હવા
વિષની કાળી છાયા
વીયોગના વેધ વચ્ચે
અકળ વેદનાના ભારથી
શ્વાસોનું ટોળું
રૂંધાયેલ હૈયે
ફસડાઈ પડ્યું
દેશ - દુનિયાના
શહેર - ગામ - બધું
મૌનના તળિયે બેસી
શૂન્ય થઈ ગયું

### 2)

રોજ નવા નવા
મૃત્યુની કલ્પના કરી
એ માણસ તરીકે જીવે છે
એના ઘરમાં સુખેથી
લોકડાઉનની છાયા હેઠળ
ઘંટનાદ કરી

તો ક્યારેક દીપ પ્રગટાવી
તો ય યમરાજ
જે રોજ આવે છે
પેલા કાળમુખી પાડા પર બેસીને
કરગરે છે એને લઈ જવા માટે
પણ
સીતા દશાનનને છેટો રાખે એમ
એ બે મીટરના અંતરે રાખી
એને રજા નથી આપતો

3)

બધુ જ અબોધ
થઈ ગયું છે
દેશ દેશાવરના ગુરુ જ્ઞાન,
તજજ્ઞોની તીક્ષ્ણ વાણી, સંસાધન,
તબીબ વિદ્યા
બધું જ જાણે અદ્રશ્ય
આ અજ્ઞાનતાના
એક દિવસ
શિલાલેખ કોતરવામાં આવશે
કે કોઈ બંધ મુઠ્ઠીઓ વાળી
દોડી રહ્યું હતું
એને કોઈ પકડી ના શક્યું
બધા ને ખબર હતી
કે
એની બંધ મુઠ્ઠીમાં શું હતું !

- પંકજ પરમાર – ૯૮૨૪૨ ૭૭૮૪૯

# ૨૧૨. યમ કરે તાંડવ ચોતરફ

યમ કરે તાંડવ ચોતરફ છે હાહાકાર કોરોના...કોરોના

સીનીયર સીટીઝન ડરી ગયા છે "પોઝીટીવ" શબ્દથી,
હવે થા "નેગેટિવ" નહીં તો ખાઇ જશે કોરોના..કોરોના !

શોધો જલ્દી વેક્સીન ને મારો વાઇરસને ઝટપટ,
આંકડો મોતનો જાય વધતો કરો ખતમ કોરોના..કોરોના !

ચહેરો આખો બુકાનીમાં ફક્ત ઓળખાણ આંખોથી,
સારું થયું નથી આવતો માસ્ક આંખો પર, હાશ કોરોના !

ઉદ્યોગ-ધંધા બંધ ન નાવડી ના પ્રવાસી લોકડાઉનમાં,
વગર પૈસે ગંગા-યમુના સ્વચ્છ કહેવું પડે કોરોના !

પહેલાં હતી પ્રદૂષણની તકલીફ હવે છે શ્વાશ લેવામાં,
શુદ્ધ છે હવા છતાં માસ્ક ફરજીયાત વાહ કોરોના !

પ્રાણીઓ મારે છે લટાર માનવરહિત ખાલી સડકો પર,
લોંગ ડ્રાઈવની મઝા છિનવાઇ જબરું કર્યું તેં કોરોના !

કર્યા હાથ સાફ વારંવાર સાબુ અને સેનીટાઇઝર,
સાફ હાથ પણ ના મિલાવાય જબરો રોફ તારો કોરોના !

હવે સમય જ સમય મિત્રો સંગ ધબ્બો મારતી બેઠક સાટું,
પણ 'દો ગજકી દૂરી ' નિયમ બનાવી ભારે કરી કોરોના !

રોજ નવી રેસીપી ને નવાં અખતરાં નવી વાનગીઓના,
પણ ખાવા કોઇને ના બોલાવાય ગજબ રૂઆબ કોરોના !

જોવાતો નથી તને પણ કહે ડૉક્ટર તું હાજર બધે,
'કુછ ના કરોના, બસ અબ ડરોના' કહે છે કોરોના !

**- પરાગ જે પંડ્યા - 98244 59373**

## ૨૧૩. સૉનેટ - કોરોના

છંદ-મંદાક્રાંતા .... (પ્રથમ વિજેતા કાવ્ય)

ઓચિંતાનો, ધરતી પર આ કાળ કેવો ફરી'ગ્યો,
કોરોનાનો, સખત ભરડો સૌ જનોને ગળી'ગ્યો,
શ્વાસો થીજે, નયન ફફડે હાથ માંગે દુવાઓ,
કેવો ભૂંડો, સરકી  છટકી મ્હાત દેતો બધાને,
ઘોઘાટોથી,સડક હસતી વાંઝણી થૈ ડરાવે,
ખૂણેખૂણો, રહરહ રૂંવે સ્પંદનો ખોઈ મીઠાં,
વીંઝાયો છે, પીડ દુ:ખ ભર્યો કોઈ  કાળોતરો આ,
ખીલા જેવો, ખુપી ગરકતો ક્યાંથી આવ્યો ધુતારો,

આધારે'વું, જરી ન અડવું સ્પર્શ ના કોઈ  થાતો,
રૂંવે રૂંવે, ભડભડ બળે વ્હાલપોની ચિતાઓ,
ભેદીનાદે, હલનચલને રોજ ડૂમો ભરાતો,
આઘો આઘો,સરકી સરકી છાંયડો એ દુભાવે,
ઠેસે હાંકે, પણછ ભરડી બાણ જેવું જ વાગે,
કોરોનાની, ડમરી ઉપડી ના રહ્યું કોઈ બાકી.

પારુલ બારોટ - અમદાવાદ – 94268 63311

parulbarot6@gmail.com

## ૨૧૪. ગઝલ - હવે રસ્તો મળે તો ઠીક

દિશાઓ ગુંગળાઇ છે હવે રસ્તો મળે તો ઠીક.
સ્થિતિ બહું જોખમાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

ચિન્તા ચિતા બનીને બાળી રહી છે માનવીના મન,
જીભલડી થોથવાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

હ્રદયમાં સળ પડી'ગ્યાં ને મગજમાં તડ પડી'ગ્યાં છે,
નસોનસ ઊંચકાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

કરુણા એટલી ઊમટી કે દરિયા પણ ખૂટી જાશે,
નજર સહુ ધુંધવાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

તમારા કાયદાને ન્યાયના ડંકા બધે વાગે,
ઘણી આ તોછડાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

અમે ગાંડા અને ઘેલાં કશું ના જાણતાં ભગવન્,
પધારો એ દુહાઈ છે હવે રસ્તો મળે તો ઠીક.

**પારુલ બારોટ - અમદાવાદ – 94268 63311 - parulbarot6@gmail.com**

## ૨૧૫. ઘર

કોરોના કાળમાં શ્રમિકોની હાલત પરનું એક કાવ્ય

ઘર
જેના માટે અહીં આવ્યાં,
એ દાણા તો હવે વેરાઈ જ ગયા,
હવે વીતે છે એક એક દા'ડો ભૂખથી,
પણ
એથીયે ભયંકર છે આ ભીખ
વતન જવા માટેની,
ના, પેટ તો ભરાતું નથી કોઈનું યે,

અરે,
ટોળું થવું તો કોઈને ન ગમે,
પણ આપોઆપ જ થઈ જાય સમદુખિયાઓનું,
પછી શરૂ થાય
ડરામણી ધાકધમકી, દંડામાર, અશ્રુવાયુ વગેરે...
પછી તો,
દોડાદોડી,ભાગાભાગી, ધક્કામુક્કી.
અને
નેતાઓ, અભિનેતાઓ,
સાશકો, પ્રસાશકો, જમાદારો, વહીવટદારો ને અમલદારો દ્વારા સતત અપીલ
"ઘરમાં જ રહો."
હા,
એમને ય ઘરે જ જવું છે,
સ્વસ્થ અને સુરક્ષિત રહેવા,

ને એના માટે જ આ વલખાં...
પણ
વિશુદ્ધ થયેલા વાતાવરણમાં
દૂરથી યે દીવો બળતો દેખાતો નથી
ફક્ત દેખાય છે
રાહ જોતી આંખના કુંડાળાઓમાં ચિંતાગ્રસ્ત ચહેરાઓથી
ઘેરાયેલું ઘર.
ને
લાચાર આંખના છેડેથી પાટે પાટે
નિકળી ગયેલો એક ધગધગતો રેલો
ઉચાળા ભરતો પહોંચી ગયો
ઠેઠ
ધરતીના છેડે...

**પીયૂષ ભટ્ટ - સુરત - 9427207939**

## ૨૧૬. કોરોના કાળની ગઝલ

આશરો છોડે નહીં તો શું કરે?
ઘર ભણી દોડે નહીં તો શું કરે?

સાચથી દાઝી ગયેલા ડામ છે,
ફોડલાં ફોડે નહીં તો શું કરે?

પારદર્શક કાચ જેવા થઈ ગયા,
પત્થરો તોડે નહીં તો શું કરે?

શૂન્યતા પડઘાય અહીંયા મૌનથી,
એ હવે બોલે નહીં તો શું કરે ?

થૈ ગઈ બુઠ્ઠી કલમની ધાર પણ,
લોહીમાં બોળે નહીં તો શું કરે?

**પીયૂષ ભટ્ટ - સુરત - 94272 07939**

## ૨૧૭. ગઝલ - Lock Down

આ રસ્તો,આ શેરી,શહેર lock down
અચાનક થઈ સૌ ડગર lock down

ફકત ફોન ટણકે, ના ડોરબેલ રણકે,
સંબંધોની સઘળી સફર lockdoun.

રઝળતી રહે નાવ રણ રેતમાં ને,
અહીં દરિયા કાંઠે લહર lock down.

લો અટકી ગઈ રાત ઘડિયાળ માફક,
દિવસના બધાં એ પ્રહર lock down.

બધો શ્રેય મળશે એ શ્વેતાંબરોને,
થશે જ્યારે સાચ્ચે કબર lock down.

વિચરતી ફરે ત્યાં તું મારા વિના,
અને હું તો તારા વગર lock down.

હવે ઓગળે છે બધી સરહદો ને,
જગતમાં ફેલાયે ખબર lock down.

પીયૂષ ભટ્ટ - સુરત - 94272 07939

## ૨૧૮. Lock down માં મળેલી ફુરસદની ગઝલ

સ્મૃતિઓ સળવળે એવી ફુરસદ મળી,
યાદ સૌ ઝળહળે એવી ફુરસદ મળી

એ સખીને સખાં, બાળગોઠિયા બધાં,
ટેરવે પણ મળે, તેવી ફુરસદ મળી,

ઝૂમતી આ હવા, વૃક્ષ, કલશોર પણ,
માણવા યે મળે,તેવી ફુરસદ મળી,

દોડતી દડમઝલ, ને રઝળપાટની,
સામટી કળ વળે એવી ફુરસદ મળી,

ઘર,પરિવાર ને, સ્નેહીઓ ફોન પર,
એક સાથે મળે, એવી ફુરસદ મળી.

પીયૂષ ભટ્ટ - સુરત - 94272 07939

## ૨૧૯. Lock down માં મળેલી ફુરસદનું ગીત

ચાલ, જીવડાં, બે ઘડી તો જાત સાથે ગાળી લે,
દોડતો દિનરાત, થંભી જા, તું ખુદ ને જાણી લે,

મૂક તડકે, આ કરું, પેલું કરું, સઘળું કરું,
હાથ આવે ઝાપટી લઉ, જે મળે બમણું કરું.
દે ફગાવી બોજ બોધા, મોજ મસ્તી માણી લે....
ચાલ જીવડાં.....

ક્યાં લગી ભટકીશ માથે પોટકાનો ભાર લઈ,
તું નથી એકલ, જીવે કૈ કેટલો આધાર લઈ,
સગપણો સૌ સામટા યે સ્નેહ થી સંભાળી લે,
ચાલ જીવડાં......

આજ મનમાં જે ઉગે અરમાન એનો અંત કર,
ભીતરે જે કંઇ દટાયુ તે બધું જીવંત કર,
માંહ્યલો નાચી ઉઠે એ પળમાં,
સઘળું ભાળી લે...
ચાલ જીવડાં.....

પીયૂષ ભટ્ટ - સુરત - 94272 07939

## ૨૨૦. કોરોના આપે છે જાસો...
## (પ્રોત્સાહન ઇનામ વિજેતા કાવ્ય)

હરી લઇશ હું સૌના શ્વાસો
કોરોના આપે છે જાસો.
બંધ ઘરોમા કરજો વાસો,
કોરોના આપે છે જાસો.

ઊંઘ વેચવા નીકળી આંખો,
રાતની છે સૂમસામ બજારો,
સપનામાં પણ નથી દિલાસો,
કોરોના આપે છે જાસો.

એકલતાની ડંખે નાગણ,
કોની સાથે રમીએ ફાગણ ?
નાખે મેડી, માઢ નિસાસો,
કોરોના આપે છે જાસો.

ફુરસદનો છે બધે ફૂંફાડો,
સમય ઉભો છે લઇ કૂહાડો.
મૃત્યુ જાણે બન્યું તમાશો,
કોરોના આપે છે જાસો.

**પ્રભાકર ધોળકિયા - સુરત – 99259 37356**
**107.** વાસુદેવ કૃષ્ણ એપા. રામેશ્વર મંદિર પાસે, આનંદ મહલ રોડ.અડાજણ. સુરત

## ૨૨૧. ઓ કોરોના (મોનો ઈમેજ રચના)

(1) ઓ કોરોના !
તું એટલે કાળો કેર -
કાળમુખાળો ચહેરો લઇને
જગ આખાને કરડ્યો,
દીધાં ઝેર.

(2) આવ્યો તું ને કેટકેટલું
બદલાઇ ગયું !
હગ- હેલો ને હાય
હવે તો બસ
-નમસ્તે- થઇ ગયું.

(3) તારાં પાપે
મંદીર,મસ્જિદ,ચર્ચ અને ગુરુદ્વારા
ટ્રેન,પ્લેન ને વાહન સઘળાં-
બંધ થયાં-દુર થયાં.

(4) લોક-ડાઉન,માસ્ક,
સેઇફ ડીસ્ટંસ- ક્વોરેન્ટાઇન,
સ્ટે હોમ સ્ટે સેઇફ,
કોવિડ-19,કોરોના વૉરિયર્સ,
પી.પી.ઇ. કીટ અને કેટકેટલું-
તારા પાપે- જાણ્યું.

(5) ઈશ્વરદૂત થઇને જોને-
ડૉક્ટર,નર્સો,સફાઇ કર્મી
પોલીસ અને જવાનો,

સેવા કાજે
ઠેર ઠેર ફેલાયા.
ક્યાંક ઘણે તો આ દૂતોયે
પથ્થર થકી ઘવાયા ને
કોરોનામુક્તો પાછાં ફરતાં
ફૂલડાંથી પોંખાયા.

(6) ચીની વાઇરસ રૂપ ધરીને
તેં બાજી શાની આ માંડી?
ના કો તારી દવા મળે ને
ના કો તારી રસી-
આ કોના કરતબની ચાડી ?

(7) મુખ પર માસ્ક- દૂરી બે ગજ ની
શું સદાય રહેશે? કહે ને !
ચુંબનનું શું ? આલિંગન ક્યાં ?
ને કોને જઇ ભેટીશું ?

ઓ કોરોના !
- અમે એકબીજાથી દૂર રહીશું
પણ
તુજને તો માત કરીશું.

**પ્રભુદત્ત ભટ્ટ - ઝાડેશ્વર, ભરુચ - 99250 93438**

## ૨૨૨. ફર્ક માત્ર તો

વિષ્ણુ અને વિષાણુ વચ્ચે ફર્ક ઘણો વરતાય,
એક કરુણાસાગર બીજો કોરોના થઇ જાય.
ફર્ક માત્ર તો એક "અ"નો પણ ઉથલપાથલ થાય.

જીવન મરણના ભેદે એના ભેદ સહુ પરખાય,
ના દીઠી નજરે કે કરના સ્પર્શે એની જાણ પમાય.
ફર્ક માત્ર તો એક "અ"નો પણ ઉથલપાથલ થાય.

વિશ્વ મહીં અસ્તિત્વ ઉભયનું; મન ઉચાટે ઊભરાય,
મહેર એકથી કહેર અન્યથી; જીવ હાલક ડોલક થાય.
ફર્ક માત્ર તો એક "અ"નો પણ ઉથલપાથલ થાય.

વિષ્ણુ સદાયે જીવનદાતા-સૌને શાતા વરતાય,
વિષાણુ તો જીવહર થઇને શાપ સમો દેખાય.
ફર્ક માત્ર તો એક "અ"નો પણ ઉથલપાથલ થાય.
ઉથલપાથલ થાય - હા
ઉથલપાથલ થાય.

પ્રભુદત્ત ભટ્ટ - ઝાડેશ્વર, ભરુચ - 99250 93438

## ૨૨૩. યુ એસ ઉવાચ:

યુ એસ ઉવાચ:
માનવ અધિકારો... નીતિ નાશને માર્ગે ?
સ્વાતંત્રતાઓ પ્રાપ્ત થઇ છે અમને
દસ્તાવેજ હ્યુમન રાઇટસ પ્રમાણે .
રહેવાનુ  ઘરમા જ ગમતુ નથી.
રોકી ના શકે  કોઇ બહાર જતાં.
બિનજરૂરી છે આ  માસ્ક
અધિકાર છે ચ્યુઇંગ ગમ જ્યાં-ત્યાં થુંકવાનો .
વિરોધ કરીએ છીએ કોરોના વાયરસ વેક્સિનનો.
નાકામ યોજના વાયરસ સંક્રમણ મામલે
ચોપટ થઈ રહી છે  દેશની અર્થવ્યવસ્થા .
ભંગ અંગત સ્વતંત્રતાનો 'ટ્રેકર એપ' કરે છે.
કાયદાપ્રમાણે ગન રાખવી અમારો અધિકાર છે.
બંધ કરો લવારો સચોટ ઉપાય સ્વચ્છતા
સારી રીતે ધુઓ સમયાંતરે તમારા હાથ સાબુ અને પાણીથી .
હાથથી અડવાનું ટાળો આંખ, નાક અને હોઠને .
અંતર ૨ મિટરનું - એકબીજાથી ?
XO મા માનનારાને ?

ડૉ. પ્રફુલ્લભાઈ વ્યાસ - U.S. - + (443) 251-8575

## ૨૨૪. ૐ હ્રીં  ગચ્છ ગચ્છ સ્વાહા

ૐ હ્રીં  ગચ્છ ગચ્છ સ્વાહા । કોરોના
અપાર શક્તિધારી કોરોના...
રહ્યા ઘરમા,રહ્યા સેફ
બાંધ્યા મુખૌટાઓ,
ધોયા વારંવાર કાથ સાબુ પાણીથી
કર્યા વારંવાર  સેનેટાઇઝરે સાફ
રહ્યા બે બે મીટરના અંતરે
નમન કર્યા, પ્રેમે જોયો દરેકમા તવ વાસ
રહ્યા સુરક્ષિત અમે
પારખ્યુ ન જેણે મહાકાળ સ્વરુપ
દંડાયા માંદગીથી સંપતિથી, પરંતુ
કરોડો રૂપિયાના ખર્ચે જે ન થયુ તે
પામ્યા તવ  પ્રતાપે સ્વચ્છ પર્યાવરણ
શ્વસ્યા  પ્રદુષણમુક્ત હવા
પીધા અમૃતસમ નદીના નીર
માણ્યા પ્રસન્ન પશુઓ તથા પક્ષીઓ
ઘરમા કુટુંબી જનો સાથે આનંદ કર્યો
પણ હવે
....................
 હે અપાર શક્તિશાળી કોરોના
ઘરમા ગુંગળામણ થાય છે
પીડાય છે કહેરે તારા હજુ માનવો
મૃત્યુથી પણ બદતર લાગે જીવન
વૈજ્ઞાનિકોના બધા નિયમ પાળશુ
 બહુ થયુ હવે
ગચ્છ ગચ્છ સ્વાહા કોરોના
ગચ્છ ગચ્છ સ્વાહા કોરોના
ગચ્છ ગચ્છ સ્વાહા કોરોના

પ્રજ્ઞાજુ વ્યાસ – મેરીલેંડ - અમેરીકા

## ૨૨૫. મેં ભગાડયો કોરોના ને!

નહીં બોલાવ્યા તોય આવ્યા
કોરોના વિષાણુ અનેક
"જા જા" કહ્યું પણ ગયા નહિ
શરૂ બિમારી એકાએક

આ બિમારી તદ્દન નવી
યોગ્ય દવા જાણે મૃગજળ
કોરોના વાયરસથી તૂટ્યું
જેનું તેનું મનનું બળ

કોરોનાની મહામારીમાં
લોકો ખૂબજ છે ભયભીત
મસ્તીમાં કોરોના ગાય
"અમે જ જીત્યા!" ગર્વગીત

કોરોનાએ ગર્વગીતમાં
અહંકારનું ઝેર ભર્યું
ઝેર પચાવી કવિમનમાં મેં
"ભારતીયતા" વૃક્ષ ઉગાડયું

કોરોના આ મહામારીથી
હું ગભરાયો નહિ જરાય
આત્મનિર્ભરતા સમજીને
કર્મ કર્યું જે ઉચિત ગણાય

ભારતમાં છે લોકતંત્ર
લોકોનું ચાહે કલ્યાણ!
જે સૂચન સરકાર કરે
તેનો મેં કર્યો સન્માન!!

સરકારી ભંડોળમાં મેં
રકમ સારી જમાં કરી
બીજાઓને તેવું કરવા
કરી વિનંતી વિનયભરી

અંગરક્ષક "આરોગ્ય સેતુ"
જેનો મેં કર્યો સ્વીકાર
કોરોના થી દૂર રહ્યો છું
"આરોગ્ય સેતુ" નો આભાર

હૈન્ડશેક બંધ, શરૂ નમસ્કાર
પશ્ચિમ પદ્ધતિ છોડી
દેશી સંસ્કૃતિ અપનાવીને
કોરોના ની સાંકળ તોડી

ગરમ પાણી, કાઢો, ઉકાળો
એમનું કર્યું મેં સ્વાગત
ઠંડા પીણા, "ચલે જાવ!"
કહ્યું, "તમારી ખરાબ નીયત!!"

ઘરને મેં મંદિર માનીને
લોકડાઊન ધર્મ પાળ્યો
કુટુંબમાંનું સ્વર્ગિય સુખ
સમય મજામાં ગાળ્યો

સોશ્યિલ ડિસ્ટન્સિન્ગ મેં પાળ્યું
તે જાણે હોય બ્રહ્મવાક્ય
તનથી દૂર રહીને પણ
મનથી નજીક કર્યું શક્ય

સોશ્યિલ મીડિયા વાપરીને
બધા સબંધો જિંદાબાદ
"ના કરતા ચિંતા!" સંદેશે

## સબંધ-સરિતા રહિ આબાદ

માસ્ક જાણે પેહેરેદાર
કોરોનાને કારાવાસ
તેથી નિયમન થઈ શકે છે
કોરોના વાયરસનો ત્રાસ

હાથ ચોખ્ખા દેખાય તોય
કોરોના છુપા રુસ્તમ
હાથ ધોયા વારંવાર
છુપા રુસ્તમ છોડે દમ

જીવ જોખમે તબિબી સ્ટાફ
આપે સેવા દર્દીઓને
પોલીસ કર્મી શાંતિ જાળવે
વંદન મારુ આ દેવોને

સરકારી નીતિઓને મેં
આપનાવી સન્માનથી!
વૃથાભિમાની કોરોના ને
મેં ભગાડયો મક્કમતાથી!!

પ્રા. પ્રકાશ લક્ષ્મણ તેરેદેસાઈ - વડોદરા ૯૪૨૮૧ ૬૬૯૩૭

## ૨૨૬. કોણ કહે છે ખાસ નથી

કોણ કહે છે ખાસ નથી કોરોના?
આવો પાસે, રાંક નથી કોરોના.

જાહેર સડક પર સાચવજો વ્હાલાં,
કાગળ પરનો વાઘ નથી કોરોના.

માવા ખાવા, દારુ પીવા ભાગ્યા,
તારો તો સ્હેજે વાંક નથી કોરોના.

ખોટી ડંફાસો નાં મારો કાયમ,
એમ ન સમજો પાસ નથી કોરોના.

દેખાડી દેજે એકાદો પરચો,
તારી જેને ધાક નથી કોરોના.

પ્રશાંત સોમાણી - સુરત – ૭૪૦૫૧ ૩૭૦૦૧

## ૨૨૭. માસ્કમાંથી શ્વાસ ગળતાં

છંદ:ગાલગાગા ગાલગાગા ગાલગા.

માસ્કમાંથી શ્વાસ ગળતાં થઈ ગયા;
તાસ માફક લોક ખરતાં થઈ ગયા,

આપ-લે પાર્સલ તુ કોવિડનુ કરે;
માર્ગ પર યમરાજ ફરતાં થઈ ગયા,

પેટ પકડી ખૂબ હસતાં જોક પર;
પેટ પકડી આજ રડતાં થઈ ગયા,

કામ ધંધા ન હતા તેથી જુઓ;
જે ન કરવાનું ,તે કરતાં થઈ ગયા,

બાળ પૂછે ,મોટું ઘર છોડી પિતા;
કેમ ફોટામાં એ વસતાં થઈ ગયા?

ભોજ નો હકદાર ભૂખો જ રહ્યો;
જાગતા'તા ઢોર ચરતાં થઈ ગયા,

મોત બાજુ ત્રાજવું થોડું નમ્યુ;
જીવવા સૌ કોઇ લડતાં થઈ ગયા.

પ્રતિક ડી. પટેલ – ૯૧૭૩૧૩૮૩૮૧

## ૨૨૮. કાળ  કોરોના.... (તાન્કા  કાવ્ય..)

મજા માણતા
હરક્ષણ, ત્યાં તો શું
કાળ  કોરોના
ખાબક્યો  વિષમ એ --
થૈ  વેરી   માનવનો  !

હર જગાએ
પ્રગટે   યમરાજ
હરે  શ્વાસોના --
મૂછો  તાવતાં  ભારી
જીવન  સૌના  ઝાલી  !

હર  માનવ
શ્વાસ  ઝૂલે  માસ્કમાં
ઝિલી  વેદના..
ગુંગળાતી  બે  ગજ
દૂરી, કાળ  ટોળામાં  !

ખળભળતું
ભીતર  - જીવન  રે
અસ્તવ્યસ્ત  શું..
કેદ   ઘરબંધી  માં
ખૂંદે  નિજને  તો  યે  !

સઘળાં  જગે
સંતાપ  - સ્તબ્ધ, મૂક
આખીએ  સૃષ્ટિ..
શું  મળશે   માણવા  --
આ  નિસર્ગ  ચારૂતા ..?!

હા, હા, ઉગશે

નવલ પ્રભાત ને
થાશે ઉલ્લાસ..
રાખી હૈયે ધારણ
વીતી જાશે ક્હેર આ.. !!

પ્રતીક્ષા પંડ્યા – અમદાવાદ – 99601 64887
એફ 203, સુમધુર 2, આઝાદ સો. પાછળ.. આંબાવાડી, અમદાવાદ.

**

## ૨૨૯. આવ્યો કોરોના..!

આવ્યો કોરોના ડારતો ધમધમતો
જગ આખામાં કાળો કેર લાવ્યો ધમરોળતો,
જિંદગી કચડાઈ રહી મૂંગી સમસમતી
નહોતી નિહાળી કદી આવી સ્તબ્ધ ગુંગળાતી..

હવા ય છે કદાચ અહીં શુધ્ધ લહેરાતી
પણ માસ્કમાં છે શ્વાસોની ક્ષુબ્ધ થથરાટી
દેશ ને જગ આખાના રાજમાર્ગો શૂન્યે પથરાતાં
કિંતુ ન માણી શકાય લાંબા ભ્રમણ એ અસીમ અવકાશમાં..

હરપળે ચોખ્ખાઈ હાથ સાફ કરીને માનવી સંતોષે ભાવનાથી
તોયે ન મિલાવી શકાય હાથ પ્રેમે ઉર ઉત્કટ ચાહનાથી
સમય મહેરામણ ઘણો યે છલકે નિરાંતે ક્ષણ ક્ષણ નો
પણ ન મળી શકાય આપ્તજનોને બે ગજ દૂરી સરસરતો..

લોકડાઉન --ઘરબંધી માં રસોડે અવનવી પાકકળા ઉભરાતી
આવી શકે કોઈ શું તે માણવા લીજ્જત અનેરી ચુટકીલી
સમય અને પૈસા બંને તો યે શું ખરીદાયએનાથી કાંઈ મનભાવન
શું આપણે બની શકીએ માણીગર શમણાંના ઝગમગતાં.... !!

પ્રતીક્ષા પંડ્યા - 99601 64887, 63538 03097
F-203, સુમધુર 2, આંબાવાડી, અમદાવાદ - 380015

## ૨૩૦. કોરોના.. કાઢતા હાંફી ગયાં.... !

દિવસો આ સૌ કાઢતાં હાંફી ગયાં
વ્યાધિ આ ખૂંખાર ખાળતા હાંફી ગયાં

વિષનજર આ કોની વળગી કોણ જાણે
વાળતાં એને ભારી શું જાણે હાંફી ગયાં

રાજવી યે મોટા મોટા ક્ષુબ્ધ હતપ્રભ છે
કોરોનની આ જડ ને બાંધતા હાંફી ગયાં

મહામારી આ ભારી કેટલાનો ભોગ લેશે
વાઇરસ થકી ગણના માંડતા હાંફી ગયાં

દવા શું કે શું દુઆ કેમ કરવા અતિ વિકટ
જીવન રથ આ હાંકતા ઘણાં હાંફી ગયાં..
'કોરોના ' શેતાન આ કાઢતાં હાંફી ગયાં....

પ્રતીક્ષા પંડ્યા - 99601 64887, 63538 03097
F-203, સુમધુર 2, આંબાવાડી, અમદાવાદ - 380015

## ૨૩૧. હાઈકુ

કોરોના કેર
બળે હૈયુ હાથમાં
ગુંજે ખામોશી..

ના જંપે કદી -
જીવન ખોરવાયું
શહેર સૂનાં..

જલાવે મૂક
મહેંક શહેરની
પીગળી ઘર..

શાળા શિક્ષણ
વિલીન થયું, મસ્તી
ઓનલાઇને..

મજુર મૂઢ
ત્યાગી સૌ ભૂખ્યા પેટે
વતન વાટે..

કાળજી રાખો
સ્વચ્છતા અભિયાન
કોરોના જંગે..

થથરે જન
સામાજીક અંતર
માસ્કે પુરાયું..

આધુનિકતા
વિષની જીવાદોરી
સત્ય એ જ..

ધન છે બધું
નકામું એ - જીવને
સાબિત થયું..

જગના ઋણી
કોરોના વોરિયર્સ
ઈશ્વરદુત..

ઘરબંધીમાં,
લોકડાઉને ક્ષુબ્ધ
અસમર્થ સૌ ..

શ્વાસનું પંખી
પ્રસારે પાંખો શું આ
કોરોના ઘાટે?!

ઈશ્વરની આ
ગતિ વિધિ નિહાળે
મૂઢ માનવ..

સમજ્યાં જ્ઞાન
'કોરોના કેર'થી સૌ
નકલી જન..

શીખવાડે આ
કાળ આત્મ શુદ્ધિ,
એકબીજાની..

ભીતર મારું
આ ઘરબંધીમાં
ખુદને શોધે.. !!

પ્રતીક્ષા પંડ્યા, F 203, સુમધુર 2, આંબાવાડી. અમદાવાદ 380 015
99601 64887, 63538 03097.

## ૨૩૨. ભૂંડો કોરોના! હાહાકાર..

કેવો આ શેતાન ભૂંડો "કોરોના" ત્રાટક્યો
જગ આખામાં મચ્યો તરખાટ - હાહાકાર

પુરાયાં માનવ પિંજરે સૌ ક્ષુબ્ધ બેબાકળાં લાચાર
સમગ્ર ધરા થૈ સ્થગિત, દુનિયા કંપિત થરથર

ચૌદિશ કોરોના પડઘમ, ભય ફેલાયો પારાવાર
માનવસેવા અર્થે તબીબો ઈશ્વરદુત થૈ કરે સારવાર

શેરી, ગામ, દેશે રસ્તાં ઉજ્જડ ને મોતતાંડવ અનરાધાર
માસ્ક, સૅનેટાઇઝરમાં માનવજીવન સારા અટવાયા

નીરવ શાંતિ, વિલીન કર્કશ ઘોઘાટ થયો નિરાધાર
સરિતાએ ખળખળ નીર થયાં નિર્ભેળ બારોબાર

પંખીઓને અમૂંજણ આવી શાંતિ કેમ આવી પારાવાર
શ્વાસમાં સૌરભ નવી,નિર્ભેળ હૈયેભરી ઉડાન હારોહાર

ભગાડવી આ મહામારી કેમ, પ્રભુ તમેય મૂંગા બંધ દ્વારે ગૂંચવાયા? !..
સામનો કરવો એહ તણો મળી ભેળાં શત્રુ છે છે સહિયારા..!!

**પ્રતીક્ષા પંડ્યા**

## ૨૩૩. કથા કોરોનાની

કથા કોરોનાની સુણો
અમે આજ આરંભી
વ્યથા બિહામણી ચાલુ છે
આજેપણ વણથંભી
પિતા ચીનનો છે
આખી દુનિયા સામે ખાર
કોરોના નામે બાળ હતો
ઉંમર હતી મહિના બાર
દૈત્ય બની વિફળ્યો
કુદી ને દરિયા પાર
દુઆ દવા ડિસ્ટન્સ માસ્ક
શ્વાસ થયા લાચાર
લોકડાઉન થાળી તાળી
વાટકી ની થઈ  હાર
અર્થતંત્ર ને જિંદગીની
સ્થિરતા થઈ ખુવાર
ગો કોરોના ગો ના નારા
ગુંજે સાંજ સવાર
અનલૉક માં ઝઝૂમી રહ્યા
ઘરઘર નર ને નાર
ડરો નહીં સાવધ રહી
ઘર કુટુંબને કરો પ્યાર
બાથ ભીડી છે તો હવે
કોરોના નો થશે સંહાર....

**પ્રવીણ  સરાધીઆ - સુરત - 98988 84268**

## ૨૩૪. ગઝલ - જોખમ છે

સૌ સાથે હળવું મળવું મોટું જોખમ છે,
કોરોના સામે રમવું મોટું જોખમ છે.

રોગ નથી જોતો સગપણ કે કોઈ જાતિ,
વાદ વિવાદોમાં પડવું મોટું જોખમ છે.

જોને ઘરનું જમવાનું લાગે છે વ્હાલું!
હોટલમાં ભોજન જમવું મોટું જોખમ છે.

લાલચ માટે કાયમ જીવે માનવ કેવો,
મારું-મારુંમાં  ફરવું મોટું જોખમ છે.

સ્વાર્થ ત્યજી માનવતાના કરવા કામો,
દુનિયા સાથે છળવું મોટું જોખમ છે.

કર્મઠ થ્યા વિણ ઈશ પણ શાને થાશે રાજી?
સિદ્ધાંતોને અવગણવું મોટું જોખમ છે.

પ્રીતિ ભટ્ટ 'પ્રીત' - નવસારી - 94081 90834 - 79843 04952

Pjbhatt1025@gmail.com

## ૨૩૫. દૂર દૂર

આ
ધોમધખતો
કાળઝાળ
ઉનાળો
ફૂલે ઝરેલો
ગુલમહોર
પણ
રડી ઉઠ્યો
ડામર
પીગળીને
રેલાતો
રેહ્યો
કપાળે
બાજેલા
અશ્રુબિંદુઓ
રસ્તો ના
ખૂટે
વાતો
શી કરવી
તનમન
થાક્યું ને
મારું
ગામ ફળિયું
કંઇ કેટલું
હજી દૂર?
ચરણો બની
રહયા
અંધારાના
દીવડાં

બસ,એ જ
ટમટમતા જાય
ઘરની દિવાલો
કિચૂડ અવાજ
કરતાં
દરવાજાઓ
ને
બારીઓ
ઊગતે આથમતે
સૂરજના
સથવારે
મીટ
માંડીને
બેઠા છે
એ
આવ્યાં
હવે
કોઠારની
ગાયો
ભાંભરી ને
સૂકું ઘાસ
પણ
હલી ઊઠયું
મોતિયા ભરેલી માં ને
ઝામર જામેલા પિતાની
ધૂંધળી
નજરો
દૂર દૂર .....

ડો. રાધિકા રાહુલ ટીક્કુ - વલસાડ ૯૯૭૯૩૧૨૦૨૮ radhetikku68@gmail.com

## ૨૩૬. બુકાની

બુકાનીમાં બંધ છે.આખુ નગર
વારેવારે છાંટા પાણીમાં છોલાતી હથેળી
ઓહ,. હવે શુ? દહેશત જોખમો
શાંત.સ્થિર ઝાડ પાન ને પંખીઓ
નિરાંતના નાદબ્રહ્મ માં રમતી નદીઓ
મણમણ તાળાચાવી નું ભારે લોકડાઉન
ખૂલ જા સીમ સીમ,ઘડીકખૂલે ને બંધ
સદીઓની ધૂમાડા ઓકતી ચીમનીઓ ચૂપ
મહાનગરની નાડ રેલ રાણી ખોટકાઈ
ચઈતર પૂનમ ને માડીના નોરતે
ભેદીલો,કાળમૂખો કોરોના વિંધાશે
પણ આ હઠીલાની નાગચૂડ ભીંસ
ચૂપકીદીથી સહુના માળામાં કેદ
તું તારૂં ને હું મારું એવી અવળી રીત
બુકાની માં બંધ રહ્યા રોજના શ્વાસ
ચહેરા ઉપર ચહેરો સજ્જડ ઊગ્યો
હવે જીવ્યા મર્યા ના છેલ્લા જુહાર
ટેલિફોનની ઘંટડીમા ખબર અંતર
બુકાનીમાં બંધ છે, આખું નગર
ને બંધ બારણે વસિયતો લખાય

ડો. રાધિકા રાહુલ ટીક્કુ - વલસાડ – ૯૯૭૯૩૧૨૦૨૮ radhetikku68@gmail.com

## ૨૩૭. લોક ડાઉન

કામ કેવું નેક કરે છે લોક ડાઉન,
દેશ આખો એક કરે છે લોક ડાઉન.

ભોગ પાછળ દોટ મૂકતાં માનવી પર,
શાંતિનો અભિષેક કરે છે લોક ડાઉન.

પારિવારિક પ્રેમથી પુષ્પિત કરે છે
ઘરમાં છો ને પેક કરે છે લોક ડાઉન.

કોરોના સામેનું સક્ષમ શસ્ત્ર છે એ,
ચેઇન એની બ્રેક કરે છે લોક ડાઉન

**રાજેશ હિંગુ - 9867652042**

## ૨૩૮. કોરોના કાળની આ પણ ઉપલબ્ધિઓ

કોરોના અને લોક ડાઉનના તંગ વાતાવરણમાં એક હળવી રચના..

સેલિબ્રિટી થવાના લ્હાવા મળી રહે છે,
વિધ વિધ સ્વરૂપે લાઈવ થાવા મળી રહે છે.

ખૂબ જ ચીવટથી મેં તો વાળ્યા હતા બધાયે,
તો પણ દરેક ખૂણે બાવાં મળી રહે છે.

એક જ ઝલકથી જેની, ટાઢક થતી'તી હૈયે,
પત્નીનાં એ જ ચહેરે લાવા મળી રહે છે.

જાવું હવે જુનાળે, ક્યાં સ્હેજ પણ જરૂરી,
ઘરમાં જ સૌના બે ત્રણ બાવા મળી રહે છે.

એથી હઝલ-રવાડે હું પણ ચડી ગયો છું,
માથા 'ને ધડ વગરનાં દાવા મળી રહે છે.

**- રાજેશ હિંગુ – 98676 52042**

## ૨૩૯. કોરોનાનું કોરોનાને સંબોધન

એક પછી એક ગામ પીડાતું જાય,
તારી આંખમાં ના એક આસુ દીઠું,

ફેલાતું જાય વિષ હરદમ ફંફાડે,
તારી પાંખમાં ના શ્વેત પીછું દીઠું.

ઉંબરે ઉભેલ બાળ દોડવા અધીર
તારા પંજાથી ગામ આખું બી'તું

કયા રે મલકથી પામ્યો ઓ જોસ
પડી દુનિયાની ચત્તાપાટ ભીંત્યું.

તારો આ ખોફ લેશે ક્યારે વિસામો
ક્યારે ખુલશે ભીડાયેલાં દ્વાર?

ઠાલા દિવસો અને ઠાલું આ આયખું
ક્યારે મળશે `હોવાપણા' ની ભાળ?

એક પછી એક ગામ બીડાતું જાય,
તારી આંખથી ખર્યું ના એક આંસુ,
આફત અજાણી વરસી કઈ દશથી
આખી માનવજાત સારે છે આંસુ !

રમણ વાઘેલા – 6358740616

## ૨૪૦. હાથ પણ ધોવા પડે  # રમેશ પટેલ

ગઝલ

વાયરસની  બીક સૌને હાથ પણ ધોવા પડે,
નોકરી કરવી પડે છે હાથ પણ ધોવા પડે.

માસ્ક પ્હેરી બ્હાર જૈને હાથ પણ ધોવા પડે,
સંક્રમણને ટાળવું છે હાથ પણ ધોવા પડે.

ભેટવાનું છોડી દૈને  હાથ પણ ધોવા પડે,
દૂરથી નમસ્તે કરીને  હાથ પણ ધોવા પડે.

જંગ કોરોના ય હારે હાથ પણ ધોવા પડે,
વાયરસ પણ ભાગશે ને હાથ પણ ધોવા પડે.

તોડવી નડતી કડીને હાથ પણ ધોવા પડે,
કાળજીથી દૂર રહીને હાથ પણ ધોવા પડે.

યોગ બસ કસરત કરીને હાથ પણ ધોવા પડે,
કેદ ઘરમાં સૌ બન્યા છે હાથ પણ ધોવા પડે.

દર્દીની સેવા કરીને જીવન બચાવ્યું  જમણે,
નર્સ ડો.ને નમન છે હાથ પણ ધોવા પડે.

છોડી દીધા મેં ખમણ ને ફાફડા ખાજા રમેશ...
બસ હવે ઘરનું જમણ છે હાથ પણ ધોવા પડે.

**રમેશ પટેલ – સુરત - મો.૯૮૨૫૧  ૦૦૨૫૫**

## ૨૪૧. આતંક છે કોરોના વાયરસનો અત્ર તત્ર સર્વત્ર !

હવે
ઘર સાચા અર્થમાં બન્યું છે ઘર.
નથી કનડતું ઘરને હવે એકાંત!
કોરોના વાયરસેં
સૌને કર્યા છે ઘરમાં જ નજરકેદ!
ઘર જ બન્યું છે મેદાન રમતગમતનું
ઘર એજ હોટેલ
મોટેલ.

ઘર નથી વાંચતું છાપા મેગેઝીન
ઘર બારીએ બેસી
પ્રતીક્ષા કરે છે ટપાલીની !
ઘરના હાથમાં હવે છે મોબાઇલ
ઘર જુએ છે સમાચાર -
કોરોનાના
સંક્રમણના
વાવાઝોડાના
ધરતીકંપના
શ્રમિકોને પડતી પારાવાર મુશ્કેલીના
અને મરણના !

ઘર
ઘરનું જમણ જમતાં જમતાં
જુએ છે રામાયણ મહાભારત
અને મનગમતી સીરીયલો !

ઘરની બારીમાંથી
ઊડી ગયેલા મહિનાઓના મહિના!

મહિમા આતંકનો વધી રહ્યો છે:
વિશ્વમાં કોરોનાવાયરસનો !
ચરણને નથી થયો સ્પર્શ ઉપવનનોં
મંદિરમાં મુંઝાય છે ઈશ્વર !

હવે
ઘર જ બન્યું છે મંદિર
ઘર સુણેં છે ઘંટારવ નેં
આરતીનો ઉજાસ !

ઘર સૂંઘે છે ઝાકળભીનો તડકો !

ઘર કરે છે -
ઘરની સફાઈ.
સરખા ગોઠવે છે પુસ્તકાલયમાં પુસ્તકો.

વાંચે છે -
નહીં વંચાયેલા પુસ્તકો

ઘર
હસ્તધૂનન અને ભેટવાનું ત્યજી
કરે છે નમસ્તે દૂરથી અંતર રાખી !

જીભ ભૂલી ગઈ છે સ્વાદ :
પાણીપુરી-બર્ગર-પિઝાનો !

રસ્તા બન્યા છે સૂના સૂના
રસ્તા પર વિહાર કરે છે પ્રાણીઓ !
ઝાકળભીના ઘાસ પર ચાલે છે પવન નિરાંતે !

ગ્રહણ લાગ્યું છે
આ સાલ વેકેશનમાં ફરવાનું.
રણ-નદી-દરિયો-પહાડ

ઝરણું - હરણાંના
જોવા રહ્યા માત્ર ટીવી કે ફોટામાં !

હવે-
નથી મળતા મિત્રો-
હવે બૂફે ડીનરનું માત્ર રહ્યું છે સ્મરણ !

પોલિસ-ડોક્ટર-નર્સ-સેવકોની
સેવાને અંતરથી કરીશું સલામ !
કોરોના વોરિયર્સનું
સન્માન કરવા વગાડીશું ઘંટ,થાળી.
પ્રકટાવીશું દીપકો સાંજે ઘર ઘર !

હવે તો ઈશ્વર -
કોરોનાના ભયના
અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જા !

ખેડૂતોને માથે
વર્ષી આકાશી આફત
કમોસમી વરસાદની-વાવાઝોડાની-તીડોના ટોળાની !

હજી ય -
લોકડાઉન લંબાયા કરે એવું
ઈચ્છે છે ઘરમાં તોફાન મોજ મસ્તી કરતા બાળકો અને અધ્યેતાઓ.
વર્ગખંડની પાટલીઓ પર
બેસે છે ધૂળ અને કબૂતરોની હગાર !

બંધ પડેલ શાળાઓના મકાનો અને ઓફિસોમાં
જાળાં વણે છે કરોળિયાઓ.

પેટ્રોલ-ડીઝલના નથી થતા ધુમાડા
આથી બન્યું છે પર્યાવરણ અતિશુદ્ધ !

કોરોનાના કુંડાળામાં
પગ નહિ પડે તેથી
ઘર નથી ઓળંગતો ઊંબરો !
માસ્ક પહેરી બેસે છે
ઘર હિંચકે ઘરમાં જ !

આપણે સૌ પુરાયા પાંજરે
પક્ષીઓ ઊડે છે આકાશે
આનંદે ટહુકો કરતાં કરતાં !

સાવજની ટોળી ફરવા નીકળી
છે નગરમાં-ખેતરોમાં !

શ્રમિકોનો પ્રવાહ વહી રહ્યો છે
રોજ રોજ વતન તરફ !

હવે
આપણે જીવી રહ્યા છીએ વેન્ટિલેટર પર !

હવે
આપણને સૌને ભાવે છે -
બારીના માપનું આકાશ !
રૂમાલ-માપના તડકાથી
લૂછીએ છીએ પ્રસ્વેદ ભીનો ચહેરો !

ઘર શોધે છે -
ઇમ્યુનિટી વધારવા ના ઉપાયો.
વધતું જ રહ્યું છે -
કોરોના-સંક્રમણ હરદિન-હરપલ
ત્વરાથી !

હવે વધુ સતર્ક રહી
જીવવાના આવ્યા છે દિવસો !

હે ઈશ્વર -

હવે

ક્યારે જીવીશું

આપણે રોજિંદુ જીવન?

[એ છે તારા જ હાથમાં ! ]

- તુંજ જાણે કે 'કોરોના વાયરસ'. અસ્તુ !

રમેશ પટેલ – સુરત - મો.૯૮૨૫૧ ૦૦૨૫૫

30 આનંદ વાટીકા,અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯

## ૨૪૨. કોરોના  હાઈકુ - રમેશ પટેલ

૧.આતંકવાદી
કોરોના વાઈરસ
બેફામ બન્યો!

૨ . માસ્ક પહેરીને
બહાર જશો, હવે_
સતર્કે રહો!

૩. અંતર રાખો
 સેનીટાઈઝરથી_
હાથને  ધુઓ.

૪.સતર્કે રહો
ઘરમાં રહો, રમો_
બાળક જોડે.

૫.ઘરમા કેદ
માનવી પણ પંખી_...
મુક્ત  ગગને.

૬.સાબુ વડે સૌ
હાથને ધોયા કરો_
એજ વિનંતી.

૭.અચાનક જ
વાઈરસ ફેલાયો....
વિશ્વ ભરમાં.

૮.શાળા_કોલેજો
હવે ક્યારે ખુલશે?
ઈશ્વર  જાણે.

૯.સાવજ હવે
ફરવા નીકળે છે...
ફૂટપાથ પે.

૧૦.વેકસીન શોધો_..
હવે કોરોના  રોગ
અટકાવવા.

૧૧.ઓનલાઈન
એજ્યુકેશન લેવું_
એજ ઉપાય.

૧૨.ઘરનુ ખાવું
તંદુરસ્ત રહેવા
યોગ કરશો.

રમેશ પટેલ – સુરત - મો.૯૮૨૫૧  ૦૦૨૫૫
30 આનંદ વાટીકા,અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯

## ૨૪૩. ઝલ

ડરશો ના,
કોરોના.

હિંમત રાખ_
કોરોના

ફફડે લોક_
કોરોના.

લાશ ગણે,
કોરોના

અણદીઠો_
કોરોના

કાળ હવે,
કોરોના.

ઘરમાં સૌ,
કોરોના.

અજગર છે,
કોરોના.

ઘર ઘર છે,
કોરોના.

ઝંઝાવાત_
કોરોના.

સપનામાં,
કોરોના.

પાગલ છે,
કોરોના.

અટકાવો...
કોરોના.

રમેશ પટેલ – સુરત - મો.૯૮૨૫૧   ૦૦૨૫૫
30 આનંદ  વાટીકા,અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯

## ૨૪૪. આશાબિંદુ

પાછાં વળશું પાછાં ફરશું, પાછા ગજવશું મોલ બજાર,
ગલી ગલી  કલ્લોલ કરશે ને રસ્તા રસ્તા રમતાં થાશે,
હસતાં રમતાં લડતાં રહીશું, સાથે રહીને તને હરાવશું,
આત્મનિર્ભર થશે દેશ આખોએ, રોજગાર  નોકરી સૌ થાળે પડશે,
ન કોઈ  જન ભૂખ્યું રહેશે, ન કોઈ જાશે જીવ દેવા,
માસ્ક પહેરીશું, ગ્લવસ પહેરીશું, નિયમો બધા સૌ પાળીશું,
સંબંધોને સાચવીશું સોશિયલ ડિસ્ટનસિંગના ઓવારે,
હવે કોરોના તારી ખેર નથી!
દેશ  આખોએ ધમધમશે, ગાંધી સરદારનો દેશ આતો છે,
કહેવાશે હવે મોદી નો દેશ,
હવે કોરોના તારી ખેર નથી!

રીટા વ્યાસ - ૯૮૨૪૬૫૧૯૧૫

## ૨૪૫. કોરોના કાળ દરમિયાન

ઓફિસની એ ચા યાદ આવે, ને ઓફિસનો એ લંચ-રૂમ,
સૂની ડેસ્ક અને સૂના ટેબલ, સૂના સૂના એ કૉન્ફરન્સ રૂમ.

અકાઉન્ટ્સ કાયમ ધમધમતું, ને મેનેજમેન્ટ નું શું કહેવું?
સેલ્સ હમેશાં તત્પર રહેતું, ને એડમીન નો દબદબો ભારે.

ઘરે આવ્યા સૌ કામ બધાએ, ઘરકામ ની સાથે ઓફિસ કામ,
નોકર ચાકર સૌ વિદાય થયા, ને આત્મનિર્ભર સૌ બધા થયા.

બોનસ પ્રમોશન સ્ટોક ભુલાયા, ભુલાયા સેલ્સ માર્કેટ ના ટાર્ગેટ,
હિજરત કરીને માનવ ચાલ્યા, ભૂખ્યા રહ્યા પણ હામ ન હાર્યા.

દાનવીરો એ ગંગા વહાવી! સોનું સૂદ તણી ફોજ ઉતારી,
સૂના રસ્તા ને સૂની ગલીઓ, સ્તબ્ધ આકાશ ને શાંત ધરા.

ઘંટ તાળી થાળી નાદ કર્યોને, દિવડા તણી જ્યોત પ્રગટાવી,
કોઈના સમજે કોઈના જાણે, દુશ્મન આ તો છે અદ્રશ્ય.
દહાડે દહાડે કેર વધારતો, દુશ્મન આ તો છે અદ્રશ્ય.

રીટા વ્યાસ - ૯૮૨૪૬૫૧૯૧૫

## ૨૪૬. કોણ જાણે ક્યાંથી આવ્યો

કોણ જાણે ક્યાંથી આવ્યો કપરો આ રોગ !
સંપર્ક થી દુર થયા! ધંધા બન્યા ભોગ

હવામાન તો શુધ્ધ હતું પણ શ્વાસો પર હતી બ્રેક
ભલભલા કરવા માંડ્યા પોત પોતાનાને ચેક

દેશ -દુનિયા માં હડંકપ મચ્યો કેટલાય ગુમાવી જાન
કેટલાય મટી ગયા કેટલાયે ગુમાવી પહેચાન

સેવક બની સેવા આદરી ડોક્ટર નર્સ ને પોલિસ !
સેવકો ને નમન કરી ઝુકાવી ને શીશ

માનવતા પણ દેખાઇ અમને નિર્લજ્જતા પણ આવી નજરે !
સમયે બતાવ્યા ખેલ
સમજદાર એ ચેતી ગયા ચોંટી ગયા રખડેલ ...

**- રિયાઝ મીર ભલગામ (b.k) - 81416 36247**

## ૨૪૭. મને એ જ સમજાતું નથી

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય?
કોરોનાનો આ કહેર ચારેબાજુ કેમ ફેલાય છે?

વધતો આ રોગ તો તબીબીનો પડકાર છે.
કોરોના છે કોઈ રાક્ષસ આ ખૂંખાર છે.

નક્કી માન આ કુદરતનો કોઈ અણસાર છે.
સર્વત્ર મચ્યો જોને માનવના કર્મોનો
હાહાકાર છે.

માસ્ક પહેરીને ઢાંકીને એનું શરીર આખું?
કરુણ છે દ્રશ્યો બધા વેદના અપાર છે.

માનવના હિતાર્થે જ આ સઘળું થાય છે.
હે માનવ! કેમ તને સામે પ્રતિકાર છે?

બહુ દુઃખ પછી જન્મે છે આ લાગણી,
પરસ્પર રહ્યા છીનવ્યો કેમ આધિકાર છે.

ગીતા, વેદ, કુરાન કહી ગયા સઘળું.
છતાં મનું  એ આંખે તો અંધકાર છે.

હે માનવ! તું માની જા બેસી જાને ઘરમાંહી.
પ્રકૃતિનો ના કરીશ તું વિનાશ કેમ તને અહંકાર છે?

છોડી કુટુંબ અને દેશ સેવામાં લાગ્યા જીવન.
ધન્ય છે એમને અમારા વંદન સાક્ષાત્કાર છે.

ઘાતક છે ક્ષણો બધી માનવની અહીં.
લોકડાઉન એ જ અંતિમ ઉપચાર છે.

રિયાઝ મીર - ભલગામ - 81416 36247

## ૨૪૮. કેમ ઓછી અસર છે

કેમ ઓછી અસર છે ભારતીયને?

કહે છે- વૈજ્ઞાનિકો તે પ્રમાણે
કાળજી લઇએ છીએ સંક્રમણ
અટકાવવા અને મટાડવા છતા
પચરંગી આપણી વસ્તીમાં
કોરોનાના કહેરની ઝાપટમાં
કેમ ઓછી અસર છે ભારતીયને ?

બંધ કર્યા છે ઠંડા પાણી, સોફ્ટ પીણાં,
આઈસ્ક્રીમ, બરફગોળા આચરકુચર
પીએ છીએ ઘુંટડે ઘુંટડે પાણીને
લઇએ ખોરાક ચાવી ચાવી ને
હળદર અને સૂંઠ, એલચી સાથે
પીએ સવાર સાંજ ગરમ દૂધ છતાં,
કેમ ઓછી અસર છે ભારતીયને ?

જલ્દી ઉતર આપો દરેક સટિક ઉપચારનો
ટુંકમા કહો, બને તો ફક્ત એક જ શબ્દમાં
પ્રાર્થનામાં સિધ્ધ મહામૃત્યુંજયથી મન શુધ્ધિ કરો
આ બે પેયોથી ઈમ્યુનીટી અને એનર્જી બુસ્ટ કરો
કેવળ કુંભક પ્રાણાયામથી શ્વસન તંત્ર શુધ્ધ કરો
આ સટિક ઉપચારથી ઓછી અસર છે ભારતીયને..

રોમા જોશી - અમેરિકા

## ૨૪૯. કોરોનાની અંતિમ કહાણી

કોરોના તારી આ અંતિમ કહાણી છે,
દુનિયામાં આવીને તે મોજ બહુ માણી છે.

કોરોના વોરિયર્સએ હવે તલવાર તાણી છે,
અંત હવે નક્કી તું થશે ધૂળધાણી છે.

માનવતાની સુગંધ સર્વત્ર ફેલાણી છે,
કોરોનાના અંતની આ છેલ્લી એંધાણી છે.

દુનિયાએ ભારતની સંસ્કૃતિ વખાણી છે,
યોગ, પ્રાણાયમ, આયુર્વેદને પ્રમાણી છે.

માસ્ક, સેનેટાઇઝર,સોશિયલ ડીસ્ટનસીગ
જેવા શસ્ત્રોથી સજ્જ સેના જાણી છે.

કોરોના તારી આ અંતિમ કહાણી છે,
દુનિયામાં આવી તે મોજ બહુ માણી છે.

**રૂપલ સુરતી - 74340 45504**

## ૨૫૦. હાઇકુ

(1) મનમોહક
બની પૃથ્વી માનવ
એકાંતવાસે

(2) કર્મભૂમિની
મમતા છૂટી સાદ
દે જન્મભૂમિ

(3) ખુલ્લા પગને
ભૂખ્યા પેટે પકડી
વતન વાટ

(4) નગર થંભ્યુ
ઘણા વર્ષે મળ્યા આ
પંખીઓ રસ્તે

(5) નમ્ર બન્યો આ
કોરોના ઇફેક્ટથી
દંભી માણસ

(6) સચેત રહો
થોભો સ્વચ્છતા રાખો
જંગે કોરોના

(7) આખરી ઓપ
જીવન મરણને
સમય આપે

(8) અતિ ઝેર આ
ગ્લોબલાઇઝેશન
લો સાચું ઠર્યું

(9) ઋણી તમારા
કોરોના વોરિયસઁ
ધન્ય થૈ ધરા

(10) મૂકપ્રેક્ષક
બની ઇશ્વર જુવે
કર્મનીગતિ

(11) પૈસા સર્વસ્વ
લો ખોટું ઠર્યું આજે
મોંઘુ જીવન

(12) લોકડાઉન
મન સાથે મગજ
લાચાર તન.

(13) જૂની રૂઢિઓ
દુનિયા એ સ્વીકારી
શ્રેષ્ઠ ભારત

(14) કેવો સમય
જુવે શંકાથી સહુ
એકબીજાને

(15) સમયે આપ્યો
અવસર અમૂલ્ય
આત્મખોજનો

**- રૂપલ સુરતી - 74340 45504**

## ૨૫૧. આજ કાલ દુનિયા ઊલટ પુલટ

વિધિની વક્રતા નહીં તો બીજું શું?..શું?
સમય સમયે શબ્દોના અર્થ બદલાઈ ગયા !

અપ ડાઉન શબ્દકોષના વિરોધાર્થી પણ અનિવાર્ય લોક લાગતા સમાનાર્થી થયા !

ભીરુ હૃદયે દુનિયા કેરો નકશો ખોલી બેઠો છું,
મલક મલકમાં ફેલાયેલો કોરોના હું જોઉં છું.

સફળ વિશ્વના શ્વાસ માપવા આવ્યો કોરોના
જર્જર વસ્ત્રો બદલવા ઉડયો છે આ કોરોના!

દુઃખી મન પૂછે કાંધના સ્પર્શથી નનામિ રાખું?
મનચલો કોરોના કહે હું પ્લાસ્ટીક બેગ ભરાવું.

ભર્યા ભર્યા સમુંદર વચ્ચે એકાકી ટાપુ બની ગયા,
અમારા જ ઘરમાં અમે અજાણ્યા ભીરુ બની ગયા.

ડો. ઋષિકેશ દવે - ગાંધીનગર - **9879830960**

## ૨૫૨. રોગ-કોરોના

ગઝલ - બંધારણ= ગાલગાગા ગાલગાગા ગાલગાગા લગા

ઘાવ ન્હોતો ને છતાં માણસ ઘવાયો હતો,
આ હવામાં એકધારો પટ છવાયો હતો.

ઢોર પંખીને પશું આઝાદ જેવા હતા,
ઘેર ખાલી કેદમાં માણસ જણાયો હતો.

હાથ અડવાથી બધે ફેલાય છે એટલે,
લોક-ડાઉન આખરે માણસ કરાયો હતો.

દોષ એનો કયાં હતો તો પણ મરાયો હતો,
રોગ એમાં એક કોરોના જણાયો હતો.

શ્વાસનો વિશ્વાસ કયાંથી લાવવો "સૂર્યદીપ",
શ્વાસ પોતે પણ અહિં રોષે ભરાયો હતો.

**ચવેલીયા સંદિપ પી (સૂર્યદીપ)**
ગામ-ચવેલી  તા-ચાણસ્મા જી- પાટણ
**384225 - 97279 08346**

## ૨૫૩. ગઝલ - કોરોના વોરિયર્સ

જીંદગીતો એમની કંઈ કેટલી પોખાય છે.
મોતની સામે ઝઝૂમવા રાત-દિ જે જાય છે.

આજ પૂજા થાય એની, એ જ માનો દેવ છે.
જે બચાવે જીવતર, સન્માનથી જોવાય છે.

છે જગતમાં માનતા, ઈશ્વર સમા કંઈ કેટલાં
એમને કાજે ચિરંજીવ, આયખું મંગાય છે.

જીતવા જંગે ચડ્યા છે ,સૌ કોરોના વોરિયર્સ
સાંપડે જ્યાં જીતતો, ઉત્સવ સમી ઉજવાય છે.

- સંજય બોસમિયા - સુરત - ૯૯૧૩૦ ૦૯૯૧૪

## ૨૫૪. ગઝલ- કોરોનામાં શું કરવાનું

કોરોનામાં માસ્ક વગર ફરવાનું
હાથે રહીને શું કામ ભાઈ મરવાનું

હાથ કરી લો સાફ નિરંતર સમયે
આયુષ કહે જે કામ બધું કરવાનું

ઘરની બહાર કામ વગર શીત જાતા
ચોરે- ચૌટે મોત ભણી લડવાનું

સંકટની આ ઘડીઓ પણ હંફાશે
દો ગજ દુરીથી જીવતર જીવવાનું

**સંજય બોસમિયા - સુરત - ૯૯૧૩૦ ૦૯૯૧૪**

## ૨૫૫. ગઝલ - કોરોના કો ભગાના હૈ

કોરોના કી મહામારી મે હમે નહી ઘબડાના હૈ
ખુદ કી જિમ્મેદારી સમજે બાહર નહિ નિકલના હૈ

કરતે હૈ જો કામ રાત દિન બીના કિસી ઉમ્મીદોસે
ઉન લોગો કી મુશ્કિલોકો મિલકર હમે સમજના હૈ

બાદલ છાયા હૈ સંકટકા દુનિયાભરમેં મહીનોસે
એક દુજે સે દૂરી રખકર હમે ઇસે હટાના હૈ

કોરોનાસે લડતે - લડતે સફલ એકદિન હોગે હમ
ખડે રહેંગે ડટકર હમ સબ મિલકર ઉસે ભગના હૈ.

**સંજય બોસમિયા - સુરત - ૯૯૧૩૦ ૦૯૯૧૪**

## ૨૫૬. એ રે ચીન - કોરોના ગીત

રાગ-- એ ઓધાજી, એમ મારા વ્હાલાને વઢીને કે'જો રે

એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે
કે બતાવી દેજે રે, કે જઈને કોરોનાને એમ કે'જે રે

અમારો આ ભારત દેશ, પુરાણો ઉપનિષદોનો રે
ચારે વેદો આપે છે, ભક્તિ જીવન સંદેશો રે
ડરશે ના કોઈ અહીં તો જતો રે'જે મેળે રે
એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે

જો એ છે સ્પર્શનો ભૂખ્યો અમે અપરસમાં રહ્યા રે
એને રે પગલે અમે પરિવારમાં મોહ્યાં રે
સભર થયા છીએ રે રહીને અમે ઘેરે રે
એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે

પ્રકૃતિ ખીલી છે અહીં ચાંદો સૂરજ પણ ખીલ્યા રે
નરી આંખે રે આભે ગ્રહ મંડળ અમે જોયા રે
ચોખ્ખી હવાને નદીઓ વહે ચોખ્ખા વહેણે રે
એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે

ખોવાઈ ગ્યા'તા જે પ્રદુષણમાં ટહુકા રે
ઘરમાં આવીને ચકલી કરે આયને લટકા રે
સવારે સવારે હવે તો કલરવ કાને પડે રે
એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે

એને પગલે રે મળી પશુ પક્ષીઓને આઝાદી રે
શોભી રહ્યા છે એથી રસ્તા ખેતર ને વાડી રે
આંગણિયે આવીને મોર મોતીડાં ચણે રે
એ રે ચીન... તું તો જઈને કોરોનાને એમ કે'જે રે

સરલા સુતરિયા - વડોદરા – ૯૯૨૪૯ ૨૫૦૨૨

## ૨૫૭. કોરોના સાર - અછંદાસ રચના...

કોરોના ....કોરોના વિશે સૌ જન સાંભળો રે...
તમને કહું છું કોરોના સાર સૌ જન સાંભળો રે...

કોરોના વાઇરસ જે ફેલાય છે,એવું સમજે તે જ્ઞાની છે.
તે ચેપી રોગ કહેવાય ...સૌ જન સાંભળો રે...

સૃષ્ટિના નિયમો આચરીએ.પરિહાસથી દૂર રહીએ.
તે પ્રકૃતિપ્રેમી કહેવાય ...સૌ જન સાંભળો રે...

ચાઈનાથી આવેલ મહામાર છે,વિશ્વને ઘાયલ કરનાર છે,
તે વિનાશકારી કહેવાય...સૌ જન સાંભળો રે....

શરદી તાવ એનાં લક્ષણ છે, શ્વાસની તકલીફ વધુ થાય છે,
તે કોવિડ--19 કહેવાય ...સૌ જન સાંભળો રે....

લોકડાઉન ને સૌ પાળો, સુરક્ષિત ઘરમાં રહો,
તે  કહ્યાંગરા કહેવાય..સૌ જન સાંભળો રે....

પોતાની ભીતર જઇએ,સ્વની સાચી ઓળખ કરીએ...
તે આત્મજ્ઞાની કહેવાય...સૌ જન સાંભળો રે....

ચાઈનીઝ ,પિઝા, બર્ગર ત્યજી, સાત્ત્વિક ભોજન માણીએ,
તે સંયમી કહેવાય..સૌ જન સાંભળો રે...

ડોક્ટર્સનું કહ્યું કરીએ, સેનેટાઇઝરથી હાથ ધોઈએ,
તે આજ્ઞાકારી કહેવાય...સૌ જન સાંભળો રે...

પોલીસનાં સૂચન માનીએ, કાયદા પાલન ધરીએ,
તે શિષ્ટાચારી કહેવાય...સૌ જન સાંભળો રે..

સફાઇકર્મીને સાથ આપી, સ્વચ્છતાનું ડગલું ભરીએ,
તે સહયોગી કહેવાય...સૌ જન સાંભળો રે...

ટેક્નોલોજી મહત્તમ જોડી, નવું જ્ઞાન સદા પામીએ,
તે તેજસ્વી કહેવાય ... સૌ જન સાંભળો રે...

સંક્રમણથી દૂર રહીએ,સામાજિક અંતર રાખીએ,
તે  કર્મયોગી કહેવાય.. સૌ જન સાંભળો રે...

થોડી પુંજી પ્રેમે ધરીએ, રાહતફંડમાં સહુ જોડાઇએ.
તે દાનવીર કહેવાય... સૌ જન સાંભળો રે...

અન્ન જળનાં દાન કરીએ, સતમાર્ગ સૌ અપનાવીએ.
તે પરોપકારી કહેવાય.. સૌ જન સાંભળો રે...

થોડી ધીરજ સહુ ધરીએ, અફવાથી દૂર રહીએ,
તે બુદ્ધિશાળી કહેવાય, ..સૌ જન સાંભળો રે...

નકારાત્મકતા ત્યજીએ,માનસિક  સ્વાસ્થ્ય સાચવીએ.
તે સમજદાર કહેવાય ..સૌ જન સાંભળો રે...

કોરોનાને હવે નાથીએ, એકતાથી મ્હાત કરીએ,
તે સાચા શૂરવીર કહેવાય..સૌ જન સાંભળો રે ...

સરોજ રાણા -ભરુચ-

રાગ : ગીતાસાર... બોલ્યા...બોલ્યા શ્રી ભગવાન અર્જુન સાંભળો રે.....મુજબ.

## ૨૫૮. આ ત્રાસ કોરોના તણો

કોરોના - પ્રકાર:   છંદ...રજઝ.

બંધારણ : ગાગાલગા ગાગાલગા ગાગાલગા ગાગાલગા,

આ ત્રાસ કોરોના તણો વકરી વધુ પ્રસરી રહયો,
આ માનવીથી માનવી તો દૂર બહુ સરતો રહયો,

આ રોગ છે બિહામણો નામે વધુ ગભરાવતો,
વ્યવહાર સામાજિક આઘા થઇ હવે ખરતો રહયો,

ગંભીર વાઈરસ છે કોરોના મહારોગ તે થયો,
વિકટ બની આ જિંદગી ગભરાટમાં ડરતો રહયો,

ના હાર કે ના જીત કોરોના કદી રાખી શકે,
તેં સાવચેતીથી ઘણો ભાગી હવે ખસતો રહયો,

કોંવિડનો આ તો કહેર હવે ડરાવે છે ઘણો,
પરવાહ રાખો નિજની પગલાં ભરી ફરતો રહયો,

- સરોજ રાણા એમિટી સ્કૂલ, દહેજ બાયપાસ રોડ, ભરુચ 99798 61634

## ૨૫૯. અછાંદસ
## (પ્રોત્સાહન ઇનામ વિજેતા કાવ્ય)

હા, મારે લડવાનું છે...
હિમ્મતનું બખ્તર પહેરીને,
ધીરજને ઢાલ બનાવીને
અને
કૌશલ્યરૂપી શસ્ત્રો લઈને,
ઉતરવાનું છે રણભૂમિમાં...
ચોતરફ કણસતા, ખાંસી ખાતા,
પોતાની જીંદગીમાં નવા શ્વાસ ભરવા માટે
વિશેષ પ્રયત્નો કરતાં દર્દીઓ ખાતર...
પરંતુ
દુશ્મન ક્યાં?
એ તો અતિસુક્ષ્મ જીવ ...
છુપાયો છે ક્યાંક મારી આસપાસ જ,
પરંતુ
સૌને ખો આપીને આગળ નીકળી જાય છે..
તો પણ
હું લડીશ
પછી,
ભલે ને આ લડતમાં
મારા પ્રાણની આહુતિ હોમાય ....

**ડૉ. સેજલ દેસાઈ - સુરત**

## ૨૬૦. કોને આવી ખબર હશે?

કોને જગતમાં આવી ખબર હશે
પહોંચ કોરોના ની પણ જબર હશે

કણસી રહી છે દર્દમાં આ દુનીયા
નહોતી ખબર દવા બેઅસર હશે

પ્રયોગ કર્યા અહીં જાત જાતના
ક્યાંક માણસ ની પણ કસર હશે

સમજણ થી કોઈ સમજ્યા નહીં
બેદરકારીની જ ખરાબ અસર હશે

મોડો મોડો પણ જાગ્યો છે મનુષ્ય
ભીતર થોડું ભયનું પણ પ્રેસર હશે

હે કૃષ્ણ પ્રાથના કરું મારા દેશ કાજે
છે વિશ્વાસ જગ પર તારી નજર હશે

**શામજી માલી - રાપર કચ્છ - 99095 25538**

## ૨૬૧. ઘરે પગ ટકતો નો'તો

ઘરે પગ ટકતો નો'તો,
ઘરે રે'વાનો આયો વારો.
કોરોના ભયે વાગ્યો ફટકો,
ઘરે રે'વાનો આયો વારો.
બેફામ બની જીવ્યા ઘણું,
પોરો ખાઈ થોડું અટકો.
જીવે ખાધો એવો ઝટકો,
ઘરે રે'વાનો આયો વારો.
વિશ્વ આખું કોરોના ગ્રસ્ત,
એના વ્યાપે થયું ત્રસ્ત.
નફ્ફટ વાવરને નિચે પટકો,
ઘરે રે'વાનો આયો વારો.
ઘરમાં લાંબો સમય રે'શું,
નોકરી ધંધે થાશું ખુવાર,
મારક દવાની શોધે ભટકો,
ઘરે રે'વાનો આયો વારો.
શરીરે તાવ ભરાઈ ધખતો,
ગળે પડી કોરોના હસતો.
અક્ષીર દવા ભરસે ચટકો,
ઘરે રે'વાનો આયો વારો.
"અંશ" સરીખો છે કોરોના,
માણસે એને મારે છૂટકો,
કોરોનાને થ્યું હવે છટકો,
ઘરે રે'વાનો આયો વારો.

**શંકર પટેલ "અંશ" - સુરત - 99250 11256**

## ૨૬૨. ભરોસો

ચહેરે ક્યારે મુખોટો બદલે,
નહીં માણસે ભરોસો.
કોરોના ગ્રસ્ત ભયને પગલે,
કર્યો મુખોટે ભરોસો.
માણસ નર્યો અહમે ભર્યો,
બદલે કાયમ ચહેરો.
ખુલ્લા ચહેરે કોરોના વળગે,
કર્યો મુખોટે ભરોસો.
જગ આખામાં ખોફ પેઠો,
મોત નજરની સામે.
કોરોના ક્યાં? ક્યારે પટકે,
કર્યો મુખોટે ભરોસો.
ક્યાં? સંતાઈ ગર્વની શક્તિ,
ગર્વ મરણ પથારીએ.
જાતે નર્યાને કોણ? અડકે,
કર્યો મુખોટે ભરોસો.
ધને સધ્ધર ચાલે અધ્ધર,
હૃદયે બાંધ્યો પથ્થર.
દુઃખ લાધ્યું ધનના ઢગલે,
કર્યો મુખોટે ભરોસો.
કોરોના કહેરે બચીને રે'વા,
રસી માત્ર ઉપાય.
"અંશ"જેટલી રસીથી મરશે,
કર્યો મુખોટે ભરોસો.

શંકર પટેલ "અંશ" - સુરત - 99250 11256

## ૨૬૩. અદ્રશ્ય કો' શત્રુ

અદ્રશ્ય કો' શત્રુ,
કરી રહ્યો છે વાર અદ્રશ્ય.
કેમ શોધવું ? કેમ કરી પારખવુ ?
કેવી રીતે કરવું સામનો ?

તારો-મારો, એનો-તેનો,
શત્રુ છે સહિયારો
ગલી, મહોલ્લા, ગામ, શહેર,
વટાવી દેશની સરહદ
આતંક એણે મચાવી દીધો
સંપૂર્ણ વિશ્વફલક પર.

જાગ જરા, સંભાળ જરા,
ફૂંકી ફૂંકી, જોઈ વિચારી
ઊઠાવ એક એક કદમ
વાર સમજી, શસ્ત્ર સજાવી
કરી લે તું તૈયારી

ક્યાંક એકની ભૂલ
બની જાય છે સહિયારી
ને ભોગવે આખું વિશ્વ.
સંપૂર્ણ તૈયારી,
સંપૂર્ણ સભાનતાથી
ભરતો જા તું ડગલા.

કે અદ્રશ્ય છે કો' શત્રુ,
કરી રહ્યો છે વાર અદ્રશ્ય.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર – સુરત - ૮૪૬૦૧ ૫૫૨૬૦

## ૨૬૪. આ બળબળ ઉનાળાના

આ બળબળ ઉનાળાના
પીળાં ચટ્ટ બપોરમાં
કોરોનાના કેર ટળેના
વેકેશન જેવા માહોલમાં
વાંચું છું મારાં
મનગમતા પુસ્તકો
ને મન મતવાલુ થઈ
ઝુમી ઉઠે છે
સંવેદનાના નાદ ધ્વનિએ
મૃત્યુનો ખોફ ભુલી..

ડરામણો, અદ્રશ્ય સેલાબ ફેલાયો કોરોનાનો.
બેબસ થઈ માનવીઓ, આજ પુરાયા પિંજરે !

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર - સુરત - ૮૪૬૦૧ ૫૫૨૬૦

## ૨૬૫. તાકાત ઘણી છે

તાકાત ઘણી છે સુખના ઈન્તેજારની
જોતજોતામાં આ દિવસો વીતી જશે.

બસ થોડુંક ધૈર્ય ને થોડીક સાવચેતી,
સાચવીએ સ્વને, જગત સચવાઈ જશે.

મળ્યો છે મોકો તો ખુદનેય મળીએ.
કોરોનાનો ક્હેર પણ અવસર બની જશે.

શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર - સુરત - ૮૪૬૦૧ ૫૫૨૬૦

## ૨૬૬. કોરોના - કહેર કે મહેર

કોરોના આ તે તારી કેવી કહેર
લોકોથી ધમધમતા બંધ રહ્યા ગામ-શહેર

કેટલાય લોકોના તે જીવ લીધા
તો કેટલાયને તે પાઠ ભણાવ્યા

સમય એવો તે લોકોને બતાવ્યો
જે આજદિન સુધી કોઇએ ના જોયો

બંધ રહ્યા ભગવાનના ધામ
અને ખુલ્લી મુકાય દારૂની દુકાન

પરિવાર માટે નહોતો સમય કોઈ પાસે
તે વિખરાયેલા પરિવારને જોડ્યા એક સાથે

હોટેલના પીઝા-બર્ગરના જમાનામાં
તે ઘરની રોટલીના સ્વાદ ચખાવ્યા

શિક્ષણ કે નોકરી માટે જે ગયા હતાં વિદેશ
તેમને આખરે તે બોલાવ્યા પોતાના ભારત દેશ

ભારતીય સંસ્કૃતિ ભૂલી હાય-હેલ્લો જે કરતાં
તેમને યાદ અપાવી તે સંસ્કૃતિ અને કરી દીધા નમસ્તે કરતાં

લાખો-કરોડોનો ખર્ચે જેઓ લગ્નમાં કરતાં
તેમને મજબૂર કર્યો તે લગ્ન સાદાઈથી કરવા

કોરોના કોઈ માટે કહેર તો મહેર કોઈ માટે બન્યો
કોરોના તે તો લોકોની  જીવવાની બદલી રીતો.

સેફાલી એસ. માણીક - ૯૫૩૭૯૪૦૧૮૭ - અડાજણ, સુરત.

## ૨૬૭. કોરોનાની રમત

સંતાકુકડી જેવી આ છે કોરોનાની રમત,
ઘરમાં સંતાઈ ને બધા એ રમવી પડે છે આ રમત.

કયારે,કોણ,કેવી રીતે આઉટ થશે આ રમતમાં,
તેની જાણ સુધ્ધા નથી ખેલાડી ને આ રમતમાં.

ધીરે ધીરે વધી રહી છે, પકકડ દુશ્મનની આ રમતમાં,
પણ સેનિતાઈઝર, માસ્ક અને સોશ્યિલ ડિસ્ટન્સ વડે હરવીશું તેને તેની જ આ રમતમાં.

જિંદગી અને મૃત્યુ વચ્ચે રમાઈ રહી છે આ રમત,
શ્રદ્ધા અને વિશ્વાસ થી ચોક્કસ જ જીતશું  આ રમત.

**- ડો. શિવમ શાહ (નીલકંઠ) - 9173773833**

## ૨૬૮. ચાલ, પોઝિટિવ વિચારીએ

કોરોના...
અભિશાપ?
મોટી મહામારી?

ના.. ના..
આશીર્વાદ!
મહાઆશિષ!!

મા-બાપે શીખવ્યું છે,
પોઝિટિવ વિચારોને ભાઈ !

કેટલું પરિવર્તન?
અહા!પ્રકૃતિ સાથે મિલન...
પૈસાથી પર થયો માનવી ને
નિકટ આવ્યો પરિવારની
ઘરડા માવતર સંગ મીઠી ગોષ્ઠી ને
શોખ તણી કરી પૂર્તિ...

કબાટમાંથી નીકળેલા પત્તા
થયાં ખુશ..
પામી સ્પર્શ પપ્પાનો,
કેટલો હરખ દીકરાના હૈયે
વ્યસ્ત નથી પપ્પા હવે મોબાઈલ કે લેપટોપમાં,

ઘરના ખૂણે ધૂળ ખાતી પીંછી,
ભીંજાઈ આજે રંગરંગથી
ને સજી જાણે કે...
ધર્યું સિંદૂર વિરહણી સોહાગણે,

સાવચેતી રાખે તેને ક્યાં સંક્રમણ છે?

સમયના સદ્ઉપયોગમાં જ ભ્રમણ છે

ચાલો આપણે,

બનાવીએ સલામત સમાજ...

શમી જાય આગ...

અને...

કોરોના પણ કહે, "ભાગ.. કોરોના ભાગ.. "

શ્રદ્ધા ભાવસાર (અમીન) - આણંદ - 9913737055

## ૨૬૯. રોકાયા થનગનતા પગ

રોકાયા થનગનતા પગ,
થંભી ગયા ના ચં તા મન,
ગૂંગળાઈ ગયું એ મધુર સંગીત,
બંધ ઓરડામાં અટકી ગઈ ,
**Lockdown** થી આવ્યું મોટું પરિવર્તન,
દિવસ રાત ક્લાસમાં થતું એ નર્તન
બદલાયા ઘરના લોકોના વર્તન
ઓનલાઇન બન્યો ઓફલાઈન નો પર્યાય
કોઈ ચારો નથી ,ડિજિટલ સિવાય,
પોતાનામાં શ્રદ્ધા રાખી પહોચી શ્રદ્ધા અનેક છેડે,
લોકોએ જોઈ નૃત્યમાં શ્રદ્ધા આવ્યા સૌ એની મેળે,
કોરોનાથી સ્થપાયો અનેરો સંવાદ,
મારો પરિવાર પણ ન રહ્યો અપવાદ,
વિશ્વનું કલ્યાણ કરો, હે પ્રભુ!

મહામારી થી બચાવો, હે પ્રભુ!
થયેલી ભૂલો ને માફ કરો, હે પ્રભુ!

સમગ્ર જીવોનું રક્ષણ કરો, હે પ્રભુ!

**શ્રદ્ધા શાહ - સુરત – 99791 44585**

## ૨૭૦. દુહો

હસ્તધુનન ને ટાળીયે દૂર થી કરીએ રામ
સિદ્ધ કહે યૂ સાચવી કાળજી રાખી આમ

સપાખરું
આવે કોરોના ઓરો ના એની રાખજો કાળજી આપ
વળી ટાળો હવે તમે હાથનો વે'વાર
બન્ને હાથ જોડી ભેગા સંબોધો હવે બધાને
આરોગો રોગો ન થાય એવો જ આહાર

જણાવું તાસીર પે'લાં આવે તાવ જીણો જીણો
સૂકા કફ સાથે જુઓ શ્વાસ અકળાય
પાંચ દિન સુધી એવા લક્ષણો દેખાડે એના
જાલે ગળું પછી આખા દેહે ભરડાય

સાચવીને સાવચેતી રાખો કવિ સિદ્ધ કહે
રાખો છીંક આવે ત્યારે મોં પાસે રૂમાલ
સાફ કરો હાથ વારંવાર સાબુએથી સહુ
ધરો રોગ સામે સાવચેતી કેરી ઢાલ

માંસાહાર ટાળી બચી આવી મહામારીમાંથી
જીવ થઈ કેમ લઈ જીવ કેરી જાન
ઉગારો ઉતારો પાર વાર જગ માટે આવો
કરો કોરોના ને દૂર ભોળા ભગવાન

*આખા જગમાંથી આ બીમારીનો નાશ થાય એવી ભગવાન ભોળાનાથને આરદા*

સિદ્ધ ચારણ - મોરબી – 95867 88806

## ૨૭૧. હરિગીત

ચીને ચલાવ્યો રોગ કેવો જગત જો હેરાન છે
સૌ સજીવોમાં ભય ભયો આ માવની પરેશાન છે
અકાળ મૃત્યુને વર્યા એ આંકડો હદપાર છે
આવો ઉગારો રોગથી હવે, હે! ભવા શું વાર છે ?

ભરખ્યાં ઘણા ભરડો લઈ નરી આંખથી જડતો નથી
મુંજાય છે આ માનવી ઉપચાર પણ મળતો નથી
કર્યા પ્રયત્નો કેટલા સઘળા ઇ તો બેકાર છે
આવો ઉગારો રોગથી હવે, હે! ભવા શું વાર છે ?

મનખો મળ્યો માનવ તણો ઇ જાતને ભૂલી ગયા
ધરીયો નહિ માનવ ધરમ સઘળી મૂકી છે જીવદયા
મહામારીનો આ માર જો કળિકાળનો અણસાર છે
આવો ઉગારો રોગથી હવે, હે! ભવા શું વાર છે ?

પડતા મૂકી સૌ કામને હરિ નામ લઈ બેઠા ઘરે
ફફડે બધાયે માનવી આ રોગથી થરથર ડરે
ખાખીધરો ને દાક્તરો વંદન તણા હકદાર છે
આવો ઉગારો રોગથી હવે, હે! ભવા શું વાર છે ?

માર્યા અસુરો કેટલા ઘણા દેવને તે ઉગારીયા
સુણી સાદ આજે માવડી થંભીને કાં ઉભા રહ્યા
કહે સિદ્ધ ભારતમાં ખરો કોરોના તણો પડકાર છે
આવો ઉગારો રોગથી હવે, હે! ભવા શું વાર છે ?

**સિદ્ધ ચારણ- મોરબી - 95867 88806**

## ૨૭૨. ટાટેમે વાસ્તવિકતા

ઓન કરો ટીવી - દેખાય કરુણ દ્રશ્ય

જાણી જોઇને સંભળાવે મોટા અવાજે
ચીનથી વિશ્વે ત્રાટક્યો કોરોનાનો ચક્રાવાત,
અદ્રુશ્ય રહીને આપતો જીવલેણ આઘાત
કોરોનાના આંકડા વધતા જ રહે છે.
મોતનો પણ આંકડો  ઊંચો ચડે છે.
કોરોના સ્પાઇકના સમાચાર રીપીટ કરે
ફીયર સાયકોસીસે લોક ફડફડે, તડફડે,
કીક કરાવી કોરપોરેટ લોબી, ડોપામીન
કોવિદથી પણ વધુ મારતા આ આઘાતે !
ભાગ્યે જ કહે
વધુ માનવોના થાય છે ટેસ્ટ તેથી
કોરોનાના આંકડા વધતા જણાય છે
તબીબો  મેડીકલ સ્ટાફની સતત સેવાથી
સાથે અનેક ઘણા દર્દી સારા પણ થાય છે !
અનેક સંસ્થાઓ કે પોતાની સુઝથી ભંડારા
કે ઘેર ઘેર જઇ ભુખ ભાંગતા મુક સેવકો
મજુરોને ઘર જવામા ત્રાસ સમાચાર રીપીટ કરે પણ
ન કહે ૯૭%ને બસ ટ્રેનમા નાણા સાથે પહોંચાડ્યા !
સ્થાપિત હિતવાળા લોબીંગ ફાર્માસ્યુટીકલ
કરતા કોવિદના ઉપચારના ભ્રામક પ્રચારો
...શુભ સમાચાર ભાગ્યે જ આપે કે
કુદરતને કોવીડો એમને  નડે નહીં!
ઝાડ, પાન, ધાન, પાક, પુષ્પ,ફળો
ફુલતાં, ફાલતા, ઝૂલતા, હર્યા ભર્યા,
કોરોના સંક્રમણ થી લોકોને બચાવવા
ખડેપગે છે તબીબો અને નર્સીંગ સ્ટાફ
સરકારી કર્મીઓ અને પોલીસ જવાનો
દરેક નિયમનું આનંદથી   પાલન કરી
ભગાવશે આ જનઝુંબેશથી  કોરોનાને ..

સીમા મીલીન પંડ્યા  - સાઉથ કેરોલીના - અમેરીકા

## ૨૭૩. અરે ઓ "દ્વારિકાવાળા"

હટાવો ને આ માસ્કના તાળા,

કરવા છે બહુ ચટાકા
પાણીપુરી ના મારવા ફાંકા,

તારે તો ખાલી "તથાસ્તુ' કહેવું
પણ અમારે કેટલુ ઘરમાં રહેવું..!,

મન થાય છે કે વાંસળી વગાડું
રીંગ મારી કોઇ રાધાને જગાડું,

પણ રુક્ષ્મણી મોબાઇલ હેક કરે છે
અને કોલડીટેલ્સ બધી ચેક કરે છે,

વાતો ભરાઇ છે દિલમાં અપાર
પણ નિકળતી નથી "માસ્ક" ની બહાર,
બંધ કરી બેઠો તુ પણ દ્વાર
દર્શન કોના કરુ સાંજ સવાર,

અને હવે તો બસ કર હે ભગવાન..!
ચેહરા ખુદના ભુલી જશે ઇન્સાન.

સોહમ પાલનપુરી -ગાંધીનગર - ૯૪૨૭૩ ૨૯૩૩૯, sohampalanpuri@gmail.com

## ૨૭૪. માધવ ક્યાંય નથી

માધવ ક્યાંય નથી મધુવનમાં,
સલવાયો છે રુક્ષમણી સાથે કીચનમાં,

રાધા કરે છે વિલાપ ગોકુળના ટાઉનમાં
પરંતુ કેમ કરી ને જાવુ લોકડાઉનમાં,

પહોચવુ છે ગોપીઓના મન સુધી,
પરંતુ, રાસલીલા બંધ છે હમણા જુન સુધી,

માસ્ક બાંધીને પણ જતો રહે હમણાંજ રાધાના ગામમાં,
પરંતુ રુક્ષમણીએ બાંધી રાખ્યો છે એને ઘરકામમાં,

અને સખાઓ નિકળતા નહી આવી ધુલાઇમાં
માધવ મળશે તમને હવે છેક જુલાઇમાં,

સુદર્શન ક્યા વાપરીશ આ ક્યા કંસ છે ?
ઘરમા રહીનેજ મારી શકાય આ તો કોરોનાના દંશ છે.

સોહમ પાલનપુરી -ગાંધીનગર - ૯૪૨૭૩ ૨૯૩૩૯, sohampalanpuri@gmail.com

## ૨૭૫. માણસ મટીને

માણસ મટીને  માત્ર 'કેશ' બની ગયો
'કોરોના' નો જ્યારે એ 'ફેસ' બની ગયો,

કરતો હતો  બધાના ભાગાકાર
આજે તે પોતે  શેષ બની ગયો,

દર્શક હતો ફક્ત જે ભવાઇ નો
તેમા જ એ વેશ બની ગયો,

હવે ઓળખે છે લોકો તેને દુરથી
બધાની નજર મા એ 'ગણવેશ' બની ગયો,

જીતવા ફરી થી જિંદગીને
નાનકડી એક રેસ બની ગયો,

અચરજ તો ત્યારે થયુ  "સોહમ"
દર્દીઓનો પણ એક દેશ બની ગયો

સોહમ પાલનપુરી -ગાંધીનગર - ૯૪૨૭૩ ૨૯૩૩૯

sohampalanpuri@gmail.com

## ૨૭૬. સોશિયલ ડિસ્ટનસિંગ

'સોશિયલ ડિસ્ટનસિંગ' જાણે વ્યવહાર બની ગયો
કોરોના પણ એક તહેવાર બની ગયો,

ગજું કેટલું માનવી નું એનો ચિતાર મળી ગયો
કુદરતની શક્તિનો અણસાર મળી ગયો,

આખી દુનિયાને હંફાવતો માનવ
એક વાયરસ સામે નતમસ્તક બની ગયો ,

બાથ ભીડી ને મળવું કેમ હવે !
છેટા રહેવુ માત્ર ઉપચાર બની ગયો,

પ્રસંગ થઈ ગયો માત્ર શિષ્ટાચાર
માણસ પોતાના જ ઘરમાં લાચાર બની ગયો

અને અર્થવ્યવસ્થા જરીક નબળી શુ પડી
કોરોના પણ એક વેપાર બની ગયો...

સોહમ પાલનપુરી -ગાંધીનગર - ૯૪૨૭૩ ૨૯૩૩૯

sohampalanpuri@gmail.com

## ૨૭૭. કોરોના ગીત

જોર લગાવીને, જોશ જગાવીને,
દેશની રક્ષા કરવાના પ્રણ ઉઠાવીને....(2)
આવો લડીએ સામી છાતીએ......
ચાલો કોરોનાને માત આપીએ....
ચાલો કોરોનાને હાર આપીએ.....(2)

આફતોની આ ઘડીમાં સાથ આપો દેશને,
માનજો દિલથી બધા સરકારના આદેશને(2)
પ્રેમ વહાવીને,જ્યોત જલાવીને.....
એકતા-આત્મીયતા ના પાઠ ભણાવીને....
આવો લડીએ સામી છાતીએ...
ચાલો કોરોનાને માત આપીએ....
ચાલો કોરોનાને હાર આપીએ....

જોર લગાવીને.....

સુચિત ચૌહાણ 'નસીબ' - સચીન, સુરત - **98248 25441**

## ૨૭૮. MOBILE IS NOT A TOY

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'**Textbooks** છે કેમકે તેમાં હું મારા બધા જ **subject** ને વાંચી શકું છું.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
' **notebooks** છે કેમકે તેમાં હું મારા બધા જ **subject** ની નોટસ લખી શકું છું.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'એવી **School bag** છે જેને હું મારા **Pocket** માં રાખી ને ફરી શકું છું.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'એક એવી **school** છે જે ચોવીસે કલાક ખુલ્લી છે.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'એક એવો **Class room** છે જ્યાં હું ઘરે બેઠા જ ભણી શકું છું.'

**Mobile** નામનું રમકડું ,
'જ્યાં બધા જ **Teachers** હવે મને **Online** ભણાવે છે'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'**Knowledge** નો એવો ખજાનો છે કે જેને હું મારા **Friends** માં લૂંટાવી શકું છું.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'જ્ઞાન નો એક એવો દરીયો છે કે જેમાં ડુબકી મારી જ્ઞાનરુપી મોતી ને હું શોધી શકું છું.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'**PUBG** નું **Playground** નથી પણ મારાં ગુરુજી નું ગુરૂકુળ છે.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,
'કોઇ **Cinema** નો **hall** નથી પણ **UTube** પર **Science** ની **Lab.** છે.'

**Mobile** નામનું રમકડું મારા માટે હવે,

**24 × 7 Unlock** છે કેમકે **Facebook A/c** મારું **Log out** છે.'

લી. બાળકોને **Mobile** નો **Positive** ઉપયોગ કરતાં જોવા ઝંખતા પિતા નું એક બાળક.

તા.ક. **:-** **'Technology** ના આ યુગમાં જે મનુષ્ય પોતાના હાથમાં **Mobile** નામનું રમકડું ધારણ કરે છે, તે ક્યારેય કોઇ નું કશું સાંભળતો નથી, તે ક્યારેય ભૂખ્યો પણ થતો નથી કે ઘર ની બહાર નીકળવા ઈચ્છતો નથી.'

પ્રેરણા **:-** 'હાલમાં કોરોના વાયરસ ને કારણે થયેલા લોક ડાઉન ના સમય માં બાળકો તેમના પાઠ્યપુસ્તકો **Mobile** માં **Download** કરી ને તેમનાં **Teachers** પાસે **Degital Classroom** માં **Online** ભણી રહેલા જોઈ ને આ રચના લખવાની પ્રેરણા મળી.'

**સુધીર જે. ભાયાણી - સુરત - 94084 64757**

## ૨૭૯. ધીરજ અને આદતની વચ્ચે

ધીરજ અને આદતની વચ્ચે અટવાતી મારી રાહ

ધીરજ નથી રહી રાહ જોવાની ,
પણ તોય આદત બનાવી દીધી છે રાહ જોવાની...

છે ઉતાવળ બહુ મંઝીલે પહોંચવાની કેમકે,
ધીરજ નથી રહી જરાય રાહ જોવાની ,
પણ રસ્તા પર ની આ ભીડે આદત બનાવી દીધી છે રાહ જોવાની...

નીકળવું છે તારા કરતાંય આગળ પણ,
ધીરજ નથી રહી હવે તારાં જેટલી રાહ જોવાની ,
પણ આ સમયે આદત બનાવી દીધી છે રાહ જોવાની...

ખડકવા ધનનાં ઢગલા શોધ્યા છે બહુ ટૂંકા રસ્તા કેમકે,
ધીરજ નથી રહી હવે બહુ લાંબી રાહ જોવાની,
એટલે જ તો આદત બનાવી દીધી છે ટૂંકા રસ્તે રાહ જોવાની...

કરવું છે શોપિંગ પણ ફરવું નથી બજારમાં કેમકે હવે,
ધીરજ નથી રહી લાઇન માં જ ઉભા રહી રાહ જોવાની,
તોય ઓનલાઇન ની આ આદતે આદત બનાવી બનાવી દીધી છે ઘરે જ બેઠા રહી રાહ જોવાની...

લાઇન માં નહીં પણ ઓનલાઇન રહું છું કેમકે,
ધીરજ નથી રહી લાઇન માં ઉભા રહી રાહ જોવાની પણ,
સર્વર છે ડાઉન એટલે જ તો આદત બનાવી દીધી છે રાહ જોવાની...

વિચારું છું કે નીકળું ઘર ની બહાર આ લોક ડાઉન ને તોડી કેમકે,
ધીરજ નથી રહી હવે વધુ રાહ જોવાની પણ,
લાગે છે કોરોના ની બીક એટલે જ તો આદત બનાવી દીધી છે હજી વધુ રાહ જોવાની..

**સુધીર જે. ભાયાણી - સુરત - 94084 64757**

## ૨૮૦. ખબર જ ન હતી

પાંજરે પુરેલા પોપટ ને જોઈ મલકાતો આ જીવ,
આમ અચાનક જ ઘરમાં પુરાઈ જશે એ ખબર જ ન હતી.

રોજ થતી આપણી આ મુલાકાતો એક દીવસ,
આમ અચાનક જ બંધ થઈ જશે એ ખબર જ ન હતી.

ધુમાડો ઓકી રેસમાં ઉતરતા વાહનોનાં આ પૈંડા,
આમ અચાનક જ થંભી જશે એ ખબર જ ન હતી.

માનવ કોલાહલો માં દબાયેલ પક્ષીઓ નું આ કલરવ,
વાતાવરણ માં આમ અચાનક જ ગુંજતું થઈ જશે એ ખબર જ ન હતી.

બરફના ઠંડા ગોળા ખાવાની આ સીઝનમાં,
આમ અચાનક જ ઉકાળા ગરમ પીવાં પડશે એ ખબર જ ન હતી.

પુસ્તક મેળા માથી ભેગાં કરેલ, વણ વંચાયેલ પુસ્તકો નો આ ખડકલો,
આમ અચાનક જ વંચાય જશે એ ખબર જ ન હતી.

કલાકો સુધી મને પોતાનો કરી લેતો આ મોબાઇલ પડી જવાથી,
આમ અચાનક જ સાથ મારો છોડી દેશે તે ખબર જ ન હતી.

એક એક દીવસ ગણી ને પસાર કરાતું આ લોક ડાઉન,
આમ અચાનક જ લંબાતું જશે એ ખબર જ ન હતી.

સુધીર જે. ભાયાણી - સુરત - 94084 64757

## ૨૮૧. ચીનની  લાગી નજર - ગઝલ

ચીનની  લાગી નજર ચારે તરફ,
જોઈલો એની અસર ચારે તરફ!

કોઈને નો'તી ખબર ચારે તરફ,
ખોદવી પડશે કબર ચારે તરફ.

આટલા વરસો સુધી ક્યાં થઈ હતી!
આપણાં ઘરની કદર ચારે તરફ.

કાનને કોયલ હવે દેખાય છે,
થાય છે ટહુકા અમર ચારે તરફ.

સ્તબ્ધ છે શહેરો બધાં નકશા સમા,
મૌન  બેઠી  છે  ડગર  ચારે  તરફ.

થાય છે આવીય ચિંતા શું થશે?
કાલ કોરોના વગર ચારે તરફ!

સુરેશ ઝવેરી 'બેફિકર' - **90044 05950**

## ૨૮૨. આજે ઘરનાં ખૂણા ખુશ

આજે ઘરનાં ખૂણા ખુશ,
કોરોનાની કથની વચ્ચે કામની હોંશાતૂશ.
આજે ઘરના ખૂણા ખુશ .

ઘર વચાળે રાચરચીલું લૂછવા બેઠા બન્ને,
કરવુ પડશે, ચાલે નહીં સમજાવી દીધું મનને,
ઘડીક હસતાં, ઘડીક વઢતાં
તો ય નથી નાખુશ.
આજે ઘરનાં ખૂણા ખુશ.

ઝાટકવાનો ધંધો જેનો, ઝાટકણું લઇ લીધુ,
ધૂળ પડી ત્યાં ધણિયાણીએ પોતુ માર્યું સીધુ
બોલાચાલી કરવામાં અહી કોઈ નથી કંજૂસ.
આજે ઘરનાં ખૂણા ખુશ.

ખૂણો ઉત્તરનો પૂછે પૂરવને,
કેમ અલ્યા તુ મલકે છે?
હાથ અડ્યો છે શેઠાણીનો,
તેથી હૈયા છલકે છે.
ચાર ખૂણાની ચોપાઈ વચ્ચે ચાલી છે ગુસપુસ.

આજે ઘરનાં ખૂણા ખુશ.
કોરોનાની કથની વચ્ચે કામની હોંશાતુશ.
આજે ઘરનાં ખૂણા ખુશ.

સુરભી ઢેબર - અમદાવાદ

## ૨૮૩. કોરોનાની કમાલ

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને છોડી હોટેલનું ખાવાનું, ઘરનું સાત્વિક ભોજન લેતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરની બહાર નીકળવાનું બંધ કરાવી ઘરમાં કેદ કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ટી.વી સીરીયલ ભુલાવી, પુસ્તક વાંચતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરમાં રહી, ઘરના લોકો જોડે પ્રેમ કરતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
ઘરથી દૂર રહેતા લોકોને ઘરથી નજીક લાવી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરમાં રહી પોતાની અંદર રહેલી શકિત ખીલવતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરમાં રહી ઓનલાઈન કામ કરતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરમાં રહી યોગ, વ્યાયામ,પ્રણાયામ કરતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
લોકોને ઘરમાં રાખી પ્રદૂષણ ઓછું કરતા કરી દીધા.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !
એક બાજુ તારી ખરાબ અસર ને બીજી બાજુ તારી સારી અસર.

વાહ કોરોના વાહ ! તારી કમાલ તો જો !

તરૂણાબેન ગોહિલ - બીલીમોરા - 8128349933
શક્તિનગર સોસાયટી, હનુમાન મંદિરની બાજુમાં, ધક્કવાડ, બીલીમોરા 396380

## ૨૮૪. જો ને મમ્મી મારી આ ઢીંગલી

એને તાવ, શરદી અને ઉધરસ,
શું એને કોરોના થયો છે?
શું હવે એ મરી જશે?
ના રે, મારા બચ્ચા, એવું નથી,
એને હોસ્પિટલમાં લઈ જશું,
એને દવા અને આરામ આપીશું
તું એનાથી થોડી દુર જ રહેજે
પણ એ ને  સારું તો થઈ જશે ને?
હાસ્તો ,મારી ડાહી દીકરી ની
ખૂબ જ વહાલી ઢીંગલી છે...

તિઆરા અરુણ - ૫ વર્ષ - સુરત - ૯૪૨૮૦ ૬૦૨૪૨

## ૨૮૫. લોકડાઉન છે...

અમસ્તા જ નથી આવતા સમયસર ઘરે, લોકડાઉન છે;
મસાલા, સિગરેટ ક્યાંય નથી મળતાં, બેટરી ડાઉન છે...

કામ છે ઘણું કહી, ઓફિસના બહાને બહાર બધે મ્હાલે;
નવરા ધૂપ થઈ બેસી ગયા એ પણ, શહેર લોકડાઉન છે...

જમવા લઈ જજો બહાર, માંડ આવશે રવિવાર કાલે;
રસોઈની મહારાણીનું મેનુ જાણે કે સાવ સુનમુન છે...

એક પણ ઈચ્છા પુરી ન થાય, સંતાનોને ન ચાલે;
ઘરનો વૈભવ રૂડો લાગે, વાર્તાનું તો હવે કાઉન્ટ ડાઉન છે...

વાઈરસે વાયર લેસ રહીને, આજ કરતાં વધુ કાલે;
લાગણીઓનાં ઘોડાપૂરનું બનાવ્યું એ 'વંતુ'નું ટાઉન છે.

**તુષાર નં. જેઠવા 'વંતુ' - સાવરકુંડલા, અમરેલી - 9638051387**

## ૨૮૬. ચીન છેતરાઈ ગયો

દુનિયાને છેતરનારો ચીન છેતરાઈ ગયો,
કરતાં હતાં સંશોધન પોતાના જ હાથે પીડાઈ ગયો...

એક ભૂલથી એ ભૂલ હજારો કરી ગયો,
વિદેશનાં ન રાખી દેશમાં સંબંધો બતાવી ગયો...

એકથી બીજા એમ વાયરસ ફેલાવાઈ ગયો,
કેટલાં કોઠાનું યુદ્ધ છે એ સહદેવ ન બતાવી ગયો...

હાથનાં કર્યા હૈયે વાગ્યા એ બતાવી ગયો,
પ્રકૃતિનો મલિક બનવામાં ખોટામાં સમાઈ ગયો...

ઈશ્વર શાસ્ત્રોમાં રસ્તો બધો બતાઈ(બતાવી) ગયો,
'વંતુ' એ શાસ્ત્રો કોરોનાને ભરખાઈ(ભરખી) ગયો...

તુષાર નં. જેઠવા 'વંતુ' - સાવરકુંડલા, અમરેલી - **96380 51387**

## ૨૮૭. બેફિકર થઈ ફરે છે કોરોના

બેફિકર થઈ ફરે છે કોરોના;
નાશ જગનો કરે છે કોરોના.

ભેદભાવો કદી ના રાખે એ;
સૌ ઉપર અવતરે છે કોરોના.

નિયમો પાળતાં નથી લોકો;
એટલે ક્યાં મરે છે કોરોના!

માસ્ક પહેરી જે દિ'ભમે માનવ;
એ જ કારણ ડરે છે કોરોના!

એકબીજાથી સહેજ અંતર હો;
ભયથી ત્યારે ઠરે છે કોરોના.

થૂંકશો ના ગમે તે જગ્યાએ;
થૂંકમાં વખ ભરે છે કોરોના.

ઘરમાં રહેવાનું યોગ્ય છે હમણાં;
સૌ દિશામાં તરે છે કોરોના.

સાચવીને તું ચાલજે 'ધબકાર';
સૌને અહીં આવરે છે કોરોના.

ઉમેશ તામસે 'ધબકાર' - વ્યારા (તાપી) – 96386 99553

## ૨૮૮. રોજ ઘોંઘાટ કરતું નગર

રોજ ઘોંઘાટ કરતું નગર શોધું છું;
આજ માનવની રસ્તે સફર શોધું છું.

મુખ ઉપર માસ્ક બાંધી ફરે સૌ અહીં;
બહારના આવરણની અસર શોધું છું.

હાથ જોડી કરે છે નમસ્કાર સૌ;
હાય હેલ્લોની આજે કદર શોધું છું.

આપણો દેશ ક્યારેય ના હારશે;
સૌનાં હૈયામાં એવી સહર શોધું છું.

આપણે તો બધા એક છીએ અહીં;
સૌની આંખોમાં ચાહતનું ઘર શોધું છું.

કેદ થઈ ઘરમાં બેઠો છું 'ધબકાર' હું;
મુક્તતાને હવે દરબદર શોધું છું.

ઉમેશ તામસે 'ધબકાર', વ્યારા (તાપી) - ૯૬૩૮૬-૯૯૫૫૩

## ૨૮૯. આત્મનિર્ભર બનો

જિંદગી પામવા, આત્મનિર્ભર બનો;
જંગને જીતવા, આત્મનિર્ભર બનો.

કંટકો પાથરેલા ભલે હો છતાં;
માર્ગ પર ચાલવા, આત્મનિર્ભર બનો.

આ ધરા પર બધું શક્ય છે દોસ્તો;
જાતને જાણવા, આત્મનિર્ભર બનો.

જન્મ માનવ તરીકે મળ્યો તો ખરો;
માનથી જીવવા, આત્મનિર્ભર બનો.

આપણી ભીતરે બળ ખરેખર છે તો;
વાત આ માનવા, આત્મનિર્ભર બનો.

ખૂબ ઊંચે છે 'ધબકાર' મીઠા ફળો;
એ ફળો ચાખવા, આત્મનિર્ભર બનો.

ઉમેશ તામસે 'ધબકાર' - વ્યારા (તાપી) - ૯૬૩૮૬-૯૯૫૫૩

## ૨૯૦. કોરોનાનાં ભયની ઓથમાં

વિશ્વ આખુ છે ભરડામાં
વિષાણુ નામે કોરોના થી.
ચીનથી ઉદભવી,
વ્યાપયો વિશ્વનાં બધા જ દેશોમાં !
કોરોનાની આ સફરમાં,
કયાંક સુખ, તો કયાંક દુ:ખ.
આમ તો વ્યાપયો છે, એક છાનો ભય.
પણ આ ભયની ઓથમાં,
માણસ માત્ર સમજી ગયો છે ,
મૂલ્ય સમયનું !
મૂલ્ય સંબધોનું !
અને
મૂલ્ય જીવનનું !
અને
હાલ પૂરતો બની ગયો છે, સ્થિતપ્રજ્ઞ !
જાણે કોરોના કાળ !
એક ભગવદ્ ગીતા.

ઉર્જીતા કિનારીવાળા - સુરત - ૯૮૯૮૨ ૭૬૯૨૭

## ૨૯૧. કોરોનાનાં કામણ

કોરોનાનો કેર કહો કે, કોરોનાના કામણ.
બેઠા સૌ પરિવારજનોની સાથે ઘરને આંગણ.

રસ્તા  સૌ થંભી ગયા ને સૂના સૂના સ્ટેશન ,
વાહન બેઠા એમ નિરાંતે, જાણે કોઇ થાપણ.

ડોક્ટર, પોલીસ, નર્સ બધાએ ફરજ બજાવી નોખી,
પોતાના પરિવારજનોને, વળગી બેઠા આપણ.

ભણતર, ગણતર કામ ન આવ્યું કોરોનાની આગળ,
સૌ દેશોને મ્હાત કરીને, આવ્યું  આપણે આંગણ.

મોદીજીએ સાવ સિફતથી, લોકડાઉન અજમાવ્યું,
સામાજિક અંતરથી રૂડું,જડ્યું ન કોઇ મારણ.

કપડાઓની ફેશન માથે, સાવ નવું નજરાણું,
ચ્હેરા ઢાંકી ફરતો માણસ, કોરોનાને કારણ.

ચોખ્ખાઇના પાઠ ભણાવ્યા, નાના મોટા સૌને,
કસરત, યોગાને અપનાવી, સ્વાસ્થ્યને દીધું ભારણ.

આયુર્વેદિક  ઉપચારો પર, "ઉરુ" ભરોસો રાખો,
કોરોનાથી એજ બચાવે, લોકોનું છે તારણ.

**ઉર્વી પંચાલ "ઉરુ" - નવસારી - 9879961267**

urvipanchal08@gmail.com

## ૨૯૨. કોરોનાનું કાવ્ય

દેશ દેશાવર હરીફરીને આવી ભારતમાથે,
કોરોનાની મહામારીને લોકડાઉન જ નાથે.

મોત ગમે ત્યાં પકડી પાડે એમ વિચારી બીધા,
સેવાભાવી લોક થયા ને દાન ઘણાએ દીધાં.

જાતજાતનાં ભાતભાતનાં અમે ઉકાળા પીધા,
કોરોનાથી બચવા માટે ઉપાય સઘળા કીધા.

કલરવ કરતી સ્કૂલો આજે સૂની સૂની લાગે,
ઇ લર્નિંગથી ટેવાવાનું સાવ અજુગતુ લાગે.

લોકડાઉનમાં ઘરમાં બેસી લોકો સૌ અકળાયા,
માસ્ક અને સેનેટાઇઝરથી લોક "ઉરુ" ટેવાયા.

ઉર્વી પંચાલ 'ઉરુ' - નવસારી - 9879961267

## ૨૯૩. હાઈકુ

1. કોરોના ત્રાડે
   ઘરમાં ને બહાર
   બધેય મોત.

2. સંક્રમણ ટાણે
   માસ્ક ને સાવચેતી
   ખરા છે દેવો.

3. લઘુકાવ્ય

   વિશ્ર્વભરની મહામારીમા
   કોરોના વોરિયર્સ
   જાણે
   જીવતા જાગતા દેવો!

વહીદા ડ્રાઈવર - નવસારી - 94287 60773

## ૨૯૪. કોરોના ઊભો – ગઝલ

(પ્રોત્સાહન ઇનામ વિજેતા કાવ્ય)

(છંદ-- રમલ મુસમ્મન મહઝૂફ)

બંધારણ- ગાલગાગા×3 ગાલગા.1

બહાર મોઢું ફાડીને વિકરાળ કોરોના ઊભો,
મોતનો સામાન લઈને કાળ કોરોના ઊભો.

હાથ વારંવાર ધોજો શીખવે છે રોગ એ,
લઈને માથાકૂટ ને જંજાળ કોરોના ઊભો.

ના મિલાવો હાથ માનવ એકબીજાનાં તમે,
નહિતો ઝેરી દંશ દેતો વ્યાળ કોરોના ઊભો.

શક્તિ લઈને એવો જન્મ્યો વાત ના પૂછો હવે,
શ્વાસ તોડી નાખતો, સંભાળ કોરોના ઊભો.

ખાસ સામાજિક પ્રસંગે જાવ ના ટોળે વળી,
સાવ માનવતાની તોડી પાળ કોરોના ઊભો.

બસ હવે એકાંત સેવો ભીડમાં ફરશો નહીં,
ઘરમાં રો'ને સ્વાસ્થ્યની લો ભાળ કોરોના ઊભો.

યમનાં દૂતોનો સહોદર થઈ ભળી એવો ગયો,
માનવીનાં મુખની થઈને ગાળ કોરોના ઊભો.

'નેહ' કે' ચાલાક થઈને બસ હવે લડતા રહો,
હા, હરાવીશું તને, વેતાળ કોરોના ઊભો.

વંદના બ્રહ્મભટ્ટ "નેહ" - ભરૂચ - 9265142038

## ૨૯૫. ગઝલે કરોના - કોરોના કે છે

કોરોના કે છે કામ તું ખોટા કરો ના,
હાથે કરીને અલ્યા મૂર્ખાઓ મરો ના !

હો કામ તો છો ને તમે જાઓ ગમે ત્યાં,
પણ કામ વિહોણું અમસ્તું તો ફરો ના !

આ વાયરસ છે ભઈ ગમે ત્યાંથી ઘુસી જાય,
ચેતન રહેજો સાવ પશુ માફક ચરો ના.

ઉધરસ યા શરદી, છીંક એ તો લ્યા થતું રે',
કે સાવ એવા માયકાંગ્લા થૈ ડરો ના.

પોકાર કરતી સંભળાયે છે ધરા પણ,
કે છે કે ખોટાં જૂઠાં આ ધરણાં ધરો ના.

ના થાય તો વાંધો નથી પણ બેસી ના રો ',
ટમટમતાં તારાઓનું અજવાળું હરો ના.

આ સાધુ,શુરાઓ તણો છે દેશ વ્હાલા,
ચલ, આવ મેદાને કરોના ને બરોના.

ચિતડું"વિજય"બેબાકળું ના રાખવું જો,
શ્વાસે ઉછાંસે નામ હરિનું વીસરો ના.

**વિજય જાદવ - 94275 28539**

## ૨૯૬. માતેલો સાંઢ કોરોના

મરને મહાલતો,મદમાતો સાંઢ કોરોના
કરી મકરબાજી, મગરૂબી,જાત બોળી-ના.
રક્ષવા રાંક વા નાથવા સાંઢ
હતો કર્યો યત્ન તે કાંઈ
બનીને માનવ ?
પૂછશે કુદરત કયામતે !
પલટાય પરિમાણ કર્મના એક દોરો-ના.
એટલે જ--
આવી બહાર ,નદી નિજાનંદની વળોટી;
રહી ઊભો,સુદૂર નિજ થકી
નિરખવા નિરંજન નિજમાં નિરપેક્ષ;
કરતા ડોકિયું નિજ-દર્પણમાં,
આવશે મળી એક્સ-રે નિજાત્માનો;
હશે સુસ્પષ્ટ , કાંઈ ઇ મોહરો-ના.
સમજી સાર્થક્ય જિંદગીનું "વિજય"
રાખજે સ્નિગ્ધ નિજહૃદય
રખે કો' ખૂણો રહે કોરો-ના
મરને ભમ્યા કરે માતેલો સાંઢ કોરોના.

ડૉ. વિજય એચ. સેલારકા - ધોરાજી - ૯૪૨૮૬ ૯૯૨૬૨

## ૨૯૭. ગઝલ / ચેતી જાજે મનવા

ફરતો ના 'તું' કોઇની હારે, ચેતી જાજે મનવા,
કોરોના આવ્યો છે ભારે, ચેતી જાજે મનવા.

તાળાબંધી તારા માટે, તેનું પાલન કરજે,
એવું ફરમાવ્યું સરકારે, ચેતી જાજે મનવા.

મનખા માથે મોત ભમે છે, ઘરમાં બેસી રે'જે,
કાં પછતાવું પડશે તારે, ચેતી જાજે મનવા.

કોરોના જો લાગે તો મુશ્કેલી એ સર્જાશે,
આવે ના કોઇ તારી વ્હારે, ચેતી જાજે મનવા.

જંગ લડે મોદીજી આજે, રક્ષણ કરવા કાજે,
માન હવે 'તું' એનું પ્યારે, ચેતી જાજે મનવા.

**વિજય ત્રિવેદી - સુરત - 99136 53236**

## ૨૯૮. કોરાનાથી ડરવાનું નઈ

કોરાનાથી એમ કંઈ ડરવાનું નઈ
મોજથી બસ ક્યાંય ફરવાનું નઈ..

મોઢે માસ્ક પહેરો કે બાંધો કોઈ ગમછો,
એક - બીજાથી દૂર રહીને જ વાત કરશો,
નમસ્તે શીખો, હસ્તધૂનન કરવાનું નઈ..
કોરાનાથી એમ કંઈ ડરવાનું નઈ..

જરૂર વગર શું કામ બહાર નિકળવાનું?
જરૂરી છે પરિવાર સાથે સમય વિતાવવાનું,
પોલીસ સાથે માથાકૂટમાં પડવાનું નઈ..
કોરાનાથી એમ કંઈ ડરવાનું નઈ..

બંધ કરો બધું હવે બહારનું ખાવાનું,
ચુકશો નહીં સેનેટાઈઝરથી હાથ ધોવાનું,
લોકડાઉન કદીય તોડવાનું નઈ..
કોરાનાથી એમ કંઈ ડરવાનું નઈ..

વિક્રમ સોલંકી 'જનાબ' - ૮૯૮૦૩ ૨૨૩૫૩

## ૨૯૯. લોકડાઉન
## (પ્રોત્સાહન ઇનામ વિજેતા કાવ્ય)

લોકડાઉન રામ છે ને લોકડાઉન શ્યામ છે;
કેટલા વર્ષો પછી ભગવાનને આરામ છે!

પીઠ પરના અવનવા ચિત્રો નથી કોઈ કસબ,
લોકડાઉન ભંગ કરવાનું જ એ પરિણામ છે.

થાય છે તકલીફ એવી માસ્ક પહેરીને હવે,
ઘરના વારંવાર પૂછે છે શું તારું નામ છે?

કાળજું કંપી ઉઠે  જ્યાં ટીવી પર બોલાય છે,
દેશવાસીઓને માટે આજે એક પેગામ છે.

શાંત છે સુમસામ છે સઘળું આ લોકડાઉનમાં પણ,
ભૂખ સામે કેટલાનાં પેટનો સંગ્રામ છે.

વિપુલ માંગરોલિયા-વેદાંત - સુરત - ૯૮૨૫૧ ૩૨૬૧૦

## ૩૦૦. મારો એક પરમ મિત્ર

મારો એક પરમ મિત્ર,
ઘણો જ ખુશમિજાજી,
પરંતુ ખૂબ બેદરકાર,
કહેતો કે આ વાયરસ
તો એક વહેમ છે....
મને તો કંઈ નહીં કરે
એ વાત ચોક્કસ છે
હું કંઈ ન પહે રુ માસ્ક,
સોશિયલ **distancing**
હું તો નહીં પાળુ,
ઇમ્યુનિટી મારી સ્ટ્રોંગ...
કોરોના નો તો હું દુશ્મન...
હું કરું ફોન તો ના ઊંચકે,
મેસેજ પણ નહીં કરે
હું તો પહોંચ્યો સીધો એને ઘેર
કોરોના પોઝિટિવ નું બોર્ડ.....
કુટુંબ આખું રડતું હતું
મારો મિત્ર સ્વર્ગવાસી થયો હતો.....

વિશ્વાસ શાહ - સુરત - ૯૫૯૫૬૦૧૫૩૦

## ૩૦૧. Lockdown

ઘરનું સિંચન, કરે છે **lockdown,**
સાચું કહું તો, ગમે છે **lockdown:**

બાળ છે, માત્ર એક મહિનાનું,
મારી સાથે, રમે છે **lockdown:**

જો 'પડ્યો આખલો, ઉંધા માથે.
સૌના હપ્તા, ભરે છે **lockdown:**

ક્યાંય બેડી નથી, નથી સળિયા,
કેદ ઘરમાં કરે છે **lockdown:**

જામમાં ટેરવાં પલાળીને:
છાંટવામાં, નડે છે **lockdown:**

ચાલશે, ફાવશે અને ગમશે,
કેટલું શીખવે છે **lockdown:**

યોગેશ ટેલર - કનકપુર, સચિન, સુરત - 95582 94882

## ૩૦૨. હાઇકુ

પશુ-પંખીઓ
છે સાનંદાશ્ચર્ય માં
સ્વચ્છ સમીર

માનવ શાને
ઘરમાં લપાયો છું
ઝેરી વિષાણૂ?

**ઝુલેખા સૈયદ - આણંદ - 79844 11989**

## ૩૦૩. સોનેટ - ક્ષણિક સુખ

પંખીઓમાં એક વાત વાયુવેગે ફેલાઇ છે
કેટલાક દિવસોથી આ ધરા બદલાઈ છે

પવન પારદર્શક થયો કે નવી આંખો આવી છે?
શ્વાસમાં ફરી જે સુગંધ ભરાઈ છે
કર્કશ ઘોંઘાટ નથી ને નીરવતા પથરાઈ છે
કાનને વિશ્વાસ નથી આ શાંતિ ક્યાંથી આવી છે?
સ્વપ્ન છે કે હકીકત મૂંઝવણ ફેલાઇ છે
નદીના પાણીમાં આજે માછલી દેખાઈ છે
રાત લાંબી થઇ કે સૂર્ય વહેલો ગયો?
ઘણા સમયે આવી શાંત નિદ્રા આવી છે
અહો પણ આ શું થયું સ્વપ્ન તૂટી ગયું લાગે છે
આજે ફરી જલમાં ઝેર ભેળવી યુ લાગે છે
ક્ષણીક સુખ હતું ગયું....
શ્વાસમાં ફરી ઝેર ભરાયો અને છતી આંખે થયા ફરી આંધળા!!!

(પંખીઓની મનોવ્યથા લોકડાઉન દરમ્યાન અને તે પછી)

ઝુલેખા સૈયદ - આણંદ - 7984411989 - anand.adaskumar1@gmail.com